CORONA KAND (Gujarati Edition)

Desai, Keshubhai

કોરોના-કા

કેશુભાઈ દેસાઈ



Corona KAND
By Keshubhai Desai



Published by Gurjar Granthratna Karyalay,Gandhi Road,
Ahmedabad 380 001

પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
અમરભાઈ ઠાકોરલાલ શાહ : રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-380001
ફોન : 079-22144663, 09227044777
e-mail : goorjar@yahoo.com
ટાઇપસેટિંગ : શારદા મુદ્રણાલય
201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, એલિસબ્રિજ, અમદાવાદ-380006.
ફોન : 26564279 email : bhagwatioffset@yahoo.com

અર્પણ

વિદેશમાં રહીને પણ
વતનની માટીની મહેક
ભૂલ્યાં નથી એવાં સ્વજન
આદરણીય ડૉ. તારાબહેન કેશુભાઈ દેસાઈને –
જેમની એકાદ કલાકની મુલાકાતમાંથી જ
આ નવલકથાનું કથાબીજ સાંપડ્યું હતું....

ઋણ સ્વીકાર

* પ્રસન્ન ચિત્તે પ્રસ્તાવના લખી આપનાર
મૂર્ધન્ય કવિવર માધવ રામાનુજ

* પ્રિય મિત્ર અને લોકનેતા શ્રી બ્રિજેશ મેરજા, મિત્રવર્ય શ્રી ઈ.પી. દેસાઈ અને શ્રી પૃથ્વેશ ગજેરા

* 'કોરોનાકાણ્ડ' દરમિયાન મને હૂંફ પૂરી પાડનારાં
અન્નપૂર્ણા અ.સૌ. અવની અને
પ્રિયમિત્ર શ્રી મનીષ લધ્ધા

* મારા એક એક શ્વાસનું પગેરું લેતા રહેતા
સુપ્રસિદ્ધ મનોરોગચિકિત્સક ડૉ. રાજેન્દ્ર આનંદ

* દૂર રહીને પણ નિરંતર હૃદયસ્થ
સાક્ષરવર્ય ડૉ. બહેચરભાઈ ર. પટેલ અને પૂ. નંદાબા

* ગૂર્જર પરિવાર સમસ્ત

મન, મહામારી અને સ્વજન

જન્મની સાથે જ આપણને જીવતા રહેવાની સાહજિકતા પ્રાપ્ત થઈ છે. જીવતા રહેવા સામાન્ય રીતે કોઈ પ્રયત્ન કરવો પડતો નથી. એ સાહજિકતાનું સૌથી મોટું ઉદાહરણ છે શ્વાસ. શ્વાસ અને ઉચ્છ્વાસ માટે (જો આપણે નીરોગી હોઈએ તો) કોઈ પ્રયત્ન કરવો પડતો નથી. શરીરને મળેલી જીવતા રહેવાની આ સહજતાની સાથોસાથ એક સૂક્ષ્મ અને જટિલ વ્યવસ્થા પણ કુદરતે આપણામાં મૂકી છે, એ વ્યવસ્થાનું નામ છે મન.

મન આપણું સૌથી નિકટ હોવા છતાંય સાવ અજાણ્યું રહી જતું સ્વજન છે. અજાણ્યું અને અસ્પૃશ્ય. પણ છે તો સ્વજન... 'કોરોના-કાણ્ડ'ની આ કથામાં જેસંગ-સ્વીટુ વચ્ચે કેશુભાઈએ એવો સંબંધ ઊભો કર્યો છે, જેમાં જીવન, શ્વાસ અને મન સાથેનાં આપણાં સગપણનાં સંધાન-અનુસંધાન પ્રગટ થતાં રહે છે.

કથાને આરંભે કથાનાયક બસની રાહ જોતો ઊભો છે, ત્યાંથી આ કથા-વ્યથાનો આરંભ થાય છે. એ ક્ષણથી જ લેખક વાચકના ચિત્તમાં પ્રતીક્ષાનો ભાવ જગાડે છે. કથાનાયક ઍરપોર્ટ જવા નીકળ્યો છે... 'જેની સાથે ફળિયાની ધૂળમાં રમેલો, ખાબોચિયાનું ગંદું પાણી એના પર ખોબે ખોબે ઉછાળી રોવડાવેલી અને સ્કૂલમાં ક્યારેય એને પહેલો નંબર નહીં લેવા દીધેલો એ સવિતા ઉર્ફે સ્વીટુડી વડોદરાની મેડિકલ કૉલેજમાંથી એમ.ડી. કરીને ન્યુજર્સીમાં સૅટ થઈ હતી એનું ગૌરવ લેતો હતો–' એ સ્વજનને આવકારવા, લેવા ઍરપોર્ટ જવાનું હતું. એ સ્વજન-પ્રિયજનની પ્રતીક્ષાનો ભાવ જેસંગ ચૌધરીની જેમ અંત સુધી આપણા-વાચકના ચિત્તમાં પણ ટકાવી રાખવામાં લેખક સફળ રહ્યા છે. પ્રતીક્ષા અને મનોમંથન. જેસંગજીના મનમાં સ્મરણોનાં ઝરણાં સતત વહેતાં રહે છે. એક સાથે એ વર્તમાનમાં અને સ્મરણોમાં વ્યસ્ત રહે છે. જેને મળવાનું હતું અને જેની સાથે એક જ ઘરમાં પૂરા બે મહિના વિતાવવાના હતા એની સાથે વિતાવેલા બાળપણનાં સંભારણાંથી આ નવલકથા રળિયામણી બની રહી છે.

કોરોનાની વૈશ્વિક મહામારીના એક સંકેત તરીકે જ કદાચ વિદેશથી આવતા સ્વજનનું પાત્ર રચાયું છે ને પછી એની સ્થિતિ અને સ્મરણોની મધુર છતાં વેદનાપૂર્ણ ગૂંથણીથી નવલકથા રચાતી ગઈ છે. કોરોનાના અદૃશ્ય વિષાણુ આગળ માણસ કેવો લાચાર બની રહ્યો છે એનું અહીં હૃદયસ્પર્શી આલેખન છે. માણસ, સંબંધો અને વ્યવહાર બધું જાણે ઓશિયાળું બની ગયું છે.

કેશુભાઈ આ મહામારીના મૂળ સુધી જવાનો સંકેત પણ આપી શક્યા છે. આ પ્રકારે આવા જીવલેણ સંકટની હયાતીમાં જ એને વિશે નવલકથાનો વિચાર આવે અને સજ્જતાપૂર્વક લખાય એવું જ્વલ્લેજ બને. અહીં એમ બન્યું છે. કથાના સમય દરમિયાન રોજેરોજ બનતી ઘટનાઓ, એના સમાચારો, એ અંગેની વ્યવસ્થા, સાવધાની, બેદરકારી એવું બધું વિધવિધ રીતે અહીં મુકાયું છે. એમાં એકલો રહેતો એક યુવા-વૃદ્ધ, એનાં પાડોશીઓ, એની સોસાયટી, એનું નગર, એનું મનોમંથન, એની ભૂલો, એને વિશે બીજાઓના મનમાં ચાલતા ને પ્રગટ થતા વિચારો.... વાસ્તવિકતાની અસર ઊભી કરે એ રીતે જીવનની ઘણી બધી વ્યથા-કથા અહીં સહજ રીતે આલેખાઈ છે.

કોરોના-મહામારીને લીધે વિશ્વભરમાં અનેક રીતે માણસો દુઃખી થઈ રહ્યા છે. એમાં સપડાએલા ઘણા યોગ્ય સારવાર પામે છે ને સાજા થઈને પાછા આવે છે. સાજા નથી થતા એના જીવનનો અંત આવે છે. મૃત્યુ દુઃખદ ઘટના હોવા છતાં એમાં એક રીતે દર્દી કષ્ટમુક્ત થાય છે એવું માનવામાં આવે છે. એ સિવાય મોટાભાગનાં કોરોનાના ભયમાં જીવી રહ્યાં છે, અને એ સ્થિતિ સૌથી વધુ ભયંકર છે.... આ કથામાં એ સ્થિતિનો અણસાર પણ આપ્યો છે.

— જેસંગ ચૌધરી એકલતાને જીરવીને જીવ્યા છે. કપરા વિરહમાં પણ માનસિક સમતોલન જાળવતું એ પાત્ર આખરે પરિસ્થિતિ સામે હારી જાય છે ને અનાયાસ સ્વસ્થતા ગુમાવે છે. એ પછીની સ્થિતિ થોડી ઍબ્સ્ટ્રેક્ટ અને સરરિયલ થઈ જાય છે. લેખક તો વળી પોતે ડૉક્ટર પણ છે. એટેલે વૃદ્ધાવસ્થા, એકલતા અને વિરહની સ્થિતિમાં આવું બની શકે એ જાણે છે, એટલે કે એક રીતે તો આ નિરૂપણ અભ્યાસપૂર્ણ છે. એ રીતે એ સ્થિતિનાં એક-બે દૃશ્યો ઉપરથી વાસ્તવનું આવરણ હટાવી દેવાયું છે, કથાના અંત તરફ જતા પ્રવાહમાં, કથાને અંત તરફ લઈ જવામાં એ સ્થિતિ અને પરિસ્થિતિ ઉપકારક રહી છે.

— કથામાં ઉપસ્થિત થયેલા અને ઉકેલ માગતા બે ત્રણ પ્રશ્નો છે. એમાં નવલકથાને આગળ વધારવાની શક્યતાનો અણસાર પણ છે... ઘરમાંથી નાસી ગયેલી સુધીરભાઈની દીકરી, આત્મીયતાની લાગણી વહેંચવા ઇચ્છતાં પડોશી જશોદાબેન અને જેસંગના મનમાં ને મનમાં મ્હોરી રહેલો સ્વીટુનો સહવાસ.... કેશુભાઈ, કથાને આગળ ચલાવો! કોરોનાકાળ પણ હજુ ક્યાં સમાપ્ત થયો છે?

નવલકથાકાર તરીકેની કેશુભાઈની સજ્જતા આ કથામાં પણ વાચકને પૂરેપૂરા જકડી રાખશે... સાથે સાથે આ મહામારીમાં સાચવવા જેવી બાબતોથી પણ અવગત કરાવશે. બીજો ભાગ આવશે તો શક્ય છે કે આ મહામારીના કોઈ કાયમી ઉપાયના સંકેતો પણ લઈને આવશે.

– માધવ રામાનુજ

કોરોનાના ઉઝરડા વેઠતા બે મળેલા જીવોના વલવલાટ અને તલસાટની કથા

કોઈએ સ્વપ્ને પણ નહીં કલ્પ્યું હોય કે એકવીસમી સદીના વીસમા વર્ષે એને ચંદ્ર-મંગળ અને અંતરિક્ષમાં હરણફાળ ભરતી માનસિકતામાંથી ઓચિંતું જ ધરતી પર પટકાવું પડશે બલકે રૂઢપ્રયોગના સાચકલા અર્થમાં પગ નીચેથી એકાએક જમીન સરકી જશે. કોરોના નામ તો નારીવાચક છે અને સૂક્ષ્મદર્શક યંત્રમાં દેખાતી એની આકૃતિ પણ આકર્ષક, કહો કે ચિત્તાકર્ષક અને નયન-મનોહારી છે. પરંતુ આ રૂપગર્વિતા રમણી તો વૈશ્વિક વિષકન્યા નીકળી!

એણે ભલભલા ચમરબંધીઓને સ્વૈચ્છિક નજરકેદ અપનાવવા મજબૂર કરી દીધા. હજારો વર્ષોની મહેનત અને મહત્ત્વાકાંક્ષાની ઈમારત ન્યુયૉર્કના ટ્વિન ટાવર્સની જેમ પળવારમાં ધરાશાયી થઈ ગઈ.

કોરોના વાઈરસ વિશ્વના ઇતિહાસનું એક યાદગાર સીમાચિહ્ન બની રહેશે એ વિશે શંકાને સ્થાન નથી. ભવિષ્યની પેઢીઓને કદાચ કલ્પના પણ નહીં આવે કે આ ટચૂકડા વિષાણુએ દેશ અને દુનિયામાં કેવો હાહાકાર મચાવી દીધો હતો!

હું તો કોરોનાને ક્યારેક શ્રીકૃષ્ણના ગીતાકથિત વિરાટ રૂપ સાથે તો ક્યારેક વણથંભી વિજયકૂચ કરી વિશ્વવિજય કરવા નીકળેલા બર્બર ચંગીઝખાન, તૈમૂર કે સિકંદર સાથે સરખાવતો રહ્યો છું. મારી એક વિડિયો ટૉકમાં મેં કોરોનાને 'સર્જનાત્મક અભિશાપ' કહી બિરદાવેલ પણ છે! કોરોનાએ ફરજિયાત ઘરમાં પૂરી દીધેલા માનવીની મનોદશા કેવી હોય! એમાં પણ જ્યારે તે સાવ એકલો હોય, અપરિણીત હોય અને ઉંમરે પહોંચેલો હોય, જિંદગીનો ઉત્તરાર્ધ અતીતની સ્મૃતિઓના સહારે વેંઢારી રહ્યો હોય ત્યાં ઓચિંતું જ એક રાતે 'લૉકડાઉન' અમલમાં આવી જાય ત્યારે તો એને વગર વાંકે 'કાળાં પાણી'ની સજા થઈ હોય એવું જ લાગે.

નવલનાયક જેસંગ સંપૂર્ણપણે કલ્પિત પાત્ર છે, પરંતુ એ કલ્પનામૂર્તિ મેં ખુદ મારું પ્રતિશબબ જોઈ જોઈને કંડારી છે. આ જગતમાં એનું પોતીકું કહેવાય એવું કોઈ નથી પરંતુ કાળાં ડિબાંગ વાદળની રૂપેરી કોર જેવું શૈશવકાળનું એક હળુ હળુ સ્મરણ એના ભીતરને ભીંજવતું રહ્યું છે. એ સ્મરણ છે પેલી બાળસખી સ્વીટુનું જે ઘણાં વર્ષોથી અમેરિકામાં સ્ત્રીરોગ વિશેષજ્ઞ તરીકે સેવાઓ આપી રહી છે. સ્વીટુ પણ એના બાળગોઠિયાને ભૂલી નથી. ઈંડિયા આવે છે ત્યારે જેસંગને અચૂક મળવા બોલાવી લે છે, પણ અલપઝલપ, સિત્તેર પાર કરી રહેલી સ્વીટુને જિંદગીના અનેકવિધ અનુભવો થઈ ચૂક્યા છે. પરિવાર પણ પારકો થઈ ગયો છે. જીવનના મધ્યાહ્ને જ એનો સોહાગસૂર્ય આથમી ગયો છે. જેને માતા અને પિતાનો ડબલરોલ ભજવી ઉછેર્યો એ દીકરો પણ પાશ્ચાત્ય સંસ્કૃતિ મુજબ પાંખો ફૂટતાં ઊડીને બહુ જ વેગળો ચાલ્યો ગયો છે. એવી એકલતામાં એને બાળપણનો નિર્દોષ પ્રેમ ન સાંભરે તો જ નવાઈ. એ બધી પળોજણો પડતી મૂકી દેશમાં પોતાને સુષુપ્તપણે ઝંખતા જેસંગ સાથે પૂરા બે મહિના ગાળવાના ઇરાદા સાથે ઈંડિયા આવવા નીકળે છે પણ અમદાવાદના ઍરપોર્ટ પર જ એને નિયતિ નામની બિલાડી આડી ઊતરે છે.

જેસંગ એને રિસીવ કરવા ઍરપોર્ટ બહાર રાહ જોતો રહે છે. પણ સ્વીટુને થર્મોસ્કૅનિંગમાં ઝડપાઈ જતાં બારોબાર ક્વૉરન્ટાઈન થઈ જવું પડે છે. એકમેકને ઉમળકાભેર મળવા અને બે'ક મહિના એક છત નીચે રહી જિંદગીનો ઉલ્લાસ માણવા માગતાં નાયકનાયિકાને કોરોના ભેગાં થવા દેતું નથી. આથી બેઉના અંતરમનમાં જે તીણા ઉઝરડા પડે છે તેનું નિરૂપણ કરવાનો પ્રામાણિક પ્રયાસ કરતાં મેં જાતે વેઠેલી એકલતા મને સતત મદદરૂપ થઈ હતી. આખી જિંદગી

પરદુઃખભંજન વિક્રમરાજાની જેમ આડોશીપાડોશીને અડધા બોલે હોંકારો દેનાર વૃદ્ધ નાયક એની કોઈ અમેરિકન મહિલા મિત્રને પોતાના ફ્લૅટમાં ઉતારો આપવા માગે છે, એટલી જાણ થતાં જ ઍપાર્ટમેન્ટના બધા રહેવાસી એની સામે પડે છે. વિદેશથી આવનાર મહેમાન માટે ક્યારેક તો લાલ જાજમ પાથરવાનું જ બાકી રહેતું, એને ઠેકાણે 'એ કોરોનાનો ચેપ લગાડશે તો', એવી ધાસ્તી પ્રવર્તી રહી છે. લોકમાનસ કેટલું સ્વકેંદ્રિત અને સંકુચિત પણ બની શકે એનો પરચો પણ આપણને આ 'કોરોના-કાણ્ડ' દરમિયાન મળી ગયો! પત્નીની વસમી વિદાય પછી હું મારા 2 BHK ફ્લૅટના બંધ એકાંતમાં જિંદગીને જરા જુદા બીબામાં ઢાળવાના પ્રયોગો કરતો રહ્યો છું. એમાંથી જ મને મળી ત્રણ ત્રણ સંવેદનસભર નવલકથાઓ : 'અંજામ', 'કૅરટેકર' અને આ 'કોરોના-કાણ્ડ'. આ ક્રમમાં લખાયેલી જરા જુદી ભાતની નવલત્રયી છેલ્લાં ચારેક વર્ષના ગાળામાં રચાઈ છે. ત્રણેનો નાયક સિત્તેર પાર કરી ચૂક્યો છે, અદ્દલ મારી જેમ. એ કાં તો વિધુર છે અથવા બાળકુંવારો! ટૂંકમાં હૂંફાળી શૈયાસંગિની વગેરેનો.

ત્રણ અલગ અલગ પ્રતિષ્ઠિત પ્રકાનિંગ્રહો દ્વારા એ પ્રકાશિત થઈ રહી છે. ત્યારે આ ક્રમ ન પણ સચવાય તે બનવાજોગ છે. 'કોરોના-કાણ્ડ'ને વાચકો તો એકી બેઠકે વાંચી લેવા જેવી કૃતિ તરીકે માણશે. પ્રસ્તાવનાકાર કવિવર માધવ રામાનુજને પણ એ વાંચવી ગમી એનો આનંદ છે. વિવેચકો કદાચ એને 'લઘુનવલ' પણ ગણશે. હું એવા વિશ્લેષણમાં ક્યારેય નથી પડ્યો. પરંતુ મારી કેટલીક નાના કદની નવલકથાઓ વચ્ચે આ નવી કૃતિ પણ એની આગવી ઓળખ ઊભી કરી દેશે એટલી શ્રદ્ધા જરૂર અનુભવું છું.

હું કશું પણ અધ્ધર જીવે નથી લખતો. વળી આ નવલ તો વિશિષ્ટ થીમ પર આલેખાયેલી એકલતા અને ઉપેક્ષાની વ્યથાકથા છે. તે એવા સમયગાળા દરમિયાન લખાઈ છે જ્યારે ઘર બહાર પગ મૂકવો એ પણ ગુનો ગણાતો હતો. દરરોજ પાંચ-સાત કિ.મી.નું 'બ્રિસ્ક વૉકિંગ' કરનાર મારા જેવા માણસ માટે દેખીતી રીતે જ આ પરિસ્થિતિ ભારે તણાવ ભરી હતી. એ સમયે જાણે સાક્ષાત્ કોરોના કુમારીએ મને કલમ પકડાવી અને એમ અનાયાસે એક કથા રચાઈ ગઈ.

કોરોના જાગૃતિના પગલે લૉકડાઉનની જાહેરાત થઈ એના થોડા દિવસો પહેલાં મારા પરિવારનાં જ ગણાય એવાં યુનાઈટેડ સ્ટેટ્સમાં સ્થાયી થયેલાં વરિષ્ઠ ગાયનેકોલોજિસ્ટ આદરણીય ડૉ. તારાબહેન દેસાઈ-શાહ મને મળવા ગાંધીનગર આવેલાં. એમણે આગામી આખા વર્ષ દરમિયાન વિશ્વપ્રવાસનો આગોતરો કાર્યક્રમ નક્કી કરી રાખ્યો હતો. લોકડાઉન આદેશ પૂર્વે જ એ પરત અમેરિકા પહોંચી ગયાં એ વળી ઈશ્વરની જ કૃપા. ડૉ. તારાબહેન ઉચ્ચ કોટિનાં આધ્યાત્મિક મહિલા છે અને સમસ્ત સૃષ્ટિના સંચાલન પાછળ કોઈ દિવ્ય શક્તિનો હાથ હોવાનું દૃઢ મંતવ્ય ધરાવે છે. શું આ કોરોના પણ પેલા કૃષ્ણના જ સંહારક સ્વરૂપનો વાઈરસ અવતાર છે? અને જો એમ જ હોય તો એનાથી બીવાની શી જરૂર? લેટ'સ લવ કોરોના!

મારે વાર્તાની વાર્તા નથી કરવી. એ જવાબદારી તો વાચકની.

....આ નવલકથાની પ્રસન્ન પ્રસ્તાવના લખી આપવા બદલ મિત્રવર-કવિવર માધવ રામાનુજનો અને એને ચીવટપૂર્વક ગ્રંથસ્થ સ્વરૂપે ઉપલબ્ધ કરાવી આપનાર ગૂર્જર પરિવારના મોભી મનુભાઈ, પ્રિય અમરભાઈ તથા મિત્રવર્ય રોહિત શાહનો અને સમસ્ત ગૂર્જર પરિવારનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

21-7-'20 – કેશુભાઈ દેસાઈ
(ઉમાશંકર જયંતી) 13 - ઐશ્વર્ય, પ્લૉટ : 132,
સેક્ટર-19, ગાંધીનગર – 382021

1

એ દોઢ કલાકથી બસ-સ્ટૅન્ડ ઉપર ઊભો હતો. વહેલી સવારે સાડાપાંચ વાગ્યે લૅન્ડ થતી ઍર ઇન્ડિયાની ફ્લાઇટમાં સ્વીટુ આવી રહી છે. સવારની પોણાચાર કે સવાચારની સિટીબસ મળી જાય તો રિક્ષા ન કરવી પડે અને સમયસર ઍરપોર્ટ પહોંચી શકાય. જેસંગને રોજેરોજ સમયસર આવતી સિટીબસ લેટ પડી એથી ઉચાટ થઈ રહ્યો હતો.

એ મોબાઈલ ખોલીને વારંવાર ટાઇમ જોયા કરતો હતો. દર વખતે એના ચહેરા પર વ્યગ્રતાનો લસરકો ફરી વળતો હતો. ટેવ મુજબ એ એકાદ કલાક વહેલો જ નીકળ્યો હતો જેથી કદાચ બસ અધવચ્ચે ખોટકાય તોપણ ઍર ઇન્ડિયાની ફ્લાઈટ ઍરપોર્ટ પર લૅન્ડ થાય એ પહેલાં પોતે સ્વીટુના નામનું પ્લેકાર્ડ લઈ એના સ્વાગત માટે 'નિકાસ' દ્વારની બરાબર સામે, નીકળતાંવેંત એની નજર પડે એ રીતે ઊભો રહી શકે.

એણે સાત દાયકાની લાંબી સફર દરમિયાન ક્યારેય વિદેશ પ્રવાસ નહોતો કર્યો; પરંતુ જેની સાથે ફળિયાની ધૂળમાં રમેલો, ખાબોચિયાનું ગંદું પાણી એના પર ખોબેખોબે ઉછાળી રોવડાવેલી અને સ્કૂલમાં ક્યારેય એને પહેલો નંબર નહીં લેવા દીધેલો એ સવિતા ઉર્ફે સ્વીટુડી વડોદરાની મેડિકલ કૉલેજમાંથી એમ.ડી. કરીને ન્યુજર્સીમાં સૅટ થઈ હતી એનું ગૌરવ લેતો રહેતો. અઢળક નાણાંની રેલંછેલ છતાં સ્વીટુ કંઈ પોતાના કરતાં વધારે નસીબદાર નહોતી. બત્રીસ વર્ષની વયે હજી તો પેટમાં બે માસનો પિંડ ખીલી રહ્યો હતો તે જ અરસામાં એના અમેરિકન હસબંડની વાઇનશૉપમાં માલ્ટ વ્હિસ્કી ખરીદવાના બહાને ધસી આવેલા બે કાળિયા એના માલિક સાથે ઝપાઝપી કરી આખા દિવસનું કાઉન્ટર લૂંટી, દારૂનાં કાર્ટૂન ઉઠાવી છોગામાં એક લમણામાં ને બીજી ગોળી છાતીમાં ધરબી રફુચક્કર થઈ ગયા હતા.

સ્વીટુના માથે આભ તૂટી પડ્યું હતું. એના જેવી રૂપાળી યુવતીને પ્રપોઝ કરનારાઓનો તોટો નહોતો. ધાર્યું હોત તો એ ગર્ભમુક્ત થઈને અથવા પેટમાં પાંગરી રહેલા શિશુ સહિત કોઈ સંપન્ન અમેરિકન કે ઇંડિયનનું જીવતર અજવાળી શકી હોત. પણ એણે અદ્દલ ભારતીય નારીનો આદર્શ ચરિતાર્થ કર્યો. શિશુ શબ્દ એને આઠમા ધોરણની ટૅક્સ્ટમાં આવતી 'મંગલ મંદિર' કવિતામાંથી મળ્યો હતો. એણે 'શિશુને ઉરમાં લ્યો લ્યો' પંક્તિ વારંવાર વાગોળેલી તે જેસંગને યાદ આવી ગયું. કવિતામાં તો કવિનો તરુણ વયનો પુત્ર અકાળે અવસાન પામ્યો હોઈ કવિ ઈશ્વરને એના દરવાજે પહોંચેલા પોતાના ભોળા બાળકને ઉમળપૂર્વક છાતીસરસો ચાંપવાની આજીજી કરે છે, પરંતુ સ્વીટુની કૂખમાં પાંગરતું શિશુ બહારની દુનિયા જુએ એ પહેલાં તો અનાથ બની ગયું હતું. સ્વીટુએ દૃઢ સંકલ્પ કર્યો હતો : હું છુંને બેટા. તારી મા તો છું જ; હવે બાપનો રોલ પણ ભજવીશ. તને કોઈ પરપુરુષના હવાલે નહીં થવા દઉં! શિશુ ડાર્લિંગ, મારા જીવ! – તારી પાછળ નામ પણ સ્વીટુનું જ લખાશે! શિશુએ એ વખતે તો એક માતાને એના આકાર લઈ રહેલા અસ્તિત્વના મીઠા રોમાંચથી તરબતર કરી દીધી હતી. વળી એ હવે સિંગલ મધર બની રહેવાની હતી... પણ પછી–?

જેસંગને ઘણી વાર કહી દેવાનું મન થતું : સ્વીટુ, આના કરતાં છોકરું હોય જ નહીં તો શો ફરક પડે? તારા કાળજાનો કટકો, ગરજ હતી ત્યાં લગી તને વળગી રહ્યો. જેવી પાંખો આવી કે એ માણસ મટી પંખીડું બની ગયો. ધોમધખતી જુવાની તેં ફક્ત એની પાછળ હોમી દીધી. એ તો તને જન્મદિવસે વિશ કરવા સિવાય જાણે ઓળખતો સુધ્ધાં નથી....

સવિતાને એ સ્વીટુ કહેતો અને સવિતા એને જિતુ કહેતી.

ફોન ઉપર સ્વીટુ પેટછૂટી વાતો કરીને આફરો ઠાલવતી. 'યુ આર રાઇટ જિતુ. બટ આઇ સિમ્પલી ડો'ન્ટ રિપેન્ટ. આફટર ઑલ આઈ વૉઝ અ મધર ફર્સ્ટ.' હસીને એણે કહેલું : 'હું

ઇંડિયન હતી, એ અમેરિકન, ગૉટ માય પૉઇન્ટ?'

'ઓ.કે., ઓ.કે.!' જેસંગને સ્વીટુ જેવી ફ્લુઅન્ટ ઇંગ્લિશ થોડી આવડતી હતી? એસએસસી પાસ થઈને એણે તો સીધી જ જે મળી તે જૉબ સ્વીકારી લીધેલી. એની પહેલી નોકરી ટેલિફોન ઑપરેટરની હતી. પાંચેક વર્ષ પછી એ સચિવાલય ક્લાર્ક બન્યો. નિવૃત્ત થયો ત્યારે ક્લાસ ટુ હતો. ક્યારેક પાછાં પગલે હાઈસ્કૂલ ખૂંદી વળતો ત્યારે નિયતિનો અર્થ સમજાતો. ક્યાં હું ને ક્યાં મારી સાથે છેડાછેડીની રમતમાં લાડી બનતી સ્વીટુડી!

એ તો યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાની ફર્સ્ટ લૅડીની માનીતી ગાયનેકોલૉજિસ્ટ બની ગઈ અને પોતે સરકારી નોકરીની સીડીઓ પણ પૂરી ચડી ના શક્યો. એસએસસી પસાર કરીને સીધો જ નોકરીએ લાગી ગયેલો ને! પછી ઍક્સ્ટર્નલ બી.એ. કર્યું અને સચિવાલય ક્લાર્કની પરીક્ષા આપી એટલે રાજધાનીમાં રહેવા આવી શકાયું તે માફ.

દોઢ કલાકથી એની નજર રોડ પર પસાર થતાં વાહનો પર ટીંગાયેલી હતી પણ મનની આંખ તો એ બાળસખી સાથેની હળુહળુ સ્મૃતિઓ જ વાગોળી રહી હતી. આટલો લાંબો વખત રાહ જોયા છતાં સિટીબસ ન આવી એટલે એને ધ્રાસકો પડ્યો. ડ્રાઇવરોએ હડતાલ પાડી કે શું? કે પછી ઍસ.ટી. બસોની જેમ સિટીબસો પણ નેતાઓ માટે પબ્લિક ખેંચવા કામે લગાડાઈ હશે? છાશવારે આયોજિત થતા સરકારી મહોત્સવોમાં ભાડૂતી ઑડિયન્સ ભેગું કરવા માટે પબ્લિક ટ્રાન્સપોર્ટનો દુરુપયોગ થતો જ રહેતો. પોતે ધરાર આ પ્રકારના પ્રજાવિરોધી નિર્ણયોનો વિરોધી હોવા છતાં ખુદ એણે જ એવા હુકમોની ફાઈલો લઈને સચિવાલયની ચૅમ્બરોમાં ક્યાં ઓછા આંટાફેરા માર્યા છે!

એ અકળાઈને 'ઓલા'ની ઍપ પર રિક્ષા બુક કરાવવા લાગ્યો. એકાએક એના પગ પાસેથી કશુંક સરકતું સરકતું બસસ્ટૅન્ડ પાછળ ચાલ્યું ગયું. મોબાઈલમાંથી નજર હટાવીને એણે જમીન તરફ જોયું. વિસ્મય થયું. શું હશે? રાજધાની ખરી પણ અહીં ફક્ત બે પગાળા જ સર્પો રહે છે એવું નથી. એ લાંબું કંઈ વિચારે એ પહેલાં પીંપરના ઝાડ પર પોપટ ઊડાઊડ કરવા લાગ્યા. એમની ચીસાચીસ ઉપરથી એટલું તો કળી શકાયું કે જરૂર એમને કોઈ આફતનાં એંધાણ મળ્યાં હોવાં જોઈએ. તદ્દન શાંત વૃક્ષ અચાનક ખળભળી ઊઠ્યું હતું. જેસંગને એના ખેતરના ખૂણે પેઢીઓથી પૂજાતી દેરી યાદ આવી ગઈ : ગોગ બાવજીની દેરી!

એણે ઝીણી નજરે જોયું તો ખાસ્સો પાંચેક ફૂટ લાંબો સાપ પીંપરનાં તાજાં ફૂટેલાં લાલલીલાં કુમળાં પર્ણો ઓળંગતો વાંકીચૂકી ડાળીઓ પર સરકી રહ્યો હતો. પોપટોનું ઝુંડ એની નજીક આવીઆવી રાડારાડ કરી રહ્યું હતું. એને 'પાછો જા, અહીંથી ટળ' એવો ઉગ્ર જાકારો આપતા પોપટોની કોઈ કારી ન ફાવી અને એ કાળમુખો આખરે એમના માળા સુધી પહોંચી જ ગયો.

જીવ જીવનો આહાર....

જેસંગે નજર નીચી કરી દીધી. માળામાં ઊછરતું બચ્ચું સાપના જીભ લપકાવતા ડાચામાં ઓરાતું જોવામાં કયો આનંદ આવવાનો હતો? પોતે ઇચ્છે તોપણ એને બચાવી શકે એમ તો હતો નહીં. નીચે ઊભો રહી પથ્થરનો ઘા કરે તોય ભૂખ્યો થયેલો સાપ એના શિકારને થોડો છોડવાનો હતો!

પ્રકૃતિએ જીવસૃષ્ટિને એની નિયતિ પર છોડી દીધી હોય ત્યાં જિંદગીનાં સોનેરી વર્ષો ત્રીજા વર્ગના કર્મચારી તરીકે વેડફી નાખનાર ગામડાના માણસની શી હેસિયત કે એ પ્રકૃતિ સામે બાથ ભીડે! કદાચ ભીડી બેસે તોપણ શું એનું એ પગલું ન્યાયોચિત લેખાય ખરું? સાપને પથ્થર વાગે, એ લોહીલુહાણ થઈ ભોંય પટકાય અને એનાં ગલોફાંમાં ફસાયેલું અધમૂઉં પક્ષીબાળ કદાચ બહાર ફેંકાય તોય એની સલામતીની કોઈ ખાતરી ખરી? ટાંપીને બેઠેલું કોઈ

કૂતરુંખ્રબિલાડું લપ્પ દેતુંક એને ઊંચકીને ચાલતું થઈ જાય. ઘાયલ થયેલા સાપને કીડીઓ ફોલી ખાય. આખરે એકને બચાવવા જતાં બેઉ જીવોની હત્યાનું પાપ ચડી જાય ચિત્રગુપ્તના ચોપડે, જેસંગ રણછોડના ખાતામાં.

– ને એની પાસે એટલો વખત પણ ક્યાં હતો! પોતે સરદાર પટેલ ઈન્ટરનેશનલ ઍરપોર્ટ પર સમયસર ન પહોંચી શકે તો બિચારી સ્વીટુ કેવી અકળામણ અનુભવે! એ થાકીને ફોન કરે; ને પોતાનું બાબા આદમના જમાનાનું ઠોચરું એની કુટેવ મુજબ નિશ્ચેતન થઈ ગયેલું હોય તો બે-ત્રણ વાર રિંગો મારીને એમ જ માની લે કે આ રામગાંડિયાનું કશું નક્કી જ નહીં. ક્યાંય ગામગપાટા મારતો હશે એમ માની લઈ કદાચ ઉબર ટૅક્સી લઈ મહાનગરની કોઈ હોટલ ભણી હંકારી જાય... પછી તો એને મળવા પણ કયું મોઢું લઈને જવાય!

‘જિતુ, મારી ફ્લાઈટ હવે દશેક મિનિટમાં લૅન્ડ થશે! આઈ હોપ, યુ આર ઍટ ધ ઍરપોર્ટ!’ – એવો કોઈ ફોન નહોતો આવ્યો છતાં જેસંગને એવા ભણકારા જરૂર સંભળાયા. ગામ આખા માટે એ જેસંગ હતો પણ એક જણ પૂરતો જિતુ! એનું ગામડિયું નામ સ્વીટુને અરુચિકર લાગતું હતું એટલે એણે એની પસંદગીનું નામ પાડ્યું હતું. પોતે સવિતામાંથી સ્વીટુ થઈ શકતી હોય તો બ્લડી, યુ વૅર ધ સ્ટાર, રાધર સુપરસ્ટાર ઑફ અવર સ્કૂલ! હું તો તને જિતુ જ કહીશ, બહુ ખિજાઈ જઈશ તો જિતુ પણ નહીં, જિતુડો કહીશ! સ્વીટુને પોતે થોડો રોકી શકે એમ હતો? એ બ્લડી કહે, ઇડિયટ કહે, નોનસેન્સ કહે – અરે, બાસ્ટર્ડ જેવી ગંદી ગાળ આપે તોય જેસંગને તો મીઠી મધ જેવી જ લાગશે. સાત દાયકાની લાંબી જિંદગીમાં બાળવયની શેરીમૈત્રીથી લઈ આજપર્યંત એક દિવસ પણ પાડ્યા વગર એને સંભાર્યો હોય એવું બીજું હતુંય કોણ! સ્વીટુએ એને એક મહિના પહેલાંથી પોતે ઇન્ડિયા આવી રહી હોવાની જાણ કરી હતી. વળી આ વખતે તો એણે છોગામાં ઉમેર્યું હતું : તું તો આમેય નવરો જ છે ગાંડુ. હું પણ છેલ્લા છ મહિનાથી લગભગ નવરી થઈ ગઈ છું. આખરે માણસે ક્યારેક તો રિટાયર થવું જ જોઈએ. હું કોઈ ‘રોબો’ તો છું નહીં કે થાક્યા વગર દોડતી જ રહું. સિત્તેર વર્ષની ઉંમરે તો કોઈ પણ વ્યક્તિએ થોડું પોતાના માટે પણ જીવવું જોઈએ. આમ ને આમ ઘાંચીના બળદની જેમ આંખે ગાંધારીની જેમ પાટા બાંધીને ગોળગોળ ફર્યા કરવું એ તે કોઈ જિંદગી છે? ઠીક છે, જવાબદારી આવી પડી તે નિભાવી. એ માટે ઘણાં કષ્ટ પણ વેઠ્યાં. પણ ક્યારેક તો ‘હાશ!’ કહી હેઠા બેસવું જોઈએ ને! હું તારી સાથે રહેવા આવી રહી છું. પૂરા બે મહિના આપણે સાથે રહીશું. ત્યાં સુધી નો સોશિયલાઇઝેશન. તને તારા ટુ બીઍચકે ફ્લૅટની બહાર જવા જ નહીં દઉંને! કેમ, મારો એટલો પણ અધિકાર નહીં– મારા લઘરવઘર બાળગોઠિયા પર?

‘– જિતુ! કેમ મૂંગો થઈ ગયો? સાલા બદમાશ!’

આખી દુનિયામાં આવી ભાષામાં વાત કરનારી એક એ સ્તો હતી! બીજાં તો એને જેસંગભાઈ, કાકા, દાદા, ચૌધરી – વગેરે નામે ઓળખે છે. જિતુ અને સ્વીટુનો રૂપકડો પ્રાસ મેળવવાનું તો એ છેલછબીલીને જ સૂઝે. સિત્તેર વર્ષે પણ પોતે હજી એને ફળિયામાં એના પર ખાબોચિયાનું ગંદું પાણી ઉછાળતો બાળગોઠિયો જ લાગતો હતો. આકરા ઉનાળા જેવી જિંદગીની સંધ્યાટાણે એને બાળપણ સાંભર્યું છે! વેલકમ ડાર્લિંગ! જેસંગની નજર સામે સિનેમાની રીલ જેવાં સંસ્મરણોની વણજાર પસાર થઈ ગઈ. પોતે સાવ સામાન્ય માણસ. એ તો મોટી મહારાણી. અમેરિકાની ફર્સ્ટલેડીની પસંદીદા ગાયનેકોલૉજિસ્ટ. ડૉલરની સેજ પર સૂનારી સેલિબ્રિટી. પણ હવે એને વૈભવ અબખે પડી ગયો છે. વૉશિંગ્ટનનું વ્હાઈટહાઉસ છોડીને એ ગાંધીનગરના ગરીબડા ઍપાર્ટમેન્ટના ચોથા માળે એના બાળગોઠિયા સાથે પૂરા બે મહિના ‘કમ્પલીટ આઇસોલેશન’માં ગાળવા માગે છે!

જેસંગા, સાલા તારોય કોઈ રાજયોગ ઊઘડ્યો લાગે છે મોડોમોડો! – એણે દૂરથી

પૂરપાટ ઝડપે આવતી રિક્ષા હાથ ઊંચો કરી ઊભી રખાવવા પ્રયત્ન કર્યો પણ રિક્ષાવાળાએ એની નોંધ સરખી ન લીધી. ભોંઠો પડીને એ ફરી 'ઓલા'ની ઍપ પર ઝળૂંબી રહ્યો, સમય પાણીના રેલાની જેમ વહી રહ્યો હતો. હવે જો દશેક મિનિટમાં નીકળી ન જાય તો જરૂર પેલી સ્વીટુડી એના પર નારાજ થઈ જાય. એવું પણ બને કે એનો મૂડ ખલાસ થઈ જાય અને ઍરપોર્ટથી બારોબાર ઇન્ડિયાનાં એનાં મનગમતાં પ્રવાસનધામોની મુલાકાતે ઊપડી જાય. પોતે એની રાહ જોતો રહે અને ફોન પર મૅસેજ ટપકે : સૉરી, બહુ રાહ જોઈ. પછી લાગ્યું કે તને સમય નહીં હોય – વધુ અગત્યની કામગીરીમાં પરોવાયેલો હોઈશ. એટલે હું પટના જતી ફ્લાઈટમાં નીકળી રહી છું. મારે નાલંદા જોવું છે. રાજગીર, બોધ ગયા....

– એવું જ કંઈક. એ વારંવાર નાલંદા નહીં જોઈ શક્યાનો અફસોસ વ્યક્ત કરતી રહેતી એટલે એને નાલંદા યાદ આવી ગયું. પોતાની કલ્પનાશક્તિ – એને 'શંકાક્ષમતા' કહેવી વધારે ઉચિત રહેશે – પર જેસંગને આશ્ચર્ય ઊપજ્યું. નાલંદા જોવું હશે તોય તને કંપની આપીશ, ગાંડી. ભલે મારી પાસે ફાઈવસ્ટાર હોટલમાં ઊતરવાની જોગવાઈ ન હોય, તને પોર્ટર તરીકે તો સેવાઓ આપી શકું ને? કડેધડે છું. તને આખેઆખી ઊંચકીને કૈલાસ માનસરોવરની જાત્રા કરાવી શકું; બોલ! શરત લગાવવી છે? તારી સુંવાળી જિંદગીથી તદ્દન સામા છેડાની, રોકડિયા હનુમાન જેવી ખરબચડી જિંદગી જીવ્યો છે તારો આ જિતુડો. એને સંસારસુખ તો મળ્યું જ નહીં અને ના મળ્યું એ જ સારું થયું. મીરાંબાઈએ નથી ગાયું? 'સંસારીનું સુખ એવું – ઝાંઝવાંનાં નીર જેવું!'

જેસંગને જિંદગીની પળોજણોમાં સંસાર સામે ધ્યાન આપવાની ફુરસદ જ ક્યાં મળી હતી? માબાપ વગરના, ટૂંકી જમીન ધરાવતા કાકાબાપાના આશરે ઊછરતા છોકરાને કન્યા આપવા જેટલી ઉદારતા એના સમાજમાં નહોતી. ધાર્યું હોત તો એને પિતરાઈ બહેનોના સાટામાં એનાં કુટુંબી વડીલો પરણાવી શક્યાં હોત, પણ એમ કરવાથી તો જે પાંચ-સાડા પાંચ વીઘાં જમીન એના ભાગની હતી એ હાથમાંથી સરકી ગઈ હોત. ગામડાના લોકોમાં આવી ગણતરી વધારે હોય – ભલેને શહેરના લોકો કરતાં એ ભોળા ગણાતા હોય! જેસંગને નહીં પરણ્યાનો અફસોસ પણ નહોતો. પરણીને વળી પિતરાઈ ક્યાં સુખી થયા હતા! અને ખેડૂતમાંથી વેપારી બની ગયેલી પાટીદાર કોમની આ સવિતાને તો છેક અમેરિકા જવાની તક મળી હતી. સંભવિત દેશી ઘરવાળાને તો એણે વિદેશ જતાં પહેલાં જ રિજેક્ટ કરી દીધો હતો. એના નસીબમાં દાંપત્યસુખ નહોતું તે ન જ રહ્યું. મીરાંબાઈના ભજનની જ પંક્તિ એના મનગુંબજમાં ગુંજતી રહી–

.... પરણીને રંડાવું પાછું રે, મોહન પ્યારા!

ઓલા આવી ગઈ હતી.

'દાદા, આજે વળી બહાર નીકળવાનું ક્યાંથી સૂઝ્યું? ખબર નથી? કોરોના વાઇરસ અટકાવવા સીઍમ સાહેબે બને ત્યાં સુધી બધાને ઘરમાં જ પુરાઈ રહેવાનું નિવેદન કર્યું છે એ?'

"શું કહ્યું?" જેસંગ બાઘાની જેમ એની સામે જોઈ રહ્યો.

'ચાલો, બેસી જાઓ હવે. તમારો ઓટીપી નંબર બોલો.' રિક્ષા ડ્રાઇવરે ઉમેર્યું : 'હું તમને ઓળખું છું એટલે રિસ્ક લઉં છું. નહીંતર બીજો કોઈ તો આવી પરિસ્થિતિમાં ઘરબહાર નીકળે જ નહીં.' મોબાઈલમાં વંચાતો ઓટીપી જોઈ રિક્ષાવાળો સંતુષ્ટ થઈ ગયો.

જેસંગ ચૂપચાપ રિક્ષામાં ગોઠવાઈ ગયો. રિક્ષા સ્ટાર્ટ થઈ એટલે એણે પૂછ્યું : 'આ કોરોના વળી કઈ બલાનું નામ છે? શું મંડી પડી છે આખી દુનિયા! કહેતા બી દીવાના ઔર સુનતા બી દીવાના. ત્યાં ચીનમાં કરોડોની વસતિમાં ત્રણ હજાર માણસ મરી ગયાં એમાં જાણે મોટો પ્રલય ફાટી પડવાનો હોય એમ! ચીનાઓ આખી દુનિયાને ગધેડે ચડાવશે ત્યારે જંપશે.'

રિક્ષાવાળાને પણ જેસંગની વાત વિચારવા જેવી તો લાગી.

– 22-3-’20

* * *

2

રિક્ષાવાળાએ એની નજર સામે જ રહે એમ પવનપુત્ર હનુમાનજીની પ્લાસ્ટિકની પ્રતિમા લટકાવી રાખી હતી. આખેઆખો દ્રોણગિરિ ઊંચકીને ઊડતા હનુમાન પોતાને ગમે તેવી આફતમાંથી ઉગારી લેશે એવી દૃઢ શ્રદ્ધા સાથે એ મીટર વગરની રિક્ષા રાજધાનીના રાજમાર્ગો પર ફેરવતો હતો. ઓલા કંપની સાથે સંકળાયા પછી એને એક નિશ્ચિત આવક થવા લાગી હતી. એને મન એ પણ હનુમાનજીની જ કૃપા હતી.

રિક્ષા ટૅક્સીની ઝડપે પૂરપાટ ઇંદ્રોડા સર્કલ વટાવી ઍરપોર્ટ રોડ પર દોડી રહી હતી.

જેસંગને સંકોચ તો ઘણો થતો હતો. એવડી મોટી સેલિબ્રિટીને પોતે રિક્ષા લઈને રિસીવ કરવા જઈ રહ્યો હતો! અગાઉ જ્યારે પણ સ્વીટુ ઇન્ડિયા આવતી ત્યારે આગોતરી વ્યવસ્થા કરીને આવતી. શહેરની નામાંકિત ફાઈવસ્ટાર હોટલ જ એને રિસીવ કરવા શૉફર સાથે ડેસ્ક મૅનેજરને મોકલી આપતી. પોતે એને હોટલની પોર્ચમાં પચીસ લાખની મર્સીડીઝમાંથી ઊતરતી જોતો ત્યારે પાણીપાણી થઈ જતો. 'મૅડમ' શબ્દ જીભ પર આણવાની કોશિક કરતો જરૂર, પરંતુ હોઠ ખૂલતા ત્યારે બાળપણવાળું નામ જ ઉચ્ચારાઈ જતું : 'સ્વીટુ! સ્વીટુબહેન!' અને એનું ગળું ગળગળું બની જતું.

એ જરા નજીક આવી એના હાથમાંથી પર્સ ઊંચકી લેવાની ચેષ્ટા કરી બેસતો ત્યારે સ્વીટુને એના ભોળપણ પર હસવું આવી જતું. મનોમન બબડતી : બાઘા ને બાઘા રહ્યા જિતુરામ!

આ વખતે તો એને ઍરપોર્ટથી તેડીને બારોબાર પોતાના નાનકડા ઘરે લઈ આવવાની હતી. એને આવડી અમથી રિક્ષામાં બેસવાનું ગમશે ખરું? એની પાસે કેટલો બધો સામાન હશે – ઠાંસી ઠાંસીને રિક્ષાવાળો એની ટ્રાવેલ બૅગ અને બીજો સામાન સીટ પાછળ ગોઠવશે ત્યારે બે જણને બેસવાની સંકડાશ નહીં પડે? જેસંગલાલ, સાવ ગામડિયાને ગામડિયા રહ્યા તમે યાર! – એના મનમાં કોણ જાણે એ કેવી કૉમેન્ટ કરશે.... એના કરતાં અગાઉથી ટૅક્સી કરી હોત તો! જિંદગીમાં ક્યારેક તો ખીસું હળવું કરતાં આવડવું જોઈએ. સિત્તેર વર્ષ સુધી એક-એક પાઈને સોનામહોરની જેમ સાચવીને વાપરી છે. આજે બાળપણની સહાધ્યાયિની જ્યારે આટલા ઉમળકાપૂર્વક સામે પગલે પોતાના આંગણાને પાવન કરવા આવી રહી છે ત્યારે પણ એ જ ઘરેડમાં પડ્યા રહેવાનું હોય તો ધિક્કાર છે આ જીવતરને! – માનો ઝાંખોપાંખો ચહેરો યાદ આવતાં જ એના મોઢે સાંભળેલા લોકબોલીના રૂઢપ્રયોગો સળવળી ઊઠે છે એકાએક. એ કહેતી : જો મનેખ એના વહાલા જણ આગળ પણ કંજૂસની કાંકરી થઈને ખીસાં ખંખેરી ઊભો થઈ જાય તો ભંઠ પડ્યા એના જીવતરમાં...

ઍરપોર્ટ આવી ગયું. જેસંગની છાતીમાં લોહી ઉછાળા મારી રહ્યું હતું. વરસેદહાડે સ્વીટુને મળવા આવતો ત્યારે એ સીધો જ હોટલના દરવાજે જઈ ઊભો થઈ જતો. મર્સીડીઝમાં બેઠેલી મહારાણી એને રાહ જોતો જોઈ મલકાઈ ઊઠતી. પહેલી જ વાર એને બારોબાર રિસીવ કરવા ઍરપોર્ટ વિશેની ઘણીબધી અધકચરી માહિતી મેળવી લીધી હતી. એણે પ્રવેશ પૂર્વે અડધે રસ્તે ઊભી કરેલી કૅબિનમાં એન્ટ્રી પડાવી દીધી હતી. ઍરપોર્ટ પર પંદર-વીસ મિનિટ કરતાં વધુ રોકાણ તો નક્કી જ હતું એટલે પાર્કિંગ લૉટમાં રિક્ષા મૂકવા માટેનો પાસ કઢાવી લીધો હતો. એવું નથી કે ફ્લાઇટ ટાઇમસર જ લૅન્ડ થાય; કદાચ અડધો કલાક – કલાક મોડી પણ પડે. હવે જ્યારે ઓળખીતા પૅસેન્જરને લઈને એમનાં માનવંતાં મહિલા ગેસ્ટને લેવા જ આવ્યા હોઈએ ત્યારે ઉતાવળ કરીએ તે ઠીક નહીં, એટલું તો રિક્ષાવાળોય સમજતો હતો. મૂળે ગાંધીનગર જેની કેડ ભાંગીને રચાયું હતું એવા નજીકના ગામડાનો મહેનતકશ ઠાકરડો. એણે

જમીનનું જે કંઈ થોડુંઘણું વળતર મળેલું એમાંથી એક નાનકડી હાટડી માંડેલી. વાણિયાનું લોહી હોત તો એ હાટડી આટલાં વર્ષો દરમિયાન મોટા ડિપાર્ટમેન્ટલ સ્ટોરમાં ફેરવાઈ ગઈ હોત. ઠાકરડો હતો, કાં તો કોઈની જમીન ખેડી જાણે અથવા પોલીસ કે ડ્રાઇવર જેવી નોકરી કરી શકે. આખરે દુકાનનું દેવાળું નીકળી ગયું એટલે એક ભાઈબંધ સાથે ભાગીદારીમાં રિક્ષા ખરીદી લીધી. ધીરેધીરે એમાંથી દેવું ચૂકવતો ગયો અને આગવી માલિકીની રિક્ષા લઈ શક્યો. એને માણસાઈના પાઠ ગળથૂથીમાં મળ્યા હતા અને ગામડાના માણસની ઈમાનદારી પણ એનામાં બાળપણથી ઊતરેલી હતી.

ઍરપોર્ટ પર ઘણાબધા લોકો ઉતાવળે ઇન્ટરનેશનલ ફ્લાઈટ પકડવા સામાન ઘસડતા-ઢસડતા પ્રવેશદ્વારો ભણી ધસી રહ્યા હતા. કેટલાક આવનારી ફ્લાઈટમાં આવી રહેલાં સ્નેહીજનોને રિસીવ કરવા અગાઉથી પ્લેકાર્ડ લઈ લાઇનમાં ઊભા રહ્યા હતા. જેસંગે એની ડાર્ક રેડ કલરની બૅગમાં બે દિવસ પહેલાં જ સ્વીટુના નામનું કલાત્મક પ્લેકાર્ડ સ્વહસ્તે ચીતરીને મૂકી રાખ્યું હતું. રિક્ષાવાળાએ એને છેક ઍરપોર્ટના નિર્ગમન દ્વાર સામે લઈ જઈ ઉતાર્યો. એડવાન્સ પેમેન્ટ આપવા ખીસામાં હાથ નાખવા જતાં ઓળખીતા ઉતારુને રિક્ષાવાળાએ રોક્યો.

'દાદા, આપણે તો હજી મૅડમને લઈને પાછા જવાનું છે ને? બધું પેમેન્ટ ત્યાં પહોંચીને સામટું જ કરજો ને!'

– જેસંગને પોરસ ચડ્યું : ભલે પોતે મારા સમોવડિયાઓ જેટલો સધ્ધર ન બની શક્યો હોઉં પણ આવા મહેનતકશ માનવીનો વિશ્વાસ જીતી શક્યો છું એ કોઈ નાની સિદ્ધિ નથી. કરોડોમાં આળોટતા ધનકુબેરો એકબીજા સાથે રોજ ડિનરપાર્ટી કરતા હોય છતાં એક મુદ્દે તદ્દન ક્લિયર રહે છે. પૈસાની બાબત આવે ત્યાં તેઓ સંબંધ કે ઓળખાણ જેવાં વાનાં વચ્ચે આવવા દેતા નથી. એડવાન્સ ચેક લઈ લે છે!

રિક્ષાવાળો કોઈ ટૅક્સી ડ્રાઇવરના ઇશારે એના તરફ વળ્યો. કંઈ વાતચીત કરી એ જેસંગ પાસે આવ્યો. 'દાદા, કંઈક ગરબડ જેવું લાગે છે. કોઈ જબરી હલચલ છે ઍરપોર્ટની અંદર. ટૅક્સીવાળાઓ તો એવી વાતો કરે છે કે ફોરેનથી આવનારા પૅસેન્જરોને બારોબાર કોઈ ખાનગી જગ્યાએ લઈ જાય છે પોલીસ.' એણે થોડે દૂર ઊભેલ પોલીસની ગાડીઓના કાફલા તરફ આંગળી ચીંધી.

જેસંગનું હૈયું એક થડકારો ચૂકી ગયું. 'હમણાં થોડા દિવસથી પેલી વાઇરસવાળી બીમારીની બહુ ચર્ચા ચાલે છે. કહે છે કે ચીનાઓએ અમેરિકા સામે બાયોલૉજિકલ બૉમ્બ બનાવવાનો પ્રૉજેક્ટ હાથ ધરેલો એમાંથી આ બધી જફા ઊભી થઈ છે.' જેસંગને આમેય ચીનાઓની આહારશૈલી તરફ ભારે સૂગ હતી : મારા વા'લા ચામાચીડિયાને પણ છોડે નહીં એ કેવું કહેવાય! – મનોમન બબડતો 'જોઈએ તો ખરા' એમ વિચારી ભાંગેલા પગે અને ઉફરા મને એ પ્લેકાર્ડ લઈ ઊભેલા લોકોની હરોળમાં ગોઠવાઈ ગયો. થોડી જ વારમાં ઍર ઇન્ડિયાની ફ્લાઇટ લૅન્ડ થઈ હોવાનો ઝબકારો સામેની બૉક્સમાં વંચાયો. એને અચાનક લખલખું આવી ગયું. હવે તો મિનિટોનો સવાલ. જોકે સરકતા બેલ્ટ પર આવતો સામાન કલેક્ટ કરવામાં સ્વીટુને પંદરવીસ મિનિટ લાગે પણ ખરી. અને એમ પણ બને કે એ ફ્રેશ થવા પાછળ બીજી દસવીસ મિનિટ કાઢે. તોપણ જેસંગ થોડો જતો રહેવાનો, એટલી ખાતરી તો એને છેક ગળા સુધી હોય. સ્વીટુનો વિચાર આવતાંવેંત જેસંગના ગળામાં મીઠી સરવાણી ફૂટતી. બાળપણની એ લાડાલાડીની રમત યાદ આવી જતી.

'ફ્લાઇટ લૅન્ડ થઈ ગઈ છે જિતુ.' એણે સરપ્રાઇઝ આપતી હોય એમ કહ્યું : 'અને તું નહીં માને, હું સાથે કોઈ જ મોટી બૅગ નથી લાવી. મારે થોડું શૉપિંગ જરૂર કરવું પડશે. એ આજે કે કાલે નિરાંતે તારા ગાંધીનગરમાં જ કરી લઈશું. ઓ.કે.?'

જેસંગ તો રાજીનો રેડ થઈ ગયો : 'એટલે કે તું બારોબાર સીધી જ બહાર નીકળવાના ગેટ પર આવી જઈશ, બરાબર? સાંભળ, હું બરાબર ઍક્ઝિટની સામે તારા નામનું પ્લેકાર્ડ લઈને ઊભો છું. બોલ જોઉં, શું નામ લખ્યું હશે તારું?'

સ્વીટુના હરખની અવધિ આવી ગઈ. લઘુતાગ્રંથિ છોડીને એનો શાળાકાળનો મિત્ર એના માટે કેટલા ઉમળકાપૂર્વક તું-કાર વાપરી રહ્યો હતો! એણે વળતો પ્રતિસાદ પાઠવતાં કહ્યું : 'એટલું તો જરૂર કલ્પી શકું છું કે તેં મને નહીં ગમતું લટકણિયું નહીં મૂક્યું હોય! અને જો મૂક્યું હશે તો ચોક્કસ માનજે કે હું તારી સાથે આવીશ તો ખરી, પણ તારી સાથે બોલીશ નહીં!'

– જેસંગ સમજી ગયો. એણે મનોમન મૂંઝવણ પણ અનુભવી. મૅડમ છે, આખી દુનિયા એને મૅડમ કહીને બોલાવે છે અને એ બધાની સાથે હસીને હાથ મિલાવતી ફરે છે. ફક્ત મારા પર જ પ્રતિબંધ! પણ એનું જ નામ.... એને એ ગળચટી કલ્પના અધ્યાહાર રાખવામાં જ શ્રેય વરતાયું. પ્લેકાર્ડ તરફ નજર કરીને એણે નિસાસો મૂક્યો. હવે આટલા ટૂંકા સમયમાં ઘૂંટી ઘૂંટીને ચીતરેલા નામ આગળથી 'મૅડમ'નું ચિતરામણ ભૂંસવું પણ શી રીતે!

એણે સ્વીટુની ધમકીનો પ્રતિસાદ પાઠવવાને બદલે જુદો જ રસ્તો અપનાવ્યો. પ્લેકાર્ડ બૅગમાં પાછું મૂકી દીધું અને બોલ્યો : 'ગાંડુ, તારા માટે વળી હું જાતે જ જીવતોજાગતો પ્લેકાર્ડ નથી કે મારે કોઈ બીજું પકડીને ઊભા રહેવું પડે?'

એની હાજરજવાબી સ્વીટુને હૈયાસોંસરવી ઊતરી ગઈ. 'યુ આર રાઈટ માય ડિયર.' એણે ઉતાવળે ઉમેર્યું : 'દશેક મિનિટમાં હું દરવાજા આગળ હોઈશ, ઓ.કે.?'

જેસંગને સ્વર્ગ બહુ ઢૂકડું આવી ગયું હોય એવું લાગ્યું. સ્વીટુએ આ વખતે નામનો પણ સામાન સાથે નથી રાખ્યો – કેવી વિચિત્ર વાત! દર વખતે ભારે-ભરખમ બૅગો અને સૂટકેસો લઈને આવતી. આ વખતે પહેર્યાં લૂગડે આવી રહી છે! ફક્ત એનાં અંતર્વસ્ત્રો લાવી હશે. ફ્લૅટ પર પહોંચીને એને પોતે નહીં વાપરેલો રૂંછાંવાળો ટુવાલ આપશે, નેપ્કિન આપશે. પછી કદાચ એને ઝભ્ભો પહેરવાનો શોખ જાગશે તો નવો નક્કોર-હમણાં મહિના પહેલાં જ સીવડાવેલો ઝભ્ભો આપશે. અરે, એને કદાચ પોતાનું પેન્ટ પણ થઈ રહેશે! ઊંચાઈમાં તો એ માંડ બે-ત્રણ ઇંચ નીચી છે; હા, એની કમ્મર વધુ પહોળી હોય એટલે બનવાજોગ કે....

એની કલ્પનાઓ રંગીન બની રહે એ પહેલાં મુસાફરો ગેટ પરથી નીકળવા લાગ્યા. ઘણા બધાએ મોઢા પર માસ્ક બાંધેલા હતા. શી ઘેલછા વળગી છે આ ફોરેનવાસીઓને! એનાં મનઃચક્ષુ સામે એવા જ માસ્ક સાથે બહાર નીકળતી સ્વીટુની આકૃતિ રચાતી રહી. એ તો પાછી ડૉક્ટર. બલકે વ્હાઈટ હાઉસની ગાયનેક લેડી ડૉક્ટર. એને પોતાના સ્વાસ્થ્યની અવહેલના થોડી પોસાય! જેસંગને થયું : ભલેને એણે કચકચાવીને દુપટ્ટા વડે આંખો સિવાયનો આખેઆખો ચહેરો નકાબ હેઠળ સંતાડી દીધો હોય. હું તો એની આંખ પરથી ઓળખી લઈશ મારી સ્વીટુડીને. સિત્તેર વર્ષે પણ માંડ ચાળીસની તો લાગે છે. એ ગમે તેટલી છુપાવવા માગશે તોય એની બોલકી છાતી થોડી મૂંગી રહેવાની?

'જિતુભાઈ!' એકાએક એનો મોબાઈલ ટહુક્યો.

'હું જિતુ હતો તે ખોટો હતો? જિતુભાઈ ક્યારનો થઈ ગયો?' – વિશેષ વાત કરે એ પહેલાં સ્વીટુએ કહ્યું : 'કહું છું, મને અહીંની બધી પ્રક્રિયા પતાવી બહાર આવતાં થોડી વાર લાગશે. ઇમિગ્રેશન તો પતી ગયું છે પણ અહીં બીજી જફા ઊભી થઈ છે. કોરોના ચાલે છે ને આખી દુનિયામાં! ઇન્ડિયાવાળા એમ જ માને છે કે ફોરેનથી જે કોઈ આવે એ કોરોનાની ગાંસડી બાંધીને જ આવે છે. સોનું અને હીરાઝવેરાત કરતાં પણ એ વધુ મૂલ્યવાન જણસ લાગે છે તમારી સરકારને –' એ અડધું વાક્ય બોલી અટકી ગઈ ને બીજી કોઈ મહિલા ભળતું જ કંઈક બોલી રહી હતી તે જેસંગને સંભળાયું : 'ટેમ્પરેચર થોડું હાઈ આવે છે મૅડમ. તમારે વધુ

તપાસ માટે હૉસ્પિટલમાં પહોંચવું પડશે.'

– જેસંગને જબરો ધ્રાસકો પડ્યો. સ્વીટુને એ લોકો હૉસ્પિટલે લઈ જવાના હોય તો મને તો કદાચ... હાસ્તો, મને તો એનું મોઢું જોવાનો પણ ચાન્સ શાનો મળે! મતલબ કે ફેરો માથે પડ્યો.

'કહું છું–' એણે જરા ઊંચા સ્વરે કહ્યું : 'હું તમારી રાહ જોઈ રહ્યો છું સ્વીટુબહેન. અહીં, દરવાજાની બિલકુલ સામ્મે.'

એની અપેક્ષા કરતાં ઘણો ઊતરતી કક્ષાનો પ્રતિસાદ સાંપડ્યો,

'ડિયર જિતુ, મારું ટેમ્પરેચર થોડું હાઈ આવ્યું છે. એ તો પ્રવાસના થાકને કારણે, સત્તર કલાકના ઉજાગરાને કારણે પણ હોઈ શકે! અરે, તને મળવાની ઉત્કંઠાને કારણે મારા હોર્મોન્સ સતેજ થઈ ગયા હોય તોપણ આ લોકોને હું થોડી ગરમ લાગતી હોઉં!' – એણે મીઠું હસવાનો પ્રયાસ કર્યો તે કુદરતી હાસ્ય નહોતું એટલું તો અઢાર ઘંટીના આટા ખાઈને ઘરડો થયેલો જેસંગ સમજી જ શકતો હતો. છતાં હવે એ જેવી હતી એવી ડિગ્રીધારી ડૉક્ટર હતી. એની સામે પોતે શું હતો? બિગ ઝીરો! એક ઑર્ડિનરી ઓલ્ડ મૅન ઑફ ઇન્ડિયા!

એને ખાતરી થઈ ગઈ હતી કે સ્વીટુ એની સાથે ગાંધીનગર નહીં આવી શકે. એણે જરા હિંમત કરીને કહ્યું, 'ચિંતા ના કરશો સ્વીટુબહેન. મને ખાલી તમને કઈ હૉસ્પિટલમાં તપાસ માટે લઈ જાય છે એટલું જણાવજો. હું તમારી સાથે ને સાથે ત્યાં પહોંચી જઈશ. રિક્ષા બાંધીને જ આવ્યો છું અને રિક્ષાવાળો ઓળખીતો છે. તમારી તપાસ થઈ રહે ત્યાં લગી વેઇટ કરશું અમે બેઉ જણા. ગમે તેટલું મોડું થશે તોપણ તમને લઈને જ નીકળીશું એ નક્કી.'

સ્વીટુની આંખો ભીની થઈ.

'સર!' એણે પોતાની વિશેષ ઓળખ આપતાં ફરજ પરના સિનિયર અધિકારીને કહ્યું, 'મારે આપને મારું વીઆઈપી સ્ટેટસ નહોતું બતાવવું; પણ સૉરી, નાછૂટકે મારે મારી આઇડેન્ટિટી રિવીલ કરવી પડે છે. હું મૂળે ઇન્ડિયન જ છું. જુઓ, પાસપોર્ટમાં મારું નામ સવિતા એલિયાસ સ્વીટુ પટેલ છે કે નહીં? હું વ્હાઈટહાઉસ સાથે કનેક્શન ધરાવું છું, યુ કૅન કન્ફર્મ ઇટ.' એણે એનું આઈડી કાઢીને અધિકારી સામે ધર્યું.

અધિકારીએ એની સામે નજર કરવાની પણ તસદી ન લીધી.

'મૅડમ, તમે વ્હાઈટહાઉસ કે બ્લેકહાઉસની બીક ના બતાવો મને. તમને ટેમ્પરેચર છે. મને પૂરી શંકા છે કે તમને કોરોના ઇન્ફેક્શન હોઈ શકે છે. તમારે કમ્પલસરી ફુલ ચેકિંગ-ટેસ્ટિંગ પ્રોસેસમાંથી પસાર થવું પડશે. જ્યારે અમારી મેડિકલ ટીમને ખાતરી થશે કે તમે સાજાંનરવાં છો ત્યારે જ તમે અમારા શહેરમાં પગ મૂકી શકશો.'

સ્વીટુએ હાર સ્વીકારી લીધી. હવે ઝાઝી લમણાકૂટ ખુદ પોતાની જ વિરુદ્ધ જાય એમ હતી. એણે ધીમે રહીને બહાર એની રાહ જોઈ રહેલા જેસંગને ફોન જોડ્યો : 'સૉરી યાર. મારે આ લોકોની ટેસ્ટિંગ પ્રોસેસમાંથી તો પસાર થવું જ પડશે. મનેય ઊંડેઊંડે દહેશત તો હતી જ. એકાદ માસ અગાઉ ફિનલૅન્ડ ગયેલી. કદાચ એથી –' એણે એક હળવા થડકારા સાથે ઉમેર્યું : 'છતાં તમે ચિંતા ના કરતા. હું બધું પતી જશે એટલે જાતે જ કૅબ કરીને ગાંધીનગર પહોંચી જઈશ. તમને તકલીફ આપી એ બદલ દિલગીર છું. પણ આશા રાખું કે આ બધું બહુ ટૂંકા સમયમાં પતી જશે. બની શકે કે આજે રાતે જ આપણે સાથે ડિનર લઈએ. પ્રે ગૉડ. આપણે તો ઈશ્વરની કૃપા માટે પ્રાર્થના જ કરી શકીએ. આખરે તો આપણી દેશી કહેવત છે એમ ધાર્યું ધણીનું થાય! અપના અપના ભાગ્ય!'

હતાશ જેસંગ મૂંગો મૂંગો અણદીઠાં આંસુ સારતો રહ્યો અને સ્વીટુ એની સાથે બહુવચનની ભાષા બોલતી રહી.

– 23-3-’20

* * *

3

હતાશ થઈને પાછા ફરેલા જેસંગને જોઈ રિક્ષાવાળો સમજી ગયો કે કંઈક ગરબડ જરૂર થઈ છે. 'મૅડમ ના ઊતર્યાં આ ફ્લાઇટમાં?' એણે જરા ચિંતાતુર સ્વરે પૂછ્યું.

'ઊતર્યાં તો ખરાં પણ તમે તો જાણો છો ને – આ કોરોનાવાળી તપાસ માટે એમને હૉસ્પિટલ લઈ ગયા છે સત્તાવાળાઓ. આપણે પણ એમની પાછળ ને પાછળ જઈ શકીએ, પણ મૅડમને એ ગમે નહીં. લૉ ઑફ ધિ લૅન્ડમાં માનનારાં બાઈ છે. એ તો પાછાં પોતે જ સુપર સ્પેશિયાલિટી ધરાવતાં ડૉક્ટર છે, એટલે હવે એમની મેળે જ –' એ અટક્યો. જેસંગને સ્વીટુની ડિનર પર ભેગાં થઈ શકવાની કલ્પના પર પાકી શંકા હતી. એમ તે આ કંઈ તમારું યુએસ છે? અહીં તો સમયની કોઈને મન કશી કિંમત જ નથી. તમને કોણ જાણે ક્યારે જરૂરી ટેસ્ટિંગ માટે લેબોરેટરીવાળા બોલાવશે, એ પછી એની વધુ તપાસ જરૂરી લાગશે તો સૅમ્પલ પૂના મોકલશે...

બહુ લાંબી પ્રક્રિયામાંથી હેમખેમ પસાર થયા પછી સ્વીટુને આ લોકો છોડવાના, એટલું તો એ સમજી શકતો હતો. એણે તો સ્વીટુ માટે અલગ રૂમ સજાવી રાખ્યો હતો. ગજા બહારનો ખર્ચ કરીને ઇન્ટીરિયર ડેકોરેશન કરાવ્યું હતું. છેલ્લો આખો મહિનો એ વિશિષ્ટ અતિથિને શક્ય એટલી વધુ સુવિધા આપી શકાય એ માટે જૂના ખખડધજ ઍપાર્ટમેન્ટના ચોથા માળે આવેલા પોતાના ફ્લૅટને અલ્ટ્રામૉડર્ન લૂક આપવા પાછળ જ એનું મન અને મગજ પરોવાયેલાં રહ્યાં હતાં. બચતના પચાસેક હજાર ખરચાઈ ચૂક્યા હતા અને પોતે ભલે દેશમાં રહી ગયો હોય પણ જરૂર પડ્યે એફડી તોડીનેય એ સ્પેશિયલ ગેસ્ટને, વીઆઈપી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં પાછી પાની નહીં કરે એવો મૅસેજ આપવા કૃતસંકલ્પ હતો.

જોકે એને ખબર હતી જ કે સ્વીટુને એવો દંભ નહીં ગમે. એ તો એના બાળપણને ફરી એક વાર યથાતથ જીવી લેવા આવી રહી હતી. પૂરા બે માસનો સમય લઈને એણે કેવાંકેવાં સપનાં સેવ્યાં હતાં!

દાદી-સા રેસ્ટોરન્ટમાં જમવાનું આગોતરું બુકિંગ કરાવી રાખ્યું હતું. પછી કદાચ સ્વીટુ એની મનપસંદ વાનગીઓ જાતે બનાવી ખવડાવવા માગશે તો એનીય પૂર્વતૈયારી રાખી હતી. જરૂર પડ્યે સામે જ શૉપિંગ સેન્ટરમાં મહેતા કિરાણા સ્ટોર્સને ફોન કરતાંની સાથે કોઈ પણ ચીજ દસ મિનિટમાં ડિલિવર થઈ શકે એમ હતી. સાંજે પુનિતવનમાં કલાક ગાળી શકાય, સિટી પલ્સમાં કોઈ ફિલ્મ પણ જોઈ શકાય. કેમ વળી, પોતે અપરિણીત રહ્યો એટલે કોઈ માનુની સાથે પિક્ચર જોવા જવા પર પ્રતિબંધ થોડો હોય! કેટકેટલી બાબતો વિચારી રાખેલી – કોરાનાને કારણે એ બધી પર પાણી ફરી ગયું એમ જ ને! જેસંગને પાકો વહેમ પડી ગયો હતો. સ્વીટુને એ લોકો ટેસ્ટિંગ કરીને છોડી મૂકે એ વાતમાં માલ નહોતો. ભલેને એ નેગેટિવ નીકળે તોપણ ચૌદ પંદર દિવસની એકાકી ક્વૉરન્ટાઇન તો ભોગવ્યે જ છૂટકો. શહેરમાં એનું પોતાનું ઘર હોત તો કદાચ હોમ ક્વૉરન્ટાઇનની શરતે છોડી દેત. પણ પોતે એનો કોઈ બ્લડ રિલેટિવ તો હતો નહીં!

એ રિક્ષામાં બેઠો ત્યાં રિંગ રણકી.

'જિતુ, મને લાગે છે ખાસ્સી લાંબી પ્રોસેસ ચાલશે. કદાચ આ લોકો મને ક્વૉરન્ટાઇન કરશે.' એના અવાજમાં લાચારી હતી. 'સૉરી યાર. મારે તો તારી સાથે રહેવું'તું. આ લોકોએ સૅમ્પલ લઈ લીધું છે. કદાચ પૉઝિટિવ આવ્યું તો....' એક હળવા થડકારા સાથે એણે ઉમેર્યું : 'તો તો હું પોતે જ તારાથી દૂર રહેવાનું પસંદ કરીશ. તને ઇન્ફેક્શન લગાડવાનું થોડું જ ગમે મને? આઇસોલેટ થઈ જવું પડે ફરજિયાત.'

જેસંગ ચૂપચાપ ગળગળો થઈ ગયો. રિક્ષાવાળો એના મિરરમાં એના ચહેરા પર ફરી વળેલા મૌન ક્રંદનને જોઈ વ્યથિત થયો.

‘દાદા, અડધી રાતે બોલાવી લેજો ને! મૅડમને લેવા જવાનું નક્કી કરો તો મને જ બોલાવજો. અત્યારે ફેરો પડ્યો છે એટલે ભાડું લેતાં મારોય જીવ કોચવાય છે. ફક્ત એક શરતે ભાડું લઈશ કે જ્યારે મૅડમને લેવા જવાનું થાય ત્યારે મને જ બોલાવશો. એ ટૅક્સી કરીને આવતાં હોય તોપણ કહી દેવાનું કે આપણે કલાકમાં જ પહોંચીએ છીએ…’

રિક્ષાવાળાની લાગણીથી જેસંગની આંખોમાં અટવાયેલાં આંસુ સ્થિર ન રહી શક્યાં. એ બોલ્યો : ‘ભઈલા, માણસને માણસની માયા હોય! આ કોઈ જેવી તેવી હસ્તી છે? તું વિચાર તો ખરો – ફાઈવસ્ટારથી ઓછા દરજ્જાની હોટલમાં ક્યારેય નહીં ઊતરનારી મૅડમ મારા બે બેડરૂમના નાનકડા ફ્લૅટમાં રહેવા આવી હતી! કેમ? તનેય મનમાં સવાલ તો થતો હશે ને! કેમ કે એ નાની હતી, ચડ્ડી પહેરતાંય નહોતી શીખી ત્યારે મારી સાથે ઘર-ઘર રમેલી છે. ધૂળમાં રગદોળાયેલી છે. નસીબના ખેલ. એનું ઘર આગળ પડતું હતું. મારાં મા-બાપ કોગળિયાનો કોળિયો બની ગયાં ત્યારે એના ખમતીધર બાપુએ ઊંઝામાં પેઢી શરૂ કરી. ડૉલરિયા નગરીમાં બે પાંદડે થયેલ બાપે દીકરીને એસ.એસ.સી.માં સારા ટકા આવ્યા એટલે ડૉક્ટર બનાવવાનો સંકલ્પ કર્યો. હું તો સેન્ટરમાં પહેલા નંબરે આવેલો પણ મારી પાછળ ક્યાં કોઈનો ટેકો હતો? સીધી જ ટેલિફોન ઑપરેટરની નોકરી મળી એ સ્વીકારી લીધી. મૅડમનું નસીબ જોર કરતું હશે એટલે એ વડોદરાની મેડિકલ કૉલેજમાંથી ગાયનેક ડૉક્ટરની ડિગ્રી લઈ અમેરિકા પહોંચી ગઈ. એ જમાનામાં નાની ઉંમરે જ સગાઈ થઈ જતી. ઊંઝામાં જ પેઢી ધરાવતા ખમતીધર પાટીદાર કુટુંબમાં એનું સગપણ થઈ ગયેલું. પણ જેવી એને અમેરિકા મોકલવાની વાત આવી ત્યાં વેવાઈ અકળાયા. એમનો દીકરો કંઈ ભણવામાં તો ગજું કાઢે એમ હતો નહીં. વહુ પાછળ પટાવાળો થઈને અમેરિકામાં રહેવું એના કરતાં દેશમાં બાપની પેઢી સંભાળીને શેઠ બનવું શું ખોટું? આમ છેક વાજાં વાગવાના ચોઘડિયામાં જ દસ વરસની સગાઈ તૂટી. મને પણ એ ગમેલું, હોં કે ભઈલા. જોકે, સ્વીટુ કાંઈ મારા ઘરમાં થોડી આવવાની હતી? પણ એના બાળગોઠિયા તરીકે એટલું તો ઇચ્છું જ કે એને એની લાયકાત મુજબનું, એની સાથે શોભે એવું પાત્ર મળે. બાકી એ પટેલ, અમે ચૌધરી. અમને તો એ ઊતરતા ગણે. આ તો અત્યારે હવે બધું સેળભેળ થઈ ગયું એટલે. નહીંતર એ અમારા ઘરનું પાણી પીતાંય અચકાય! અસ્પૃશ્યતાના અનેક સ્તર હતા આપણા હિંદુ સમાજમાં. ફક્ત હરિજનને જ અડી જવાથી અભડાવાતું એ સાચું, પણ ખાનપાનમાં તો જબરા ભેદભાવ હતા. એમ છતાં માનીશ? એ છોકરીના મોઢામાંથી એંઠી ચૉકલેટ ખૂંચવી લઈને હું ખાઈ જતો અને મારા હાથમાં બાજરીના રોટલાનું બટકું ભાળે તો એ પડાવી લઈને જંપતી. આવી હતી અમારી બાળલીલા…’

જેસંગ છ-સાડાછ દાયકા પાછાં પગલે એના ઉત્તર ગુજરાતના ખોબા જેવડા ગામડાના એ ખખડધજ ફળિયામાં પહોંચી ગયો. ક્યાં ચાલ્યું ગયું એ હાજરાહજૂર ગોકુળ? પોતે ભલે કાકાબાપાના આશરે ઊછરતો હતો પણ આખા ગામનો નાનકડો કનૈયો હતો. જે વાંચે એ એના મગજના કમ્પ્યૂટરમાં અક્ષરશઃ અંકાઈ જતું હતું. એની હરીફાઈમાં સ્વીટુ પણ લગોલગ દોડવા પ્રયત્ન કરતી, પણ ટકી નહોતી શકતી. અધવચ્ચે હાંફી જતી. હાર માની લેવામાં એને શરમ નહોતી આવતી. કહેતી : તું તો છોકરો છે! છોકરી બની જાય તો ખબર પડે કે કેટલા શેરે મણ થાય છે!

કેટલા શેરે મણ થાય – એ રૂઢપ્રયોગ એને ઘરમાં ચાલતી માતાપિતા વચ્ચેની બોલાચાલીમાંથી મળ્યો હતો. એટલી કાચી વયે એને ખબર પડી ગઈ હતી કે છોકરી હોવું એ જરા અઘરી બાબત તો છે જ. એટલે જ એણે કદાચ મનોમન ગાંઠ વાળી હતી કે એ મોટી

થઈને એની સાથે ભણતા ગામના સૌથી હોશિયાર છોકરાને ઘણો પાછળ પાડી દેશે.

કુદરતે એનો એ સંકલ્પ સાચો પણ પાડ્યો. જેસંગલાલ તો ઉનાળાના વંતાકની જેમ લબડતા રહી ગયા અને એ આવડી મોટી સેલિબ્રિટી બની ગઈ!

રિક્ષાવાળાએ જેસંગને છેક એના ઍપાર્ટમેન્ટના દરવાજા પાસે ઉતાર્યો ત્યારે સવારના સાત વાગી ગયા હતા. સૂરજનો કૂણોકૂણો વાસંતી તડકો રસ્તા પરનાં વૃક્ષો વચ્ચે ઝિલાઈ 'વિટામિન ડી'ની લહાણી કરી રહ્યો હતો. જેસંગને રાજધાનીના ખુલ્લા રાજમાર્ગ પર એકાદ કલાકની મૉર્નિંગ વૉક લેવાની ઇચ્છા થઈ આવી. સ્વીટુ આવી હોત તો આખી રાતના ઉજાગરાને કારણે સીધી જ શાવર લઈને સૂઈ ગઈ હોત. પોતે જ એને તુલસી, આદુ અને ફુદીનાની ફ્લેવરવાળી મનપસંદ કડક-મીઠી ચા બનાવીને પિવડાવી હોત...

પણ હવે તો એ આવે ત્યારે આવી જાણવી! આ તો ગાંડિયું ખાતું. આખી દુનિયા જ્યારે એ નાનકડા જંતુથી છળી મરતી હોય ત્યારે આપણે એને અવગણીએ પણ કઈ હેસિયતથી? પેલો ઝુઝારુ અમેરિકન પ્રેસિડન્ટ ધ્રૂજી ગયો છે. ઇટાલીનો વડોપ્રધાન ટીવી પર જાહેરમાં આંસુડાં ખેરવી રહ્યો છે. ઈરાનમાં લાશો રસ્તા પર રઝળે છે. કોઈ એમાં કણસતા અધમૂઆ જીવની ઊંચીનીચી થતી છાતી સામે કે વધેરાયેલા પશુના ખેંચતાણ અનુભવતા પગ જેવા હાથપગ સામે નજર સુધ્ધાં કરવા તૈયાર નથી. રિબાઈ રિબાઈને મરવાની નિયતિ સાથે જન્મેલા માનવીને જો એના આવા અંજામનો અંદાજ સરખો હોત તો એણે કુદરત પર કાળો કેર વરતાવ્યો હોત ખરો?

જેસંગ ભલે ઍક્સ્ટર્નલ બી.એ. થયો હોય પણ એનું વાચન ઘણું વિશાળ હતું. અમેરિકામાં મિનિટ-મિનિટની ગણતરી કરીને જીવતી બાળસખી પણ ગુજરાતી ભાષામાં ખાસ વાંચવાલાયક પુસ્તકોની ટિપ્સ એની પાસેથી મેળવતી રહેતી. રામાયણ અને મહાભારત જેવાં ક્લાસિક મહાકાવ્યોથી લઈ સરસ્વતીચંદ્રના સંક્ષેપની અને 'માનવીની ભવાઈ' જેવી વિશિષ્ટ નવલકથાની ભલામણ કરતી વખતે એ છેલ્લે ઉમેરતો : પ્રિય સ્વીટુ, આ બધી જ શ્રેષ્ઠ અને નીવડેલી કાલજયી કૃતિઓ કરતાં જો તું તારી સાચી આત્મકથા લખે તો એ એક કદમ આગળ નીકળી જશે, એની મને ગળા સુધી ખાતરી છે.

સ્વીટુ પૂછતી : સાચ્ચી આત્મકથા મીન્સ? એટલે શું આપણે વાંચતાં હોઈએ છે એ આત્મકથાઓ જૂઠી હોય છે? તાબડતોબ જવાબ વાળતાં એ કહેતો : મોટા ભાગની! ઓન્લી એ ફ્યુ ઍક્સેપ્શન્સ, ફૉર ઍક્ઝામ્પલ 'સત્યના પ્રયોગો' બાકીની મોટા ભાગની આત્મકથાઓ તો પોતાને હીરો કલ્પીને લેખકે લખેલી નવલકથાઓ જ હોય છે.

રિક્ષામાંથી ઊતરીને એ સીધો જ વૉક માટે નીકળી પડ્યો. એને આશ્ચર્ય થયું. રોજેરોજ સૂર્યનો કુમળો તડકો ઝીલવા નીકળતા પાટનગરવાસીઓ કેમ અલોપ થઈ ગયા છે જાહેર રાજમાર્ગો પરથી? એ ચાલી રહ્યો હતો ત્યાં એના જૂના સહયાત્રી ડૉ. શુભેન્દુ પંડ્યાને એમના બંગલાની બાલ્કનીમાં ઊભેલા જોયા. એ કશોક ઇશારો કરી રહ્યા હોય એમ લાગ્યું. ઉમળકાભેર એમના બંગલાના ગેટ તરફ વળવા ગયો ત્યાં જાણે માથે આભ તૂટી પડ્યું હોય એમ પેલા આદિકવિની જેમ ચિત્કારી ઊઠ્યા : પ્લી...ઝ ચૌધરીભાઈ! નો, નો, નો. સૉરી, અમે લોકો આજે તમને દરવાજાની અંદર દાખલ નહીં થવા દઈ શકીએ. સૉરી, વેરી સૉરી...

એને જબરું માઠું લાગ્યું પણ હસતું મોઢું રાખીને એણે હળવી કૉમેન્ટ કરી ચાલતી પકડી : મે કોરોના બ્લેસ યુ સર!

સરકિટ હાઉસ સર્કલ પર દર પાંચ મીટરના અંતરે એક પોલીસમૅન માસ્ક પહેરીને ઊભો હતો. હાથમાં સેનિટાઇઝરની શીશી લઈને એક પોલીસવાળો એની નજીક આવ્યો.

'ક્યાં રહો છો?' એણે રુક્ષ સ્વરમાં પૂછ્યું.

'અહીં જ, ઓગણીસમાં. કેમ? કંઈ વીઆઈપી મુવમેન્ટ છે કે શું? પીએમ આવી રહ્યા છે?'

'બહુ ડાહ્યા ના થાવ. વૃદ્ધ છો એટલે વધુ કંઈ કહેતો નથી. ખબર નથી, સિટી લૉકડાઉન કરાયું છે તે? પાછા વળો, ઘરમાં પુરાઈ જાવ અને લાવો તમારો હાથ ધરો-થોડાં સેનિટાઇઝરનાં ડ્રોપ્સ છંટકોરું. માસ્કની અછત છે છતાં એક વધારાનો રાખું છું. પહેરી લો અને –'

અર્થાત્ કોરોનાએ રાતોરાત ગાંધીનગરને પણ ઘેરી લીધું છે – એમ જ ને! એણે મનની સપાટી પર ઊપસેલી પ્રતિક્રિયા જીભ પર ન આવવા દીધી.

'તમારા જેવા સિનિયર સિટીઝનોએ તો શાંતિથી ઘરના ખૂણામાં માળા લઈને બેસી જવું જોઈએ. ભગવાન સ્વામિનારાયણને પ્રાર્થના કરો કે એ બધાને આફતમાંથી ઉગારી લે.'

પોલીસવાળો ચુસ્ત સ્વામિનારાયણી હતો. 'જય સ્વામિનારાયણ' કહી એણે જેસંગને પાછો વાળ્યો. ધાર્મિક હોવાને લીધે વિવેકપૂર્ણ ભાષા વાપરી. દરબાર કે પઠાણ હોત તો પહેલાં એક દંડો ફટકારત અને પછી આગળ વાત કરત.

ઝડપી ચાલે પાછા ફરી રહેલ જેસંગ સામે આસપાસનાં ઍપાર્ટમેન્ટ્સની બાલ્કની કે ધાબા પર ઊભેલા લોકો વિસ્મયની નજરે જોઈ રહ્યા હતા. કોઈ બોલ્યું પણ ખરું : કાકાએ રાત્રે ટીવી પર પીએમનું ભાષણ સાંભળ્યું લાગતું નથી! એની સામે નજર કરે એ પહેલાં બીજી બાલ્કનીમાંથી વધુ તીખી કૉમેન્ટ આવી : હવે કાકાએ ખાઈપી લીધું છે. જેને પાછળ કોઈ હોય એને ચિંતા! કાકો તો બાળબ્રહ્મચારી!

– જબરો બાળબ્રહ્મચારી! જેસંગને એ વણમાગ્યા બિરુદ પર હસવું આવી ગયું. બેટમજી, તું તો ત્રીસ વરસનો ઢાંઢો થઈને વહુ ભેગો થયો હોઈશ. કાકો તો પાંચ વરસનો હતો ત્યારે લાડો બનતો હતો, તને ખબર જ ક્યાં છે! લાડી બિચારી એના કિસ્મતના જોરે દૂર ખેંચાઈ ગઈ એ જુદી વાત છે. કાકા પાસે સામું સાટું આપવાજોગ બહેન ક્યાં હતી કે કોઈ એને કન્યા આપે! એટલે ફરજિયાત બ્રહ્મચારી રહેવું પડ્યું એમાં મીનમેખ નહીં, પરંતુ મનમાં તો કોઈ રમતું જ રહ્યું આખી જિંદગીપર્યંત.

અને એ સામે પગલે આજે મનની હેલ ઉતારવા આવતી હતી ત્યાં એને આ કોરોના નડ્યું! અક્કરમીનો પડિયો કાણો તે આનું નામ...

જેસંગ ધૂનમાં ને ધૂનમાં ત્રીજે માળે ખુલ્લા દરવાજા આગળ પહોંચી શ્વાસ ખાવા થોભ્યો ત્યાં જાળીમાંથી ડોકું કાઢીને પાડોશણ જશોદાબહેન બોલ્યાં : ચૌધરીકાકા, જરા મારી વાત સાંભળતા જાવ. પછી કહેતા નહીં કે આટલાં વર્ષોનો સંબંધ હતો છતાં મને ચેતવ્યો કેમ નહીં!

જેસંગનો ચહેરો પડી ગયો. એને સમજાયું નહીં કે જશોદાબહેન વળી આજે વહેલી સવારે ચા પીવા બોલાવવાને બદલે લુખ્ખી ચીમકી કેમ આપી રહ્યાં છે.

'મને તમારી વાત સમજાણી નહીં, બહેન!'

'તો જરા શ્વાસ ખાઈ લો એટલે સમજાવું.' જશોદાબહેને ધીમે રહીને પૂછ્યું : 'આ છેલ્લા એક મહિનાથી તમે ફ્લૅટનું રંગરોગાન કરાવો છો તે કોઈ મહેમાન આવવાના છે કે શું?'

'આવવાના હતા પણ હવે આવે ત્યારે ખરા!' જેસંગથી બોલાઈ ગયું. જશોદાબહેનને પોરસ ચડ્યું : 'બસ, એ જ મુદ્દા પર ઍપાર્ટમેન્ટવાળા છેલ્લા ત્રણચાર દિવસથી કાનાફૂસી કરી રહ્યા છે. કહેતા હતા : કાકાને ચોખ્ખી ચેતવણી આપી દઈએ. પરદેશના કોઈ પણ માણસને અમે ઍપાર્ટમેન્ટનાં પગથિયાં નહીં ચડવા દઈએ. તમારે એમની મહેમાનગતી કરવી અનિવાર્ય હોય તો હોટલ-બોટલ બુક કરાવી લેજો. આવનાર કોણ જાણે કેવી ઇન્ફેક્શનનું પોટલું હોય! અમારે મરવાની ઉતાવળ નથી; કાકા તો ખાઈપી રહ્યા છે; ને એમને તો આગળ ઉલાળ ને પાછળ ધરાળ!'

જેસંગ સમસમી ગયો. 'ભલે!' કહી ઝડપથી પગથિયાં ચડી ગયો. ફ્લૅટનો દરવાજો ખોલી બારોબાર સ્વીટુ માટે સજાવી રાખેલી ડબલબેડમાં પડતું મૂકી દીવાલ પર ટીંગાડેલી રાધાકૃષ્ણની કલાત્મક છબી સામે ટીકી રહ્યો.

અચાનક એને આઠમા ધોરણની 'સાહિત્યમાધુરી'માં ભણેલી દયારામની કવિતા યાદ આવી ગઈ.

ચિત્ત, તું શીદને ચિંતા ધરે?
કૃષ્ણને કરવું હોય તે કરે!
ઉત્તમ વસ્તુ અધિકાર વિણ મળે
તદપિ અર્થ નવ સરે;
મત્સ્યભોગી બગલો મુક્તાફળ દેખી
ચંચુ નવ ભરે...

– 24-3-'20

* * *

4

સમયની બલિહારી.

આ જ જશોદાબહેનના ઘરવાળાને ઍટેક આવેલો ત્યારે ચોવીસ કલાક એમની પડખે રહ્યા હતા જેસંગલાલ; જોયુંને, સમય માણસને કેવું બદલી નાખે છે! 108માં હૉસ્પિટલે લઈ જવાથી માંડી સેક્ટર-30ના અંતિમધામ સુધી જે માણસે એમના ઘરવાળાને કંપની અને કાંધ આપી હતી તે આજે અળખામણો થઈ ગયો છે. ચા પીવાનોય ભાવ પૂછ્યો નહીં. ક્યાંક બહારથી ઇન્ફેક્શન લઈને આવી ગયા હોવ તો! એમને પોતાનાં છોકરાં અને પોતરાંના જીવની ફિકર છે, તમારી નહીં – એટલું સમજી જવામાં જ શાણપણ છે. કોરોનાનો 'ક' નથી જાણતાં એય એનાથી મૂતરી ભરવા લાગ્યાં! જેસંગ પોતાની જાત સાથે વાત કરતો રહ્યો. જે ઘરમાં આજે વૃંદાવન મહોરવાનું હતું એમાં એક છૂપા માતમનું વાતાવરણ પ્રવર્તી રહ્યું હતું. શું ફીલ કરતી હશે પેલી વિદેશવાસિની? એને કોણ જાણે આ દેશી લઘરાઓ કેવું કેવું પૂછતા હશે! કેવી કેવી તપાસ થઈ રહી હશે એ સેલિબ્રિટી ગાયનેકોલૉજિસ્ટની... જેસંગને દેશી માણસોની હેવાનિયતની કલ્પના સુધ્ધાં ધ્રુજાવી રહી.

એમને તો શું? એ લોકો તો ગંદીગલીચ મજાક કરતાં પણ ના ખંચકાય. સરકારનો આદેશ એટલે જોકર પણ રાજાપાઠમાં જ આવી જાય. પોતે ત્રણચાર વાર ફોન કરી જોયો પણ રિસીવ ન થયો એટલે એ ટૅન્શનમાં આવી ગયો હતો. બની શકે, સ્વીટુનો ફોન પણ સીઝ કરી લેવાયો હોય! ક્વૉરન્ટાઇનના ચૌદ દિવસ કદાચ એને બાકીની દુનિયાથી સાવ જ અલગ પાડી દેવામાં આવે એમ પણ બને.

ચિત્રવિચિત્ર કલ્પનાઓએ એના મગજને ઘેરી લીધું હતું. બિહામણી વાતો વૉટ્સઍપ પર ઠલવાઈ રહી હતી. એકાએક કોરોનાના પૉઝિટિવ કેસોમાં આવેલ ઉછાળાના આંકડા જોઈ એને ઘડીક પોતે તો ઇન્ફેક્શનમાં નથી સપડાયો ને! – એવી શંકા પણ થવા લાગી હતી. પછી એ જાતે ને જાતે એનો ખુલાસો પણ કરી દેતો. અત્યારે નહીં સપડાયા હો તો બે દિવસ પછી સપડાશો. ત્સુનામી આવ્યું જ છે તો એ તમને થોડા છોડશે? વળી ક્વૉરન્ટાઇન પિરિયડ પૂરો થતાંની સાથે જ પેલી બાળસખી તો અહીં જ રહેવા આવશે. એ ભલે હન્ડ્રેડ પરસેન્ટ ચોખ્ખી થઈને આવી હોય તોય ઍપાર્ટમેન્ટની વહેમીલી પ્રજા તો એને શંકાની નજરે જ જોવાની. અરે, એ અહીં આવે જ નહીં – એવો આગોતરો પ્રતિબંધ ફરમાવવા ઍપાર્ટમેન્ટના રહેવાસીઓ કદાચ આજે જ જેસંગલાલ ચૌધરીને કૉમન પ્લૉટમાં બોલાવે અથવા લેખિતમાં નોટિસ બજાવે એ પણ શક્ય છે.

એને જાણે ભીંત પાછળ ભળાયું હોય એમ હજી તો આ કલ્પના મગજમાં હમચી ખૂંદી રહી હતી ત્યાં કૉલબેલ રણક્યો.

'વેઇટ, પ્લીઝ!'

જેસંગ જરા કપડાં સંકોરી દરવાજો ખોલવા ગયો ત્યાં કોઈ ઉતાવળે સીડી ઊતરી રહ્યું હોય એવું લાગ્યું. દરવાજો ખોલીને એણે જરા કંટાળાજનક અવાજે રાડ નાખી : કોણ ભાઈ? કુરિયરવાળા છો?

જવાબ ન મળ્યો. ઓચિંતી જ એની નજર દરવાજા પર ચીપકાવેલ લીલા રંગના કાગળ પર જઈને ઠરી. એમાં જે મથાળું બાંધ્યું હતું તે ઘણું સૂચક હતું : 'વડીલ ઍપાર્ટમેન્ટનિવાસીને વિનંતી.' જોકે એ વિનંતી કરતાં વિશેષ તો ચેતવણી જ હતી, જેમાં જશોદાબહેને સીડી ચડતાં અધવચ્ચે થાક ખાવા ઊભેલા વરિષ્ઠ પાડોશીને કહેલી એ જ વાત લખેલી હતી.

આદરણીય મુરબ્બી શ્રી ચૌધરીસાહેબ,

આપ આપણા ઍપાર્ટમેન્ટમાં રહેનારા સૌથી સિનિયર નિવાસી છો. આપણે વર્ષોથી એકમેક સાથે બહુ જ સૌહાર્દપૂર્ણ સંબંધો જાળવતા આવ્યા છીએ. વડીલ તરીકે આપનો માનમોભો પણ અમે સૌએ જાળવ્યો છે. એકબીજાની મુશ્કેલી વખતે આપણે હંમેશાં ઘરનું કામછોડીને દોડ્યા છીએ.

અમારા જાણવામાં આવ્યું છે કે આપને ત્યાં કોઈ વિદેશી મહેમાન આવવાના છે. છેલ્લા બે-એક મહિનાથી આપના ફ્લૅટમાં ફર્નિચર તેમજ રંગરોગાનનું કામ ચાલતું હોઈ અમે સમજી શકીએ છીએ કે આવનાર અતિથિના સ્વાગતની જ પૂર્વતૈયારી સ્વરૂપે આપ આ ઉંમરે આવો મોટો ખર્ચ કરી રહ્યા છો. 'અતિથિદેવો ભવ'ની ભાવનાની રૂએ આપના અતિથિ એ અમારા પણ અતિથિ જ ગણાય. પરંતુ આપ જાણતા જ હશો કે છેલ્લાં બે-ત્રણ અઠવાડિયાંથી આખી દુનિયામાં કોરોના વાઇરસે હાહાકાર મચાવી દીધો છે. ચીનમાંથી નીકળેલ વાઇરસ યુરોપને ભરડો લીધા પછી હવે આપણા દેશમાં પ્રવેશી ચૂક્યો છે. ઇન્ફેક્શન સામાન્ય રીતે વિદેશીઓ અથવા વિદેશપ્રવાસ કરી પાછા ફરેલા લોકો મારફત ફેલાઈ રહ્યું છે. આ મુદ્દો ધ્યાનમાં લઈ આપ આપના માનવંતા મહેમાનને આપણા ઍપાર્ટમેન્ટમાં ન લઈ આવો તે હિતાવહ છે. આપને અમે સમસ્ત ઍપાર્ટમેન્ટ નિવાસીઓ આ સામૂહિક વિનંતી કરીએ છીએ અને તે વિનંતી આપ માન્ય કરશો એવી અપેક્ષા રાખીએ છીએ. તેમ છતાં જો આપનાં વિદેશવાસી મહેમાનને આપ અહીં લઈ આવવાનો આગ્રહ રાખશો તો અમારે નાછૂટકે આપનો અને આપના માનવંતા મહેમાનનો બહિષ્કાર કરવો પડશે તે જાણશોજી. આપ સુજ્ઞ છો. સૌના વડીલ છો. સૌના આદરણીય રહ્યા છો. આખા ઍપાર્ટમેન્ટના તમામ નિવાસીઓ માટે આપનું પવિત્ર જીવન એક દૃષ્ટાંતરૂપ છે. આશા રાખીએ કે આ સંકટની ઘડીએ આપ સમસ્ત સહનિવાસીઓની આ વૈજ્ઞાનિક સમજણનો સ્વીકાર કરી આપના માનવંતા અતિથિને અહીં નહીં લઈ આવતાં કોઈ હોટલમાં જ એમના ઉતારાની વ્યવસ્થા કરાવશો.

નોટિસના લખાણ નીચે તમામ ઍપાર્ટમેન્ટવાસી સદ્ગૃહસ્થોની સહીઓ હતી. જેસંગને મનોમન હસવું આવ્યું. વાહ જેસંગલાલ, આનું જ નામ તે સમય. આજે તમને તમારા જ ઘરમાં પ્રવેશવાનો અધિકાર નથી! તમારાં માનવંતાં મહેમાનને તો એ લોકો મેઈન ગેટ પરથી જ પાછાં ધકેલી મૂકે.

સારું થયું સ્વીટુ... એ મનોમન ઈશ્વરનો આભાર માનવા લાગ્યો : સારું થયું કે તને ઍરપોર્ટથી બારોબાર એ લોકો ક્વૉરન્ટાઇનમાં લઈ ગયા. જો મારી સાથે આવી હોત તો તારું આ લોકો અપમાન જ કરી બેસત. અને પછી તો હુંયે મારી જાત પર ગયો હોત. એમ કંઈ મારી સ્વીટુને હડધૂત કરનારાઓ સામે મૂંગો થોડો રહ્યો હોત! હું બાંયો ચડાવીને તારી ઢાલ બની ઊભો રહેત. કોની માએ સવાશેર સૂંઠ ખાધી છે – જેને બહુ જોર ચડ્યું હોય એ આવે મારી સામે. મારું ઘર છે. ઍપાર્ટમેન્ટ બન્યું ત્યારે સૌથી પહેલી ચાવી બિલ્ડરે આ જે. આર. ચૌધરીને આપી હતી. તમે લોકો મને મારા જ ઘરમાં પ્રવેશતાં રોકવા આવ્યા છો? જાવ, જાવ. જઈને તમારી રાધાને યાદ કરો! મારાં મહેમાન છે અને હવે તો એ જ આ ફ્લૅટનાં માલિક છે. હું મારું ઘર એમને અભરામ નંદાવે લખી આપું છું. તમારાથી થાય તે કરી લો, જાવ. તાકાત હોય તો મને હાથીના પૂંછડે સીવી લેજો.

એણે અચાનક જોરથી ઘાંટો પાડ્યો : કોણે લગાવી આ નોટિસ? તારા બાપનું ઘર છે? કંઈ નાખી જાય છે આવીને મારી કોઠીમાં? શાનું જોર ઊપડ્યું છે ભઈ! યાદ રાખજો. તમને લોકોને ચોખ્ખી ગુજરાતીમાં ચેતવું છું. ચૌધરીનું લોહી છે સામે. નથી વાણિયાબામણની જાત કે તમારી ચેતવણીઓથી ડરી જાય. ખબરદાર કોઈએ મારા ઘરમાં આજ પછી પગ મૂક્યો છે તો!

જેસંગનો પિત્તો ગયો છે એ સમજતાં ઍપાર્ટમેન્ટવાસીઓને વાર ન લાગી. કોઈ કશુંય

બોલ્યું નહીં.

'મારું ઘર છે. હું નાગો થઈને નાચું કે રંડીઓ નચાવું એ મારી મરજીની વાત છે. મારા બંધારણીય મૂળભૂત અધિકારો પર તમે તરાપ મારશો ને હું સહન કરી લઈશ એમ માનો છો? મેં કદી તમારા ઘરમાં કોણ આવે છે ને જાય છે એની પડપૂછ કરી? ચૂપચાપ જે કરતાં હો તે કરી ખાવ ને! કોણ કેટલામાં છે એની મને ખબર નથી – એમ ના માનશો! ધણી બહાર નીકળે છે એની દસેક મિનિટ પછી બીજો લઠ્ઠ લપ્પ લઈને અંદર ઘૂસે છે. હું બધું જ જોઉં છું. જાણી જોઈને શું કામ તમારાં ગંદાં લૂગડાં મારી પાસે ધોવડાવો છો!'

જેસંગ હવે દરવાજો બંધ કરી બાલ્કનીમાં આવી ગયો હતો. પૂરા એક કલાક લગી જે જીભે ચડ્યું તે બબડતો રહ્યો. બાલ્કનીમાં ઊભોઊભો મોટા અવાજે બોલતો હતો એટલે છેક સામેના શૉપિંગ સેન્ટર સુધી અવાજ પહોંચતો હતો. લૉકડાઉન થઈ ગયેલા પાટનગરમાં સેક્ટરદીઠ એકાદ દુકાન ખુલ્લી રહે એવા હુકમો થયા હતા. કરિયાણાની દુકાન આગળ જરૂરી ચીજવસ્તુઓ ખરીદવા લોકો બહાર નીકળી શિસ્તબદ્ધ મોં પર માસ્ક રાખી સલામત અંતરે ઊભા હતા. જેસંગને આમ મિજાજ ગુમાવતો પહેલી જ વાર જોઈ સેક્ટરવાસીઓ કુતૂહલભરી નજરે એની સામે જોઈ રહ્યા હતા.

'ચૌધરીકાકા બગડ્યા લાગે છે.'

'હજી તો લૉકડાઉન શરૂ જ થયું છે. કોણ જાણે આવનારા દિવસોમાં તો કેટલા માણસોને કેવી કેવી માનસિક અસરો થશે!'

'પણ ચૌધકરીકાકા તો કદીયે આવી ગાળો ન'તા બોલતા. જરૂર કોઈએ એમની દુખતી રગ દાબી લાગે છે.'

'બિચારા એકલા માણસ છે. લૉકડાઉન થયું એટલે હવે તો ટિફિનનાય સાંસા. કામવાળી પણ નહીં આવી હોય. કશું જાતે કરતાં શીખ્યા હોય તો ને! હરહંમેશ રાજાપાઠમાં રહ્યા છે.'

'રાતોરાત લૉકડાઉન જાહેર કર્યું એટલે બિચારા જવું હોય તોય ગામડે પણ શી રીતે જાય? રોડ સૂમસામ છે.'

ટોળું મોટું થતું ગયું. કરિયાણું ખરીદવા કરતાં બધાને ગાંડા થયેલા ચૌધરીકાકાના હાકલા-પડકારા સાંભળવામાં વધુ રસ હોય એવું લાગતું હતું. ઍપાર્ટમેન્ટવાળાઓને નામજોગ કંઈનું કંઈ સંભળાવી દીધા પછી સામો કોઈ પ્રતિસાદ ન મળ્યો એટલે જેસંગલાલ ઠંડા પડ્યા.

ઘરમાં આવીને જુએ છે તો સ્વીટુના વૉટ્સઍપનો ખડકલો. 'ફોન કેમ ઉપાડતો નથી?' 'ફોન બગડ્યો છે કે શું?' 'રિસાઈ ગયો છે?' 'મને અહીં ક્વૉરન્ટાઇનમાં મૂકી દીધી છે. પણ ચિંતા ના કરતો. વ્યવસ્થા સારી છે. હું વ્હાઈટ હાઉસ સાથે સંકળાયેલી છું એટલે અહીં પણ મને વીઆઈપી ટ્રીટમેન્ટ મળી રહી છે.' જેસંગ છોભીલો પડી ગયો. સ્વીટુ ફોન કરતી રહી – ઓછામાં ઓછી પાંચેક વાર રિંગ આપી પણ ભાઈસાહેબ તો મરું કે મારું-ના મૂડમાં આવી ગયા હતા ને! સીડી પર ઊભાઊભા બધાને પડકાર્યા અને કોઈએ સામો જવાબ ન વાળ્યો એટલે બાલ્કનીમાં ઊભાઊભા નામજોગ બધાની વહી વાંચવા લાગ્યા. શૉપિંગ સેન્ટરની કરિયાણાની દુકાન આગળ સેક્ટરના રહેવાસીઓનું ટોળું ભેગું થઈ ગયું. આખરે પોલીસવાળો દંડો વીંઝતો નજીક આવતો દેખાયો એટલે બધા ડાહ્યાડમરા થઈ એકમેકથી સલામત અંતરે ઊભા રહી પોતાને જોઈતી ચીજવસ્તુ લઈ વીખરાવા લાગ્યા. હવે આ બધાની પાછળ સ્વીટુનો અણદીઠ પડછાયો કારણભૂત હતો – છતાં એને તો એમ જ લાગ્યું કે જિતુ મારાથી રિસાઈ ગયો છે; એને આ ક્વૉરન્ટાઇન-બૉરન્ટાઇનમાં શી સમજ પડે? એને તો એમ જ લાગ્યું હશે કે સ્વીટુએ નહીં આવવા માટે બહાનું કાઢી દીધું! મૂળે ડૉક્ટર ખરી ને. ઉલ્લુ બનાવી ગઈ મારી વા'લી.

'તારાથી તારો જિતુડો રિસાય? ગાંડું નહીં તો!' ફોન પર સ્વીટુને પણ ઠપકો તો આપી જ દીધો. પરંતુ ફોન કેમ નહીં ઉપાડ્યો એનો ખુલાસો કરતાં જીભ ન ઊપડી. એને એવું થોડું કહેવાય કે તારે કારણે આખી રામાયણ સરજાઈ હતી!

'સૉરી યાર. હું બાથરૂમમાં હતો.' કહી એણે હળવી મજાક કરી લીધી : 'તમે અમેરિકનો તો ટૉઇલેટમાં પણ ફોન સાથે રાખતાં હોવ ને! હું હજી એટલો મૉડર્ન નથી થયો.'

'એ તો મને ખબર છે. મૉડર્ન થયો હોત તો અત્યાર સુધી પાંચ વાર અમેરિકા આવી ગયો હોત. મેં કેટલી વાર સ્પોન્સર કર્યો પણ તને તો વિઝા માટે મુંબઈ જવામાં પણ ટાઢ વાતી'તી!'

– ફોન પર 'ટાઢ' શબ્દ બોલતાં પણ સ્વીટુ જાણે ઠંડીથી ધ્રૂજતી હોય એવો અહેસાસ થયો.

'તને ટાઢ ચડી લાગે છે સ્વીટુ!' જેસંગનો અવાજ બદલાઈ ગયો.

'થોડી ઠંડી વાય છે. પણ એથી ગભરાવાની જરૂર નથી. મને કોરોના કંઈ ના કરી શકે!' એના અવાજમાં હળવી મક્કમતા હતી. એણે ઉમેર્યું : 'જિતુ, તું ધ્યાન રાખજે યાર. ઇન્ડિયામાં તો બધું ઊડઝૂડ... જો આ નાનકડું જીવડું એક વાર પોલું ભાળીને પેસી ગયું તો કાળો કેર વર્તાવી શકે. જોયું નહીં, ઇટાલી જેવા મૉડર્ન ફેસિલિટી ધરાવતા દેશને કેવો ઘૂંટણિયે પાડી દીધો છે!'

'મેં જોયાને! ઇટાલીના વડાપ્રધાનને રાતાં પાણીએ રોતા જોયા. મેં શું, આખી દુનિયાએ જોયા. વાઇરસનો હાઉ એટલેસ્તો આટલો મોટા પાયે ફેલાઈ ગયો છે.'

'એનાથી ડરવામાં જ ડહાપણ છે, જિતુ. આ અદૃશ્ય રાક્ષસ સામે બાંયો ચડાવવાથી એ ભાગી જવાનો નથી. એને વાણિયાબુદ્ધિ વાપરીને ખતમ કરવો પડે. ચૌધરીવાળી ના ચાલે એની આગળ; શું કહ્યું?' એણે થોડા થડકારા સાથે ઊંડો શ્વાસ લેવાનો પ્રયાસ કરતાં સવિવેક ઉમેર્યું : 'મને ખરેખર તમારી ચિંતા થાય છે જેસંગભાઈ. તમે એને લાઇટ્લી ના લેતા.'

છેલ્લે એકાએક સ્વીટુને શ્વાસ ચડ્યો હોય એવું લાગ્યું. એના અવાજમાં થાક સંભળાતો હતો. વળી ક્યારેય પોતાને ખરા નામે નહીં બોલાવનારી સ્વીટુએ એને 'જેસંગભાઈ' કહ્યો અને કોઈ સિનિયર સિટીઝનની જેમ સંબોધ્યો. એને એવું કેમ કરવું પડ્યું હશે? જેસંગ વિચારમાં પડી ગયો. હજી એનો ફોન ચાલુ હતો પરંતુ એ કશું બોલતી નહોતી. જેસંગને ધ્રાસકો પડ્યો. 'સ્વીટુ! સ્વીટુબહેન...' એણે મોટેથી રાડ નાખી : 'તમને કંઈ તકલીફ તો નથી થઈ ને! મારા સમ, જે હોય તે મને નિખાલસતાપૂર્વક જણાવો.'

સ્વીટુને શ્વાસ ચડ્યો હતો – એટલું તો એ સમજી જ શક્યો હતો. 'હું એકદમ ઑલરાઇટ છું જિતુ... ખોટી બૂમાબૂમ શાની કરે છે?' એણે બનાવટી હસવાનો પ્રયાસ કરતાં ઉમેર્યું : 'હજી એવો ને એવો રહ્યો, ઉંમરમાં પાછળનો ઝીરો આગળ મૂકીને જ જીવે છે ગાંડિયો!'

સ્વીટુએ પોતાના માટે 'ગાંડિયો' જેવું કૉમ્પ્લિમેન્ટ ખપમાં લીધું તે એને ગમ્યું. જેસંગની રગેરગમાં સાત વરસનું બાળક રણઝણી ઊઠ્યું.

'તારી આગળ તો હું સો વરસનો થઈશ તોય સાત વરસનો જ રહેવાનો!' એણે મનોમન ઉમેર્યું : તારા શિશુ કરતાંય વધારે લાડકો!

– એનો વિષાદ ઓલવાઈ ગયો. જોકે ઍપાર્ટમેન્ટવાળાઓ પ્રત્યેની સૂગ અકબંધ જ રહી. ભલેને બધા ઊંધાચત્તા થઈ જાય, ક્વૉરન્ટાઇન પિરિયડ પૂરો થતાંની સાથે પોતે સ્વીટુને વાજતેગાજતે પોતાના ફ્લૅટમાં લઈ આવવાનો, લઈ આવવાનો ને લઈ આવવાનો; – એમાં મીનમેખ નહીં. ઉપરથી ભગવાન ઊતરી આવીને રોકવા પ્રયાસ કરશે તોય નહીં માને. એના આગળ પણ જરૂર પડ્યે ચૌધરીવાળી કરતાં કેટલી વાર!

* * *

5

માણસ પરિસ્થિતિ મુજબ એની જાતને ઢાળી દેવાની વિશિષ્ટ ક્ષમતા ધરાવતો ચાલાક જીવ છે. એટલે જ ડાયનાસોર જેવાં વિશાળકાય પ્રાણીઓ નામશેષ થઈ ગયાં પણ માણસનું અસ્તિત્વ ગમે તેવાં જોખમો વચ્ચે અકબંધ રહ્યું. આખી જીવસૃષ્ટિનો માલિક થઈ ગયો આ કાળા માથાનો માનવી. જેસંગને જિંદગીમાં પહેલી વાર સમજાયું કે પોતે એકલો હતો. ગુફામાં સંતાયેલા પયગંબરના સાથીએ બી જઈને કહ્યું કે આપણે બે જ જણ એ ખતરનાક જાલિમો સામે કઈ રીતે ટકી શકીશું, ત્યારે નિશ્ચિંત થઈને બેઠેલા નબીએ કહ્યું હતું : ત્રીજું પણ કોઈ છે જે આપણી ઢાલ બનીને ગુફાના દરવાજે ઊભું છે. આપણી ચામડાની આંખો એને જોઈ નહીં શકે – પણ એ છે; એનો ભરોસો રાખ. ભરોસો તો જેસંગે ઍપાર્ટમેન્ટના દરેક મેમ્બર પર રાખેલો. આજે એ કેટલો તકલાદી હતો એની ખબર પડી.

ધૂંધવાઈને એણે ટિફિન આપી જનારી ચંપાને ફોન કર્યો. ત્રણ-ચાર વાર સતત રિંગ આપ્યા કરી ત્યારે માંડ જવાબ મળ્યો : દાદા, આજે મેળ નહીં પડે. કોઈ ઘર બહાર નેંકળવા જ નહીં દેતુંને! પોલીસવાળો દંડો લઈને ઊભો છે.

– લૉકડાઉન! સીધું જ જેસંગના પેટ પર કોઈએ અલીગઢનું તાળું ઠોકી દીધું હોય એવું લાગ્યું.

– આ લોકો તો હવે થોડા બોલાવવાના છે? પોતે જ એમના ઘર તરફ જતા રસ્તા વચ્ચે કાંટાળી આડશ ઊભી કરી દીધી હતી. એમાં એને કંઈ ખોટું કરી નાખ્યું હોય એવું પણ નહોતું લાગતું. ચાળીસ વરસથી પોતે જે ઘરમાં રહ્યો હોઉં એમાં પોતાના મહેમાનને નોતરવા માટે મારે આ મગતરાંની પરમિશન લેવાની? જબરું ભાઈ આવી જોહુકમી તો રજવાડાંના જમાનામાં પણ નથી સાંભળી.

એણે ઉતાવળે ફ્રિજ ખોલ્યું. ખાખરાનું પૅકેટ કાઢી બટકોરવા માંડ્યો. ટોસ્ટ પણ હતાં. એણે નક્કી કર્યું કે કામવાળી નહીં આવે તો જાતે જ ચા પણ બનાવી લેશે. જેવી આવડશે એવી. ખાખરા, ચા, ટોસ્ટ, ખારી, મોનેકો બિસ્કુટ. અને પછી ફળોનો તો સ્ટૉક કરી જ રાખેલો છે. મોરારજી દેસાઈએ અનાજ છોડી દીધું હતું તો શું પોતે એ ના છોડી શકે? દૂધની તો ગળથૂથી પીધેલી છે. ગાયનું નહીં, મહેસાણી ભેંસનું શેડ્યકઢું દૂધ. માબાપ જીવતાં હતાં ત્યાં લગી તો ચેલૈયો કુંવરા હતો ને! એને થયું : વૃદ્ધાવસ્થાને બીજું બાળપણ ગણવામાં આવતું હોય તો પોતે બાળક હતો ત્યારે તો તાંસળે-તાંસળે દૂધ જ બમકાવેલું છે ને! એની સાથે બાજરીનો રોટલો મળતો એ હવે નહીં મળે. એની ખોટ કદાચ લક્ષ્મી બેકરીના ખાખરા પૂરી શકે. હેલ વિથ ટિફિન. લૉકડાઉન લંબાય તો વધારે સારું. પોતાની ફૂડ હેબિટ જાય, આપોઆપ! પેલી દૃષ્ટાંતકથા નથી? ભગવાન જે કરે તે સારા માટે!

શી ખાતરી કે સીએમવાળા લૉકડાઉનના પગલે પીએમનું વધારે લાંબું લૉકડાઉન નહીં આવી પડે! ત્યારે બધાંને ઘરમાં જ પુરાઈ રહેવાનું હશે. અત્યારે છે એથી વધુ કડક બનશે ખાખી વરદી. રસ્તા સૂમસામ બની જશે. રિક્ષાઓ બંધ થઈ જશે. કદાચ આખા દેશને લૉકડાઉન કરવાની ભૂમિકા રૂપે જ એક દિવસનો જનતા કરફ્યૂ અને એ પછી રાજ્યવાર મહાનગરોની તાળાબંધી ફરમાવાઈ હશે. આમ જુઓ તો આ જનસુખાકારી માટે નાછૂટકે ભરવાં પડેલાં પગલાં ગણાય, પણ ભરવાં જ પડે. સરકારની ફરજ છે નાગરિકના જીવવાના અધિકારને સમર્થન આપવાની. આપણા આમ આદમીને તો જિંદગી નામની જણસની કદર જ ક્યાં હોય છે? વાઇરસ કી ઐસી તૈસી કરીને જનતા કરફ્યૂ છૂટતાં એ તો પીએમને સારું લગાડવા સરઘસો કાઢે, ટીવીમાં ચમકવા પડાપડી કરે. ઇન્ફેક્શન એ વળી કઈ બલાનું નામ

છે? જેસંગ પોતે જ આ શબ્દથી અજાણ હતો ને! એ મેડિકલ ડિક્શનરીનો શબ્દ છે. સામાન્ય માનવી એનો અર્થ જાણે જ એ જરૂરી પણ નથી.

પણ આ નાનકડા જીવડાએ તો આખો સિનારિયો જ બદલી નાખ્યો. ગામડાની અભણ પટલાણીને પણ ઇન્ફેક્શન ન લાગી જાય એની ફિકર રહેવા લાગી છે. મોઢે સૂંડાં બાંધીને ફરતી થઈ ગઈ છે પબ્લિક. ફરતાં પણ હવે તો ગભરાવા લાગી છે – ક્યાંક કોઈ ઇન્ફેક્શનવાળું માણસ છીંક્યું હશે – થૂંક્યું હશે, અડકી ગયું હશે ત્યાં કર્મસંજોગે હાથ અડી ગયો તો! – એનાં જીવડાં સીધાં પોતાને વળગી પડે. હાથ ખાલીખમ લાગતો હોય પણ હકીકતમાં મોતનું પોટલું ઊંચકીને ફરતો હોય. મામૂલી રિક્ષાવાળા પાસે સેનેટાઇઝર હતું, બીજાની ક્યાં વાત કરવી!

જેસંગને રહી રહીને સ્વીટુના નામનો સણકો ઊપડતો હતો. બેબાકળો થઈ ફોન જોડ્યો. સ્વીટુનો ફોન ઍન્ગેજ્ડ. બે વાર ટ્રાય કર્યો, ત્રણ વાર ટ્રાય કર્યો... મારી વા'લી આટલી લાંબી વાત કોની સાથે કરતી હશે! અહીં આપણે છીએ તે એના નામે પાડોશીઓ સાથેના ચાળીસ વરસના સંબંધ પર પાણી ફેરવી બેઠા, ને એને તો ગગનમાંય ગાજતું નથી! જેસંગથી અનાયાસ ગંદી ગાળ બોલાઈ ગઈ. સ્વીટુ માટે એવી ગાળ બોલવી ગમે નહીં, એ તો એને જીવથી વહાલી હતી. પણ જુઓને, કેવી બુંદિયાળ નીકળી! અહીં વાજાં વગડાવ્યાં ને બહેનબા જઈને પુરાઈ ગયાં ક્વૉરન્ટાઇનમાં! કર્યું ને ભગાના જેવું! બરાબર ગ્રહણ ટાણે જ સાપ કાઢીને બેઠી હોય પછી ગાળ જ ખાય કે બીજું કંઈ!

"સૉરી જિતુ. રિયાનો ફોન ચાલતો હતો. તને તો ખબર છે, મેં શિશુને કમ્પની મળી રહે એ હેતુસર એનાથી એકાદ વરસ નાની બ્લૅક છોકરીને દત્તક લીધેલી. અત્યારે તો એ પરણીને એના ગોરા વર સાથે સુખેથી રહે છે, પણ અવારનવાર મારા ખબરઅંતર પૂછતી રહે છે. પૂછતી હતી : મમ્મા, સહીસલામત પહોંચી તો ગઈ છેને તારા બૉયફ્રેંડ પાસે! જરા ફોટા તો મોકલ. આય'મ ઍક્સ્ટ્રીમલી ઈગર ટુ સી યોર બૉયફ્રેંડ્સ પિક!" 'બૉયફ્રેન્ડ' શબ્દ પર જેસંગને હસવું આવ્યું. સવારથી બગડેલો મૂડ થોડો સુધર્યો. બ્રાઉન માતાની બ્લેક દત્તક દીકરી એની માના બૉયફ્રેન્ડની છબી જોવા આતુર છે. બિચારીને ક્યાં ખબર છે કે મા તો એના બૉયફ્રેન્ડનું મોઢું સુધ્ધાં જોવા નથી પામી! રિયા નસીબદાર નીકળી. એને ગોરો વર મળ્યો તે એટલો પ્રેમાળ છે કે છેક કૅલિફોર્નિયાથી મમ્માની બર્થડે પર અચૂક મસમોટી કેક લઈને આવે છે. ઇન્ડિયન મધર-ઈન-લૉ એને રઝળતો મૂકી એના નવા પ્રેમી સાથે ચાલી ગયેલી મધર કરતાં વધારે ગમે છે. જેસંગને સ્વીટુની જિંદગી જ એક રોમાંચક થ્રીલર જેવી લાગતી રહી છે. પેટનો જણ્યો શિશુ એની જનેતાને ભૂલી ગયો છે. જન્મદિવસે યાદ આવી જાય તો વિશ કરી લે એટલું માફ! એણે છત્રીસ વર્ષની એની ઉંમર દરમિયાન ત્રણ છોકરીઓ બદલી છે. અત્યારે ચોથી સાથે લિવ-ઈન-રિલેશનશિપમાં રહે છે. ભૂલથી પણ બાળક પેદા ન થઈ જાય એની કાળજી રાખતો રહે છે. મમ્મા સાથે એને ફક્ત એની પાછળ લખાતા રહેલા નામ પૂરતો સંબંધ રહ્યો છે. એનું નામ તો શિશુપાલ છે, પણ સરનેમ તરીકે 'સ્વીટુ' લખાવેલું તે અકબંધ રહ્યું છે : શિશુપાલ સ્વીટુ! એથી મહદંશે એના મિત્રો અને કમ્પનીમાં જૉબ કરે છે ત્યાં એના બૉસ પણ એને 'હાય મિસ્ટર સ્વીટુ!' કહી સંબોધે છે. સ્વીટુને એનું કેવું ગૌરવ લાગ્યું હોત! પણ શિશુ અઢાર વર્ષનો થયો એ પછી ગયો તે ગયો. ફક્ત મમ્મા પાસેથી પૈસા મંગાવવા પૂરતો સંબંધ રહ્યો!

એ બધી અંગત કહેવાય એવી દુખતી રગ સમી હકીકત સ્વીટુ સામે ચાલીને જેસંગને જણાવતી રહી છે. કોઈક તો જોઈએને માણસને, એના પેટનો આફરો ઠાલવવા જોગું! જેસંગ એક માત્ર એવો વિશ્વાસુ મિત્ર હતો જે બધું સાંભળેલું પેટમાં રાખે. નહીંતર વતનના ગામડે તો સ્વીટુબહેન ડોનેશનનો અંબાર લગાવી દેનારી ટંકશાળ બની રહ્યાં હતાં. દર વર્ષે બે-ત્રણ દિવસની ઊડતી મુલાકાતે આવતી ગામની દીકરીને લૂંટવામાં ગામલોકોએ કોઈ કસર નહોતી

છોડી. વૉટરવર્ક્સ, દવાખાનું, લાઇબ્રેરી, સ્કૂલ, મંદિર, બગીચો – કોઈ એવી જગ્યા બાકી નહોતી જ્યાં ડૉ. સવિતા ઉર્ફે સ્વીટુ પટેલના ડોનેશનની તકતી ન લાગી હોય.

સ્વીટુને આ રીતે લૂંટાતી જોઈ જેસંગ અકળાતો. એને ગામડિયા હમવતનીઓની લુચ્ચાઈ પ્રત્યે સખત નફરત હતી. એ લોકો પાછળથી તાળીઓ લેતા, પોતે એક ભલી બાઈએ જાતમહેનતથી મેળવેલી સંપત્તિ પર કેવી સિફતથી હાથચાલાકી કરી એનો ગર્વ અનુભવતા. 'ડૉલરિયાંને તો આમ છેતરીને જ સીધાં કરાય!' રાયચંદ મુખી ગાંજાની ચલમ ચડાવતા ત્યારે બધું પાપ ઓકી નાખતા. એ થોડી આપણી વહુદીકરીઓની પેઠ ખેતરમાં પરસેવો પાડવા જાય છ? ખાલી હાથ અડાડવાની ફી જ પાંનસો ડૉલર ઠોકી લેતી હશે. આંય આપણો રૂપિયો એમ અમ્બેરિકામાં ડૉલર. ઓછામાં પૂરી વ્હાઈટહાઉસની ગાયનેક બની ગઈ, પછી શાની ઝાલી રહે? બીજી વારકી ના પૈણી ઈનો અરથ હમજો છો? અલ્યા મૂરખાઓ, તમારી અક્કલ ચરવા જતી રઈ છ ક શ્યું? અમેરિકાની ફસ્ટ લેડી એટલં કુણ? ત્યાંના રાષ્ટ્રપતિની બાયડી... હવે હમજી જાંવનં, આપણી શવિતા ફસ્ટ લેડીની ટ્રીટમેન્ટ કરીને બેહી રે' ઈમાંની ખરી? રાષ્ટ્રપતિનીય ટ્રીટમેન્ટ નહીં કરી નાંખતી હોય એની શી ખાતરી? પેલો ચિયો મૂવો'તો – કિલિન્ટન, રૂપાળી છોડી આગળ પાટલૂન ઉતારી દેતો'તો, ખબર છ ક? હિલેરી બધુંય જાંણતી'તી, પણ ભાયડો ફાટીનં ધુંવાડે જતો હોય તો બાયડી થોડી આડો હાથ દઈનં ઊભી રે'વાની હતી? એવું જ આપણાં સીટુબુન નીં કરતાં વોય ક? માથે કોઈ પૂછનારું તો છ નૈં! સોકરો મોટો થઈનં ઠેઠ ભાની હૉડીં ચ્યમ જતો રે'? ઈનંય માનું ચરિતર....

કાનમાંથી કીડા ખરી પડે એવી ગલીચ ભાષા. સ્વીટુની હાજરીમાં હારતોરા અને શાલ લઈને ઊભા રહેનારા ગામ-આગેવાનો એની પૂંઠ પડતાંની સાથે મનઘડંત ગંદીગોબરી વાતોના તડાકા પાડતા. એણે ડોનેશનમાં આપેલી રકમમાંથી ચાર ચૌદશિયા ભાગબટાઈ કરી લેતા અને પછી કૉન્ટ્રાક્ટર પાસેથી પાકું બિલ મેળવી એને વૉટ્સઍપ પર પહોંચાડી દેતા. જેસંગથી આ જોયું ના જતું. એણે બે-ત્રણ વાર સ્વીટુનું ધ્યાન પણ દોરી જોયું, પણ એ તો દયાની દેવી... પેલા ગામડિયા આગેવાનોની ચંડાળ ચોકડી ઢોલનગારાં વગાડી એને શણગારેલા મંચ પર લઈ જતી, દેશી ભાષામાં ખુશામત કરીને ધારી રકમ પડાવીને જ જંપતી – એ જોઈજાણીને જેસંગનો જીવ બળી જતો. ક્યારેક તો એને સ્વીટુને મોઢા પર ચોપડાવી દેવાનું મન થઈ જતું : તારામાં અક્કલનો છાંટોય છે કે નહીં? બાપા તો પાઈ પાઈની ગણતરી માંડીને ઊંઝામાં પેઢીના માલિક બનેલા. તારા ભાઈઓ અમદાવાદ અને મહેસાણામાં મોટા બિઝનેસમૅન તરીકે જામી પડ્યા છે પણ આ ચંડાળચોકડીની તાકાત નથી કે એમની પાસેથી સો રૂપરડી પણ લઈ આવે. તું જ એમને આડેધડ ધરવ્યા કરે છે. એમને તો ફક્ત ગુલાબનો હાર અને શાલ જ લાવવાનાં હોય છે. પછી તારી પરસેવાની કમાણીની કેવી ભાગબટાઈ થાય છે, એ કદી વિચાર્યું છે? માંડ ત્રીસ ટકા રકમ વપરાતી હશે, બાકીની ધોળિયાઓની તિજોરીઓમાં સરકી જાય છે. આ જોતી નથી, નવરીનાઓએ કેવા તોશતગ બંગલા તાણી બાંધ્યા છે ગામની ગોચરની જમીનમાં! કહેવાનું તો ઘણું મન થઈ જતું પણ જેસંગના પેટનો ઉકળાટ હોઠ લગી આવે એ પહેલાં બેસી જતો. સ્વીટુ માટે જાણે પૈસો એ હાથનો મેલ હતો. એ હસીને ક્યારેક કબીરજીનો દોહરો કહી સંભળાવતી :

પાની બાઢો નાવ મેં, ઘર મેં બાઢો દામ,
દોનૂં હાથ ઉલીચિયે, યહી સજ્જન કો કામ!

જેસંગને ક્યારેક જરા જુદી જ જાતનો વિચાર પણ આવી જતો : 'અરે ગાંડી, ઉલેચવા જ બેઠી છે તો ક્યાંક સરખી જગ્યાએ ઉલેચ ને!' એ મનોમન બબડીને રહી જતો. આટલાં લાખો-કરોડોનાં દાન કરતી ફરે છે પણ કદી એમ કહ્યું કે જિતુ, ચાલ તને એક કાર અપાવી દઉં! ધારે

તો કાર તો શું, પોશ વિસ્તારમાં થ્રી બીએચકે ફ્લૅટ પણ અપાવી શકે. કોણ જાણે એને સૂઝવાલાયક કશું સૂઝ્યું જ નહીં અને હવે આવી છે જૂના દોસ્તારના ફ્લૅટમાં રહેવાનો પ્રોગ્રામ બનાવીને. એવા માણસ સાથે જે આખી જિંદગી બજાજ સ્કૂટર ફેરવતો રહ્યો. સાવ ખખડી ગયું ત્યારે ભંગારના ભાવે કાઢ્યું. પણ એ પછી નવું સ્કૂટર ખરીદવાની હિંમત ન ચાલી. એવા ખોટા વૈભવ કોને દેખાડવાના! સરકાર આ લાખો રૂપિયા ખરચીને બસો ફેરવે છે એ શું ખોટી છે? સ્કૂટર પર આ શહેરમાં ફરવું એ તો માથે કફન બાંધીને ફરવા જેવું હતું. હમણાં આ લૉકડાઉનની જાહેરાત થઈ એ જ રાતે બિચારો પેલો વિષ્ણુ પટેલ નામનો સીધી લીટીનો માણસ કોબા સર્કલ પર કોઈ અજાણ્યા વાહનની અડફેટે આવી પતી ના ગયો? પોલીસવાળાઓએ બિચારાનું બેસણું પણ ના રાખવા દીધું. એકનો એક હતો...

'રિયાને સાથે ના લવાય?' બહુ જ સહજ ભાવે જેસંગથી એને ઠપકો અપાઈ ગયો. 'આપણે ત્રણે જણ ચારધામ કરી આવત!'

'પણ મારે તો પાંચમું ધામ જ કરવું'તું ને આ ફેરા.' સ્વીટુના અવાજમાં ધ્રુજારી હતી. 'પાંચમું ધામ' એ વળી કયું ધામ એવી ચોખવટ પૂછવાની જેસંગની હિંમત ન ચાલી. એને વહેમ પડી ગયો હતો. ભલે એ કહેતી ન હોય પણ સ્વીટુની તબિયતમાં કંઈ ગરબડ લાગે છે. જેસંગને થયું : હાલ ને હાલ ઊપડી જાઉં એને જ્યાં ક્વૉરન્ટાઇન કરી છે ત્યાં. પણ વળતી જ પળે ખ્યાલ ઝબૂક્યો : સિટી બસો તો બંધ છે. કદાચ રિક્ષાઓ પણ...

પાંચ-દસ કિલોમીટરના અંતર પર હોત તો કોઈને પૂછ્યાય વગર ઊંધું ઘાલીને ઝપટી મેલ્યું હોત. આ તો પાંત્રીસ કિલોમીટરનું છેટું અને લૉકડાઉન જાહેર થઈ ગયા પછી પોલીસ જવા દે કે? એને તો ઉપરથી જે હુકમ મળ્યો એનો અમલ કરવાનો. સચિવાલયમાં સાથે નોકરી કરીને સસ્પેન્ડ થયેલા મકવાણાનો મૅસેજ આવ્યો. પોલીસવડાએ બહુ જ કડક ભાષામાં વાયરલેસ મૅસેજ ફરતો કર્યો હતો. કોઈ પણ માણસ ઘર બહાર, શેરીમાં કે જાહેર માર્ગ પર ફરતો દેખાય તો પૂછ્યાગાછ્યા વગર સીધા જ બે દંડા ફટકારો. કોઈપણ બહાનું ચલાવી લેવાનું નથી. જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ઘેર બેઠાં પહોંચાડવાની વ્યવસ્થા વહીવટી તંત્ર કરી રહ્યું છે. શૉપિંગ સેન્ટરો આગળ ચકલું પણ ફરકવું ના જોઈએ. પરિમશનવાળી દુકાન સિવાય બાકીની દુકાનોનાં શટર બંધ. કોઈ દલીલબાજી કરે તો સીધો જ અંદર કરી દો. એપિડેમિક ઍક્ટ હેઠળ બુક થશે એટલે એના દાદાનો દાદો આભલેથી ઊતરશે તોય છોડાવી નહીં શકે. આખરે પોલીસને નાછૂટકે જ કડકાઈ કરવી પડે છે. સીધેસીધા કાયદાનું પાલન કરો તો પોલીસ તમારી મદદ માટે તૈયાર બેઠી છે.

થોડા જ કલાકોમાં આખા દેશમાં આતંકનું, અગાઉ ક્યારેય નહીં જોયેલી દહેશતનું વાતાવરણ ફેલાઈ ગયું. જેસંગને ક્યાં ખબર હતી કે ગઈ રાતે ખુદ વડાપ્રધાને રાષ્ટ્રજોગું સંબોધન કરી સંપૂર્ણ લૉકડાઉનની જાહેરાત કરી હતી! એ તો સવારે વહેલા ઊઠી ઍરપોર્ટ પહોંચવાની ધૂનમાં ને ધૂનમાં ઘર શણગારીને વેળાસર પથારીભેગો થઈ ગયો હતો. ટિફિનવાળી ચંપાએ બપોરે મોકલાવેલ ટિફિનમાં હજી બે રોટલી અને થોડું શાક બચેલું હતું. એને જેવી આવડી એવી ચા બનાવી પી લીધી હતી અને એ દિવસનો વધેલો ખોરાક પેટમાં પધરાવી દઈ અધૂરા ચિતરાયેલા સ્વીટુના નામના પ્લેકાર્ડને આખરી રૂપ આપ્યું હતું. જૂની ફિલ્મોનાં બેચાર ગમતાં ગીતો સાંભળતાં-સાંભળતાં ક્યારે મીઠી નીંદરમાં સરી ગયો એની તો ખબર જ ન રહી. સવારે સાડાત્રણ વાગ્યે ઍલાર્મ વાગ્યું ત્યારે બોર્ડની પરીક્ષા આપવા જતા ગામડાના વિદ્યાર્થીની જેમ ઉતાવળે નાહી લીધું. ચા બનાવીને પી લીધી અને સીધો જઈ સિટીબસના સ્ટૅન્ડ પર ઊભો થઈ ગયો.

જોકે કિસ્મતનો પડિયો કાણો નીકળ્યો. સ્વીટુનું મોઢું પણ જોયા વગર ઘોઘે જઈને હીરો

પાછો આવી ગયો હતો.

– પણ એમ કંઈ હાર થોડી માની લેવાશે! જેસંગ બમણા જોશથી ત્રાટકશે. મનમાં નક્કી કરેલું મિશન પાર પાડીને જંપશે. કોઈની તાકાત નથી કે એને સ્વીટુ પાસે જતો અટકાવે. એ જીવ પર આવી જશે. ઉપવાસ પર ઊતરી જશે. જરૂર પડ્યે લાગ જોઈને પોલીસની નજર ચૂકવી છટકી જશે અને ક્વૉરન્ટાઇનની રખેવાળી કરતી આશા વર્કરને બે-પાંચ ગુલાબી નોટો આપવી પડશે તો આપીને પણ એ સ્વીટુના દીદાર તો કરવાનો જ. એટલું જ નહીં, સ્વીટુ જાતે આઘી ખસી જશે તો પણ દોટ મૂકીને એને ભેટી જ પડવાનો. એનો રોગ પોતાને લાગે એથી મોટું બીજું સૌભાગ્ય જ કયું હોઈ શકે!

જેસંગને ઝઝણી ચડી ગઈ. ભૂખ લાગી હતી. ટિફિનવાળીએ તો ખરા ટાંકણે જ પોત પ્રકાશી દીધું હતું. હવે શૉપિંગમાં કરિયાણાવાળાની જે દુકાનને બપોરના દોઢ વાગ્યા લગી ખુલ્લી રાખવાનો હુકમ બજાવાયો હતો એનો જ આશરો લેવો રહ્યો. ખાખરા તો મળશે, થોડાં બિસ્કુટ, થોડાં ટોસ્ટ અને ચા મૂકતાં તો આવડતું જ હતું. બસ, આજથી એકવીસ દિવસનું અનુષ્ઠાન ચાલુ! બની શકે કે સ્વીટુનો રિપાર્ટ નેગેટિવ આવે. એમ થશે તો-તો પછી એ જ રસોડું સંભાળી લેવાની ને! વ્હાઈટ હાઉસની લેડી ડૉક્ટર જેસંગ ચૌધરીના રસોડાની રાણી બની જશે. એ પણ સમયની જ બલિહારી. સગા માજણ્યા ભાઈઓને ત્યાં રહેવાને બદલે એણે અડબંગ બાળગોઠિયાના ઘરે રહેવાનો સંકલ્પ કર્યો છે. આ તે કોઈ નાનીસૂની ઘટના છે! હમણાં આટલી વાત 'ગાંધીનગર સમાચાર'ના સિટી રિપોર્ટરના કાને પડે તો આખું પાનું ભરીને ફોટા સાથે ઇન્ટરવ્યૂ છાપે.

જોકે આ લૉકડાઉનગાળા દરમિયાન તો લોકો અખબારોથી પણ અભડાશે! વારંવાર હાથ ધોવાના મૅસેજ આવે છે. લોકો હવે છાપાં પણ સાબુથી ધોઈને વાંચશે!

– વાહ રે સમય...

એણે સીડી ઊતરવા જતાં જ બાજુમાં પૅસેજ તરફ નજર કરી ત્યારે એના આશ્ચર્યની અવધિ આવી ગઈ. ત્યાં ટિફિન પડેલું હતું અને એની સાથે એક ચબરખી ચીપકાવેલી હતી. 'ઍપાર્ટમેન્ટના રહેવાસીઓએ સર્વાનુમતે નિર્ણય કર્યો છે કે એકવીસ દિવસના લૉકડાઉન દરમિયાન આપને બેઉ ટાઇમ ટિફિન પહોંચાડવું. આશા રાખીએ કે અમારા સૌના વડીલ મુરબ્બી જે. આર. ચૌધરીસાહેબ અમારી લાગણીને માન આપી અમારી આ શુભચેષ્ટાનો સ્વીકાર કરશે.'

જેસંગની સ્થિતિ 'કુમારસંભવ'ની ઉમા જેવી થઈ ગઈ. ve થ્eથ્eew ve lemLeew. એ મૂંગોમંતર થઈ ટિફિન સામે ટીકી રહ્યો.

– 28-3-'20

* * *

6

જેસંગ મૂંઝાઈ ગયો.

હમણાં કલાક-બે કલાક પહેલાં તો જેટલી જીભે ચડી એટલી ગાળો ઍપાર્ટમેન્ટના પાડોશીઓને સંભળાવી હતી. નામ દઈ દઈને, એક એકનાં કૌભાંડોની સીબીઆઈના ઇન્સ્પેક્ટરની અદાથી એક તરફી તપાસ કરતો હોય એમ. આખા ઍપાર્ટમેન્ટમાં પોતે જ હરિશ્ચંદ્રનો અવતાર. આદિ શંકરાચાર્ય જેવો બાળબ્રહ્મચારી. બાકીનાં બધાં તો પામર જંતુડાં, ખદબદતા કીડા, મળમાં જ સ્વર્ગ સમજી બેઠેલા ગેંગા!

જેસંગ ત્યાં જ થાંભલો થઈ ગયો. અદ્દલ પેલી 'કુમારસંભવ'ની ઉમાની જેમ. બટુક વેશે આવીને ભોળાભંડારીને દેવાય એટલી ગાળો દીધા પછી પણ ઉમાએ મચક ન આપી અને ઊભી થઈ ગઈ ત્યારે પેલો જટાળો જોગંદર પ્રગટ થયો. ઉમાથી ઊંચકેલો પગ ન નીચે મુકાયો કે ન ઊભું રહેવાયું. હવે જેસંગ આ લોકો આગળ કયે મોઢે કહે કે ના, હું તમારી રહેમનજર નથી ઇચ્છતો! જેણે પણ આ ટિફિન મૂક્યું હોય એ તાબડતોબ પાછું લઈ જાય નહીંતર હું એને ચોથા માળેથી ભોંય ફેંકી દઈશ! ચૌધરી હતો, રાક્ષસ તો નહોતો કે એનો પડ્યો બોલ ઝીલતા રહેલા પાડોશીઓની અંતરની આરજૂની અવગણના કરી શકે!

એણે ધીમે રહીને ટિફિન ઊંચક્યું. ફરી પાછું તાળું ખોલ્યું. ફ્લૅટમાં ગોઠવેલા નાનકડા ડાઇનિંગ ટેબલ પર ટિફિન મૂકી એણે ઉતાવળે હાથમોં ધોઈ ટિફિન ખોલ્યું. આટલી વાનગીઓ એકીસાથે તો કોઈ વાર સ્વીટુની સાથે કોઈ વીઆઈપી ઈવન્ટમાં સામેલ થયો હોય ત્યારે જોઈ હશે. ત્રણ ટંક ચાલે એટલો ક્વોટા ઠાંસીઠાંસીને ભર્યો હતો. જરૂર આ જશોદાનું કાવતરું હોવું જોઈએ. એણે જ સીડી ચડતાં વિદેશી મહેમાનના મુદ્દે ઍપાર્ટમેન્ટવાળાઓએ મિશટગ કર્યાની જાણ કરી હતી ને! પણ પાછી એણે જ બધાને ઘેરઘેર જઈ કાકાના બોલ્યા સામું નહીં જોવાની રજૂઆત પણ કરી હશે. વડીલ છે. બોલે. અને આપણને નહીં બોલે તો કાંઈ જોડેના ઍપાર્ટમેન્ટવાળાને બોલવા જવાના હતા? ભોળા મહાદેવ છે જેસંગકાકા. આ ઉંમરે પણ કોઈનો અવસરપ્રસંગ ચૂક્યા છે? સૌથી પહેલા, ગણપતિની જેમ પહોંચી જાય છે કે નહીં? વળી એમને પારકા જેવું તો કદી લાગતું જ નથી. ગમે તે પાડોશીના મહેમાન હોય, જેસંગકાકા માટે તો એ એમના જ મહેમાન. સીધા જ વાતે વળગે, ન હોય જાણે પેઢીઓ જૂનું સગું! ભોળિયા મહાદેવને એમનાં માનવંતાં મહેમાન સામેની નાકાબંધીથી રીસ ચડી અને અડધો કલાક સુધી એમનું તાંડવનૃત્ય ચાલ્યું. આપણે એમાંથી મનોરંજન મેળવ્યું. આવી ઉચ્ચ કોટિની શેડ્યકઢા દૂધ જેવી ગાળો ક્યારે સાંભળવા મળત! બધા પાડોશીઓના વહીવંચા હોય એમ એકેએક પાત્રની જન્મકુંડળી વાંચી ગયા. કોણ કેટલામાં છે એ તો એક એ માણસ પોતે જાણતું હોય અને બીજો પેલો ઉપર બેઠોબેઠો અદૃષ્ટ ડ્રૉન કે સેટેલાઈટથી આખી આલમનો હિસાબ રાખે છે એ જાણતો હોય. કાકાની કેટલીક વાતોમાં આંશિક સત્ય પણ હશે. એ તો પાછા તપસ્વી માણસ. બાળબ્રહ્મચારી. એમની પાસે ત્રીજી આંખ હોય અને છઠ્ઠી ઇન્દ્રિય પણ હોઈ શકે. આપણને લાગતા હોય સાવ આપણા જેવા સાધારણ જણ પણ એમની અસલી ઓળખ તો કદાચ ખુદ એમને પણ ન હોય.

ઍપાર્ટમેન્ટવાળાઓએ જેસંગની ગાળોને ગોળધાણા સમજી આરોગી લીધી. હવે તો એમની માફી પણ માગતાં શરમ આવે. આમ જુઓ તો એ લોકોએ ખોટુંય શું કર્યું હતું? ઍપાર્ટમેન્ટમાં કોઈ વિદેશી રહેવા આવે કે તરત આખું ઍપાર્ટમેન્ટ ક્વૉરન્ટાઇનમાં ફેરવાઈ જાય. જેસંગ, જેસંગ... જરા મોબાઈલમાં ઠલવાતી સરકારી સૂચનાઓ પર તો નજર ફેરવવી'તી! બસ, સ્વીટુ આવે છે એની ધૂનમાં ને ધૂનમાં ના ટીવી જોયું, ના વૉટ્સઍપ પર આવતા બીજા

લોકોના મૅસેજ વાંચ્યા કે ના છાપું વાંચ્યું!

એણે પહેલી જ વાર પાણિયારેથી પાણીનું પવાલું ભર્યું એમ કહીએ તો ચાલે; ભલે કાકાબાપાના ગોદા ખાઈને ઊછર્યો હતો પણ રસોડામાં બૈરાની જેમ ઘલાઈ રહેવું તો એને કદી ફાવ્યું જ નહોતું. સદ્ભાગ્યે સિત્તેર વર્ષની જિંદગી દરમિયાન કોઈ ને કોઈ રસોઈ કરનારી બાઈ કે ના આવી શકે તો ઘરેથી ટિફિન બનાવીને આપી જનારી સ્ત્રી એને મળતી રહી હતી. હતો ક્લાર્ક અને નિવૃત્ત થયો ત્યારે ‘ક્લાસ-ટુ’ પણ રાજાની જેમ રહેતો હતો. પરણ્યો જ નહોતો એટલે જવાબદારીઓ પણ નહોતી. બૅન્ક બૅલેન્સ ભેગું કરવામાં માનતો જ નહોતો. એના ઘરે ક્યારે વાજાં વાગવાનાં હતાં? છતાં કોઈ અજાણ્યા માણસની પણ કંકોતરી આવે તો જઈને એકાવન રૂપિયાનો ચાંદલો કરી આવતો. સીધીસાદી રહેણીકરણીને કારણે ઘણા એને જે. આર. ચૌધરીને બદલે જે. આર. ગાંધી કહી મજાક પણ ઉડાવતા. ત્યારે એની હાજર જવાબી જીભ સક્રિય થઈ જતી : હું કોઈ બિરલા કે બજાજના ફંડફાળા પર નથી જીવતો, સમજ્યા ને? ગાંધીજી તો મર્યા તોય બિરલાના ઘરમાં. હું કાં તો હૉસ્પિટલમાં મરીશ, કાં મારા ઘરમાં અથવા કદાચ કિસ્મતમાં માર્ગ અકસ્માતમાં મરવાનું લખ્યું હશે તો જાહેર રસ્તા પર દમ તોડી દઈશ. હું કોઈ અંબાણી, અદાણી કે તાતાના બંગલામાં મરવા નહીં જાઉં એટલું નક્કી! જેસંગે ધરાઈને ખાઈ લીધું. જેનું અન્ન પેટમાં પધરાવ્યું હોય એના માટે સપનામાં પણ દુર્ભાવ ન જાગવો જોઈએ. એણે મનોમન ઍપાર્ટમેન્ટવાસીઓની માફી માગી લીધી અને એક કોરા કાગળ પર ઘૂંટીઘૂંટીને એક વાક્ય લખ્યું :

– જે. આર. ચૌધરીની જીભ ચામડાની છે,

– એના બોલ્યાનું કોઈએ માઠું ના લગાડવું;

– તમારી શુભ ચેષ્ટા બદલ આભાર માનીશ તો તમને નહીં ગમે!

સ્વીટુના સ્વાગત માટે તૈયાર કરેલા પ્લૅકાર્ડ પર એ કાગળ ચીપકાવી એણે ટિફિનની સાથે એના ફ્લૅટના સામેના પૅસેજમાં મૂકી દીધો.

એને સ્વીટુની ચિંતા થઈ રહી હતી. ધીમે રહીને એણે ફોન જોડ્યો. ‘કેમ છે હવે? આજે જ ડિનર પર મળી શકીશું એમ કહેતી હતી ને!’ એનાથી આગળ શું ઉમેરવું તે ન સૂઝ્યું.

‘જિતુ, માય ડિયર...’ સ્વીટુનો અવાજ રીતસર ધ્રૂજતો હતો. ‘મને લાગે છે આપણે ખાસ્સાં બે વીક સુધી નહીં મળી શકીએ.’ જેસંગે એની પાદપૂર્તિ કરતાં કહ્યું : ‘બે નહીં, ત્રણ કહે સ્વીટુ. ગઈ રાતે ‘પીએમ’એ દેશ આખો લૉકડાઉન કરી દીધો છે. પણ તારી તબિયત કેમ છે? તારા ટેસ્ટમાં શું આવ્યું?’

‘એ તો લેબોરેટરીમાંથી રિપોર્ટ આવે ત્યારે ખબર પડે. પણ બધા મને ડાઉટફુલ નજરે જુએ છે. મને પોતાને પણ શંકા પડવા લાગી છે. મે બી, આઈ માઈટ બી હાર્બેશરગ ધ વાઇરસ!’

‘એવું ના બોલ. તને કશું નહીં નીકળે. અત્યારે બે ઋતુ જેવી મોસમ ચાલે છે અને સાડાસત્તર કલાકની મુસાફરીને કારણે શરીર તૂટતું હશે. સાચું કહું, મેં આજે તારા બૉડી મસાજ માટે મારી કામવાળીને કહી રાખ્યું હતું. લૉકડાઉન થયું એટલે એનેય બ્રેક વાગી ગઈ.’

‘મસાજ કરવા બાઈને જ બોલાવવી જરૂરી ખરી? તને ના ફાવે?’ – એના અણધાર્યા પ્રતિસાદથી જેસંગ પડુંપડું થઈ ગયો.

સ્ત્રી નામની વસ્તુને એ સમજે જ ક્યાંથી! અળખામણો, ઓશિયાળો થઈ પિતરાઈ પરિવારના આશરે મોટો થયો. સામું સાટું આપવાની જોગવાઈ નહોતી એટલે પરણવા ન મળ્યું, ને એમ તો હિંમત કરીને પરનાતની રાંડેલી-છાંડેલી સ્ત્રી લાવી શક્યો હોત પણ એમ કરવા જતાં એના રણછોડ ડોહાને આભલેથી હેઠા પડવાવારો આવત : હટ્ટ ભૂંડા, આખરે મૂએલા બાપની

આબરૂનો ધજાગરો જ કર્યો ને! એકવીસમી સદીમાં બાકીની બધી કોમો ધુબાકા મારતી થઈ ગઈ ત્યારે પણ જેસંગ રણછોડની નાત એનો રૂઢિવાદી ચહેરો અકબંધ રાખીને જીવે છે. એને હજી આબરૂ નામની કાલ્પનિક ડાકણ અડધી ઊંઘમાંથી જગાડે છે. એ મરવાનું પસંદ કરશે પણ વડવાઓનું નાક કાપીને મોટું ઇન્દ્રાસન મળી જતું હોય તોપણ એની સામેય નહીં જુએ. જેસંગ દેખાવડો હતો, ભણવામાં હોશિયાર હતો. ટેલિફોન ઑપરેટરની નોકરી કરતાં કરતાં ઍક્સ્ટર્નલ બી.એ. કર્યું તોય યુનિવર્સિટીમાં ટૉપર બન્યો હતો. એની ટેલન્ટ મુજબ તક સાંપડી હોત તો એ સનદી અધિકારી તરીકે નિવૃત્ત થયો હોત. પરંતુ નસીબની દેવી શરૂથી જ વટકેલી અને છટકેલી રહી. જોકે જેસંગે જે કંઈ પરિસ્થિતિ આવી પડી એની સાથે અનુકૂલન સાધવાની કળા શીખી લીધી હતી. એટલે કદાચ ટિફિન ન આવ્યું હોત તો એ લૉકડાઉન પિરિયડ બિસ્કુટ અને ચા પર પસાર કરી દઈ શકે એમ હતો. લૉકડાઉનથી એનો જુસ્સો ડાઉન થઈ જાત એ વાતમાં માલ નહીં; પણ લૉકડાઉન બરાબર એવા સમયે આવી પડ્યું કે જ્યારે એની સાથે મહિનાઓ સુધી રહેવાની મંશા ધરાવતી બાળવયની બહેનપણી અમદાવાદના ઍરપોર્ટ પર ઊતરીને બારોબાર ક્વૉરન્ટાઇનની કેદમાં પુરાઈ ગઈ હતી. એ કેવા ઉમળકા સાથે માત્ર એક મુદ્દાનો કાર્યક્રમ કરીને આવવા નીકળી હતી! નીકળતાં પહેલાં ન્યુજર્સીના એના બંગલાની લૉનમાંથી કરેલ મૅસેજ જેસંગે અત્યાર લગી નહીં નહીં તો સો-સવાસો વાર વાંચ્યો હશે. ‘નો ટ્રાવેલિંગ, નો સોશિયલ કૉલ્સ. કશમગ ટુ સ્ટે વિથ યુ ઍન્ડ યુ ઓન્લી. કોઈને જાણ ના કરવા વિનંતી. પ્લીઝ કોઈ હોટલ બુક ના કરાવતો. નો રિસોર્ટ, નો ટૂર, નો પિકનિક. સિર્ફ તૂ હી તૂ... વૉન્ટ માય ચાઇલ્ડહૂડ રિલિવ્ડ....’

એને બાળપણ ફરી એક વાર જીવી લેવું હતું. અને બાળપણમાં તો એ કંઈ અમેરિકાની ફર્સ્ટ લેડીની ગાયનેકોલૉજિસ્ટ નહોતી. ત્યારે તો એ એના ફળિયાના નાકે બંગલી બનાવીને રહેતા માર્કેટ યાર્ડની પેઢીવાળા અંબાલાલ ભાઈચંદદાસ પટેલની લાડકી હતી. એના પિતા કન્યાશિક્ષણના હિમાયતી હતા. એટલે કડવા પાટીદાર નાતમાં સૌથી પહેલી ડૉક્ટર પણ એમની જ દીકરી બની. બાળવયે જ અનાથ બની ગયેલા જેસંગનું ગાડું તો બદનસીબીના કળણમાં ખૂંપેલું રહ્યું અને સાથે કૂકા અને ઘરઘર રમેલી સવિતા ઉર્ફે સ્વીટુ તો અપ્સરાની જેમ ઊડીને ડૉલરિયા દેશમાં પહોંચી ગઈ હતી.

પણ ત્યાં ગયા પછીય એને પેલો લાડાલાડીવાળો પ્રસંગ ભુલાયો નહોતો. ચોમાસાની ભીની મોસમમાં માટિયાળાં લૂગડાં લઈને એ બંગલીમાં દોડી આવી ત્યારે પાછળ ને પાછળ જેસંગ પણ ધસી આવ્યો હતો. લીમડાની ડાળીની તલવાર એણે અદ્દલ વરરાજાની અદાથી ખભે ટેકવેલી હતી. શકરી શેઠાણીને એ દૃશ્ય નહોતું ગમ્યું.

‘એ જેશંગા, શાનું નાટક કરીને આયો છંઅ? ગંદો નહીં તો–’ જેસંગને શેઠાણીના ઠપકાની ઠેસ વાગે એ પહેલાં સ્વીટુ એની વહારે ચડી હતી : ‘લાડો બન્યો છે! અમને રમવા દેને મમ્મી...’

‘સા...લા તરગાળા!’ કહી શેઠાણીએ છુટ્ટું વેલણ ફેંક્યું હતું. દોડીને સ્વીટુ એની ઢાલ બની ઊભી થઈ ગઈ હતી.

‘એ નહીં જાય, નહીં જાય, નહીં જાય!’ એ કરાંજી હતી : ‘મારો લાડો બન્યો છે એટલે નહીં જાય, જા!’

જેસંગને એ પ્રસંગ યાદ આવ્યો અને નખશિખ ધ્રૂજી જવાયું. એણે કેટલા અધિકારપૂર્વક કહ્યું હતું : મસાજ કરવા બાઈને જ બોલાવવી જરૂરી છે? તને ના ફાવે?

એણે વૉટ્સઍપ પર સ્વીટુએ અમેરિકાના એના બંગલેથી નીકળતાં મોકલાવેલી તસવીર જોઈ, ફરી ફરીને, ફેરવી ફેરવીને જોઈ. અહીં રહી હોત તો આટલી રૂપાળી થોડી રહી શકી હોત

સિત્તેર વર્ષની વયે! કેવી લાલ ટમેટા જેવી લાગે છે! ગોરી તો હતી જ, અમેરિકા ગઈ એટલે ગુલાબી બની ગઈ.

ટેલિપથી થઈ હોય એમ એ હજી એની તસવીરને માણી રહ્યો હતો ત્યાં એનો જ ફોન!

'કહું છું, બહુ સાચવજે યાર. આ વાઇરસ બહુ ભયંકર છે. હમણાં એક આર્ટિકલ વાંચ્યો. જો આમ ને આમ એનું જોર ચાલશે તો અમેરિકામાં લાખ-બે લાખ માણસોનો ભોગ લેવાઈ જશે. ચીન કરતાં પણ ખરાબ દશા તો અત્યારે યુરોપ અને અમેરિકાની છે.' એટલું બોલતાં બોલતાં એ થાકી ગઈ હોય એમ લાગ્યું. જેસંગને ધ્રાસકો પડ્યો. એનાથી રહેવાયું નહીં. મનમાં દહેશત હતી એ ઓકી જ નાખી.

'તું મને સાચવવાનું કહે છે, પણ વધારે તો એ બાબતે તારે ધ્યાન રાખવા જેવું છે. બોલતાં બોલતાં તને હાંફ ચડી જાય છે એનો અર્થ શું હું નહીં સમજતો હોઉં? સ્વીટુ, બરાબર ટ્રીટમેન્ટ લેજે. તું તો પોતે ડૉક્ટર છે. મારે તને થોડી શિખામણ આપવાની હોય!' એ ગળગળો થઈ ગયો. સ્વીટુને ઉધરસ આવી રહી હતી. ઉધરસનો એક-એક ઠપકો જેસંગને યમદૂતના પગરવ સમો લાગી રહ્યો. પોતે કૉમનમૅન હતો. પેલી તો સુપર સ્પેશિયાલિટી હૉસ્પિટલની માલિકણ, ફર્સ્ટ લેડીની પસંદીદા લેડી ડૉક્ટર. પણ અત્યારે એ દરદી હતી. ક્વૉરન્ટાઇનના ચૌદ દિવસ હેમખેમ પાર ઊતરી જાય, એનો રિપોર્ટ નેગેટિવ આવે ત્યારે જ એ ભયમુક્ત ગણાય. ઊંડે ઊંડે જેસંગને કશુંક વહેમ જેવું ભાસ્યા કરતું હતું. વહેલી સવારે ઊઠીને ચા બનાવવા તપેલીમાં દૂધ કાઢીને સ્ટવ પર મૂક્યું કે અંદર ચા પત્તી નાખતાંવેંત ફોદા ફોદા થઈ ગયું હતું. શું એ કશીક અપ્રિય ઘટનાનો સંકેત હશે? જેસંગનું મજબૂત મન ગભરુ પારેવું બિલાડીના સકંજામાં આવી ફફડી ઊઠે એમ ફફડવા લાગેલું. હિંમત કરીને મનમાંથી નકારાત્મક વિચારો કાઢી નાખવા કોશિશ કરી અને બસ-સ્ટૉપ પર જઈ ઊભો રહ્યો ત્યાં બસ તો ના જ આવી પણ પોપટનાં બચ્ચાંને ખાઈ જવા પીંપરના ઝાડની ડાળીઓ પર સરકતો એરું જરૂર નજરે ચડ્યો.

જેસંગને સવારની ચા ફાટી ગઈ ત્યારે કે બસસ્ટૉપ પર પોપટના બચ્ચાંને ભરખી જવા પીંપર પર ચડી રહેલો સાપ જોયો ત્યારે માંહ્યલી પા સામાન્ય થડકારો જરૂર થયેલો, પણ સ્વીટુને રિસીવ કરવા જઈ રહ્યાના ઉમળકામાં એ થડકારાનો નકારાત્મક મૅસેજ ફીલ નહોતો થયો.

અત્યારે ફોન પર વાત કરતાં કરતાં અને પોતાને ઇન્ફેક્શનથી સાચવવાની સલાહ આપતાં આપતાં અધવચ્ચે હાંફી જતી અને વારંવાર ઉધરસ ખાતી સ્વીટુની તબિયત વિશે એને ચિંતા થવા લાગી હતી. એ ગમે તે રીતે પોતાની પાસે આવી ગઈ હોત તો એને કાઢા ઉકાળા પિવડાવીને, ગળામાં અને છાતી પર ટાઇગર બામ ઘસીને કે વરાળનો શેક આપીને સાજી કરી દેત. શા ભાર પડ્યા છે એ અદૃશ્ય જીવડામાં કે ચૌધરી બંકાની ગરમ લાય ફૂંક જીરવી શકે! હું મારી સ્વીટુનાં ફેફસાંમાં મારો તંદુરસ્ત શ્વાસ ધરબી દઈ કોરોનાના જીવલેણ કફને પિગાળી મૂકત. પણ હવે એ ત્યાં ને હું અહીં...

જેસંગને સાંજનું જમવાનું ન ભાવ્યું. ગળે ઊતર્યું જ નહીં. ટિફિન તો એ જ ભાવ સાથે મોકલાયું હતું. શીરાની જેમ ગળે ઊતરી જાય એવી ખીચડી હતી, મીઠી ગુજરાતી કઢી હતી જેમાં મહિનાથી પથારીવશ દરદીની ભૂખ જગાડવાનું કૌવત હતું. ભીંડાનું શાક અને ભાખરી હતી. પણ સ્વીટુ ક્યાં હતી? સ્વીટુ સાથે શૅર કરીને એક જ થાળીમાં જમવી ગમે એવી મઘમઘતી રસોઈ એણે ધીમે રહીને કિચનના પ્લૅટફૉર્મ પર એનાં વાસણોમાં ઠાલવી દીધી. ટિફિન સાથે એક ચિઠ્ઠી મૂકી. 'તમારા પ્રેમથી ગદ્ગદિત થઈ ગયો છું. જાણું છું કે તમે મને પરિવારનો વડીલ ગણીને સાચવી રહ્યાં છો. પરંતુ મારાં વિદેશવાસી મહેમાનને સત્તાવાળાઓએ ઍરપોર્ટ પરથી બારોબાર ક્વૉરન્ટાઇનમાં ખસેડ્યાં છે. દિવસ આખો હું એમની પરિસ્થિતિ વિશે

જાણકારી મેળવવા મથતો રહ્યો પણ મને સાચી વાત જાણવા નથી મળતી. મારું મન અત્યારે એ એકલી પડી ગયેલી મારી શાળાકાળની સહાધ્યાયી સાથે છે. તમે પહોંચાડેલી રસોઈ અદ્ભુત છે. એમાં તમારા હૃદયનો ભાવ અને મારા પ્રત્યેની અનુકંપા સૂંઘી શકું છું. બપોરે મોકલાવેલ ટિફિન મેં મસ્તીથી આરોગ્યું હતું, કારણ કે ત્યાં સુધી હું એવા ખ્યાલમાં હતો કે નૉર્મલ ટેસ્ટિંગની પ્રક્રિયા પછી કદાચ મારાં મહેમાનને રજા મળી જશે. એ ઘરે આવીને સેલ્ફ ક્વૉરન્ટાઇન થઈ શકે એમ હતાં. તમને જણાવી દઉં કે એ કોઈ 'લેમૅન' – સાધારણ જણ નથી. ઍમ.ડી. (ગાયનેક) છે અને એથીય વિશેષ તો યુએસનાં ફર્સ્ટ લેડીનાં પર્સનલ ગાયનેકોલૉજિસ્ટ છે. આવી હસ્તીને મારે કે તમારે કશું કહેવું ન પડે, ઊલટાની એ જ આપણી ચિંતા કરે. એમનો ટેસ્ટ ડાઉટફુલ આવ્યો લાગે છે અને ચૌદ દિવસ સુધી કદાચ એમને આઇસોલેશનમાં જ રહેવું પડશે એવું લાગે છે. એમની સાથે વાત કરતાં એ થાકી જતાં હોય એવું લાગ્યું. એમને વારંવાર ઉધરસ પણ આવતી હશે, મારી સાથે ફોન પર પણ એ ઉધરસ ખાતાં હતાં. એમની આવી સ્થિતિ જોયા પછી સ્વાભાવિક રીતે જ મારી ભૂખ મરી ગઈ છે. સાંજનું ટિફિન હું ખાઈ શકીશ નહીં. મહેરબાની કરી મને સમજવા પ્રયત્ન કરો. કાલથી મને ફક્ત બપોરનું જ ટિફિન મોકલજો. ઉંમરના કારણે આમ પણ મારો આહાર અડધો થઈ ગયો છે. તમને ખબર નહીં હોય પણ મને ટિફિન પહોંચાડતી ચંપાને પણ હું ફક્ત બે રોટલી અને થોડું શાક કે ભાજી જ મોકલવાનું કહેતો રહ્યો છું. ફરી એક વાર જે. આર. ચૌધરીની ચામડાની જીભે કોઈના કુમળા હૈયાને દૂભવ્યું હોય તો ઍક્સ્ટ્રીમલી સૉરી!'

એ ચિઠ્ઠી સાથેનું ટિફિન પૅસેજમાં મૂકી આવી ફ્લૅટની તમામ લાઇટો ઑફ કરી ચૂપચાપ રજાઈ ઓઢીને સૂઈ ગયો.

– 30-3-'20

* * *

7

વિડિયો કૉલ હતો.

એનો સ્તો.

'મને જરા વધારે તકલીફ લાગે છે. હૉસ્પિટલાઇઝ કરી રહ્યા છે આ લોકો. ચિંતા ના કરીશ. વૉટ્સએપ જોતો રહેજે.'

'તારી સેલ્ફી મોકલ, અત્યારે જ.' જેસંગે આગ્રહ કર્યો.

'થોડી વાર રાહ જો.'

થોડી વાર પછી એના નંબર પરથી નહીં પણ કોઈ અજાણ્યા નંબર પરથી સ્વીટુનો ફોટો ફ્લૅશ થયો.

'ઓહ ગૉડ!' જેસંગ એના નીતરતા નાકનું લાલ મરચા જેવું ટીચકું અને પાકી ગયેલા ટમેટા જેવો ચહેરો જોઈ છળી મર્યો.

એણે તાબડતોબ ફોન જોડ્યો પણ સ્વીટુનો ફોન સ્વિચઑફ મળ્યો. જે નંબર પરથી સ્વીટુનો રિસન્ટ ફોટો આવ્યો હતો એના પર વારંવાર રિંગ આપવા છતાં તે ઍન્ગેજ્ડ મળ્યો.

જેસંગના રૂંવેરૂંવે પરસેવો વળી ગયો. દીવાલ પર ટાંગેલી થ્રી-ઈન-વન છબી સામે હાથ જોડીને ઊભો રહી ગયો. અલગ અલગ એંગલથી શિવ, અંબાજી અને હનુમાનજીનાં દર્શન કરી મનોમન સ્વીટુના યોગક્ષેમ માટે પ્રાર્થના કરી.

પછી રંગ અવધૂત મહારાજની આશીર્વાદક મુદ્રાવાળી તસવીર પાસે જઈ એ બોલ્યો : 'એનો કોરોના મને ભરખી જાય તો ચાલશે પ્રભુ. એને બચાવી લો. એક વાર એ મારા આંગણે હેમખેમ પગલાં કરે અને એની સાથે ચા પીતાંપીતાં બાળપણનાં સ્મરણો વાગોળતો હોઉં ત્યારે ભલે હું એના ખભા પર ઢળી પડું. એથી વધુ સુખદ અંત બીજો હોઈ પણ કયો શકે? મને આ સ્વાર્થી દુનિયામાં એના જેવું સાચું, ખરા અંતઃકરણથી ચાહનારું છે પણ કોણ? માતાપિતા સાથેનો ઋણાનુબંધ તો બહુ વહેલો હજુ શેરીમાં નાગોપૂગો ફરતો હતો ત્યારે જ પૂરો થઈ ગયો હતો. ભાઈભાંડરું કોઈ હતું નહીં. પિતરાઈઓને મારી પૈતૃક સંપત્તિમાં, જમીન અને ગામના ઘરમાં જ રસ હતો. એ બધું છોડીને આ મારી નાનકડી નોકરીમાં જિંદગી પસાર કરી દીધી. મને કોઈએ ન્યાય નથી કર્યો પ્રભુ. તમે પણ મને અળખામણો જ ગણ્યો છે. એક માત્ર અપવાદ આ સ્વીટુ હતી. જુઓને, મારાથી એના માટે 'છે'ને બદલે 'હતી' બોલાઈ ગયું! એને બચાવી લો પ્રભુ. મને લઈ લો, એના બદલામાં... એ કોઈપણ ભોગે જીવી જવી જોઈએ...' આંખો બંધ હતી. પોપચાં ભીનાં થયાં. ધીમેથી એક હળવો ઉજાસ પ્રગટતો લાગ્યો. એમાં પેલી છબીની ત્રિમૂર્તિ વચ્ચે એને બાલિકાવધૂ-લાડી બનેલી સ્વીટુનો હળુહળુ મલકાતો ચહેરો તગતગતો વરતાઈ રહ્યો. હળવેકથી નિસાસો મૂકી જેસંગ એના વેરવિખેર અસબાબ સામે જોઈ રહ્યો. આટલી લાંબી મજલ કાપ્યા પછી એણે શું મેળવ્યું હતું? કેટલાંક ફિક્સ્ડ ડિપોઝિટનાં કાગળિયાં, થોડાંક શેર-ડિબેન્ચર્સ, આ એક ટુ બીઍચકે ફ્લૅટ. એ તો સસ્તામાં સોદો પતી ગયો એટલે, નહીંતર આજની તારીખે આટલી મિલકત વસાવતાં નેવાંનાં પાણી મોભે ચડાવવાં પડે. સાથે રમેલા સાવ સાધારણ કક્ષાના છોકરા ક્યાંય આગળ નીકળી ગયા હતા. દિલીપ એસએસસીમાં સતત ત્રણ ટ્રાયલ પછી પણ પાસ ન થયો એટલે એણે ભણવાનું છોડી દઈ જમીનની લે-વેચ શરૂ કરેલી. આજે પાટનગરમાં એની બોલબાલા છે. શિવુ ભણવામાં નબળો હતો પણ લોહી ઠાકોરનું. પોલીસ કૉન્સ્ટેબલની નોકરી કરતાં કરતાં છેલ્લે પીઆઈ તરીકે રિટાયર થયો. ગામમાં ફાર્મહાઉસ છે, તબેલો છે. બિલ્ડિંગ કંસ્ટ્રક્શન સાથે સંકળાયેલા દિલીપ અને મગનને બે નંબરનાં નાણાં આપી સ્લીપિંગ પાર્ટનર બની ગયો છે. ત્રણેના દીકરા કૅનેડા કે

અમેરિકામાં સ્થાયી થઈ ગયા છે. દીકરીઓને ઘેર લીલાલહેર છે. રામજીને વળી રાજકારણનો ચસકો લાગ્યો. ત્રણ વાર એમએલએ થયો છતાં પ્રધાન બનવાનું સપનું સાકાર ન થયું એટલે અત્યારે પાર્ટી બદલી નાખવાના નિર્ણય પર આવી ગયો છે. બધાનાં સંતાનો ક્યાંક ને ક્યાંક સેટલ થઈ ગયાં છે. એસએસસી સુધી સાથે ભણનારાઓમાં એક માત્ર નઃસંતાન મિત્ર હોય તો તે રસૂલમિયાં જે તલાટીમાંથી પ્રમોશન મેળવી સરકલ બન્યો, ત્રણત્રણ લગ્ન કર્યાં પણ અલ્લામિયાં રૂઠેલા ને રૂઠેલા રહ્યા. છેલ્લી બૈરી તો કોઈ ભરવાડ સાથે ભાગી પણ ગઈ. પણ રસૂલને બેઔલાદ રહ્યાનો રંજ નથી. એણે યતીમખાનામાં તમામ સંપત્તિ દાનમાં આપી દેવાનું વિલ કરી દીધું છે. પ્રભુદાસ પ્રજાપતિને એક પછી એક સાત દીકરીઓ જન્મી. આખરે મન વાળી દીધું અને ઘરવાળીને વધારે નિચોવવાનું માંડી વાળ્યું. ઘરવાળીને ખબર પણ ના પડે એટલી ગોપનીયતા જાળવી નસબંધીનું ઑપરેશન કરાવી દીધું. મહિના સુધી જુદી પથારી રાખી એટલે જયાભાભીને વહેમ તો પડી ગયેલો. દર સવા વર્ષે-દોઢ વર્ષે સુવાવડ આવતી એ ન આવી ત્યારે એનું સાચું રહસ્ય સમજાયું. એ બધા કરતાં પોતાનો કેસ તો સાવ જ નોખો-અનોખો હતો. જ્ઞાતિની કન્યા તો સામું સાટું આપવાની જોગવાઈ નહોતી એટલે ક્યાંથી મળે? પણ ધાર્યું હોત તો નોકરી કરતાં કરતાં આસપાસનાં ટેબલ પર દાણા ચાંપી શકાય એમ હતા. જેસંગને એનો સ્વભાવ નડ્યો. સાચાબોલો, આખાબોલો અને ભાંગ્યાંનો ભેરુ. ઑફિસને મંદિર જેવી પવિત્ર જગ્યા માની નિષ્ઠાપૂર્વક નોકરી કરનારા ચૌધરીને છોકરી સામે જોવાનો વખત જ ન મળ્યો. હા, ક્યારેક સપનામાં કોઈ ચહેરો ડોકાઈ જતો ખરો પણ ત્યારે એ વધુ શરશમદો બની જતો. બ્રહ્મચર્યની પાળ ઓળંગી જવાઈ ને આખરે? – સપનામાં તો સપનામાં, પણ જેસંગલાલ તમે પરખાઈ ગયા મધરાતે! એવું થતું એ પછી એને દિવસો સુધી ગ્લાનિ રહ્યા કરતી.

એને ઑફિસમાં અને ઍપાર્ટમેન્ટમાં જ નહીં, સમાજમાં પણ બધા માનની નજરે જોતા. જેસંગભાઈ ચૌધરી એટલે કોઈ ભૂલો પડી ગયેલો યોગભ્રષ્ટ ઋષિમુનિનો આત્મા. ક્યાંક કશુંક કર્મ બંધાઈ ગયું હશે એ ખપાવવા માટે એને આ અવતાર લેવો પડ્યો હશે. બાકી એની આંખમાં કોઈ વિકાર નહીં. બસ, એ અને એનું કામ. સામેથી માગીને એવું ટેબલ લે જેમાં પાઈપૈસાનો વહેવાર હોય જ નહીં. નહીંતર સેક્શન ઑફિસરના ગ્રેડમાં પ્રમોશન મેળવવાનું એના માટે અઘરું નહોતું. ચૌધરી સમાજ હિતવર્ધક મંડળની કારોબારીમાં હતો, એટલે અવારનવાર રાજકીય નેતાઓને મળવાનુંય થતું. ખાલી જ્ઞાતિના મિનિસ્ટરના ધ્યાને વાત મૂકી હોત તો એક ફોન પર કામ થઈ જાય એવું હતું. જે. આર. ચૌધરી જેનું નામ. એને મળતો હતો એ પગાર પણ વધારે પડતો લાગતો હતો. પેલી નગારે, તગારે અને પગારેવાળી જાણીતી ઉક્તિ એ વારંવાર ઉચ્ચારતો. લોકશાહીમાં તો ઊલટા સરકારી કર્મચારીઓએ દેશની નબળી અર્થવ્યવસ્થા જોઈને પગાર ઘટાડવાની માગણી કરવી જોઈએ એને બદલે સાતમું પગારપંચ ક્યારે અમલી બને અને કઈ જગ્યાએ રોકાણ કરીએ તો ટૅક્સમાં કપાત મળે એ જ ચર્ચાઓ એના સમોવડિયા કર્મચારીઓ કરતા રહેતા. 'ચૌધરીસાહેબને આવી વાતોમાં રસ નહીં પડે!' એવી કૉમેન્ટ પણ થતી. પેલી સુનીતા વ્યાસ તો વાંકાં કટાક્ષબાણ જ છોડ્યા કરતી. 'પરણેલા હોત, આપણી જેમ ઘેર બાળબચ્ચાંને ભણાવીગણાવી સૅટ કરવાની જવાબદારી હોત તો પગાર ઓછો કરવા જેવી વાહિયાત દલીલ ના કરત. ઘરવાળી જ એમની સામે ધરણાં પર બેસી જાત. અને ચોધરણો તો બાપ, ખાઈ જાય એવી હોય છે. સારું થયું કે લગન-બગનની જફામાં ના પડ્યા!'

'લગન તો તારે કરી જ લેવું જોઈએ જિતુ!' શરૂ શરૂમાં દેશમાં આવતી ત્યારે સ્વીટુ પણ એને વણમાગી સલાહ આપતી. 'યાર, તારા ઘરમાં બૈરું માણસ હોય તો બે દહાડા રોકાવાનુંય મન થાય. તું રહ્યો રોકડિયો હનમાન. ઘર તો ગૃહિણીનું કહેવાયું છે.' એ ચૂપચાપ સ્વીટુનાં

મેણાંટોણાં સાંભળી લેતો. ન ખમાતું ત્યારે કહી દેતો : ‘તે પેટમાં બહુ બળતું હોય તો અમેરિકાથી ફેરવારકી આવે ત્યારે કોક કાળી લેતી આવજે ને! તારી ઓળખીતી હશે તો તને જરા વધારે સારી પેઠે સાચવશે.’

સ્વીટુ થોડી ગાંજી જાય એમ હતી? ‘તને જુએ તો અમારા દેશની ગોરીઓયે પરણવા પડાપડી કરે. એટલે તો કહું છું કે સાલા, મુંબઈ જઈને એક વાર વિઝા માટે તો ઍપ્લાય કર!’

વિઝાની વાત તો દૂર રહી, જેસંગે પાસપોર્ટ સુધ્ધાં ન કઢાવ્યો તે ન જ કઢાવ્યો.

‘લોકો અમેરિકા જવા કેટલા કડદાદવાડા કરે છે! આ ગાંડિયાને હું સ્પોન્સર કરવા તૈયાર છું, મારા ક્લિનિકમાં જ ઍકાઉન્ટન્ટ તરીકે આગોતરી ઍપોઇન્ટમેન્ટ આપી દેવાની ઑફર કરું છું પણ એ અઘોરીનું રૂવાડું ફરકતું નથી!’ – એક વાર એના સન્માન સમારોહમાં મંચ પરથી સ્વીટુએ સામે ઑડિયન્સમાં ખૂણો પકડીને બેસી ગયેલા જૂના સહપાઠી સાથેનાં શાળાના સમયનાં સંસ્મરણો વાગોળતાં એવી રમૂજ કરી હતી કે આખું સભાગૃહ તાળીઓના ગડગડાટથી ગુંજી ઊઠ્યું હતું... જેસંગને શાળાના ઉચ્ચતર માધ્યમિક વર્ગો માટેના મકાનના શિલારોપણ વખતે મુખ્ય દાતા તરીકે પધારેલી બાળપણની લાડીએ લડાવેલાં લાડ યાદ આવી ગયાં. એ માયૂસ થઈ ગયો. ફરી એક વાર ફોન જોડી જોયો. સ્વિચ ઑફ. ખલાસ! – એનું મગજ ચકરાવા માંડ્યું. આખી પૃથ્વી એની આસપાસ ફેરફુદરડી ફરવા લાગી. એ બેઉ હાથે લમણાં પકડીને બેસી ગયો.

– સ્વીટુ, તું આમ દગો દઈ દે એ તને શોભે છે?

જેસંગનું મન કાળીકળેળાટી બોલાવી રહ્યું. એણે ફરસ પર જ લંબાવી દીધું. એને યાદ આવ્યું : ‘ઉત્તર રામચરિત’ના રામ પલંગ પર નહોતા સૂતા. સાદું ભોજન લેતા હતા. ભૂમિશયન કરતા હતા. સીતાની ગેરહાજરીમાં પલંગની પથારી કાંટાળી જ લાગે. આજે લગભગ એવી જ મનોદશા જેસંગની હતી. કેવાં સપ્તરંગી સપનાં સેવ્યાં હતાં! એ આવશે, લાડાલાડીવાળી રમત યાદ કરશે. મને હગ કરી લેશે. હું તો એને ચુંબન ભરવાની પહેલ નહીં કરી શકું કદાચ, પણ એ તો અડધોઅડધ, બલકે પોણા ભાગની જિંદગી અમેરિકામાં વિતાવીને આવી રહી છે. એના મૅસેજ પરથી તો એમ જ લાગે કે અત્યાર લગી જાણે એ એના શિશુ માટે જીવી, રિયા માટે જીવી પોતાનાં અસંખ્ય પેશન્ટો માટે જીવી – હવે એ થોડુંક પોતાના માટે જીવવા માગતી હતી! એણે સામે ચાલીને કહ્યું હતું કે હું ફક્ત તને એકલાને મળવાના વન પૉઇન્ટ પ્રોગ્રામ સાથે ઇન્ડિયા આવી રહી છું. ડોન્ટ બુક ઍની રિસોર્ટ ઑર હોટેલ ફોર મી. આ વખતે હું તારા ઘરને, સૉરી મકાનને ‘ઘર’ બનાવવા આવી રહી છું. તેં ઘણું વેઠ્યું છે – જિંદગી જોઈ છે જ ક્યાં વળી? ભણીય ન શક્યો સરખું. કૅપેસિટીના પ્રમાણમાં તને કુદરતે શું આપ્યું? શું તું ફક્ત ‘સેકન્ડ ક્લાસ સિટીઝન’ બનવાલાયક જ હતો? યુ વૅર મચ બ્રાઇટર ધૅન મી. હું તો ત્યારે તારી અદેખાઈ કરતી હતી! હાથમાં બાજરીના રોટલાનું બટકું લઈ શેરીમાં દોડી આવતો. નાકમાંથી લીંટના શેડા તરપતા રહેતા. તું એ શેડાના પ્રવાહીથી ભીનો થયેલો રોટલો ખાતો-ખાતો માટીમાં રગદોળાવા મારી પાછળ દોટ મૂકતો. મને એવું ને એવું યાદ છે જિતુ, તને અવળા હાથની અડબોથ લગાવી તારી કાકી ઘઘેડીને પાછો લઈ જતી, કારણ કે તું મારી સાથે રમતો એ મારી શેઠાણી મમ્મીને મુદ્દલ નહોતું ગમતું...

તું રોતોકકળતો, ઘસડાતો-ઢસડાતો તારા કૂબા જેવા ઘરમાં સરી જતો, પણ છેક લગી ટગર નજરે મારી સામે જ તાકી રહેતો! પછી તો આપણે ગામની શાળામાં સાથે જ રમ્યાં-ભણ્યાં. તું હોશિયાર હતો એટલે મારા વેપારી બાપુ પણ ઇચ્છતા કે તું બંગલીમાં આવે, મારી સાથે લેસન કરે. ક્યારેક એ તને પણ ચૉકલેટ આપતા ત્યારે હું રાજીની રેડ થઈ જતી.

– હા, સ્વીટુડી... મને એ બધું યાદ છે. નવાઈ તો એ વાતની છે કે તું આટલી મોટી

હસ્તી બની ગઈ છતાં એવી નાનીનાની બાબતોને આ ઉંમરે યાદ કરતી રહે છે!... ફરસ પર અડધી ઊંઘ અને અડધી જાગૃતિની સ્થિતિમાં પથરાઈ પડેલા જેસંગને ઘેન ચડવા માંડ્યું. આંખ મીંચાતાંની સાથે સ્વીટુ હાજર થઈ ગઈ. એને નવાઈ લાગી. અરે, તું? તું તો હૉસ્પિટલમાં હતી ને? આમ સોળ શણગાર સજીને મારી બાળપણની લાડી કેવી રીતે દોડી આવી મારી પાસે?

એણે માદક હાસ્ય વેરીને કહ્યું : મારું ખરું સરનામું તો તું જ હતો ને જિતુ! હું કંઈ એ લોકોના આઈસીયુમાં થોડી ગોંધાઈ રહું? બાપ રે, મને બહુ અમૂંઝણ થતી'તી... જેવા એ લોકો રિસેસમાં જમવા – હૉસ્પિટલની કૅન્ટીન તરફ ગયા કે હું બધી નળીઓ ફંગોળી દઈ નાઠી.

આ સોળ શણગાર તો મેં અહીં આવવા માટે જ સામાનમાં પૅક કરી રાખેલા. લાડી શણગાર વગર આવે તો શોભે ખરી?

– એ દૂર ઊભીઊભી વાત કરતી હતી. જેસંગથી રહેવાયું નહીં. એણે એનો હાથ પકડવા પ્રયાસ કર્યો. એને પકડવા જતો હતો ત્યાં એ ચીસ પાડી ઊઠી : નો પ્લીઇઇઝ! જિતુ, સોશિયલ ડિસ્ટંસ પ્લી...ઝ....

'લાડી થઈને આવી છે ને પાછું અંતર જાળવવાનું કહે છે, ગાંડી!'

'કોરોના જિતુ! કોરોના... તને ઇન્ફેક્શન લગાડવા થોડી આવી છું હું?'

– એકાએક એની આંખ ઊઘડી ગઈ.

જંજાળ પણ કેવાંકેવાં રૂપ લઈને આવે છે! જેસંગ આળસ મરડીને બેઠો થયો. ઘડિયાળમાં સાંજના સાડાચાર વાગ્યા હતા. કામવાળી નહોતી આવી અને હવે તો પૂરાં ત્રણ અઠવાડિયાં લગી નહીં આવે – એટલે ઘર ગંધાઈ ઊઠવાનું. જેસંગને બદલાયેલા સંજોગોમાં જાતે બદલાયા વગર છૂટકો નથી એની પ્રતીતિ થઈ ગઈ હતી. દયા ખાઈને ટિફિન મોકલી આપનારાં ઍપાર્ટમેન્ટનાં પાડોશી કંઈ આપણા ઘરમાં કચરાપોતું થોડાં કરી આપશે? અપના હાથ જગન્નાથ!

એણે અનાયાસે ફરી એક વાર સ્વીટુને ફોન જોડ્યો. રિંગ ગઈ એટલે થોડી આશા જન્મી. પાંચમી-છઠ્ઠી રિંગે ફોન પર સ્ત્રીનો અવાજ સંભળાયો. 'સર, હું મહાત્મા ગાંધી હૉસ્પિટલના કોરોના વૉર્ડની સિસ્ટર બોલું છું. મૅડમની સઘન સારવાર ચાલી રહી છે. ગભરાવાની જરૂર નથી. મેં ચૈત્રી નવરાત્રનો ઉપવાસ રાખેલો છે અને મૅડમને સારું થઈ જાય તો એમને સાથે લઈ પગપાળા પાવાગઢ જવાની બાધા પણ રાખી છે. આવી મહાન હસ્તીને માતાજી જરૂર બચાવી લેશે. પ્લીઝ, આપ ચિંતા ના કરશો. અમે ખડેપગે મૅડમની સેવામાં ઊભાં છીએ. તમને આ નંબર પર અપડેટ પહોંચાડતાં રહીશું. પ્લીઝ, તમારી પોતાની કાળજી લેજો. બહાર ના નીકળતા. વારંવાર સાબુથી સતત વીસ સેકંડ સુધી ઘસીઘસીને હાથ ધોતા રહેજો....'

હજી કોણ જાણે એ કેટલીબધી સૂચનાઓ આપ્યા કરત! જેસંગે એને અધવચ્ચે અટકાવી પૂછ્યું : મૅડમ ખરેખર જીવે છે? – સામેથી ફોન કટ થઈ ગયો. વારંવાર રિંગ આપ્યા છતાં કોઈ જ જવાબ ન મળ્યો એથી જેસંગને જાત ઉપર જ નફરત થઈ. એવું તે વળી પુછાતું હશે? આઈસીયુના પેશન્ટની સઘન સારવાર ચાલી રહી હોય ત્યાં આપણા જેવા અલેલટપ્પુઓને દરેક પ્રશ્નના જવાબ આપવા જાય તો થઈ રહી સારવાર! ઉતાવળિયો સ્વભાવ સિત્તેર વર્ષે પણ ન સુધર્યો તે ન જ સુધર્યો. બધી બાબતોમાં ઉતાવળ. ફક્ત પરણવામાં જ ઉતાવળ ન રાખી એટલે આખી જિંદગી રહ્યા લબડતા. ઉનાળાના વંતાક જેવા.

એણે સ્વસ્થ થવા કોશિશ કરી. આખી દુનિયા અસ્વસ્થ થઈ ગઈ હતી. એના માથે વુહાનમાંથી છોડી મુકાયેલા ડ્રેગને ભરડો લઈ લીધો હતો. હવે આવી પડેલી આફત કંઈ રાતોરાત થોડી ટળી જવાની હતી? રાહ તો જોવી પડશે. ફાઈટ શરૂ જ થઈ છે હજી તો. મહાભારત જેવું જ યુદ્ધ છે, પણ પાંડવોની વહારે શ્રીકૃષ્ણ હતા એમ આ દેશને પણ લોકનજરે

સક્ષમ સારથિ તો મળ્યો છે. એણે શંખ ફૂંકીને એકવીસ દિવસ ઘરવાસ કરવાનો આદેશ કર્યો છે. સૌએ પાળવો જોઈએ.

મોબાઈલમાં ટીવી ચૅનલ ખોલીને જોયું : તમામ વાહનવ્યવહાર પર પાબંદી લાગી ચૂકી છે. ઇન્ટરનેશનલ અને ડોમેસ્ટિક ફ્લાઈટો પણ ચોવીસ કલાક પછી સ્થગિત થઈ જશે.

'સ્વીટુ.... સ્વીટુ....' એનાથી મોટેથી બોલાઈ ગયું : આના કરતાં ન નીકળી હોત તો સારું હતું....

એને થયું : હવે એ એની જગ્યાએ છે, હું મારી જગ્યાએ. પેલી નર્સ કહેતી હતી એમ માતાજી એની પ્રાર્થના સાંભળે અને હેમખેમ આ રાક્ષસી કાળચક્રમાંથી બહાર આવે એટલું જ ઇચ્છીએ. આખરે તો દરેક જીવંત હસ્તીને પણ ક્યારેક તો કાળનો કોળિયો બની જ જવું પડે છે. સ્વીટુ થોડી મરવા માટે ઇન્ડિયા આવી છે? એને તો અત્યાર લગી નથી જીવી શકી એવું થોડુંક 'ક્વૉલિટી લાઈફ' જીવી લેવું છે – એ મતલબના એના ઉદ્ગારો શું સૂચક નહોતા?

સ્વીટુને બાકી રહેલી જિંદગીની થોડીક પળો એના સાચા સાથીના ચરણે ધરવી છે, એવો જ અર્થ નીકળે ને!

'જિતુ, આઈ વૉન્ટ ટુ લિવ સમ ક્વૉલિટી લાઈફ વિથ યુ....' નહીંતર ભરજુવાનીમાં વિધવા થયેલી સ્વીટુએ તો અમેરિકાની સેલિબ્રિટી તરીકે પણ ભારતીય નારીના મૂઠી ઊંચેરા સંસ્કારો સાચવીને જીવવાનું પસંદ કર્યું હતું. એ કિચનમાં જઈ ચા બનાવવાની તૈયારી કરવા લાગ્યો. – જેસંગલાલ, તમારાં નસીબ બોદાં, નહીંતર અત્યારે સ્વીટુ ચા બનાવતી હોત અને તમે એની પૂંઠ પાછળ એના ખભા પકડીને ઊભા હોત! – એ મલકાયો.

– 1-4-'20

* * *

8

ચા બનાવતાં બનાવતાં એ સ્વીટુની એકલવાયી જિંદગીનું પગેરું લઈ રહ્યો. શા માટે ગઈ તું આ દેશ છોડીને? ગાંડી, અહીં શું નહોતું કે ત્યાં લાડવો ખાવા નાઠી'તી?

સ્વીટુએ જ્યારે વડોદરાની મેડિકલ કૉલેજમાં ગાયનેકોલૉજી અને ઑબ્સ્ટેટ્રિક્સમાં એમ.ડી. કર્યું, યુનિવર્સિટીમાં પ્રથમ આવ્યા બદલ એને સર સયાજીરાવ ગાયકવાડના મુદ્રાંકન સાથેનો ગોલ્ડમેડલ મળ્યો ત્યારે એ કૉન્વોકેશનમાં જેસંગ એના ખાસ અંગત મહેમાન તરીકે હાજરી આપવા ગયેલો. બહુ જ ખુશ હતી સ્વીટુ. અને એથીય વધારે ખુશ જેસંગ હતો.

'જિતુ, કાશ! તું પણ મારી સાથે જ મેડિકલ કૉલેજમાં ભણી એમ.એસ. થયો હોત; મારી જેમ તનેય સર્જરીનો ગોલ્ડમેડલ મળ્યો હોત.... પછી આપણે બંને અહીં જ ક્યાંક મોકાની જગ્યા શોધી આપણી હૉસ્પિટલ શરૂ કરત....' એ સપનામાં સરી ગઈ હતી ધોળા દિવસે. એના બિઝનેસમાઇન્ડેડ પરિવારજનોને આ પ્રસંગે વડોદરા આવી એની પીઠ થાબડવાનો ટાઇમ નહોતો. એનો એને અફસોસ પણ નહોતો. જેસંગે એના બેકદરદાન કુટુંબીઓ માટે સરસ કૉમેન્ટ કરેલી : એ ખાખરાની ખિસકોલીઓ સાકરનો સવાદ શું જાણે?

– બેઉ સુરસાગર તળાવની પાળ પર કલાકો લગી અડોઅડ બેઠાં હતાં. જેસંગે હઠ કરીને આઇસક્રીમ મંગાવ્યો હતો. સ્વીટુએ એને સિટી રેસ્ટોરન્ટમાં પાર્ટી આપી હતી. છેક મોડી રાતે જેસંગને અમદાવાદ જતી ટ્રેનમાં બેસાડી સ્વીટુ એની હૉસ્ટેલમાં ગઈ હતી. જેસંગ ત્યારે પણ એની સાથે રાતવાસો કરી શક્યો હોત પણ એને સ્વીટુ વિશે એની તબીબી આલમમાં ખોટી અફવાઓ ન ફેલાય એની ફિકર હતી. એ પાર્ટી પછી તરત નીકળી ગયો હતો.

'તું પરદેશનો મોહ ના રાખતી. આપણા દેશમાં તારા જેવી સંવેદનશીલ મહિલા ડૉક્ટરની ખૂબ જરૂર છે.' ટ્રેન ઊપડતાં એણે સ્વીટુને વણમાગી અને અણગમતી સલાહ પણ આપી દીધી હતી. સ્વીટુ એ વખતે તો 'ઓ.કે., ઓ.કે.!' કરતી હાથ હલાવતી રહી હતી પણ પછી એની હૉસ્ટેલ પર જઈને એણે સરસ મજાનો પત્ર લખી નાખેલો. એણે સંબોધન જ એવું કર્યું હતું કે વાંચીને એ ઠંડોગાર થઈ ગયો હતો. 'માય ડિયર ટેલિફોન ઑપરેટર!' એણે સંબોધનમાં જ જેસંગને એની હેસિયત બતાવી દીધી હતી. જોકે પછીનું વાક્ય હતું :

ઓહ સૉરી, મારે તને તારી જૉબથી શું કામ ઓળખવો જોઈએ? પણ તું મને સ્વીટુને બદલે ઘણી વાર 'ડૉક્ટર' કહી સંબોધે છે એટલે મનેય ક્ષણ પૂરતી ચાનક ચડી ગઈ! બાકી મારે તો સર્જરીમાં ગોલ્ડમેડલ લાવનાર જે. આર. ચૌધરીની 'સ્વીટુ હૉસ્પિટલ'માં ગાયનેકોલૉજિસ્ટ તરીકે પાર્ટનરશિપ કરવી હતી.

હવે તું જાણે તો છે જ : મેં તારાથી મારાં ગુપ્તાંગ સિવાય કશું છુપાવ્યું નથી. એ પણ આપણે નાનાં હતાં અને રમતાં રમતાં એકી લાગી જતી ત્યારે તો તેં જોયેલાં જ છે. જોકે તે વખતે આપણને એ અંગો જોવાનો કશો રોમાંચ નહોતો. પછી તો આપણે સમજણાં થયાં. છોકરી તરીકે મારે મારી સામાજિક લક્ષ્મણરેખાઓ સાચવીને ચાલવાનું હતું. ભાભીને મારી આંખ વાંચીને અંદાજ આવી ગયો હતો કે તું મને ગમે છે. એ તો મને એના પિતરાઈ ભાઈ સાથે પરણાવી દેવાનાં સપનાં જોતી હતી. ભાભીના હઠાગ્રહને કારણે સગાઈનો ગોળ પણ વહેંચાઈ ગયેલો. મને બેત્રણ વાર કોઈ ને કોઈ બહાનું કાઢી એના એ અડબંગ ગામડિયા ભાઈ સાથે મુલાકાત પણ કરાવી. મેં કંટાળીને મારાં મધર-ફાધરને કહી દીધું કે મને એ છોકરામાં મુદ્દલ રસ નથી. ભાભીને કહી દો કે મને ખોટી રીતે પજવણી ના કરે. એ છોકરો એને આવડે એવી ભાષામાં 'લવલેટર' પણ લખતો થઈ ગયેલો જે ભાભી મને હાથોહાથ પહોંચાડતી. જાણે મોટી બક્ષિસ ના આપતી હોય એમ!

ઘરમાં સીધી જ ઊભી તિરાડ પડી ગઈ હતી. એ દિવસોમાં હું તારાથી પણ છેટું રાખતી હતી જેથી મારું પગેરું લેતી ભાભી મને બદનામ ન કરી શકે. પછી તો આપણી પરીક્ષા આવી. સદ્ભાગ્યે મને નેશનલ મેરિટ સ્કૉલરશિપ મળી! એટલે મારે હવે ઘરના નિયંત્રણમાં રહેવાની જરૂર જ ન રહી. ફાધર-મધર, વહુ-દીકરા સાથે સંબંધો ન બગડે એ માટે મને દિલથી ચાહતાં હોવા છતાં ઉફરાં ઉફરાં રહેવાનો દેખાવ કરતાં હતાં. જોકે વડોદરામાં રહેતા ઊંઝાના વેપારીના સંબંધી પર ફાધરે જ ભલામણ ચિઠ્ઠી મેળવી આપી હતી ને! એટલી બોલ્ડ હતી કે એ જાતે ઍડમિશન અપાવવા સાથે આવવા માગતા હતા ત્યારે મેં કહ્યું હતું : બાપુ, તમારી દીકરીને પાંગળી ના બનાવો! બરોડા તે કંઈ પરદેશ છે?

– જિતુ, સાચું કહું? મને ત્યારે એમ કહેવાનું મન થઈ આવેલું : સેન્ટરમાં ફર્સ્ટ આવેલા જિતુને મોકલોને મારી સાથે! એને પણ નેશનલ મૅરિટ સ્કૉલરશિપ મળી છે. એ પણ ભણીને ડૉક્ટર બનશે તો એનાં મૂએલાં માબાપની આંતરડી ઠરશે! પણ એવું કશું કહેવાની હિંમત નહોતી કરી શકી. કદાચ એવો અણસાર પણ આપ્યો હોત તો જુનવાણી ઘરેડમાં જીવતી મારી મધરે ઘર બહાર પગ જ ના મૂકવા દીધો હોત.

તેં પણ સંજોગો સાથે સમાધાન સાધી જેવી મળી એવી નોકરી સ્વીકારી લીધી. પિતરાઈઓના આશ્રિત તરીકે રહેવાનું તને થોડું જ ગમે! હું તારા આગળ નહીં ભણવાના નિર્ણયથી દુઃખી થઈ હતી. તું પણ મારા અમેરિકા જવાના નિર્ણયથી દુઃખી જ થવાનો. જાણું છું જિતુ, પણ ક્યારેક માણસે લાંબા ગાળાનો ખ્યાલ રાખી થોડા અઘરા નિર્ણયો લેવા પડતા હોય છે. અમેરિકામાં મને જૉબ તો જતાંવેંત મળી જશે. ત્યાં એમ.એસ. યુનિવર્સિટીના સર્ટિફિકેટને માનની નજરે જોવામાં આવે છે. મને મારી કરિયર બનાવવા દે જિતુ. તુંય તારી આ નોકરી કરતાં કરતાં પણ ઍક્સ્ટર્નલ ગ્રેજ્યુએશન તો કરજે જ. તું જે જૉબ કરે છે તે તારી કક્ષાથી ઘણી નાની છે. પણ નિયતિ તને મજબૂર કરી રહી હોય ત્યારે એને વશ થવામાં જ શ્રેય છે. યાદ રાખજે કે હું ગમે તેટલી મોટી હસ્તી બની જઈશ તોપણ તને ભૂલવાની નથી. તને હું મારા જ અસ્તિત્વનો અવિભાજ્ય અંશ માનતી રહી છું અને માનતી રહીશ.

પત્ર ખાસ તો તારો આભાર માનવા લખવો હતો. તું રજા મૂકીને, યુનિવર્સિટીના કુલાધિપતિ મહારાજા ફતેહસિંહરાવ અને કૉન્વોકેશનના મુખ્ય અતિથિ કાશ્મીરના પૂર્વ રાજવી ડૉ. કર્ણસિંહની ઉપસ્થિતિમાં મારું બહુમાન થતું જોવા આવ્યો. મારી સિદ્ધિમાં હું બીજા કોઈને સામેલ કરવા પણ નહોતી માગતી. ફક્ત મારી બૅચના કેટલાક મિત્રો જે મને હરહંમેશ સન્માનપૂર્વક જોતા રહ્યા છે – અને એક તું!

ચાલ, ફરી કોઈ વાર સમય મળશે ત્યારે વધુ વાત કરીશું. દરમિયાન તને સરપ્રાઇઝ આપી જ દઉં કે મને ન્યુજર્સીની સ્ટેટ હૉસ્પિટલમાં જૉબ મળી ગઈ છે. તું એટલો શુકનિયાળ કે મારી પાસેથી તું તે મધરાતે નીકળ્યો અને એ જ તારીખે કરેલી મારી સાદી અરજીનો એક જ સપ્તાહમાં હું ઇચ્છતી હતી એવો પ્રતિસાદ મળી ગયો.

હવે મારે એની તૈયારીમાં લાગી જવાનું છે. બાપુને પણ પત્ર પાઠવી રહી છું. બીજી કોઈ છોકરી હોત તો એના પગ ધરતી પર ન પડત, આવી સિદ્ધિ પછી તો એ હવામાં ઊડતી થઈ ગઈ હોત. મારા ઘરમાં પણ મને અમેરિકા જવા દેવાના મુદ્દે વિવાદ જ થવાનો છે, પણ એમ કોઈને ગાંઠું એવી થોડી છું? આ મુદ્દે તો તને પણ નહીં જ ગાંઠું! કરિયર બનાવવી છે, બસ! વન પૉઇન્ટ પ્રોગ્રામ.

જેસંગે એ પત્ર જણસની જેમ સાચવી રાખ્યો હતો.

– સાલી, અમેરિકા ગઈ જ ના હોત તો... એ બબડ્યો અને એને ત્યારે કોઈનીય દરકાર કર્યા વગર અમેરિકા ઊપડી ગયેલી સ્વીટુને જોસથી ચૂંટી ખણી નાખવાનું મન થયું. અમેરિકા

જઈને આખરે શું મેળવ્યું? કોરોના જ કે બીજું કાંઈ?

એને દુનિયાને બતાવી દેવું હતું કે હું કોઈ સાધારણ સ્ત્રી તરીકે મરવા માટે નથી જન્મી. એની મહત્ત્વાકાંક્ષા કુટુંબનો વિરોધ વહોરીને પણ એને 'લૅન્ડ ઑફ ઑપર્ચ્યુનિટી' સુધી ખેંચી ગઈ હતી. એક વાત ચોક્કસ : ત્યાં જઈને પણ એનું મન તો અહીં જ રહી ગયું હતું. ઘરના લોકો સાથે ઝાઝો મનમેળ ન રહ્યો એમાં વધુ વાંક તો ઘરનાં માણસોનો જ હતો. સ્ત્રી ક્યાં સુધી મનુસ્મૃતિના જુનવાણી આદર્શોને વળગી રહે? એણે સમય સાથે બદલાવું જ રહ્યું. શહેરી સ્ત્રી બદલાઈ શકતી હોય તો પોતે ગામડામાં જન્મી એ ગુનો કર્યો? એણે શરૂથી જ બંડખોર વલણ અપનાવ્યું હતું. જો એ એની ભાભીની ઑફર સ્વીકારી સમાજમાં ઓગળી ગઈ હોત તો આજે એને કોણ ઓળખતું હોત? એ બીજી પટલાણીઓ જેવી એક ભણેલી પટલાણી જ બની રહી હોત.

જેસંગને યાદ છે : અમેરિકા ગયા પછી દર ત્રીજા રવિવારે તે એને લાંબો પત્ર પાઠવતી. ફોન પણ કરતી તો છેક અડધો-પોણો કલાક સુધી વાતો કર્યા કરતી. એ કહેતી : સાંભળ જિતુ, મારે માટે તો હવે જિતુ એ જ ઇન્ડિયા. બીજું કોઇ મને યાદ ન કરતું હોય તો મારે પણ નાહક મારો ટાઇમ શું કામ બગાડવો? સાચ્ચું કહું : ઇન્ડિયામાં આપણા લોકો પોતાની જાતને જ સેન્ટરમાં મૂકીને ચાલે છે. ભાભીની ફૉર્મ્યુલાને વશ ન થઈ એટલે મારા પરિવારથી હું અડધીપડધી કપાઈ જ ગઈ ગણાઉં. માતાપિતાને દીકરી ઘણી વહાલી હોય પણ આ તો પાટીદારની જાત. એમના ઢાંચા બહાર ડોકિયું પણ કરે તો અળખામણી થઈ જાય. અમેરિકામાં વગર લાગવગે, માત્ર અને માત્ર મેરિટ પર મને ઊંચા પગારની જૉબ મળી, ત્યારે કોઈએ મારી પીઠ નહોતી થાબડી, ઊલટાની મને અળખામણી કરી મૂકેલી. પણ હવે એમને મારી આંગળી પકડીને એમનાં છોકરાં અમેરિકાનાં ગ્રીનકાર્ડ હોલ્ડર બને એમાં રસ છે. સંજોગો બદલાયા છે. હવે છોકરીઓ બિંદાસ જિન્સ પહેરીને કૉલેજે જાય છે. આખી બે પેઢીનું અંતર પડી ગયું છે. નવી પેઢીને ક્યાં ખબર છે કે ઓગણીસસો સિત્તેરના દાયકાનાં શરૂઆતનાં વર્ષોમાં પોતાની જાત પર ભરોસો રાખી કુટુંબ સામે બળવો કરવો એ કેટલું આકરું હતું!

મમ્મી-પપ્પા ગુજરી ગયાં ત્યારે મને જાણ સુધ્ધાં કરવાની તસદી નહીં લેનાર ભાઈ-ભાભીને હવે હું ઉપયોગી માણસ લાગવા માંડી છું. બ્લડ રિલેશનના હકદાવા કરી એ એમનાં સંતાનોને અમેરિકા પહોંચાડી દેવા ઉતાવળિયાં બન્યાં છે. હું એમને મદદરૂપ થવાની ના નથી પાડતી, પણ મારી દુનિયા હવે એમની દુનિયાથી તદ્દન અલગ છે. માતાપિતાના નામે ડોનેશન કરું છું એથી એમને પણ ક્રેડિટ મળે છે. છેક વ્હાઈટ હાઉસ સુધી મારી પહોંચ છે એ જાણ્યા પછી બધા મારો કસ કાઢવા ઉતાવળા થયા છે. હું એમની સાથે ઉપરછલ્લા સંબંધો જાળવી મારી પ્રાઈવસી અકબંધ રાખું છું. તારા સિવાય ઇન્ડિયામાં કોઈ સમક્ષ મેં મારી અંગત બાબતો શેર નથી કરી.

જેસંગ આગળ એ કશું જ છુપાવતી નહોતી. એણે શરૂઆતમાં ત્યાં સ્થાયી થયેલા ગુજરાતીઓ સાથે ઘરોબો કેળવવા પણ પ્રયાસ કરેલો. કેટલાક કડવા અનુભવ થયા એ પછી એ સાવચેત બની ગઈ હતી. હૉસ્પિટલ સ્ટાફના ગુજરાતી ડૉક્ટરે નાઇટ ડ્યૂટી દરમિયાન એની પાસે અભદ્ર માગણી કરી તે પછી એણે નક્કી કરી દીધું હતું કે સ્ત્રી ભારતમાં રહે કે અમેરિકામાં : પુરુષ માટે તો એ ભોગ્યા જ રહે છે. ડૉક્ટરો કંઈ સિદ્ધ તપસ્વીઓ થોડા છે? એકલી, માથે છત્ર વિનાની રૂપાળી સ્વીટુ પર કંઈ કેટલીયે નજરો બગડતી રહી, પણ એણે સિફતપૂર્વક એમના સકંજામાં આવવાનું ટાળ્યું. છેવટે એક દિવસ એના ગોરા કલીગને ડ્રિંક્સ લેતાંલેતાં પ્રપોઝ કરી બેઠી. 'વેલ, આઈ ટુ નીડ સમવન ટુ ટેક માય કૅર!' પેલો સજ્જન નીકળ્યો. ધાર્યું હોત તો એ જ રાતે એને શૈયાસંગિની બનાવી શક્યો હોત. 'ડિયર ડૉ. પટેલ, આઈ ઑલરેડ

હૅવ અ ફિયાન્સી. ઍન્ડ આઈ હૅવ પ્રોમિસ્ડ હર. સૉરી, વેરી સૉરી ટુ રિજેક્ટ યૉર લશવગ પ્રપોઝલ. બટ ઈફ યુ અલાઉ મી, આઈ કેન ફાઈન્ડ અ સ્યુટેબલ મૅચ ફૉર યુ... શુડ આઈ ટ્રાય?'

– જેસંગને સ્વીટુએ લખેલા એ પત્રનો અક્ષરેઅક્ષર યાદ રહી ગયો હતો. 'અને પછી તું એ સાથી ડૉક્ટરના જૉનસન નામના ફ્રેન્ડની સાથે ડેશટગ પર જવા લાગી, એમ જ ને?'

'યસ, યુ આર ઍબ્સોલ્યૂટલી રાઇટ જિતુ. હું એમ આંધળૂકિયાં કરી એની સાથે જોડાઈ જવા નહોતી માગતી. નહીંતર અહીં અમેરિકામાં તો સવારે મૅરેજ રજિસ્ટર્ડ થાય અને રાત પડતાં સુધીમાં બેઉ વચ્ચે એવું ડિસ્ટન્સ ઊભું થઈ જાય કે ડાઈવૉર્સ પેપર પર સાઇન કરવાનો જ કર્મકાંડ બાકી રહે!'

– એણે વાપરેલો 'ડિસ્ટન્સ' શબ્દ અત્યારે જુદા સંદર્ભે કેવો ભારે પડી રહ્યો છે! સરકાર સોશિયલ ડિસ્ટંસિંગની ભલામણ કરી રહી છે. અરે, ડ્રોન મારફત શેરીઓ અને સોસાયટીઓમાં ભેગા થતા લોકો પર કડક નજર રખાઈ રહી છે. જેસંગલાલ, બહુ દોઢડાહ્યા થતા નહીં. ખાખી કોઈની સગી નથી થતી. એની હથેળીઓમાં આઠે પહોર વવરાટ આવ્યા કરે છે. તક મળી નથી કે દંડો વીંઝો નથી, કાં તો રમરમાઈને ધોકો ઝીંક્યો નથી. એને આપણી ગામઠી ભાષામાં 'ઓગણીસમી વૈણ્ય' અમથી તો નહીં જ કહી હોય.

સામે મોબાઈલના ક્રીન પર પોલીસ દ્વારા આચરાયેલી બેરહેમીના જ સમાચાર ફ્લૅશ થઈ રહ્યા હતા. બિચારા અબુધ ગામડિયાઓને જ્યારે શહેરમાં કામધંધાની કશી જ જોગવાઈ ન રહી એટલે એ પગપાળા બસો-અઢીસો કે હજાર-બે હજાર કિલોમીટર દૂરના ગામડે જવા નીકળી પડ્યા છે. બસો-ત્રણસોનું ટોળું કીડિયારાની જેમ સૂમસામ કાળી ભમ્મર સડકો પર સરકી રહ્યું છે. ગામ તો ઘણું દૂર છે. હજી તો વચ્ચે ડુંગરા આવશે. પણ બે-ચાર દહાડાની ભૂખતરસને દડમજલને અંતે આવશે જરૂર એવી આશામાં ને આશામાં પગના ફોલ્લા ફૂટતા જાય છે. દરેકના માથા પર સરસામાનનું પોટકું છે. કેડ્યમાં છોકરું છે. ધણી-ધણિયાણી સુખદુઃખની વાતો કરતાં કરતાં રસ્તાની ધારેધારે ચાલી રહ્યાં છે. પાછળથી એકાએક પોલીસની ગાડી ચિચિયારીઓ પાડતી આવીને એ ટોળાને ઘેરી લે છે. ચપોચપ અંદરથી ઊતરી લાઠીધારી કૉન્સ્ટેબલો જે હાથે ચડ્યું એને દે ધનાધન કરી મૂકે છે. સ્ત્રીઓ કકળાટ કરી રહી છે, પુરુષો હાથ જોડી કરગરી રહ્યા છે. બાળકો ડઘાઈ જઈ ભેંકડા તાણી રહ્યાં છે. પોલીસની ગાડીમાંથી ઊતરીને બાજુએ ઊભો રહેલો રિવૉલ્વરવાળો સાહેબ સિગારેટ ફૂંકતાં ફૂંકતાં વચ્ચે વચ્ચે એના સિપાઈઓને ઉશ્કેરતો રહે છે. 'તોડી નાખો સાલ્લાઓના ટાંટિયા. ફટકારો, જેટલું જોર હોય એટલું જોર કરીને. ઢીબી નાખો આ કાળમુખી બલાને. બૈરીઓને જોઈને ઢીલા ના પડતા! ઠોકો, કૂલા લાલ કરી નાખો સાલી ભીલડીઓના...' સિગારેટ અડધી ફૂંકીને અચાનક એને પોતાને ચાનક ચડે છે. રાક્ષસી હાસ્ય કરતો કરતો એક જુવાનજોધ સ્ત્રી તરફ આગળ વધે છે. એનું બ્લાઉઝ ખેંચીને કબૂતરની જેમ ફફડતી છાતી પર બળતી સિગારેટના ડામ દે છે. પેલી સ્ત્રી હાથ જોડી વલવલે છે : શાયેબ, તમારી ગાય સું, તમારું ગૂ ખઉં છું... આવું ના કરો બાપ!

એ થોડો માનવાનો હતો. 'પાડો ઊંધી બધી ભીલડીઓને...' એના હુકમની જ રાહ જોઈ રહ્યા હોય એમ પોલીસવાળા સ્ત્રીઓ સાથે નિર્લજ્જ વર્તન કરવા લાગે છે અને પછી એ દૃશ્ય પર અંધારું છવાઈ જાય છે. રાતના કાળા ડિબાંગ ચંદરવા નીચે સામૂહિક અત્યાચારનું ક્યારેય ના જોયું હોય એવું દૃશ્ય ભજવાતું જોઈ મીડિયાનો કૅમેરા પણ આંખ મીંચી લે છે.

ચૂપચાપ એ ટોળાં વચ્ચે ઘૂસી જઈ સ્થાનિક માણસ વિડિયો ઉતારી રહ્યો હતો એનો તો ખાખીગૅંગને અણસારો જ ન આવ્યો! 'ઉસ સમય અગર હમારે પ્રતિનિધિ પર કિસી એક પુલીસવાલે કી નજર પડ ગઈ હોતી તો ઉસકા કયા હશ્ર હુઆ હોતા ઈસકી કલ્પના ભી હમકો

થર્રા રહી હૈ... કૅમેરામૅન કે સાથ ન્યૂઝ રિપાર્ટર શ્રુતિ શર્મા ભી થી, આપકી જાનકારી કે લિએ...'

જેસંગે ઝાપટ મારીને મોબાઈલની સ્વિચ દબાવી દીધી. 'કેટલાંક દુષ્કૃત્ય જોવાં એ પણ પાપ છે....' એને ડોંગરે મહારાજની પાવન વાણીમાંથી ગળાઈચળાઈને યાદ રહી ગયેલું વાક્ય ટોચી રહ્યું. ચા ઊભરાઈ ગઈ એટલે એ હાંફળોફાંફળો પોતું શોધવા લાગ્યો.

– 2-4-'20

* * *

9

જેસંગ ઊભરાઈ ગયેલી ચાથી રગદોળાયેલું કિચનનું પ્લૅટફૉર્મ સાફ કરતો હતો ત્યાં અચાનક મોબાઈલમાં વિડિયોકૉલ ઝબૂકી ઊઠ્યો. એની છાતીના ધબકારા વધી ગયા. પરંતુ સામે મલકાતી સ્વીટુનો ગુલાબી ચહેરો જોયો ત્યારે એની ખુશીનો પાર ન રહ્યો.

'હાય જિતુડા!' એણે હાથ હલાવી કહ્યું : 'સી, આય'મ ઓ.કે.!' પરફેક્ટલી ઑલ રાઇટ. જો, અત્યારે હસી રહી છું ને? કોરોના તારી બાળસખીને કંઈ જ ના કરી શકે. ફક્ત ગલૂડિયું પૂંછડી પટપટાવતું બચકું ભરી લે એમ એણે મને ટચ કર્યો, એટલે આ કેદની સજા તો ભોગવવી જ રહી. ઍઝ ઑફ ટુડે, આય'મ હન્ડ્રેડ પરસેન્ટ નૉર્મલ.' એણે હોઠ પાસે હથેળી લઈ જઈ ફ્લાઇંગ કિસ આપી.

'માસ્ક પહેર્યો નથી તેં. ગાંડિયા, આ કોરોના કોઈની સગી નથી થતી.' એણે મોં મચકોડ્યું. 'સાચવજે, નહીંતર તારે પણ આવી નજરકેદ ભોગવવી પડશે. આ તો વૈશ્વિક બીમારી છે. યુરોપ અને અમેરિકાનું અભિમાન ઉતારી દીધું છે તો ઇન્ડિયાની તે વળી શી હેસિયત છે?'

જેસંગ એના ગુલાબી ચહેરા સામે ટીકી ટીકીને જોતો જ રહ્યો. 'બોલતો કેમ નથી?' એણે પૂછ્યું : 'મોઢામાં મગ ભરેલા છે?' જેસંગે કહ્યું : 'તું નસીબદાર કે વેળાસર ઇન્ડિયા આવી ગઈ! ત્યાં અમેરિકામાં તો રોજેરોજ સેંકડોની સંખ્યામાં લોક મરવા માંડ્યું છે.' સ્વીટુએ એની પાદપૂર્તિ કરતી હોય એમ કહ્યું : 'મારે ખરી જિંદગી તો હવે જીવવાની છે. કુદરત એમ કાંઈ મને મરવા થોડી છોડી દે અમેરિકામાં!' એણે ફરી એક વાર જેસંગ સામે માદક સ્મિત છંટકોર્યું અને એને મૂંઝવી નાખે એવો સવાલ કર્યો : 'બોલ, અત્યારે હું ક્યાંથી વાત કરતી હોઈશ તારી સાથે?'

'ક્યાંથી તે વળી હૉસ્પિટલના આઈસીયુ વૉર્ડમાંથી!' જેસંગે બરાબર બંધબેસતો જવાબ આપ્યો.

'મૂરખા, આઈસીયુમાં હતી ત્યાં તો મારા મોં અને નાક પર નળીઓ ચડાવેલી હતી. મને રિલીફ થઈ ગઈ એવું લાગતાં જ ડૉક્ટરોએ મને સ્પેશિયલ રૂમમાં શિફટ કરી છે. વેન્ટિલેટરનો વધુ સિરિયસ પેશન્ટને લાભ આપી શકાય ને! પણ ચાલ, હવે એથી આગળ તને મારી આજુબાજુ કંઈ દેખાય છે?'

આટલી હિન્ટ આપ્યા પછી પણ જેસંગ જવાબ ન આપી શક્યો એટલે સ્વીટુએ જાતે જ પેપર ફોડ્યું. 'રૂમમાં તો બધો મેડિકલ સરંજામ હોય કે નહીં? ઑક્સિજન હોય, મોનિટર હોય... અહીં એવું કશું દેખાય છે તને?'

'ના. મને લાગે છે તું....' અને જેસંગ થોથવાયો, એના હાથમાં ટિસ્યૂ પેપર જોઈને. 'રાઇટ. આય'મ ઈન વૉશરૂમ! ગોપનીય ગોઠડી માંડવા માટે એથી વધુ સલામત જગ્યા હોઈ શકે ખરી?' કહી એણે કમોડ પર ફોકસ કર્યું. જેસંગને ચીતરી ચડી. સામે પેપર રોલ જોઈને તો સવિશેષ.

– આયે અમેરિકા જઈને ટિસ્યૂપેપર વાપરતી જ થઈ ગઈ લાગે છે. એ મનોમન બબડ્યો. શું ત્યાં જઈએ એટલે જાનવર બની જવાનું? એને ખબર હતી : ભારતીય અમેરિકનો તો એને વનમાં ભૂલી પડેલી હરણી સમજીને તકની જ રાહ જોતા રહેતા. દર ત્રીજા દિવસે કોઈ ને કોઈ એને લૉન્ગ ડ્રાઇવ પર જવાનું ઇજન પાઠવતું રહેતું. ફોન પર બિંદાસ માગણી મૂકી દેતા : અલોન? આઇ ટૂ! લેટ'સ ઍન્જોય ટુગેધર. વિનવિન પ્રોજેક્ટ અફકોર્સ! લવ યુ ઍક્સ્ટ્રીમ્લી, ફ્રૉમ ધ રૂટ ઑફ માય... અધ્યાહાર રાખેલી જગ્યા પર તેઓ લશવગનું પ્રતીક મૂકી દેતા. ભારતીય સંસ્કૃતિમાં તો પેલું 'લશવગ કેરી લાકડી'વાળું લોકગીત શિષ્ટ ગણાયું છે ને!

– એ બધું વળતી જ પળે સ્વીટુ એના 'બૉયફ્રેન્ડ'ને ફૉરવર્ડ કરતી અને કહેતી : વૅરી ડર્ટી, વેરી ફિલ્ધી, નો? વ્હૉટ ડુ યુ સે જૉનસન?

જૉનસનને એમાં કશું ડર્ટી કે ફિલ્ધી નહોતું લાગતું. 'યુ આર એડલ્ટ. ચૉઈસ ઈઝ યૉર્સ!' કહી એ ખભા ઉલાળી દેતો. 'આઈ ડો'ન્ટ માઇન્ડ ઇફ ધૅર કમ્પની ગિવ્સ પ્લેઝર ટુ યુ સ્વીતુ...'

એ સ્વીટુ પર કોઈ માલિકીભાવ નહોતો રાખતો. ઊલટાનો આવી ઑફરો આવતી જોઈ એ રાજીપો વ્યક્ત કરતો : આઈ થિંક ઈટ અપ્રુવ્સ યોર બ્યુટી, યોર ઍક્સ્ટ્રાઑર્ડિનરી બૉડી શેપ કમ્પેલ્સ ધેમ ટુ ઇન્વાઈટ યુ, પ્રેઈઝ યુ...

સ્વીટુ એ તમામ અંગત બાબતો જેસંગ આગળ યથાતથ રજૂ કરતી. જેસંગને એથી થોડો સંકોચ પણ થતો. આવી નાગી વાતોમાં એના જેવા બાળબ્રહ્મચારીને થોડો રસ પડે? પણ જ્યારે જ્યારે સ્વીટુ આવું કંઈક કૉન્ફિડેન્શિયલ ઍરમેલ દ્વારા મોકલતી ત્યારે એ અચૂક ખલેલ પામતો.

શું કામ ઉશ્કેરતી હશે મને?

એણે જ અમેરિકા જઈ કરિયર બનાવવાનો વિકલ્પ સ્વીકાર્યો હતો. હવે ભોગવે.

એને ઓચિંતો પેલો રૂઢિપ્રયોગ યાદ આવી ગયો : ભોગવે એ ભાગ્યશાળી! આપણે તો વાંઢા જ રહેવા સરજાયા હતા. પછી એવી જળોજથામાં ચિત્ત પરોવવું જ શું કામ પડે? એને વધુ પડતા અભરખા હતા. કંઈક બની જવાના ઓરતા હતા. ભઈ, કંઈક મેળવવા માગતા હોઈએ તો બદલામાં કંઈક ગુમાવવાની તૈયારી પણ રાખવી પડે.

સ્ત્રી પાસે સૌથી મોટી જણસ છે એની ઇજ્જત, એનું શીલ. અમેરિકામાં શીલનો શો અર્થ થતો હશે તેની જેસંગને ખબર નહોતી. ભોગવાદી સંસ્કૃતિ એવાં બંધિયાર ધોરણો નેવે મૂકીને જ ચાલતી હોય ત્યાં 'વનમાં સોનબાઈ એકલાં' જેવી રક્ષણાત્મક સ્થિતિમાં મુકાઈ ગયેલી સ્વીટુ ઝીલી ઝીલીને ક્યાં સુધી ઝીંક ઝીલી શકે?

એણે છ એક મહિના ડેશટગ કર્યા પછી જોનસન સાથે મૅરેજ રજિસ્ટર્ડ કરાવી દીધાં હતાં. એનું નિમંત્રણ કાર્ડ જેસંગે જણસની જેમ સાચવી રાખ્યું હતું. ત્યારે હજી વિડિયો કૉન્ફરંસિંગવાળી ટેકનોલૉજી નહોતી શોધાઈ નહીંતર જેસંગને એની એ યાદગાર ઈવન્ટ લાઈવ જોવા મળી હોત. પણ એની ઝીણામાં ઝીણી વીગતો એણે પત્ર મારફત અને ફોન પર જરૂર શેર કરી હતી. જેસંગને એ એના કોઈપણ નિર્ણયમાં સામેલ કરવા ઉત્સુક રહેતી, કારણરૂપ હતો. એનો પત્રાંશ જેમાં એણે એને સૌથી વધુ વિશ્વસનીય ગણ્યો હતો; ને જે જેસંગને વારંવાર વાંચવો-વાગોળવો ગમતો, 'ડિયર જિતુ, યુ આર ધિ ઓન્લી પર્સન હુમ આઈ ટ્રસ્ટ ફુલ્લી. મને તારાથી વધારે નજીક તો આ મારો બૉયફ્રેન્ડ-કમ-હસબન્ડ પણ નથી લાગતો. પણ અમેરિકામાં છ મહિના સળંગ સાથે રહ્યા પછી મને એ પ્રમાણમાં અહીંના ભારતીયો કરતાં વધારે વિશ્વસનીય જરૂર લાગ્યો છે. એ મને બહુ જ ઊંડાણથી ચાહે છે. મારી ઇચ્છા વિરુદ્ધ મને સ્પર્શ સુધ્ધાં નથી કરતો. એની ધૂનમાં જ જીવે છે. માતાપિતાએ તો અઢાર વર્ષનો થયો ત્યારથી ઘરબહાર તગેડી મૂકેલો છે. એના ફાધરનું ચોથું મૅરેજ હમણાં બે મહિના અગાઉ જ થયું. અમે બંને બુકે લઈને ગયાં હતાં. એની ડિવૉર્સી મા પણ અમને એ રિસેપ્શન સેરિમનીમાં જ મળી ગઈ. જોનસને એનાં માતાપિતા ઉપરાંત સાવકી મા સાથે અને એનાં ત્રણ ભાઈભાંડુ સાથે પણ મારો પરિચય કરાવ્યો. જોનસન બહુ ભોળો છે. એનો મેઈન સ્ટ્રીટના શૉપિંગ મૉલમાં વાઇન શૉપ સાથેનો ડિપાર્ટમેન્ટલ સ્ટોર છે. થોડાં જ વરસમાં એ ખાસ્સો પૈસાદાર બની ગયો છે. હું અલબત્ત, એના કરતાં ઓછું નથી કમાતી. પ્રતિષ્ઠા તો ઊલટાની મારી વધારે છે. મને અહીંની ટૉપ ટેન ગાયનેકોલૉજિસ્ટમાં ગણવામાં આવે છે. વળી મારું વર્તન મેલ ગાયનેકોલૉજિસ્ટોની સરખામણીમાં વધારે માયાળુ હોવાને લીધે ગોરા-કાળાના ભેદ વગર પ્રેગ્નન્ટ મહિલાઓ મારી

સલાહ લેવાનું પસંદ કરે છે. મેલ ગાયનેકોલૉજિસ્ટો ક્યારેક મજબૂરીનો લાભ લઈ અડપલાં પણ કરી બેસતા હોય છે. કેટલીક લેડીઝ તો એમની સામે સીધી જ સ્યૂ કરે છે – કેસ ઠોકી દે છે. મને કોઈ ડૉક્ટરની પત્ની બનવા કરતાં એક સફળ બિઝનેસમૅનની લાઈફપાર્ટનર બનવાનો ગર્વ છે. બંને એક જ પ્રોફેશનમાં હોય તો લાઈફ બોશરગ બની જાય. અમે બેઉ પોતપોતાના ક્ષેત્રમાં ઍક્સેલ કરતાં હોઈ દરેક રાત પ્રસન્નતાનો પર્યાય બની રહે છે. એક જ વ્યવસાયમાં હોત તો કદાચ એકમેકની અદેખાઈ કરતાં હોત!'

દરેક રાત... હા સ્વીટુ. તને એની સાથે ગાળેલી બધી જ રાતો પ્રસન્નતાના પર્યાય સમી લાગતી એથી અહીં હજારો માઈલ સત્તર કલાકના હવાઈ અંતરે બેઠો-બેઠો તારો આ કમનસીબ ક્લાસમેટ પણ પરમ સંતુષ્ટિ જ અનુભવતો. આખરે ભલે મને ન મળી શકી – જે એ સમયસંજોગોમાં અને આપણી વચ્ચેના આર્થિક તથા સામાજિક ભેદભાવ જોતાં શક્ય જ ન હતું, એટલે હું કે તું એવી કલ્પના સુધ્ધાં નહોતાં કરતાં. હું ભલે કુંવારો મરું પણ તું કોઈ સુયોગ્ય પાત્રને જોઈ સમયસર પરણી જાય - એની જ હું રાહ જોયા કરતો. એટલે તને તારા એ ગોરા હસબંડ સાથે થોડીક રંગીન રાતો માણવા મળી એનો ઓડકાર મને આવતો.

પણ એ રાતોની પૂર્ણાહુતિ કેટલી ઝડપથી થઈ ગઈ હતી સ્વીટુ... જેસંગને એ રાત યાદ આવી ગઈ જ્યારે ડિપાર્ટમેન્ટલ સ્ટોરમાં વ્હિસ્કી ખરીદવા આવેલા બે અજાણ્યા, માથાભારે કાળિયાઓએ પહેલાં બિલ ચૂકવવાના મુદ્દે બોલાચાલી કરી અને છેલ્લે એનો ગલ્લો લૂંટી એના લમણામાં ગોળી ધરબી રફુચક્કર થઈ ગયા હતા. જેસંગને એ રાતની બિહામણી ઘટનાનું તાદૃશ વર્ણન કરતો લાંબો પત્ર એકાદ અઠવાડિયા બાદ મળ્યો હતો; પરંતુ 'જિતુ, હું ફરી પાછી એકલી થઈ ગઈ!' કહી કલ્પાંત કરતાં કરતાં સ્વીટુએ ઘટનાની જાણ તો એ રાતે જ કરી દીધેલી.

સ્વીટુનો વિડિયોકૉલ પૂરો થયો ત્યાં અચાનક ઑસ્ટ્રેલિયા દીકરાના પરિવાર સાથે નિવૃત્ત જીવન ગાળતા સરફરાઝ મિયાંનો ફોન આવ્યો. 'કેવું ચાલે છે ચૌધરી સાહેબ? કોરોનાએ ઘરમાં કેદ કરી દીધા હશે ખરું ને! સાંભળ્યું છે કે એકવીસ દિવસનું લાંબું લૉકડાઉન જાહેર કરી દીધું છે આપણા પીઍમ સાહેબે!' એ હસ્યો.

'અરે વાહ, સરફરાઝભાઈ! ખરો યાદ આવી ગયો હું!' જેસંગે એની જોડેના ટેબલ પર સિનિયર ક્લાર્ક તરીકે નોકરી કરી રિટાયર થયેલા જૂના સાથીનો અવાજ સાંભળી આશ્ચર્ય અનુભવ્યું. મન તો સ્વીટુની આસપાસ ફેરફુદરડી ફરતું હતું પણ છેક ઑસ્ટ્રેલિયાથી કોઈ આપણને પ્રેમપૂર્વક યાદ કરતું હોય તો જલદી જલદી ફોન કાપી થોડો નંખાય!

'એકલા જ છો કે પછી કોઈ–' એણે થોથવાઈને પૂછ્યું : 'ચૌધરીસાહેબ, ખરી જરૂર તો આ ઉંમરે જ પડતી હોય સ્ત્રીની. તમે ધૂનમાં ને ધૂનમાં આખી જિંદગી બૈરા વગર કાઢી નાખી. મને એમ કે પેલી આપણા સામા ટેબલવાળી ચુલબુલી સુનીતા વ્યાસ કે શિલ્પા પરમારની નજર તમને મોડાવહેલા પિગળાવી દેશે પણ એવું કાંઈ બન્યું નહીં! સાચું કહેજો હોં, કોઈ પાત્ર-બાત્ર...' એણે બાકીનું અધ્યાહાર રાખ્યું.

પાત્ર!

જેસંગના ચિત્તમાં સ્વીટુ સળવળી રહી. એનાથી વધુ સારી સંગિની બીજી કોઈ હોઈ શકે ખરી આખી આલમદુનિયામાં? ને શી ખાતરી કે કુદરતના ફળદ્રુપ ભેજામાં બે બાળપણના મળેલા જીવોને ક્યારેક પાછલી વયે ભેગા કરવાની યોજના નહીં હોય! – એના શરીરમાં લખલખું પ્રસરી ગયું.

'ચૌધરીસાહેબ, સાવ એકલા જ હો તો મારી પાસે ખજાનો પડેલો છે આખો દિવસ ચાલે એટલો. મોકલું?'

જેસંગ અડધુંપડધું સમજ્યો, અડધુંપડધું અધ્ધર ગયું. પણ 'હા' તો કહેવાઈ જ ગઈ.

ને વળતી જ પળે વૉટ્સઍપ પર અઢળક ખજાનો ઠલવાઈ ગયો. જેસંગ હજી એને ડાઉનલોડ કરે તે પહેલાં સરફરાઝે કહ્યું : 'હું તો શાદીશુદા છું. બૈરું સાથે જ લઈને દીકરાના ફેમિલી સાથે રહેવા આવ્યો છું. પણ સાચું કહું, સ્ત્રીને ઘડપણ વહેલું આવી જતું હોય છે. અબ્દુલની અમ્માને હવે એ બધું ગમતું જ નથી. મને તો સાહેબ, પહેલાંથી જ સ્ત્રીના શરીરનું જબરું આકર્ષણ રહ્યું છે. તમને તો ખબર છે – શિલ્પા પરમારને ગમી જાઉં એવું કોઈ વ્યક્તિત્વ મારામાં નહોતું; નહોતો હું પૈસાદાર માણસ, કુદરતે કલર પણ એવો આપેલો કે કલર જાય તો પૈસા પાછા! અને છતાં, આટલાં વર્ષો પછી પણ એ ક્યારેક ફોન કરીને કબૂલાત કરી લે છે : સરફરાઝભાઈ, મરદ તો ઘણા જોયા પણ તમારામાં જે તાકાત જોઈ એ તો અદ્ભુત... માણસના મહોરામાં જાણે હણહણતો ઘોડો બનીને મજા કરાવતા તમે. બહુ યાદ આવો છો. મને હજી આ ઉંમરે પણ એ ઝંખે છે. એના પતિથી ચાર સંતાનોની મા બની છે છતાં મારી તરસ અકબંધ જાળવીને જીવે છે. માનશો? દરરોજ રાત્રે નમાજ પઢવાના બહાને હું બિલ્ડિંગની ટેરેસ પર જઈ એણે દિવસ દરમિયાન મોકલાવેલા પૉર્ન વિડિયો જોવાનો લહાવો લઉં છું. એથી મારા લોહીમાં પેલો અટકી ગયેલો યૌવનનો રક્તસંચાર ધસમસી રહે છે. હું આખા દિવસની ઉદાસી પછી એકદમ ખુશખુશાલ ચહેરે ટેરેસ પરથી નીચે ઊતરું છું ત્યારે સાવ જ બદલાયેલો માણસ હોઉં છું; ચૌધરીસાહેબ. મારી પુત્રવધૂ મારા ચહેરા પર ફૂટેલી લાલી જોઈને વિસ્મય અનુભવે છે. ક્ષણ-બે ક્ષણ એકીટશે મારી સામે મૂંગી મૂંગી જોયા કરે છે. પછી હળવેકથી સ્માઈલ આપીને પૂછે છે : કૉફી બનાવું ને અબ્બાજાન!'

જેસંગને એણે મોકલાવેલ ખજાનો જોવાની લાલચ જાગી હતી. 'થૅન્ક યુ સરફરાજ મિયાં. તમે મારી સુકાઈ ગયેલી રગ લીલી કરી નાખશો એમ લાગે છે!'

'તો હવે હું ફોન મૂકું છું. ઍન્જૉય યૉરસેલ્ફ. યાર, જરૂરી નથી કે ફિઝિકલી કોઈ આપણી પડખે સૂતું હોય. એને વર્ચ્યુઅલ ફૉર્મમાં પણ યુઝ કરી શકાય!' કહી એણે 'ખુદા હાફિઝ' સાથે ફોન કટ કર્યો.

જેસંગ માટે આ નવો અનુભવ હતો. એણે એક પછી એક મોકલાવેલ વિડિયો ખોલ્યા. એ તો રાડ નાખી ગયો! બાપ રે! આટલી હદે... પ્રભુ, પ્રભુ! તેં કેવી લીલા કરી છે આ સ્ત્રી બનાવીને! એકાએક એને વર્ષો પૂર્વે વાંચેલી 'ચિત્રલેખા' નવલકથાની સ્મૃતિ જીવંત થઈ ઊઠી. એ નવલકથા પરથી ઊતરેલી ફિલ્મનું એક ગીત પણ એના મનગુંબજમાં ગુંજી રહ્યું :

'પ્રભુ તૂને કૈસી બનાયી જુલ્મી નારી –
જુલ્મી નારી... કિ મારા ગયા
બ્રહ્મચારીઈઈઈ....'

બધા વિડિયો એકસાથે જોવામાં ઘણો સમય જાય એમ હતો. કામવાળી તો હવે ત્રણ અઠવાડિયાં લગી આવવાની નહોતી. જેસંગના પગ નીચે રજોટી કચડાતી હતી. ક્યારેય નહીં કરેલું કચરાપોતાનું કામ પણ હવે તો જાતે જ કરવું પડશે એમ વિચારી એણે પાણી ભરેલી ડોલમાં ફિનાઈલ રેડી આખા ફ્લેટમાં છંટકોરી દીધું. બેડરૂમમાંથી હૉલમાં આવતાં ખ્યાલ જ ન રહ્યો કે ફરસ ભીની થયેલ છે. પગ એવો લપસ્યો કે આખેઆખો દેહ ધડામ કરતો ચત્તોપાટ માર્બલના લિસ્સા પથ્થરો પર પટકાયો. માથું નાળિયેરની જેમ પછડાયું. થોડી વાર પૂરતો એ એમ ને એમ પડી રહ્યો, આંખો મીંચીને.

– 5-4-'20

* * *

10

માથામાં પાછળના ભાગે ઢીમણું ઊપસી આવ્યું હતું. જેસંગે ટેરવાં વડે એને પંપાળ્યા કર્યું. તમ્મર નહોતાં આવ્યાં, કારણ કે ચૌધરીનું લોહી હતું. ખોપરી નહોતી તૂટી નહીંતર અત્યાર લગી આંખોમાં ઝાંખ વળી ગઈ હોત. દૃષ્ટિનું કેન્દ્ર મગજના પાછળના ભાગમાં હોય છે. છતાં હજી વેઈટ ઍન્ડ વૉચ કરવામાં જેસંગને શાણપણ લાગ્યું. કદાચ આટલા જોરથી માથું માર્બલ સાથે અથડાયું છે એથી મગજની કોઈ નસ તૂટી હોય તો આંતરિક રક્તસ્રાવ થઈ શકે. એથી લોહીનો ગઠ્ઠો બાઝી શકે જેના દબાણથી મગજમાં સ્થિત કોઈ કેન્દ્ર નિષ્ક્રિય બની જાય. ડૉક્ટર નહોતો થઈ શક્યો પણ સ્વીટુ સાથેના દીર્ઘ વાર્તાલાપો દરમિયાન આવી ઘણી બાબતોની એને જાણકારી મળતી રહેતી.

એ મૂંગો મૂંગો, ભગવાનનું પણ નામ લીધા વગર પાસે ઢાળેલી સેટીને અઢેલી બેસી રહ્યો. જાણે ચુકાદાની રાહ ન જોઈ રહ્યો હોય!

એને કર્મના સિદ્ધાંત પર થોડોઘણો વિશ્વાસ હતો. કરો તેવું પામો. સ્વીટુ છાતીના જોરે ધરતી ફાડીને બી ફણગી ઊઠે એમ એનું વજૂદ ખીલવી શકી હતી. અલબત્ત, એને વેપારી પિતાનો સહારો હતો, ભલે એને વટાવવાની જરૂર ન પડી હોય. પોતે તો તદ્દન એકલો અટૂલો હતો. એની પાસે એક માત્ર નોંધપાત્ર સંપદા હતી તે આ ખોપરી. જો એ જ ફૂટી કે ફાટી જાય તો બધો ખેલ પૂરો થઈ જાય. કુદરત કદાચ એનો ખેલ આગળ વધારવા માગતી હોવી જોઈએ. નહીંતર છ ફૂટ ત્રણ ઇંચની પડછંદ કાયા અચાનક લપસી પડે અને ખોપરી ધડામ દેતીક ફર્શ સાથે અથડાય ત્યારે કંઈક નુકસાન તો થાય થાય ને થાય જ.

બેઠાંબેઠાં થોડા જ વખત પહેલાં મોબાઈલમાં સરફરાઝ મિયાંએ ઠાંસી ઠાંસીને ભરી આપેલો ખજાનો જોવા લાગ્યો.

– આટલી હદે જઈ શકે માણસજાત! આવી ઉઘાડી નગ્નતા...! એણે મનોમન પોતાની જાતને જ સવાલ કર્યો. પછી જાતે જ એનો જવાબ પણ વાળ્યો. આખરે શરીરથી મોટી સંપદા જ કઈ હોઈ શકે? મોટીમોટી ફિલસૂફી ડહોળનારા સંત-મહાત્મા પણ છેલ્લે તો શરીરની સામે હારી ગયા છે. મૂળભૂત વૃત્તિઓમાં આહાર અને મૃત્યુના ભય કરતાં પણ જીવ માત્રને આનંદ અને સુખ તો મૈથુનમાં જ મળતું રહ્યું છે. એને પાણ્ડુ અને માદ્રીનો પ્રસંગ યાદ આવ્યો. ખબર તો હતી કે જીવનનું જોખમ છે, છતાં એ સંયમની પાળ ઓળંગીને જંપ્યાં. કુંતીએ તો લગ્ન પૂર્વે જ ગર્ભધારણ કરી લઈ એ જમાનાની કોઈ પણ સ્ત્રી ન કરી શકે એવું સાહસ કર્યું હતું. આ સહજ આનંદયોગ છે, પણ એનો આવો વેપાર બરાબર ન ગણાય. કેટલી મજબૂરી હશે ત્યારે કોઈ સ્ત્રી કે પુરુષ પ્રસ્થાપિત સામાજિક મર્યાદાઓ ઓળંગી પોતાના યૌનાચારનું પ્રદર્શન કરવાનો વિકલ્પ સ્વીકારતાં હશે. એણે ક્યારેક આબિદ સુરતીની નવલકથા 'વાસકસજ્જા' વાંચી હતી. એમાં તો નાયિકા એના દેહવ્યાપારના વ્યવસાયથી પરમ સંતોષ અનુભવતી હોવાનું ફલિત થાય છે. જેસંગે ક્યારેક ટેલિફોન ઑપરેટરની નોકરી દરમિયાન ઈવનિંગ અવર્સની ડ્યૂટી બજાવી ઘરે જઈ રહેલી શાશ્વતીના ડ્રૉઅરમાં એક ચોપડી જોયેલી. નાઈટમાં એકલો જ હોઈ કુતૂહલવશ એનું પાનેપાનું વાંચી લીધેલું. એ વાત્સાયનના કામસૂત્ર પર આધારિત ગલગલિયાં કરાવતી ચોપડી વાંચીને એને થોડો અપરાધબોધ પણ જાગ્યો હતો. વધુ ફિકર તો એ મુદ્દે થયેલી કે પેલી ઘેર જઈને પર્સમાં એ ચોપડી નહીં જુએ અને બીજા દિવસે ડ્યૂટી પર આવશે ને પોતાની સાથે કૉફી પીવા કૅન્ટીનમાં આવશે ત્યારે કેવી ભોંઠપ અનુભવશે! પોતે જાણે ડ્રૉઅર ખોલ્યું જ નથી – એવું દેખાડવા માટે એણે જાતજાતનાં બહાનાં વિચારી કાઢ્યાં હતાં. એ પૈકી જલદી ગળે ઊતરે એવું બહાનું – ડ્યૂટી દરમિયાન એકાએક ઠંડી ચડીને તાવ આવતાં પાસેથી

સોસાયટીમાં રહેતા ફૅમિલી ફિઝિશિયન ડૉ. ચંદ્રવદન શાહની હૉસ્પિટલમાં ઍડમિટ થઈ ગયો હતો અને સખત તાવ ચડતાં ટેલિફોન ઍક્સચેન્જની જવાબદારી ચોકીદારને સોંપીને નીકળી ગયેલો – એવી મનઘડન્ત વાર્તા રૂપે વહેતું મૂક્યું હતું. બધા માની પણ ગયેલા. ચોકીદારને રાજી રાખવા માટે તે રાતે એ ચોપડી વાંચી લીધા પછી એને સેવઉસળનો નાસ્તો કરાવી દઈ કોઈ પૂછે તો આટલું જ કહેવાનું – એમ સમજાવી દીધેલું. જિંદગીમાં પહેલી વાર સ્ત્રીપુરુષના યૌન સંબંધો અને આસનો વિશે રાત આખી એકાગ્ર અનુષ્ઠાન થયેલું. જેસંગને ઉત્તેજના પણ જાગી હતી, પરંતુ એને એવું ઇજન કોણ આપવાનું હતું? એની છાપ તો અત્યંત શીલવાન યુવકની હતી.

એણે નહીં માણેલું જીવન સામે ચાલીને વૃદ્ધાવસ્થામાં એની નજીક આવવા તલસતું હતું પણ એ કુદરતને મંજૂર ક્યાં હતું? એ બિચારી વૉશરૂમમાં બેઠી-બેઠી છુપાઈને ફોન કરતી હતી! યુનાઈટેડ સ્ટેટ્સની યશસ્વી ગાયનેકોલૉજિસ્ટ પર કોરોનાનો ચોકીપહેરો લાગી ગયો હતા. જોકે જેસંગનું અર્ધચેતન મન કદાચ એની ઇચ્છાને વશ થાય કદાચ, પણ એના સંસ્કાર એને બાલ્યકાળથી ખેંચાઈ ગયેલી લક્ષ્મણરેખા ક્યારેય ઓળંગવા દઈ શકશે? ના, ના, ના, ના. વન હંડ્રેડ વાર ના. જેસંગ પોતાની નજરમાં જ કેટલો વામણો બની જાય – જો એવું જોખમ વહોરી બેસે તો! એ ભલે આધુનિકા બની ગઈ, હું તો એ જ પેલો રણછોડકાકાનો જેસંગો જ રહ્યો છું. અમેરિકા જતાં પહેલાં એણે છેલ્લી મુલાકાત વખતે આઇસક્રીમ ખાતાં ખાતાં સુરસાગરની પાળ પર બેસી ગાયેલું ફિલ્મી ગીત યાદ આવી ગયું. શું એ ગીતનો અનુરવ અત્યારે હૉસ્પિટલના આઇસોલેશન વૉર્ડમાં પણ એના કર્ણપટલ પર નહીં ગુંજી રહ્યો હોય? જેસંગે એના ખૂબ આગ્રહ પછી વીસનગરની માયા ટૉકીઝમાં 'અનુપમા' ફિલ્મ મેટિની શોમાં જોઈ હતી. એ વખતે કંઈ સ્વીટુ એની જોડેની સીટમાં નહોતી બેઠેલી. છતાં આખા ગીત દરમિયાન જેસંગને એવું જ ફીલ થયેલું... એ લાગણી એવી તીવ્ર હતી કે ઘરે આવ્યા પછી પણ એ ગીતનું મધુર ગુંજન એની શ્રવણેન્દ્રિયમાં અમી ઢોળતું રહ્યું હતું. ત્યારે તો એ ગીત કોકિલ કંઠી લતા મંગેશકરના કંઠે ગવાતું રહેલું પણ અત્યારે?

અત્યારે એ સ્વીટુ ગણગણી રહી હતી અને ચાતક નજરે આઇસોલેશન વૉર્ડની બારી બહાર એના જિતુને શોધી રહી હતી...

ધીરે ધીરે મચલ અય દિલે બેકરાર,
કોઈ આતા હૈ....

જેસંગની રગેરગમાં સ્વીટુની આરજૂ રણઝણી ઊઠી. છેક ન્યુજર્સીથી એ કોને મળવા આવી હતી? માત્ર અને માત્ર તને, જિતુડા ફક્ત તને, તને, તને અને તને. એણે ઢળતી વયે બાળવયના અધૂરા રહી ગયેલા ઓરતા પૂરા કરવા આ લાંબી ખેપ ખેડી હતી. એણે ફોન પર કહ્યું હતું : આપણે અણસમજુ હતાં ત્યારે કેવી મોકળાશથી મળતાં! મારી માને હું તારી સાથે વરવહુની રમત રમું એ મુદ્દલ પસંદ નહોતું. પણ મારી બાળહઠ આગળ એનું કંઈ જ ના ઊપજતું. પિતાજી મારા વગર પૈસાના વકીલ બની મારો બચાવ કરવા લાગી જતા. ભગવાને બાળપણ શાના માટે સર્જ્યું છે? સમજણ આવ્યા પછી તો ડગલે ને પગલે વાંધાવચકા પડવાના. જેટલો આનંદ મળી શકતો હોય એટલો બાળપણમાં મેળવી લેવામાં જ શાણપણ છે. બાળક તો પ્રભુનું પેગંબર. એને રોકવું કે ટોકવું એ ઈશ્વરનો અપરાધ છે.

જિતુ, હું એ જિંદગી ફરી જીવી લેવા માગું છું. સિત્તેર વર્ષે સાત વર્ષની છોકરી જેવી મુગ્ધ બની જાઉં છું તારું સ્મરણ થતાંની સાથે. હું અત્યાર લગી કરિયર અને પ્રતિષ્ઠા પાછળ ભૂતની જેમ દોડતી રહી. હવે મને એ બધું નિરર્થક લાગવા માંડ્યું છે. દાનની તકતીઓ આજે નહીં તો કાલે ઝાંખી પડી જશે. હું ક્યારેક અમેરિકાની ટૉપ ટેન ગાયનેકૉજિસ્ટોમાં અગ્રિમ હરોળમાં

હતી. હવે ધીરે-ધીરે નવાં નામ ઉમેરાતાં જાય છે. મારી જગા પૂરવા કંઈ કેટલીય ડૉક્ટરો ટાંપીને બેઠી હતી. વ્હાઇટહાઉસમાં પ્રવેશ મેળવવા પ્રમુખની ગુડબુકમાં આવવું પડે અને અમેરિકાનો પ્રમુખ તો હંમેશાં પુરુષ જ હોય છે! ક્લિન્ટન અને હિલેરીના પ્રસન્ન દાંપત્યમાં ખલેલ પહોંચાડી શકે તેને રાતોરાત જગતવ્યાપી પબ્લિસિટી મળે! ખેર, એ બધાથી હું જોજનો દૂર રહી છું. જોનસન સારા માણસ હતા. મને બહુ જ પ્રેમ કરતા હતા. તું માનીશ? ક્યારેય એમણે મારી ઇચ્છા વિરુદ્ધ મને સ્પર્શ સુધ્ધાં નથી કર્યો. આપણે ત્યાં આવો ઘરવાળો દીવો લઈને શોધવા નીકળીએ તોય મળે ખરો? પતિ એટલે માલિક. સ્ત્રી એની મિલકત. એનો મન ફાવે એમ ઉપયોગ – ઉપભોગ કરી શકે. એને દાવમાં પણ મૂકી શકે. એને દ્રૌપદીની જેમ સરખા ભાગે વહેંચી પણ શકે. એને કોઈ પણ ગુના વગર બેજીવી હાલતમાં વનવાસ આપી શકે!

ઍની વે, હું એવી ભારતીય નારી તરીકેનું ગૌરવ ન જ અનુભવી શકું. હા, જૉનસનના પ્રેમની નિશાની મારા ઉદરમાં પાંગરતી હોય અને એનું અકાળે અવસાન થઈ જાય ત્યારે અમેરિકન મહિલા ન રહું. ત્યારે હું ભારતીય સંસ્કારોવાળી ધર્મપત્ની અને કૂખમાં ઊછરતા શિશુની માતા જ બનવાનું પસંદ કરું. બહેનપણીઓએ મને ઍબોર્શન કરાવી નાખી બીજો પુરુષ પસંદ કરી લેવા ઘણી સમજાવી હતી. ત્યાં મારી ‘બાળહઠ’ જરા જુદા સંદર્ભે જીતી ગઈ હતી. મારે મારા બાળકની હત્યારી બનીને ક્ષુલ્લક દૈહિક સુખ પાછળ માતૃત્વને હાંસિયે નહોતું ધકેલવું. જિતુ, સાચ્ચું કહું? એ માણસ મને એટલી હદે સમર્પિત હતો કે કદાચ એની પાછળ સતી થઈ ગઈ હોત તોપણ એના પ્રેમનું વળતર ન વાળી શકી હોત. એ વળતર મેં અમારા શિશુને ઉછેરીને વાળ્યું. પછીની કથા બહુ કરુણ છે. મને સ્વીકારવા તો કાળા, ગોરા, બ્રાઉન– અસંખ્ય મુરતિયાઓની લાઈન લાગી ગઈ હતી. એક નબળી ક્ષણે મને પણ લાગેલું કે જોનસન પાછળ જિંદગી ફના કરી દેવામાં કોઈ શાણપણ નથી. પણ હું કોઈનો બાયોડેટા જોઉં કે કોઈનો આ બાબતનો કૉલ રિસીવ કરું કે તરત મને મારા શિશુનો માસૂમ ચહેરો યાદ આવી જતો. હું દોડીને એને છાતીસરસો વળગાડી દેતી. હું એ અબુધ અસ્તિત્વ સામે ચોધાર આંસુએ રડી પડતી અને એને ચૂમી ભરી લઈ કહેતી : ના બેટા, મોમ ક્યાંય નહીં જાય તને છોડીને. તું જરાયે ફિકર ના કરતો. ઉપરથી ખુદ ઈશ્વર આવીને કહે કે સ્વીટુ, ચાલ મારે તારી સાથે મૅરેજ કરવાં છે – તોપણ નહીં ને! હું તારી ખાતર ભગવાનને પણ કૂતરાની જેમ કાઢી મૂકું, હા!

– પણ એ જ શિશુએ અને એની વહુએ તારી લાડકી સ્વીટુરાણીને અડધી રાતે....

એ રડી પડી હતી. એના ચહેરા પર દદડતાં આંસુ લૂછી શકે એવો નૅપ્કિન કે હૅન્ડકરચીફ જેસંગ પાસે નહોતો. બેઉ જીવો વચ્ચે સત્તર-અઢાર કલાકનું હવાઈ અંતર હતું.

એક માતા તરીકે એણે શિશુ માટે શું નહોતું કર્યું? પણ શિશુ વધારે પડતાં લાડને કારણે ‘સ્પૉઇલ્ડ ચાઇલ્ડ’ બની ગયો હતો. એને મોમની મિલકતમાં જ રસ હતો. અને એ મિલકત તો વહેલી મોડી એને જ મળવાની પણ હતી. પણ જે છોકરી સાથે ફ્લર્ટ કરતો હતો એણે એના કાન ભંભેર્યા હતા. તું ભોળિયો છે – તારા બાપ જેવો! તારી મા તો સેલિબ્રિટી બની ગઈ છે ને? એ થોડી તારી મમ્મી રહી ગઈ છે? તારા બાપનું મર્ડર પણ એણે નહીં કરાવ્યું હોય એની શી ખાતરી? ઇન્ડિયન સ્ત્રીઓ બહુ જ શાતિર હોય છે. ધણીને વફાદાર રહેવાનું નાટક તો કોઈ એમની પાસેથી શીખે!

– પછી તો ધીરેધીરે માતાપુત્ર વચ્ચે અંતર એટલી હદે વધી ગયું કે નાછૂટકે સ્વીટુએ પુત્રથી પોતાના જીવ પર જોખમ હોવાની અરજી કરવી પડી હતી. અવારનવાર એના મોબાઈલ પર અજાણ્યા નંબર પરથી ધાકધમકી ભર્યા ફોન આવતા. સ્વીટુ શરૂ શરૂમાં તો ખૂબ ગભરાઈ ગયેલી. પરંતુ પોલીસને એ નંબરો ફોરવર્ડ કર્યા પછી એ નિશ્ચિંત થઈ ગઈ હતી. હિલ ડ્રાઇવ ખાતે આવેલા એના વિશાળ બંગલાને સ્પેશિયલ સિક્યુરિટી ઉપલબ્ધ કરાવાઈ હતી.

શરૂઆતના થોડાક મહિના એની સાથે ગનમૅન પણ રહ્યો. ધીરેધીરે પરિસ્થિતિ થાળે પડતી ગઈ. એક દિવસ ડ્રગ્સની હેરાફેરીના ગુના હેઠળ પકડાયેલી ગેંગમાં એણે શિશુનો ફોટો જોયો... એને ધરતી માર્ગ આપે તો સમાઈ જવાનું મન થઈ ગયું હતું.

– જેસંગને સ્વીટુ એની તમામ અંતરંગ બાબતો જણાવતી રહી છે. 'તને નહીં કહું તો કોને કહીશ જિતુડા! મારે ક્યાંક તો હૈયું હળવું કરવું પડે કે નહીં? અહીં તો હું એક હરતીફરતી યંત્રમાનવ છું, રોબોટ છું. મને અંદર શું વીતતું હશે એ કોણ જાણે છે? મારી પાસે વાત કરવાનો એક માત્ર વિસમો મારો એ બાળગોઠિયો છે, જેની સાથે હું ધૂળમાં રગદોળાઈ છું, જેણે ક્યારેક ગુસ્સામાં મારું ફરાક ફાડી નાખ્યું હતું, ગાલ પર નખોરિયાં ભરી લીધાં હતાં અને પછી એની કાકીએ એને ઢોરમાર મારી ઢીબી નાખ્યો હતો. ત્યારે તારી સૌથી વધારે દયા પણ એ સ્વીટુડીને જ આવેલી – યાદ છે ને? એને તારી ફરિયાદ કરવા બદલ કેટલો ભારે પસ્તાવો થયો હતો! એ તને હસતોરમતો જોવા માગતી હતી પણ બારીમાંથી મમ્મીની નજર ચુકાવી ડોકિયું કરતી ત્યારે તારું પડી ગયેલું મોં જોઈને અને રડી રડીને સૂજી ગયેલી આંખો જોઈને એનું કાળજું ગળે આવી જતું હતું. જિતુ, રામ એમના સુખદ દિવસો યાદ કરતાં કહે છે એમ les efn vees efoJemee: ielee:~ આપણા એ દિવસો ગયા જિતુ. ના ગયાં એ મીઠાંમધ સ્મરણો.'

સ્વીટુની ભાષા એવી ચોટડૂક હતી કે એના શબ્દે શબ્દે અમી ટપકતું વરતાતું. જેસંગને ગર્વ થતો : ભલે એકલતાનો અભિશાપ લઈને અવતર્યો હોઉં પણ ઈશ્વરે એક બારી તો ખુલ્લી રાખી છે. અહીં બેઠાંબેઠાં સાત સમુંદર પાર મારી સાથે એની નાનામાં નાની સંવેદના શૅર કરવા ઉત્સુક હોય એ તે કોઈ જેવું તેવું વરદાન ગણાય!

એ ધીમે રહીને ઊભો થયો. બાલ્કનીના સળિયા પકડવા જતો હતો ત્યાં મ્યુનિસિપલ કૉર્પોરેશનની ઍમ્બ્યુલન્સ આરોગ્ય વિષયક 'ડૂઝ ઍન્ડ ડોન્ટ્સ'નો મોટેથી પ્રચાર કરતી સેક્ટરના અંદરના રસ્તા તરફ વળી.

'નોવેલ કોરોના વાઇરસના ચેપથી બચો. ઘર બહાર નીકળશો નહીં. સતત સાવચેતી રાખવામાં આવે તો વાઇરસના ચેપથી બચી શકાય છે. કોઈ પણ વ્યક્તિને ઉધરસ આવતી હોય, નાક ગળતું હોય – શરદી થઈ ગઈ હોય, છીંકો આવતી હોય અને ટેમ્પરેચર રહેતું હોય એનાથી ઓછામાં ઓછું એક મીટરનું અંતર જાળવો. આવી વ્યક્તિને તત્કાળ દવાખાને પહોંચાડી એને નોવેલ કોરોના વાઇરસનું ઈન્ફેક્શન તો નથી ને, એ માટે તબીબી તપાસ કરાવવાનો આગ્રહ રાખો. મોઢા પર માસ્ક રાખો અથવા જાડા રૂમાલથી કે દુપટ્ટાથી ચહેરો ઢાંકેલો રાખો. ભીડભાડથી બચો. વારંવાર હાથ સાબુ વડે સતત વીસ સેકંડ માટે ધોતા રહો. મોં, આંખ અને ચહેરાને હાથ ન લગાડો. ઘર સ્વચ્છ રાખો. ઘર સ્વચ્છ રાખો. સેનિટાઇઝરથી બારી-બારણાંના ધાતુના સળિયા, નકૂચા, હોલડોલ – બરાબર સાફ કરો. કોરોના વાઇરસ સપાટી પર ચોંટે છે અને સ્પર્શ કરવાથી માનવીના શ્વસનતંત્રમાં પ્રવેશી અંતે ફેફસાંને નકામાં બનાવી દે છે. આ એક ખતરનાક વાઇરસ છે. નવો શોધાયેલો હોઈ એને નોવેલ કોરોના નામ અપાયેલ છે. ચીનથી શરૂ કરી યુરોપ અને અમેરિકા સુધી એણે હાહાકાર મચાવ્યો છે. આપણે એની સામે જાગ્રત રહી લડત આપવાની છે. સોશિયલ ડિસ્ટંસિંગ, સામાજિક અંતર જાળવીને સાથે રહેવાનું છે. ઘરમાં પણ આ અંતર જાળવવાની જરૂર છે. ખાટાં ફળો જેવાં કે લીંબુ અને સંતરાંનું ભરપૂર સેવન કરો. ગરમ પાણીમાં મીઠું, હળદર, પોટેશિયમ પરમેંગેનેટ વગેરે ભેળવી કોગળા કરો. આ બધી જાણકારી મહાનગરપાલિકા તરફથી આપવામાં આવી રહી છે. શાકભાજી, કરિયાણું અને દૂધ જેવી જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ તમારા નજીકના શૉપિંગ કૉમ્પ્લેક્સની સુનિશ્ચિત કરાયેલ દુકાને નિશ્ચિત સમયે મળી રહેશે. દુકાનો આગળ ભીડ ન કરો.

અન્ય કોઈ પણ વ્યક્તિથી ઓછામાં ઓછું એક મીટર અંતર રાખીને ઊભા રહો.... જેસંગને બધાં સૂચનો તો યાદ ન રહ્યાં; એટલું જરૂર સમજાયું કે હવે પછીનો એકાંતવાસ એણે ઘરમાં પુરાઈ રહીને સહી લેવાનો છે. એણે એક ઊંડો શ્વાસ લીધો અને 'રા....મ' કહી છોડ્યો.

– 8-4-'20

* * *

11

જેસંગને હસવું આવતું હતું.

આ બધાને તો જાણે મોટો અવસર ના આવ્યો હોય – એટલો હરખ ચડ્યો છે. આખા પાટનગરમાં ફરી ફરીને આમ કરો ને તેમ કરોના ઘાંટા પાડ્યા કરશે. ભલા હશે તો હવે પોલીસ ખાતાવાળા એમની ગાડીઓ લઈને નીકળી પડશે. ઘરમાં જ પુરાઈ રહો, ખબરદાર જો બહાર નીકળ્યા છો તો! 'સોશિયલ ડિસ્ટંસિંગ' જાળવવાનો ઉપરથી આદેશ થયો છે અને સૌએ એનો અમલ કરવાનો છે. ડિઝાસ્ટર અને એપિડેમિક ઍક્ટ લાગુ થઈ ગયા છે. કારણ વગર રસ્તા પર કે સેક્ટરના ચોકમાં દેખાયા તો સીધા જ સલવાઈ જશો. કોઈની લાગવગ ચાલવાની નથી. કાયદેસરની કાર્યવાહી થશે અને દંડ થશે તે લટકામાં. ભૂલી જ જજો કે ગઈ કાલ સુધી તો આપણે મન ફાવે એમ ફરતા હતા, બગીચામાં લટાર મારવા નીકળતા હતા... એ બધો ભૂતકાળ થઈ ગયો માનજો.

જેસંગે જાણે પોલીસે શેરીએ શેરીએ લાઉડસ્પીકરમાં બોલવાની સ્પીચનો કાચો ડ્રાફ્ટ જ તૈયાર કરી દીધો અને જાતે ને જાતે પોતાની જાતને સંભળાવી પણ દીધો. કોઈ પણ દવા કે રસી બજારમાં મૂકતાં પહેલાં એનો ટ્રાયલ બેઝ પર અમલ કરવો પડે છે. જેસંગને લાગ્યું કે આવનાર થોડાક જ દિવસોમાં આખા રાજ્યના ખૂણેખૂણે આવું જ કંઈક લાઉડસ્પીકરમાં બોલાતું સંભળાશે.

'સોશિયલ ડિસ્ટંસિંગ!' હંઅઅ... જેસંગને ફરી એક વાર એ શબ્દાવલી પર હસવું આવ્યું. અલબત્ત, એમાં એ શબ્દ વાપરનાર પ્રત્યે સૂગ જ વ્યક્ત થતી હતી.

પોતે તો છે જ રોકડિયો હનુમાન. મારે કોનાથી એક મીટર છેટું જાળવવાનું? દીવાલ પર ટીંગાડેલા ત્રિમૂર્તિના, રંગ અવધૂત મહારાજના કે ગાંધીજી અને ટાગોરના ફોટાથી? કે પછી જેનાં ફક્ત સપનાં જ જોતો રહ્યો છું પણ દીવાલ પર એનો ફોટો ટીંગાડવાની હિંમત નથી કરી શક્યો તે સ્વીટુ ઉર્ફે ડૉ. સવિતા પટેલથી? એ તો એવું અંતર નહોતી જાળવવાની. જો એને ઍરપોર્ટવાળાઓએ બહાર નીકળવા દીધી હોત તો આ ક્ષણે મને અડોઅડ બેસીને કશુંક ખવડાવતી હોત. કાં તો એણે કૉફી બનાવી હોત અને મારો મગ એંઠો કરીને મને બઝાડ્યો હોત. મને આવી ચેષ્ટાઓ પ્રત્યે અણગમો હોય એથી એ થોડી અટકે? એ તો પેલી શબરીનો હવાલો આપીને મારી બોલતી જ બંધ કરી દેત. 'મોટો ચોખલિયો ના જોયો હોય તો! રામ તો પોતે ભગવાન હતા, છતાં એ ભીલડીનાં એંઠાં બોર પ્રેમથી ખાધેલાં કે નહીં?'

જેસંગ માટે સમય પસાર કરવાનો બીજો કોઈ રસ્તો જ ક્યાં હતો? સ્વીટુ આવી જ ન હોત તો એ તો પગપાળા ઊપડી ગયો હોત ગામડે. પિતરાઈઓ જમીન ખેડી ખાય છે, ઊધડના નામે વર્ષે-દહાડે માંડ બે-પાંચ હજાર આપે છે, પણ આવા કપરા સમયે એ ગામડિયા કુટુંબીઓ જરૂર સાચવી લેત. ખેતરોના શેઢા જોવામાં જ દિવસ વીતી જાત. સ્વીટુના પિતા પાસે તો ખાસ્સી સિત્તેર-પંચોતેર વીઘાં જમીન હતી. છતાં એમના એકે વારસદારને ગામડે રહીને ખેતીનું ધ્યાન રાખવાનું ન ગમ્યું. બે વીઘાં જમીનમાં બગીચા સાથેનું ફાર્મહાઉસ બનાવીને શેઠ તો સરગાપુરી સિધાવી ગયા, પાછળ જાણે કોઈ રણીધણી જ નહીં! બે ઠાકરડા રાખેલા છે, બધી જવાબદારી અભરામ નંદાવે એમના શિરે સોંપીને નબીરા સિટીમાં ધુમાડો શ્વસે છે! ફરી એક વાર જેસંગને પેલી કહેવત સાંભરી આવી : ભોગવે તે ભાગ્યશાળી! એ ભોગ્યા પછી જમીન હોય કે સ્ત્રી. સ્વીટુને પેલા ધોળિયાએ ભોગવી જ ને! એના નસીબમાં લખાયેલી હતી એટલે એને જ મળી. નહીંતર અહીં રહી પડી હોત તો કોઈ બાવન ગોળના પટેલનાં છોકરાં ઉછેરતી હોત. એટલું તો નક્કી જ હતું કે અહીં રહે કે પરદેશ જાય – એ કંઈ આપણા હાથમાં તો

આવવાની જ નહોતી....

અને સમાજમાં તો પહેલાંથી જ લબડેલા હતા જેસંગલાલ. કાકા પિતરાઈ એમની દીકરીઓ તમારો ઘરસંસાર વસાવવા થોડા વટાવવાના હતા? પેલા માનસંગભા અમથી મજાક નહોતા કરતા. ડોસાનો જીવ તો ઘણોય બળતો હતો. આવો રૂપાળો રાજકુંવર જેવો છોકરો એમ ને એમ વેડફાઈ રહ્યો છે – બિચારાને ક્યાંક લૂલું લંગડું, આંધળું-બહેરુંય બૈરું લાવી આપ્યું હોત તો મૂએલા રણછોડનો જીવ સદ્ગતિ પામત. પણ આ બધા તો હારા વાવેતરને બીજમાં રાખવા માગે છે! એના જેવો ભણેશરી, બુદ્ધિશાળી અને ઈમાનદર છોકરો ગામ આખું ગાંડું કર્યેય મળશે ખરો? એ જ એનો ગુનો! શોધી ચઢાવો શૂળીએ જાડા નરને જોઈ! એણે ધીરે રહીને દરવાજો ખોલ્યો.

કોઈને પગરવ ન સંભળાય એ રીતે સીડીનાં પગથિયાં વળોટી ધાબા પર પહોંચ્યો.

ઘણાબધા ફ્લૅટના ટીવી સેટ ધગધગી રહ્યા હતા.

વડાપ્રધાનનું રાષ્ટ્રજોગું પ્રવચન ચાલી રહ્યું હતું. 'આપણે કપરી કસોટીમાંથી પસાર થઈ રહ્યા છીએ પણ મને વિશ્વાસ છે કે આપણે સૌ સાથે મળીને આ પડકાર પણ ઝીલી શકીશું. એકસોત્રીસ કરોડ લોકોની સંયુક્ત શક્તિ કામે લાગે ત્યારે કોઈ પડકાર પાર કરવો અઘરો નહીં રહે. આ એક યુદ્ધ છે જે આપણે તમામ તકાત કામે લગાડી જીતવાનું છે અને દુનિયાને દેખાડી દેવાનું છે કે ભારત એની સાંસ્કૃતિક ચેતનાની અજેય તાકાતથી ગમે તેવી કઠિન પરિસ્થિતિનો સામનો કરી શકે છે અને વિશ્વનું માર્ગદર્શન કરી શકે છે....'

ધાબા પર વૉકિંગ કરતાં કરતાં ખૂણામાં ઊભીઊભી ધીમા અવાજે ફોન પર વાતે વળગેલી નીચેના ફ્લૅટવાળા સુધીરભાઈ અને વનિતાબહેનની એકની એક છોકરી પર નજર ઠરી. એ તાબડતોબ પગથિયાં ઊતરી ગયો. બિચારી માંડ એના માબાપની કેદમાંથી છટકીને વૉકિંગના બહાને ધાબે ચડી હશે. જેસંગ કબાબ મેં હડ્ડી બની એના એકાંતમાં ખલેલ પહોંચાડવા નહોતો માગતો.

શું કરતી હશે મારી સ્વીટુ? – એણે એ પ્રશ્ન ઘરની દીવાલને પૂછ્યો. દીવાલ જાણે એનો અવાજ સાંભળી શકતી હોય એમ મલકાઈ. બોલી : તું અહીં મારી અંદર નજરકેદ છે એમ એ વધુ કડક ચોકીપહેરા હેઠળ ત્યાં હૉસ્પિટલના આઇસોલેશન વૉર્ડમાં એકલવાસ ભોગવી રહી છે. એકલા રહેવાનો આનંદ પણ હોઈ શકે, પણ જ્યારે બળજરીપૂર્વક એકલતા ઓઢાડી દેવામાં આવે ત્યારે એનાથી આકરી કોઈ સજા નથી. તું સમજી શકે છે : એ પળેપળ તને ઝંખી રહી હશે. એને થોડું જ આઈસોલેટ થવું હોય? કદાચ બીમારી ફેફસાંની કોથળીમાં છલોછલ ભરીને આવી હોત તોપણ તું કંઈ એનાથી સોશિયલ ડિસ્ટંસિંગ નહોતો રાખવાનો. ઍપાર્ટમેન્ટના બધા રહેવાસીઓ મોરચો માંડીને એને પ્રવેશતી અટકાવવા મથત તોય તું એની ઢાલ થઈને ઊભો રહ્યો હોત. તેં ચૌધરીછાપ હાકોટો કરીને એ બધાને પડકાર્યા હોત : જેની માએ સવા શેર સૂંઠ ખાધી હોય એ આવે મારી સામે. ખબરદાર કોઈએ મારાં મહેમાનને તું-કારો સુધ્ધાં કર્યો છે તો! એમને રોગ હશે તો એનો ચેપ હસતા મોઢે ઝીલવા હું તૈયાર છું. તમને બીક પેસી ગઈ હોય ઇન્ફેક્શન લાગી જવાની, તો સલામત સ્થળે ખસી જઈ શકો છો. મારી વિરુદ્ધ સરકારને કે કૉર્પોરેશનને ફરિયાદ કરવાની પણ છૂટ છે. એ લોકો મારો જવાબ માગશે તો શું કહેવું તે મને આવડે છે. બસ, આટલામાં બધું સમજી જાવ તો સારું રહેશે. મને વધારે છંછેડવામાં મજા નથી, એટલું વિચારી લેજો.

– દીવાલ બોલતી હતી કે દીવાલ પર ટીંગાડેલી રંગ અવધૂત મહારાજની છબી? કે પછી દીવાલના મોઢે એનો ખુદનો માંહ્યલો બોલી રહ્યો હતો? જેસંગ એક સમજી ન શકાય એવી મૂંઝવણભરી પરિસ્થિતિમાં મુકાઈ ગયો હતો.

એનાથી રહેવાયું નહીં એટલે સ્વીટુનો નંબર જોડ્યો. જવાબની આશાએ છાતીના ધબકારા વધી ગયા હતા. છઠ્ઠી રિંગ પછી કોઈ પુરુષનો અવાજ આવ્યો.

'બોલો ભાઇ, આ અમારાં વીવીઆઈપી પેશન્ટનો મોબાઈલ છે અને હું આઇસોલેશન વૉર્ડનો ઇન્ચાર્જ ડૉ. રસેન્દુ શર્મા બોલું છું.'

'મૅડમની તબિયતના ખબર પૂછવા ફોન કરેલો સર. એક્ચુલી, એ મારાં મહેમાન છે. ઍરપોર્ટ પરથી સીધાં જ –' જેસંગની જીભ થોથવાઈ ગઇ. સામેથી રુક્ષ જવાબ મળ્યો : 'અત્યારે તો એ ગુજરાત સરકારનાં મહેમાન છે. અમે એમને વહેલામાં વહેલી તકે સાજાંસારાં કરવા પ્રયત્નશીલ છીએ. અત્યાર સુધીના ટેમ્પરેચર ચાર્ટ પરથી એમ લાગે છે કે બીજાં એમની ઉંમરનાં પેશન્ટો કરતાં બહુ ઝડપી રિકવરી આવી રહી છે. પણ અમે કોઈ રિસ્ક લેવા માગતા નથી. એટલે અમારા સિનિયર ચેસ્ટ ફિઝિશિયનના આદેશ પછી અમે એમનો મોબાઈલ લઈ લીધો છે. એ વારંવાર વાતચીત કરશે તો પોતાની જાતને જ નુકસાન કરી બેસશે. એજેડ છે, ભલે એમને ઉંમર દેખાતી ન હોય પણ આખરે ઉંમર તો ઉંમર જ છે. તમને પણ રિક્વેસ્ટ કરું કે એમને ડિસ્ટર્બ ના કરો તો સારું. તમે વૉટ્સઍપ મૅસેજ કરી શકો છો. હું કે અમારા મેડિકલ-પેરામેડિકલ સ્ટાફમાંથી જે કોઈ હાજર હશે તે એમને વાંચી સંભળાવશે. એમને બોલવાથી હાંફ વધી જવાની સંભાવના છે એટલે અમે લોકો તમારી સાથે એમને સીધી વાત તો નહીં જ કરવા દઈ શકીએ. સૉરી, માફ કરજો. અમારે માટે તો દરદીની હેલ્થને હાનિ ન પહોંચે તે જ ટૉપ પ્રાયોરિટી હોય.' જેસંગે 'થૅન્ક યુ સર' કહી 'મૅડમને કહેજો કે મારી ચિંતા ન કરે' એવું ઉમેરણ કરવાનો પ્રયાસ કર્યો પણ એ પહેલાં ફોન કટ થઇ ગયો. એણે હાર સ્વીકારી લીધી. આખરે સમય જ બળવાન ગણાયો છે. આજકાલ આ સરકારી ડૉક્ટરોનો સમય આવ્યો છે. આડા દિવસે કોઈ એમનો ભાવ નહોતું પૂછતું. જેની ત્રેવડ ન હોય એ સરકારી દવાખાને જતું અને જેનું પ્રાઇવેટ ચાલે એમ ન હોય એવા સાવ 'થર્ડ રેટ' ડૉક્ટરો સરકારી દવાખાનામાં નોકરી કરતા. કોરોનાએ એમને છાતીસરસા ચાંપી રાતોરાત મોટા બનાવી દીધા છે. એમના માનમાં વડાપ્રધાન અને રાષ્ટ્રપતિથી લઈ અમિતાભ બચ્ચન થાળી વગાડે છે, તાળી પાડે છે, શંખ ફૂંકે છે. અરે, કાલે એવો વખત પણ આવી શકે કે એમની આરતી ઉતારવી પડે. આખરે મોતનો મુકાબલો છે. કરોડોની કમાણી કરતા, સફળતાનાં એવરેસ્ટ આરોહી ચૂકેલા સ્વનામધન્ય ડૉક્ટરો તો ક્યારનાય એમનાં ક્લિનિક બંધ કરી ઊંડા ઓરડે પુરાઈ ગયા છે. વડાપ્રધાને આપેલું સૂત્ર એમણે યથાતથ માથે ચડાવી અમલમાં મૂકી દીધું છે : જાન હૈ તો જહાન હૈ!

ખેર, આનું જ નામ તે લોકશાહી! હમણાં આવો જ હાહાકાર કોઈ સામ્યવાદી દેશમાં મચ્યો હોય તો? ચીનમાં ખાનગી પ્રેક્ટિસ કરનારા ખરા ટાંકણે મોઢે ઓઢીને સૂઈ જવાની હિંમત કરી શકે ખરા? ઉત્તર કોરિયાવાળો તાનાશાહ તો એવાઓને તોપના મોઢે બાંધી ઉડાવીને જંપે. ઇંડિયામાં લોકશાહી આખરે 'પોકશાહી' જ સાબિત થઈ છે કે બીજું કાંઈ?

જેસંગે હથિયાર હેઠાં નહોતાં મૂકી દીધાં. એમ કંઈ એકાદ હાઉસમૅનના ઇનકારથી એ સ્વીટુ સાથે વાત કરવાના પ્રયત્નો થોડા છોડી દેશે? બાળવયે સ્વીટુની સાથે રાગડા તાણી ગાયેલી દલપતરામની પેલી કરોળિયાવાળી કવિતા યાદ આવી ગઈ :

કરતાં જાળ કરોળિયો ભોંય પડી પછડાય....

'પછડાય' હતું કે 'પસ્તાય'? સાત વર્ષની ઉંમરે ગાયેલી કવિતાનો એકાદ શબ્દ સિત્તેર વર્ષે આઘોપાછો થઈ જાય તો એ કાંઈ અલ્ઝાઇમરનું લક્ષણ ના ગણાય. એટલી વિસ્મૃતિ તો નરેન્દ્ર મોદીને પણ થતી હશે. વાજપેયી અને બાબુભાઈ જશભાઈ કે પેલા રોનાલ્ડ રૅગનની અને આપણા એક સમયના ઝુઝારુ નેતા જ્યૉર્જ ફર્નાન્ડિસની જે હાલત થઈ હતી તે જરૂર દયાજનક

ગણાય. ડૉક્ટરો એને અલ્ઝાઇમર્સ ડિસીઝ કહે છે. સ્વીટુની સ્મરણશક્તિ અકબંધ રહી છે અને પોતે થોડું-થોડું ભૂલવા માંડ્યો છે, એ કબૂલ. દાખલા તરીકે સ્વીટુને તો એ તમામ તારીખો યાદ છે જ્યારે એસ.એસ.સી.ની પરીક્ષાનું પરિણામ જાહેર થયેલું, એ સેન્ટરમાં પહેલા દસમાં પણ નહોતી આવી શકી જ્યારે માબાપ વિહોણો અને કાકાબાપાના ગોદા ખાઈને ઊછરેલો એનો બાળગોઠિયો એક્યાશી ટકા અને સંસ્કૃત તથા અંગ્રેજી વિષયમાં બોર્ડમાં હાઈએસ્ટ ગુણ સાથે એના કરતાં ક્યાંય આગળ નીકળી ગયો હતો. કમનસીબે પરિસ્થિતિ વશ એણે ટેલિફોન ઑપરેટરની નોકરી સ્વીકારી લીધી. પોતાની જેમ વડોદરા ભણવા આવ્યો હોત તો જરૂર એ પણ યુએસમાં જ સ્થાયી થયો હોત, કારણ કે આ દેશમાં સાચી મેરિટની તો કદર જ નથી. દરેક ક્ષેત્રનું સુકાન થર્ડ કે ફોર્થ રેટ લોકોના હાથમાં છે.

– જેસંગ રમ્ય કલ્પનાઓમાં તણાઈ ગયો. કલ્પનાઓના એ ધસમસતા પ્રવાહમાં ક્ષણ પૂરતો અમેરિકા પહોંચી ગયો જ્યાં આ ભવમાં તો એ ક્યારેય જઈ શકવાનો નહોતો. જાણે પોતે પણ કોઈ સુપર સ્પેશિયાલિટી ધરાવતો ડૉક્ટર છે અને સ્વીટુ એની જ હૉસ્પિટલમાં ગાયનેકોલૉજિસ્ટ તરીકે સેવાઓ આપે છે. બેઉ વચ્ચે એવો ગજબનો મનમેળ છે કે એક દિવસ ઓચિંતો જ એ સ્વીટુનો હાથ પકડી લઈ ચૂમી લે છે અને પૂછી બેસે છે : સ્વીટુ ડાર્લિંગ, શું આપણે આખી જિંદગી આમ એકબીજાથી સલામત અંતર રાખીને જ જીવવાનું છે? તને નથી લાગતું કે આપણે હવે એક છત નીચે રહેવાનું અને જીવનની ક્યારીમાં એકાદ નાનકડું ફૂલ ઉગાડવાનું પ્લાનિંગ કરવું જોઈએ? ઈટ ઈઝ હાઈ ટાઇમ બેબી. વી આર ઑલ રેડી થર્ટી પ્લસ!

ઓહ, એણે મોબાઈલ પર આવી રહેલ વૉટ્સએપ મૅસેજનો રણકાર સાંભળ્યો. પ્રકૃતિના શુદ્ધ સ્વરૂપનાં આવાં રમણીય ચિત્રો એણે અગાઉ ક્યારેય નહોતાં જોયાં. એ જ પેલા સરફરાઝ મિયાંએ આહ્લાદક દૃશ્યાવલી મોકલી હતી. કેસરિયાં ફૂલોથી લચી પડતાં વૃક્ષો; નિર્મળ ખળખળ જળવાળી નદી; સ્વચ્છ, કોઈ તાજા જન્મેલા શિશુની ભૂરીભૂરી કરુણામયી આંખો જેવું આકાશ, ધવલ મુકુટ ધારણ કરી રહેલ ગિરિશૃંગો, મસ્તી કરતાં કેલિરત મૃગો, આરામથી બગાસું ખાઈ રહેલ વનરાજ કેસરી અને એનો પ્રસન્ન પરિવાર... વાહ, વિષાદ ઓગળી જાય ઘડીક આવાં દૃશ્યો પ્રત્યક્ષ માણવા મળે તો. કોરોનાની કરુણાનો જ એ પ્રતાપ હતો ને! એક સાવ ક્ષ્ૅાલ્લક નરી આંખે ક્યારેય નહીં જોઈ શકાતું વાઇરસ – એણે પ્રકૃતિને જાણે ક્રૂર માનવીના સકંજામાંથી હંમેશને માટે આઝાદી ન અપાવી દીધી હોય! જેસંગને થયું : ઈશ્વર જે કરે તે સારા માટે, એ કહેવત અમસ્તી નહીં જ પડી હોય. ઈશ્વર સાવરણો લઈને સૃષ્ટિનો કચરો સાફ કરવા નીકળી પડ્યો છે. સાવરણો પણ કેવો સોહામણો! એના એકેએક સળેખડાની ટોચે કોરોનાનાં મોતી ટાંકેલાં છે. એણે ચીનથી આદરેલી સફાઈઝુંબેશ યુરોપ–અમેરિકાને ધમરોળતી કહેવાતા એના પોતાના દેશમાં પહોંચી છે. જ્યારે જ્યારે અવતાર લેવાનું મન થયું છે ત્યારે ઈશ્વરે ભારત પર જ પસંદગી ઉતારી છે ને! કલ્કિ અવતાર બાકી રહી ગયો છે તે આ કોરોના રૂપે તો નહીં લીધો હોય!

જેસંગ વિચારે ચડી ગયો હતો. કેવી રીતે પસાર થશે આ એકલવાસના દિવસો! જેને ઘર-પરિવાર છે એ તો ધંધામાંથી છૂટ્યાનો હાશકારો અનુભવશે. બેડરૂમો વધુ ઉષ્માભર્યા બની રહેશે. પણ મારા જેવા માટે તો –

આગળ કંઈ વિચારતો હતો ત્યાં આજીવન કુંવારી રહેલી ખ્રિસ્તી ક્લાર્ક ગેબ્રિલાનો મૅસેજ આવ્યો. ઈસુને શૂળીએ ચડાવેલ છે. લખ્યું છે :

આજે ગુડફ્રાઈડેના આ પવિત્ર દિને
પ્રભુને હું પ્રાર્થના કરું છું કે –
તેમના આશીર્વાદ સદાસર્વદા તમારા પર વરસતા રહે;

તમારી એ હરહંમેશ કાળજી લેતા રહે...

– આજે શુક્રવાર થઈ ગયો :

જેસંગને નવાઈ લાગી. છાપું પણ નથી આવતું. દીવાલ પર લટકતા કૅલેન્ડરમાં જોયું તો આજે તો હજી બુધવાર હતો. લૉકડાઉનમાં લોકો તારીખ અને વાર પણ વીસરી જાય તો નવાઈ નહીં! ક્યાં સમયસર તૈયાર થઈને સાડાદસ વાગ્યે જૂના સચિવાલયના બ્લૉક નં.6માં પહોંચી જવાનું છે, ખરુંને ગેબ્રિલા! કુશળ તો છે ને? ઍની વે, પ્રભુ પુત્ર ઈસુની કરુણા આપણા સૌના ઉપર વરસો! આ શુભ પ્રસંગે એક કાવ્યપંક્તિ મોકલું છું :

પ્રભુના પુત્રને મારા ચરણસ્પર્શો ઘણા હોજો;
બને તો કોઈ રોતા બાળનાં આંસુ જરી લ્હોજો!

– 10-4-’20

* * *

12

લૉકડાઉનનો બીજો રવિવાર.

વાસણોનો ઢગલો થઈ ગયો હતો.

જેસંગ પોતાની જાત પર હસી પડ્યો. ટિફિન આપનાર ચૂપચાપ આપી જતું, કોણ આપવા આવતું એનો પણ અણસાર ના આવતો. જેસંગે ગામડાના પેલા સાંકા જોશીના શબ્દો સંભારીને જે કંઈ થાય છે તે બરાબર થાય છે એમ માની લીધું હતું. સાંકા જોશી કહેતા : ખાનાર પીનારને ખુદા દેનાર. ઉપરવાળો બહુ દયાળુ છે. ભૂખ્યાં જગાડશે પણ ભૂખ્યાં સુવાડશે નહીં. ટિફિનની વ્યવસ્થા થઈ ગઈ એથી જેસંગનો સૌથી 'મોટો પ્રશ્ન' હલ થઈ ગયો હતો. રસોઈ કરવા આવનારી બાઈ કે એને અનુકૂળતા ન હોય ત્યારે ટિફિન મોકલનારી બાઈ તો લૉકડાઉનગાળા દરમિયાન બહાર નીકળી શકે એમ જ નહોતી. ભલું થજો આખાબોલી પાડોશણ જશોદાનું કે એણે પોતાના બોલ્યા સામું જોયા વિના કુટુંબના જ વડીલને સાચવતી હોય એમ પોતાને સાચવી લીધો.

આઠમા ધોરણની ગુજરાતીની ટેક્સ્ટમાં મુકુંદ પારાશર્યનું એક કાવ્ય આવતું તે યાદ આવી ગયું. ઇતિહાસના અધ્યાપક વિદ્યાર્થીઓની કસોટી કરવા પૂછે છે : જગતમાં સૌથી મોટો પ્રશ્ન કયો? કોઈ વિશ્વની વિવિધ ક્રાંતિઓની વાત કરે છે, કોઈ ટ્રૉયના યુદ્ધની. પરંતુ છેલ્લી બેંચ પર બેઠેલો છોકરો જે જવાબ આપે છે તે જ સાચો છે –

'સા'બ, સા'બ પ્રશ્ન એક રોટલાનો મોટો છે!'

જેસંગનો રોટલાનો પ્રશ્ન ઉકેલાઈ ગયો હોવા છતાં એને ઊંડેઊંડે ભોંઠપ તો વરતાતી જ રહી. આખરે મારે આ લોકોની મહેરબાની તો સ્વીકારવી પડી ને! પરણ્યો હોત, તો આ પ્રશ્ન ઉપસ્થિત થયો હોત ખરો? કદાચ પત્ની અડધે રસ્તે મોટું ગામતરું કરી ગઈ હોત તોય દીકરા-દીકરી હોત. દીકરાની વહુને ઘરડા સસરાને સાથે રાખવાનું ધરાર ન ગમતું હોય તોય સમાજની બીકે રાખવો પડે છે ને! અને પોતે થોડો એવો ઑર્થોડૉક્સ સસરો બની રહેત? વહુબેટાને દીકરા કરતાં વધુ લાડ કરત. એનાં ભૂલકાંનો ઘોડો થઈને ઘરને ગોકુળ બનાવી દેત. પણ જેસંગલાલ, જેસંગલાલ! તમે જન્મ્યા ત્યારથી જ કર્મોના કાઠા છો. હથેળીમાં બૈરાની રેખા જ ચીતરવાનું ભૂલી ગઈ હતી પેલી વિધાત્રી.

નસીબદાર હોત તો જેની સાથે છેડાછેડીની રમત રમતા એ જ હઠ ના લઈ બેઠી હોત : પરણું તો જિતુડાને જ. બાકીના બધા ભાઈબાપ. પણ એને તો બસ, કૅરિયર બનાવવી હતી. બનાવી પણ ખરી, છતાં સુખ ક્યાં જોયું?

એની આંખોમાં સ્વીટુની જીવનઝરમર ઝળઝળિયાં બની તરવરી રહી.

અત્યારે તો પડી છે બિચારી આઇસોલેશન વૉર્ડના ખાટલે, પોતે ડૉક્ટરોનીય ડૉક્ટર છે, છતાં આ સરકારી ડૉક્ટરોએ એનો મોબાઈલ સુધ્ધાં મુકાવી દીધો છે. કેવી લાચારી અનુભવી રહી હશે મારી સ્વીટુડી...

જોકે આવી જ લાચારી એણે શિશુની વહુએ એની સાથે રહેવાનો ધરાર વિરોધ કર્યો ત્યારે પણ અનુભવી હશે. શિશુ ખાતર તો એણે બળબળતા વૈશાખ જેવું યૌવન હોમી દીધું હતું. પછી શું થયું હશે?

વિધવા માતાએ શું ખરેખર એનાં ખોવાયેલાં સપનાં શોધવાનો પ્રયાસ જ નહીં કર્યો હોય? ના, ના. એવું થોડું હોય. બધી વાતો થોડી આપણને કહે? એ કહેવા માગતી હોય તોય આપણે સાંભળવી ન જોઈએ. આખરે એ સ્ત્રી હતી; રૂપાળી, યૌવનથી તરબતર પ્રતિષ્ઠિત સ્ત્રી. એને પણ પુરુષનો પડછાયો તો ખપતો જ હોય. પ્રતિષ્ઠાનો ખ્યાલ રાખીને એ કોઈ મિત્ર સાથે

હળી ગઈ હશે. વીક ઍન્ડમાં એની સાથે રહી આવતી હશે કાં તો એને પોતાને ત્યાં બોલાવી લેતી હશે. અમેરિકામાં કોણ કોની સાથે હરેફરે છે એ જોવા કોઈ નવરું ન હોય. એના અંતરંગ જીવનની કરુણતા તો એ શૅર કરતી રહી હતી, પણ એના સમાધાન રૂપે કરેલ ઇલાજની ચર્ચા કરવામાં એને ક્ષોભ પણ વરતાયો હોય. વળી પાશ્ચાત્ય દેશોમાં આવાં સમાધાન બહુ લાંબો વખત ટકતાં પણ નથી. ક્યારેક તો એ ગણતરીના દિવસોમાં શમી જતાં હોય છે. ક્યારેક છ મહિના, વરસ; બે વરસ ખેંચી કાઢે તો ઘણી સક્સેસફુલ ફ્રેન્ડશિપ ગણાતી હોય છે. આવી રૂપાળી ઇન્ડિયન મહિલાને એની ભરજુવાનીમાં ભોગવવા તો ધોળિયા અને કાળિયા લાઇન લગાવે. જરૂર કંઈક તો બન્યું હશે. ભલે બન્યું. મારી જેમ સમાજ અને નોકરીના ડરથી બી બીને જીવવું એ તે કોઈ જિંદગી છે? એણે વાસણ ઉટકતાં ઉટકતાં અત્યાર લગી સ્વીટુ વિશે ક્યારેય નહીં કરેલી અવનવી, મૌલિક કલ્પનાઓ માણી લીધી. વાસણ માંજવાનો આ પહેલો જ પ્રસંગ હતો. પરંતુ અત્યારે ચોકડીમાં એ એકલો નહોતો. એની અડોઅડ એક કલ્પનામૂર્તિ બેઠેલી હતી. એવડી મોટી હસ્તી આપણા ત્યાં પગલાં કરવાની હોય ત્યારે મોઢું બગાડીને થોડા બેસી જવાય!

મોબાઈલ પર કોઈની રિંગ આવી રહી હતી. 'બોલો, બોલો. ચૌધરી જ બોલું છું.' ભીના હાથ લૂછી એણે મોબાઈલ કાન સોતો ગોઠવ્યો. 'વાસણ માંજવા બેઠો છું માયાબહેન. કુંવારા રહી ગયા ને!'

'કેમ, કામવાળી નથી આવતી?'

'વડાપ્રધાને કામવાળીઓને ના પાડી છે!'

'યાર, તમને મદદરૂપ થવાનું ઘણુંય મન થાય છે. પણ આ સોસાયટીના નાકે જ પોલીસ બેઠી છે. શું કરીએ?'

માયાબહેન ચૌધરી સમાજના પ્રતિષ્ઠિત અગ્રણીનાં વિધવા હતાં. લાગણી ઘણી પણ એવી જબરી નહીં કે લક્ષ્મણરેખાઓ ઓળંગી શકે. બલકે ખુદ જેસંગ પણ ચારિયના મુદ્દે તો જૂની ગાંધીઘરેડનો જ જણ : 'પરસ્ત્રી જેને માત રે!' હંઅં, એ મનોમન હસી પડ્યો. પરસ્ત્રીને વળી મા તોલે ગણવાની શી જરૂર? નરસિંહ મહેતાએ લખી પાડ્યું અને મહાત્મા ગાંધીએ એનો આખી દુનિયામાં પ્રચાર કરી નાખ્યો. એમાં બિચારા કેટલાય જેસંગા જેવા નવાણિયા કુટાઈ મૂઆ. આખી જિંદગી બૈરા વગર કાઢી નાખી. ઈશ્વર પણ જબરો ખેલંદો છે. માંડ છેલ્લી અવસ્થામાં થોડી શક્યતા જાગી હતી એ પણ રોળીટોળી નાખીને જ જંપ્યો.

ફરી એક વાર એને સ્વીટુના એ રહસ્યમય ભૂતકાળનું પગેરું લેવાનું મન થયું. વાસણ માંજતાં માંજતાં એને ઊજળી થયેલી તપેલીના તળિયામાં સ્વીટુનો મરક મરક મલકાતો ચહેરો દેખાઈ રહ્યો. 'શું કામ પજવે છે મને?' એનાથી મોટેથી પુછાઈ ગયું. મને ખબર છે, તારો ને મારો કોઈ કાળે મેળ બેસે એમ નહોતો. તું ભણવા માટે ઘરનાં વડીલો સામે બાકરી બાંધી શકે, જેસંગ ખાતર થોડો ઝઘડો કરી શકે? અબુધ બાળક હતી ત્યારે વાત જુદી હતી અને છતાં તારી માને તો હું દીઠોય નહોતો ગમતો. જાણે તારું હરણ કરી જવાનો ના હોઉં!

હશે, જે કિસ્મતમાં લખાવીને આવી હતી તે મળ્યું. અમેરિકા–અમેરિકા કરતી હતી તે અમેરિકા પણ ગઈ. ત્યાં જઈને કોઈએ કલ્પી પણ ન હોય એવી પ્રતિષ્ઠા પણ મેળવી. વ્હાઈટ હાઉસમાં ફર્સ્ટ લેડીની ડૉક્ટર તરીકે નિમણૂક મળવી એ તે કોઈ નાનીસૂની સિદ્ધિ છે? આ ડફોળ નેતાઓને કદર જ ક્યાં છે? એ તો એમનાં ગાણાં ગાતા ફરે એવા ભાંડભવાયાઓને શોધી શોધીને પદ્મશ્રીનાં પતાકડાં પહેરાવી દે છે. તને આ દેશની વિદેશમાં પ્રતિષ્ઠા વધારનારી મહિલા તરીકે આ લોકોએ તો પદ્મભૂષણ આપવો જોઈએ.

વાસણ ઉટકવા માટે વાયરનું ગૂંછળું કેમ અનિવાર્ય હશે એની આજે જ સમજણ પડી.

વાયરના ગૂંછળા વડે રિન કે એરિયલ જેવો પાવડર નાખીને વાસણ તો ગમે તેટલાં ખરડાયેલાં હોય તોય ઊજળાં થઈ જતાં હશે પણ આપણા નેતાઓના મનનો મેલ સાફ કરનારો નથી તો કોઈ ડિટર્જન્ટ શોધાયો કે નથી એમને કોઈ વાયરનું ગૂંછળું અજવાળી શકતું. માણસો કાગડા-કૂતરાના મોતે મરતાં હોય તો પણ એમને તો પોતાના જયકારા કરાવવા જ ગમે છે. નાનામાં નાની બાબત પર એ લોકો એમની રાજનીતિનો ઢોળ ચડાવી દેતા હોય છે. વડાપ્રધાન કોઈ દેવદૂત તો હતા નહીં. માટીના ઢેફામાંથી ફણગીને એ દિલ્હીના મયૂરાસન સુધી પહોંચ્યા હશે ત્યારે એમને થોડી ખબર હશે કે એક દિવસ અયોધ્યાના રામલલા કે કાશીના વિશ્વનાથને પણ કોરોના સામે લૉકડાઉન થઈ જવું પડશે! કોઈ મંદિર, કોઈ દરગાહ, કોઈ ચર્ચ કે ગુરુદ્વારામાં બેઠેલ ઈશ્વર, ખુદા, ગૉડ, વાહે ગુરુ આ કોરોના સામે માનવીની ઢાલ બનીને ઊભા રહેવા તૈયાર નથી. એમણે જાતે જ ક્વૉરન્ટાઇન થઈ જવાનો વિકલ્પ સ્વીકારી લીધો છે. અત્યારે કોઈ મહામૃત્યુંજય જાપ, હનુમાન ચાલીસા કે ગીતા-કુરાન-બાઇબલ મરતા માણસને બચાવી શકવાનાં નથી. ઇટાલી અને સ્પેનમાં લાશોના ગંજ ખડકાઈ ગયા છે અને અમેરિકામાં દર કલાકે મૃત્યુઆંકમાં સેન્સેક્સની જેમ ઉછાળો આવી રહ્યો છે. તજજ્ઞો તો કહે છે કે એ બધા કરતાં હિંદુસ્તાનની હાલત તો વધારે દારુણ બની શકે એમ છે.

વાસણ માંજીને પરવાર્યા પછી એને એકાએક યાદ આવ્યું કે આજે તો રાતના નવ વાગ્યે નવ મિનિટ સુધી ઘરની લાઈટો બંધ કરીને અંધકાર સામે પ્રકાશના વિજયની ઉજવણી કરવાની છે. વડાપ્રધાને દિલ્હીથી આદેશ કર્યો છે. દરેક માણસ એક કોડિયું, મીણબત્તી કે બીજું કંઇ ન મળે તો મોબાઈલ ટૉર્ચ ચાલુ કરી અંધકાર સામે પડકાર ફેંકશે. કોરોનાના કાળમુખા રાક્ષસને હિંદુસ્તાનની એકસોત્રીસ કરોડ જનતા હાકલા પડકારા કરી ભગાડી મૂકશે!

એને હસવું આવી ગયું. વાહ, આ પણ જબરી પ્રતીકાત્મક ફાઈટ છે! પણ હવે જ્યારે વડાપ્રધાને આદેશ કર્યો છે ત્યારે એ માથે ચડાવવો જ રહ્યો. આપણે તો પાછા રિટાયર્ડ ગવર્નમેન્ટ સરવન્ટ. બૉસ કહે કે રાત છે તો ધોળે દિવસે પણ એમની હામાં હા પુરાવવી તે આપણી ફરજ છે!

વાસણોનો ખડકલો ઊંચકીને કિચન તરફ આવતો હતો ત્યાં એકસાથે પંદરવીસ પોલીસવાનોનો કાફલો સેક્ટરમાં પ્રવેશ્યો. લાઉડ સ્પીકરમાં એ બધાં વાહનોમાંથી વારાફરતી કોઈ ને કોઈ મોટા અવાજે રાતના નવ વાગ્યે નવ મિનિટ સુધી માનનીય વડાપ્રધાનશ્રીનાઓએ કરેલ આદેશ મુજબ દીવા લઈને બારી પાસે, ગૅલેરીમાં, ઘરના દરવાજા આગળ કે ધાબા ઉપર પહોંચી જવાનું છે. એ વખતે પેલું વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેનું સોશિયલ ડિસ્ટંસિંગ જળવાઈ રહે તે જરૂરી છે. કોઈએ શેરીઓમાં ટોળે વળવાનું નથી કે સરઘસ કાઢવાનું નથી. ફક્ત અંધકાર પર પ્રકાશના વિજય માટેની પ્રાર્થના કરવાની છે. પોલીસની ગાડીઓ એવી દોડી રહી હતી કે જાણે પાકિસ્તાને એકાએક ગુજરાતની રાજધાની પર હુમલો ન કર્યો હોય! અગાઉ પાકિસ્તાન અને એથીય પહેલાં ચીન સાથેના યુદ્ધ વખતનો અંધારપટ જેસંગે નરી આંખે જોયો હતો. સાયરન વાગતી એ સાથે ટપોટપ બધી જ સ્ટ્રીટલાઈટો અને ઘરોની લાઈટો બંધ થઈ જતી. થોડી જ વારમાં આકાશમાં વિમાનોની ઘરઘરાટી સંભળાતી. ક્યાંક બૉમ્બ ફેંકીને દુશ્મનનાં લડાકુ વિમાન ભાગી જતાં. ભારતીય વાયુદળના જાંબાઝ જવાનો મિગ–21 જેવા વિમાન મારફત એનો પીછો કરતાં. જામનગરની હવાઈ પટ્ટી તોડી નાખીને દુશ્મન દેશની વાયુસેનાએ એની વિનાશક તાકાતનો પરચો બતાવી દીધો હતો. ભુજના લોકો ઉફરા શ્વાસે જીવતા હતા. અમદાવાદ પર કોઈ પણ ક્ષણે હુમલો થઈ શકે છે, વડોદરા નજીક કોયલી રિફાઇનરીને ગમે ત્યારે ધ્વસ્ત કરી શકાય છે – એવી શંકા હવામાં ઘૂમરાતી રહેતી.

પોલીસના કાફલાએ સેક્ટરમાં પાંચ રાઉન્ડ માર્યાં. એકીસાથે બધી લાઈટો બંધ થઈ

જવાથી વીજળીના લોડની સમસ્યા ઊભી થઈ શકે એવી વૈજ્ઞાનિક ચેતવણી પછી ફક્ત ઘરની લાઈટો જ બંધ રાખવી એવી ખાસ સૂચના અપાઈ રહી હતી. સ્ટ્રીટલાઈટ, એસી, ફ્રિજ વગેરે ઉપકરણોને સ્વિચ ઑફ નહીં કરવાની તાકીદ પણ વડાપ્રધાન અને મુખ્યમંત્રીશ્રીનાઓએ કરેલ સૂચન મુજબ કોકિલ કંઠી પોલીસબાળાના અવાજમાં વારંવાર વહેતી મુકાઈ રહી હતી. જોણું થશે, તાળીઓ-થોળીઓ અને શંખનાદ પછીનું આધ્યાત્મિક પગલું તે આ દીપ જ્યોતિ નમોસ્તુતે!

– જેસંગના મનના ઊંડાણમાં અકળ પીડા હતી – એ પીડા માત્ર સ્વીટુના નામની જ હતી શું? જેસંગ અરીસા સામે ઊભો રહી જેસંગ પાસેથી જ જવાબ માગી રહ્યો હતો.

કદાચ હા. કારણ કે આ જગતમાં એ સ્ત્રી સિવાય કોઈને પોતાની પડી નહોતી. બાળપણમાં બીજાય ઘણા ગોઠિયા હતા – જગદીશ, લાલો, મનસુખ, વીરસંગ, રઘલો, મફત, ધીરુ.. હજી એ બધાના ચહેરા એવા ને એવા યાદ છે જેસંગને. એ પૈકીના મોટા ભાગના તો મોટા ગામની મહેમાનગતીએ ઊપડી ગયા હતા. કેટલાક તો પૂરાં ચાળીસ વર્ષ પણ નહોતા જીવ્યા. જીવે છે એ એમની પોતપોતાની નાનકડી દુનિયા વસાવીને બેસી ગયા છે. એમને ખબર તો હશે કે ક્યારેય બીજા નંબરે નહીં રહેલો જેસંગ હજી આ પૃથ્વી નામના ગ્રહ પર હયાત છે. એ પેલી સવિતા પટેલ ઉર્ફે સ્વીટુની જેમ સેલિબ્રિટી નથી બની શક્યો, કારણ કે વિધાતા એના છઠ્ઠીના આંક પાડવા આવી ત્યારે આ મૂરખાએ મૂઠી ઉઘાડી જ નહોતી. સેલિબ્રિટી રેખા ચીતરવાનું ભૂલી જઈને વિધાતાએ એના ટાઇમ શિડ્યૂલ મુજબ જેસંગના ઘોડિયાને હળવેકથી ધક્કો મારી વિદાય લઈ લીધી હતી...

પણ એવું નથી કે જેસંગને ફક્ત સ્વીટુની જ ચિંતા થતી હોય. એને વિશ્વના એવા અસંખ્ય લોકોની ચિંતા થઈ રહી હતી જે ઊંઘતા ઝડપાઈ ગયા હતા. કોરોનાએ સીધી જ એમની ગળચી દબાવી દીધી હતી.

એમને ક્યાં ખબર હતી કે ધાર્મિક મેળાવડામાં ભાગ લેવા જઈશું ને પાછા વળશું ત્યારે કોરોનાનો રૂપકડો ચંદ્રક ગળામાં પરોવી ઘરમાં દાખલ થઈશું? દુબઈ ધંધાર્થે વારંવાર જનારા પેલા ઉમંગને થોડી ખબર હતી કે એ સ્વપ્નનગરીથી પાછો આવી ઘરના બધા સભ્યોને કોરોનાનો મુગટ પહેરાવી દેશે?

– પાટનગર મહદંશે કોરોનાના આક્રમણથી બચેલું લાગી રહ્યું હતું. એ યુવાન બિલ્ડરે કોરોના માટે લાલ જાજમ પાથરી હતી. એના વયોવૃદ્ધ દાદા અને દાદીને તો વેન્ટિલેટર પર મૂકવાં પડ્યાં હોવાનું ન્યૂઝમાં રિપીટ થયા કરતું હતું.

દરમિયાન નવ વાગવામાં બે મિનિટ બાકી હતી ત્યાં આખા સેક્ટરમાં અંધારપટ છવાઈ ગયો. બાલ્કનીઓ, દરવાજા અને બારીઓ, દીવાઓ અને મીણબત્તીઓથી ઝળહળી ઊઠ્યાં. પ્રકાશપર્વની સ્તુતિના શ્લોકોનું સામૂહિક ઉચ્ચારણ શરૂ થઈ ગયું. શંખધ્વનિ થયો. વંદે માતરમ્ અને ભારત માતાકી જયના નારા ગુંજી ઊઠ્યા. થાળીઓ વગાડાઈ, તાળીઓથી આકાશ ગુંજી રહ્યું.

– આનું નામ શિસ્ત. આનું નામ નેતૃત્વ. મહારાજા ઘણું જીવો.

એ હસી પડ્યો. પછી મોબાઈલ ટૉર્ચ ઑન કરી પોતે પણ બાલ્કનીમાં ઊભો રહ્યો.

– 12-4-'20

* * *

13

કપડાંનો ખડકલો ખડકાઈ ગયો હતો.

જેસંગ મૂંઝાઈ ગયો હતો. જાતે કદી અંડરવેર પણ ધોયો હોય તો ને! પિતરાઈ પરિવારમાં બાઈ માણસોનો સુકાળ હતો. ઘરનાં છોકરાં સાથે જેસંગનાં લૂગડાં પણ કાકીઓ ધોઈ નાખતી. છેક અગિયાર વરસનો થયો ત્યાં સુધી પિતરાઈ ભાંડુડાંની સાથે નાગોપૂગો ફર્યા કરતો.

એને હવે એ અવસ્થા ફરી જીવવાનો મોકો હતો. તક ઘણી વાર માણસને સામા પગલે શોધતી આવે છે. રોજેરોજે બંડી-જાંઘિયા અને લુંગીઓ ધોવી પડે એ તો ભારે કંટાળાજનક. કામવાળી બાઈને એટલેસ્તો બીજા લોકો કરતાં સો રૂપિયા વધારે આપતો. એક તો સાવ એકાવો માણસ. ગરજની મારી કામવાળી આવતી હતી પણ એનેય અવળું બોલતાં કેટલી વાર? એ ફક્ત ‘છોડો, કહું છું મારો હાથ છોડો – નહીંતર બૂમ પાડીશ!’ એટલો જ ડાયલૉગ આરોહ-અવરોહ સાથે બોલે તો જે. આર. ચૌધરીનાં ધોળાંમાં ધૂળ જ પડે વળી.

એવું ક્યારેય ન બને એની તકેદારી રાખવા કામવાળી જેવી ફ્લૅટમાં દાખલ થાય કે તરત જેસંગ દરવાજો ખોલીને પૅસેજમાં સવારના સૂરજ સાથે ગોઠડી માંડતો. આદિત્યહૃદય સ્તોત્ર બોલતો. એને સૂર્યનાં બારે નામ મોઢે થઈ ગયાં હતાં. કંકુમિશ્રિત જળ સૂરજને ચડાવતો હોઈ એની ઈમેજ આજુબાજુના રહેવાસીઓમાં ધાર્મિક વડીલ તરીકે બંધાઈ ચૂકી હતી. એથી જ થોડા દિવસ અગાઉ કાયો થઈને અસલ ચૌધરીના સ્વરૂપનો પરચો કરાવ્યો તોપણ પાડોશીઓએ એની ગાળોને ગણકાર્યા વગર ટિફિન પહોંચાડવાનું શરૂ કરી એનો પેટપ્રશ્ન હલ કરી દીધો હતો.

કામવાળી તો હવે આવવાની નહોતી. ટિફિન મૂકનારું પણ અગિયાર-સાડા અગિયારના સુમારે કૉલબેલ વગાડી ચૂપચાપ પગથિયાં ઊતરી જતું. કાકાને એવું ના લાગવું જોઈએ કે હું કોઈની મહેરબાની પર જીવી રહ્યો છું.

જેસંગે બાળપણવાળો નુસખો અમલમાં મૂકવાનો નિર્ણય કર્યો. અહર્નિશ મહાવીર સ્વામીની જેમ દિશાઓનાં વસ્ત્ર પહેરીને ઘરમાં ને ઘરમાં આંટાફેરા માર્યા કરવાના. એથી બે ફાયદા થશે : એક તો રોજેરોજ લૂગડાંના ધોણની સમસ્યા ઊકલી જશે ને બીજો ફાયદો એ કે પ્રકૃતિથી વધુ નિકટતા અનુભવાશે. વસ્ત્રો માણસને પ્રકૃતિથી વેગળો રાખે છે. એથી મોટા ભાગની ત્વચા ઢંકાયેલી રહેતી હોઈ એને સૂર્યનો પ્રકાશ કે હવા સ્પર્શી શકતાં નથી. આવી આડશો ફગાવી દેવાથી માણસ સીધો જ એના પૂર્વજ વાનરની લગોલગ આવી જાય. એને ઉઘાડો ફરતો જોઈ એના સ્વજનો એને ગાંડો ગણી કાઢે પણ વૃક્ષો પર બેઠાંબેઠાં પક્ષીઓ એને સાવ પ્રાકૃત અવસ્થામાં જુએ ત્યારે રાજીનાં રેડ થઈ જાય. નાગે-નાગાં ફરતાં ગાય, બકરી, કૂતરાં બિલાડાંને એ પોતાની પંગતમાં વટલાયેલો લાગે. કેટલાંકને આશ્ચર્ય થાય, કેટલાંકને અમૂંઝણ.

પણ અહીં ચારે તરફથી બંધ, સેલ્યુલર જેલના પ્રિઝનસેલ જેવા એના ફ્લૅટમાં એને નાગો જોઈને કોઈ નહોતું ઓઝપાઈ જવાનું કે નહોતું ઠપકો આપવાનું. દીવાલ પર લંગોટીભેર ટીંગાયેલા રંગ અવધૂત મહારાજ એમનો ઊંચકાયેલો વરદ હસ્ત હેઠો નહોતા મૂકવાના કે કૅલેન્ડરમાં હસતા માનનીય પ્રધાનમંત્રીશ્રીનાઓ એની સામે અભદ્ર પ્રદર્શનનો કેસ નહોતા કરવાના.

વાહ, આનું જ નામ સાચી આઝાદી. અલબત્ત, એ આઝાદી કોરોનાને આભારી હતી અને ઘરની ચાર દીવાલો વચ્ચે જ માણી શકાય એવી હતી. એણે આવી ઉમદા તક-જાત ઢંઢોળવાની ઉપલબ્ધ કરાવવા બદલ એ અદૃશ્ય મોલીક્યૂલનો આભાર માન્યો.

રાત ગળતી જતી હતી. ઊંઘ આવતી નહોતી. યુરોપમાં અને અમેરિકામાં લાશોના ઢગ ખડકાઈ રહ્યાના સમાચાર મોબાઈલમાં ફ્લૅશ થયા કરતા હતા. કોરોનાથી પીડિત વ્યક્તિનો અંત કેટલો દર્દનાક હોય છે, એની ન્યૂઝ સ્ટોરી જોઈ ઘડીક એનું હૃદય ધબકારા ચૂકી જશે એમ લાગ્યું. શું એકવીસમી સદીનો માનવી એક વાઇરસ આગળ વામણો સાબિત થઈ રહ્યો હતો? એના ચિત્તમાં વિષાદની તીણી લોહિયાળ રેખા ખેંચાઈ રહી. એણે અંતર્મુખ થવા આંખો મીંચી. ભ્રૂકટિમાં મન કેંદ્રિત કરવા પ્રયાસ કર્યો. થોડુંક અજવાસ જેવું દેખાયું ખરું પણ ધ્યાન ન જ લાગ્યું એટલે એ બાબા રામદેવ પ્રેરિત અનુલોમ-વિલોમ અને કપાલભાતિ કરવા લાગ્યો. એની નજર સહસ્રાર ચક્ર તરફથી ઊતરતી ઊતરતી ઉપસ્થ સુધી પહોંચી. એને સ્વીટુ યાદ આવી ગઈ. અત્યારે હોત તો આમ જંપીને બેસવા દેત ખરી? ભલે પોતાની કેટલીક અંગત બાબતો ફોન કે મૅસેજ દ્વારા જણાવતી રહી હોય, પરંતુ જોનસનના મૃત્યુ પછી કોઈ પુરુષ સાથે સંબંધ બંધાયાની ચર્ચા એણે ક્યારેય નહોતી કરી. મોનિકા લેવિન્સ્કીનો કિસ્સો બહાર આવ્યા પછી જેસંગને સ્વીટુની ચિંતા થવા લાગી હતી. શું વ્હાઈટ હાઉસમાં એના રૂપનાં અમી પર નજર બગાડનારાનો દુકાળ પડ્યો હશે? બની શકે કે પોતાની અને સામાવાળાની પ્રતિષ્ઠાનો ખ્યાલ રાખી બધું દાબડદીબડ ચાલવા દીધું હોય – મનોમન સાક્ષી!

પરંતુ હશે તોય એ કેવળ શરીરના જ સંબંધો હશે. એનું મન તો જોનસન સાથે જોડાઈ ત્યારે પણ એના જિતુમાં જ પરોવાયેલું હતું : એ વારંવાર ફોન કરતી. ગુજરાતીમાં જોનસનની હાજરીમાં જ વાત કરતી અને કલાકો સુધી ફોન હેઠો ન મૂકતી ત્યારે જોનસન થોડો ચિડાતો પણ ખરો. પણ એમ એના ધોળિયા જીવનમિત્રના છંછેડાઈ જવાથી આ ઇન્ડિયન ટાઇગ્રેસ થોડી ડરી જવાની હતી. ધરાર કહી દેતી : માઇન્ડ યૉર બિઝનેસ જૉની. આય'મ ટૉકિંગ વિથ માય ચાઇલ્ડહુડ લવર!

'લવર' શબ્દ સાંભળી જેસંગ નખશિખ ઝણઝણાટી અનુભવતો. ધૅટ મીન્સ, એ શારીરિક જરૂરિયાતો ઍક્સ-વાય-ઝેડ સાથે સૂઈ જઈ પૂરી કરતી રહી, પરંતુ લવ તો એણે....

ગળક... કરતો મીઠો લાળશપડ જેસંગના ગળા નીચે ઊતરી ગયો. કેવી કમનસીબી છે કે જેની પાછળ જિંદગી આખી ઝૂરતી રહી એની સાથે થોડોક એક્સ્ક્લુઝિવ સમય વિતાવવાનો વનપૉઈન્ટ પ્રોગ્રામ કરીને ઇન્ડિયા આવવા નીકળી ત્યારે બારોબાર ઍરપોર્ટ પરથી જ એને ક્વૉરન્ટાઇન અને આઇસોલેશન વૉર્ડમાં ધકેલાઈ જવું પડ્યું.

– તારું નખ્ખોદ જાય કોરોના! એનાથી શાપ અપાઈ ગયો. રાત ગુજરતી રહી પણ ઊંઘ હાથતાળી દઈને ગઈ તે ગઈ. એણે મોબાઈલ ખોલીને વિશ્વની છેલ્લી કોરોના સ્કોરની પરિસ્થિતિ પર નજર ફેરવી લીધી. ન્યુજર્સીની એક ગુજરાતણ એની કરુણ દુર્દશાનો વિડિયો શૅર કરી રહી હતી. એની લાલ લાલ આંખોમાં આંસુ અટવાયેલાં હતાં. એ કહેતી હતી : આખું ઘર કોરોના વાઇરસની અડફેટે ચડી ગયું છે. અહીં એટલા બધા કેસ થઈ ગયા છે કે હૉસ્પિટલોમાં ખાટલા ખૂટી ગયા છે, અમને કોઈ હૉસ્પિટલ એડમિટ કરવા તૈયાર નથી. ભગવાન ભરોસે બેઠાં છીએ. લોકો અમને જોઈને ભડકે છે. ફોન પર પણ વાત કરતાં એમને ટાઢ વાય છે. કોરોના કંઈ અવાજથી થોડો ફેલાય છે? છતાં લોકો ફોન પણ ઉપાડતા નથી. કેવું વીતે છે એ અમારો જીવ જાણે છે. ઈશ્વરની મરજી હશે એમ થશે. સરકારે તો જાણે હાથ હેઠા મૂકી દીધા છે. સાચું કહું છું – બહુ જ ખતરનાક બીમારી છે આ. જરા પણ બેદરકાર ના રહેશો. માસ્ક પહેરેલો રાખજો. વારંવાર હાથ સાબુથી ધોતા રહેજો. નર્યું મોત અમારી સામે ઘુરકિયાં કરી રહ્યું છે. ક્યારે ત્રાટકશે, કશું જ કહેવાય નહીં. બચી જઈશું તો દવાથી નહીં – કારણ કે આ રોગની દવા તો હજી શોધાઈ જ નથી. તમારી પ્રાર્થના, આશીર્વાદ, દુઆ જ અમને મોતના મોઢામાં ઓરાઈ ચૂકેલાંને જીવતદાન આપી શકશે. બે હાથ જોડીને પ્રાર્થના કરું છું.

ગુજરાતની દીકરી છું એટલે તમારી દુઆ માગવાનો જન્મસિદ્ધ હક ધરાવું છું. મારે માટે, મારા હસબંડ પરેશ માટે, મારાં બાળકો રિચા અને રોબિન માટે હનુમાનદાદાને પ્રાર્થના કરજો. ભગવાન કૃષ્ણ, ભગવાન રામચંદ્રજી, જગજ્જનની સીતામાતાને અમારા યોગક્ષેમ માટે બે મિનિટ આંખો મીંચી કરગરજો. બની શકે કે જે કામ સરકાર નથી કરી શકી, ડૉક્ટરોએ જે કામ સબબ હાથ ઊંચા કરી દીધા છે – એ કામ તમારી સાચા હૃદયની પ્રાર્થનાથી પાર પડે. અમારે જીવવું છે. બસ, હવે આગળ કશું બોલવા જઈશ તો રડી પડાશે. મને હાંફ ચડ્યો છે. બાય, થેન્ક યુ માય ગરવી ગુજરાત....

જેસંગ ઘડીભર સ્તબ્ધ થઈ ગયો. સ્વગત બોલી ઊઠ્યો : મારી દુખિયારી દીકરી, તું અને તારા ફેમિલીનાં બધાં જલદી સાજાં થઈ જાવ અને વહેલી તકે ઇન્ડિયા પાછાં આવી જાવ. આપણી ધરતીમાતા તમને પારકાં નહીં ગણે... ત્યાં ડૉલર રળવા ગયાં હતાં ને? જોયું? ડૉલર કેટલો મોંઘો પડ્યો?

એણે મોડી રાત લગી પાસાં મરડ્યા કર્યાં. ઊંઘ નહોતી આવતી. એને થયું : ધાબા પર જઈ થોડા આંટા મારું. થાક લાગશે એટલે આપોઆપ આંખો ભારે થવા લાગશે. એણે દરવાજો ખોલી ધાબા પર જવાને માટે પગ ઉપાડ્યો ત્યાં એકાએક એને યાદ આવ્યું કે પોતે કપડાં તો પહેર્યાં નથી! ઓચિંતું મારી જેમ અનિદ્રાનું કોઈ દરદી ધાબા પર આવી ચડશે તો એ મને જોઈને છળી મરશે. રાડ ફાટી જશે એની. ચૌધરીકાકાનું ચસકી ગયું – એમ જ માની લેશે. જોકે આ લૉકડાઉન પિરિયડ પૂરો થતાં સુધી ઘણાંનું ચસકી જવાનું એમાં બે મત નથી...

એણે નાઈટી પહેરી લીધી. ઉપરનો ભાગ ખુલ્લો હોય એમાં વાંધો નહીં. હિંદુસ્તાન ગરમ પ્રદેશ છે. રામ અને કૃષ્ણ કે બુદ્ધ પણ છાતી તો ખુલ્લી જ રાખતા હતા. ખાલી ઉપરણો નાખી ચલાવી લેતા. આજે પણ વનવાસી વિસ્તારોથી લઈ દક્ષિણ ભારતના ભદ્ર લોક સુધીની પ્રજા માત્ર લાજ ઢાંકીને હરેફરે છે. કેટલાક વિસ્તારોમાં તો સ્ત્રીઓ પણ છાતી ઢાંકવાનું નથી શીખી હજી. જેસંગે છોટાઉદેપુર અને ડાંગના આદિવાસી વિસ્તારોના પ્રવાસ દરમિયાન આવું ઘણુંબધું જોયું હતું.

ધાબા પર પહોંચતાંની સાથે મોબાઈલ ઓચિંતો રણઝણી ઊઠ્યો. એની નસેનસમાં ઝણઝણાટી પ્રસરી ગઈ. વિડિયોકૉલ, તે પણ સ્વીટુનો! – હું સપનું તો નથી જોઈ રહ્યો? જેસંગે જાતે ને જાતે પોતાને ચૂંટી ખણી. જાગું છું, પૂરેપૂરી સભાન અવસ્થામાં છું અને સ્ક્રીન પર સ્વીટુ છે એ વિશે પણ શંકાને સ્થાન નહોતું!

– હાય જિતુ! જાગે છે હજી? આજુબાજુ દીવાલો નથી દેખાતી – મધરાતે વૉકિંગમાં નીકળ્યો છે કે શું?

– ધાબા પર આવ્યો છું. ઊંઘ નહોતી આવતી એટલે થયું – લાવ, થોડા આંટા મારી લઉં! તું કેમ છે બકા? ભલો ફોન કરવા દીધો તને એ લોકોએ!

– એ લોકો થોડા કરવા દે? એમણે તો કેટલા દિવસથી મારો ફોન એમની કસ્ટડીમાં લઈ લીધો છે. કોઈ ફોન કરે તોપણ મને ફક્ત સમાચાર આપી દે છે. મૅસેજ જરૂર વંચાવે છે. તું તો તે દિવસથી ડરી જ ગયો લાગે છે. વેરી સૉરી યાર. તારી સાથે ડૉક્ટર જે ભાષામાં અને ટોનમાં વાત કરી રહ્યો હતો એ મને મુદ્દલ નહોતું ગમ્યું. હું અત્યારે લિટરલી તમારી સરકારની કેદમાં છું. કંઈ દલીલ કરવા જાઉં તો કોણ જાણે આ હંબગ બુડથલ સરકારી ડૉક્ટરો મને શું નું શું આપી દે! રોજેરોજ કોરોનાને કોઈ ને કોઈ ભોગ તો ચડાવતા જ રહે છે એ લોકો. હું ટોટલી હેલ ઍન્ડ હાર્ટી છું. તે દિવસે તારી સાથે વૉશરૂમમાંથી વાત કરતાં તો થોડો શ્વાસ પણ ચડેલો. અત્યારે કોઈ જ તકલીફ નથી... બહુ જ જલદી તારી પાસે આવી શકીશ એમ લાગે છે. પ્રશ્ન સિટીના લૉકડાઉનનો છે, બાકી મને હવે કોઈ જ તકલીફ નથી.

– પણ મને સમજાયું નહીં સ્વીટુ. આમ મધરાત પછી તને તારા આઇસોલેશન વૉર્ડમાંથી વિડિયો કૉલ કરવા દે એ લોકો! આશ્ચર્ય!

– ગંડુરાજા, તને હજી દુનિયા ક્યાં પહોંચી છે એનું ભાન જ ક્યાં છે? સાંભળ, અત્યારે જે મહિલા ડૉક્ટરની ડ્યૂટી છે તે અને એના હાથ નીચેની બેઉ સિસ્ટરો મને એકાંત મળી રહે એ માટે બાલ્કની તરફ ગઈ છે. એ લોકોને અમેરિકાનું ગાંડું આકર્ષણ છે, ભલેને અત્યારે એની ઇકોનૉમી તળિયે બેસી ગઈ હોય કે કોરાનાને કારણે ડેથના મુદ્દે એણે વર્લ્ડ રેકોર્ડ કર્યો હોય! એમને તો યેનકેન પ્રકારેણ અમેરિકા પહોંચી જઈ ડૉલર કમાઈ લેવા છે, લાઈફ બનાવી લેવી છે. ઇન્ડિયા તે વળી કોઈ રહેવાલયક કંટ્રી છે? – આ શબ્દો મારા નથી હોંકે! આ એમની દૃઢીભૂત થઈ ગયેલી માન્યતા છે. એ તો કહે છે : ભલે અમેરિકા જઈને કોરોનાના ભોગ બનવું પડે પણ આ દેશમાં તો ન જ રહેવાય! એમની આવી સ્ટ્રૉંગ બિલીફનો મેં ફાયદો ઉઠાવ્યો છે. મેં એમને કહ્યું કે મારા દેશ પ્રત્યે આટલો અહોભાવ ધરાવો છો તો જરૂર તમને હું ત્યાં સેટ કરવા પ્રયત્ન કરીશ. બલકે મારા જ આસિસ્ટંટ સ્ટાફને કહીશ કે આ ત્રણ લેડીઝ આપણા મહાન દેશ પ્રત્યે ઊંડો આદરભાવ ધરાવે છે. એમને આપણે આપણા જુનિયર સ્ટાફ તરીકે જૉબ આપવાની છે....

– વાહ, ખરો ખેલ પાડી દીધો તેં!

– ના જિતુ, ખેલ નથી પાડ્યો. મેં એમને દિલથી પ્રોમિસ આપ્યું છે ઍન્ડ યુ નો, આઈ શૅલ નેવર બિટ્રે માય કૉન્સાયંસ! હું આખી દુનિયાને છેતરી શકું, મારા આત્માને કદાપિ નહીં...

વાત લાંબી ચાલી. પૂરા એક કલાક લગી. જેસંગ માટે તો એ ખેરખર કલ્પના બહારની કુદરતી બક્ષિસ હતી!

'તને ખબર ન હોય જિતુ, મેં તો શરૂથી યોગ અને પ્રાણાયામ દ્વારા મારી ઇમ્યુનિટી સ્ટ્રૉંગ બનાવી હોઈ હું બહુ જલદી સાજી થઈ ગઈ, બાકી અમેરિકામાં વેન્ટિલેટર પર મુકાયેલ દર દસ માણસમાંથી આઠ મરી જાય છે. મૃત્યુનું આવું તાંડવ અમેરિકા જેવી મહાસત્તાનું અભિમાન ચૂરચૂર કરી રહ્યું છે. મને બેલગાંવની પેલી નર્સનો વિડિયો જોઈને તો રડવું જ આવી ગયું. એની નાનકડી દીકરીને એ સ્પર્શ નથી કરી શકતી; એનાથી બે મીટર દૂર માસ્ક પહેરીને ઊભી છે. નાનકડી બેબી મમ્મી-મમ્મી કરી એને મળવા, પિતાના સકંજામાંથી છૂટી એની જનેતાના ખોળામાં લપાઈ જવા રાડારાડ કરી રહી છે. મજબૂર માતા એની હઠે ચડેલી બાળકીને લઈને એને મળવા આવેલ હસબંડને ઇશારો કરી ચાલ્યા જવાનું કહે છે. ઘણો પ્રયત્ન કરવા છતાં એ આંસુ ખાળી શકતી નથી. કેવું કરુણ દૃશ્ય! પોતે હૉસ્પિટલ ખાતે ક્વૉરન્ટાઇન થયેલ છે અને બેબી એને મળવા એના પપ્પા સાથે ઝઘડો કરે છે. બાપ એને બાઈક પર બેસાડી એની મમ્મીને બતાવવા લઈ જાય છે. પરંતુ કોરોનાએ પેટની જણીને છાતીએ વળગાડવા પર પ્રતિબંધ લાદી દીધો છે!'

– આનું જ નામ કુદરતનો કોપ!

જેસંગે વાત આટોપી રહેલી સ્વીટુને કહ્યું : ભલે, સાચવજે, મને તો સ્વપ્નેય કલ્પના ન હતી કે આપણે આ રીતે પણ એકમેકની સાથે મુખોમુખ મળી શકીશું.

સ્વીટુએ બહુ જ હેતથી એને ફ્લાઇંગ કિસ આપી. ફોન કટ થઈ ગયો. જેસંગના મગજમાં એ આખી વાતચીત રહી રહીને પડઘાતી રહી. એ ખુશખુશાલ થઈ છલાંગો ભરતો ધાબા પરથી ઊતરી એના ફ્લૅટમાં પુરાઈ ગયો.

– 13-4-'20

* * *

14

સ્વીટુ સાજી થઈ ગઈ, રંગ અવધૂત બાબા, ગુરુદેવ! દેવાધિદેવ મહાદેવ, જગદંબા માવાડી, પવનપુત્ર હનુમાનજી.... તમે મારા અંતઃકરણની પ્રાર્થના સાંભળી. થૅન્ક યુ. મારી સ્વીટુને વહેલી તકે આઇસોલેશનમાંથી છોડાવી મારી પાસે મોકલો. તમને તો ખબર છે : અમે બાળપણનાં મિત્રો. સાથે રમ્યાં, અલબત્ત, સાથે જમી નથી શક્યાં, કારણ કે એ સંપન્ન વેપારી કુટુંબની લાડલી હતી અને હું કરમનો કાઢેલો, અનાથ ખેડુબાળ. મારે તો કાકાબાપાના આશરે ઊછરવાનું હતું. એમનાં પોતાનાં બાળ-બચ્ચાંને સાચવે કે મને? તે વખતે તો મને સમજણ નહોતી પડતી, પણ પાછળથી સમજાયેલું કે વાડકા ભરી ભરીને કાકી એનાં ત્રણ બાળકો સાથે મને પણ એક વાડકામાં ધોળુંધોળું પ્રવાહી આપતી તે દૂધ નહોતું, છાશ હતી.

દૂધ પીને મોટાં થયેલાં એનાં છોકરાં ભણવામાં કાચાં નીકળ્યાં અને છાશ ગટગટાવીને હું વીસનગર સેન્ટરમાં પહેલો આવ્યો! બાબા, આખરે દૂધ પીવા મળે કે છાશ – ઓડકાર તો સરખો જ આવતો હશે ને! બાળકને થોડી ખબર પડવાની હતી?

જેસંગને બાળપણમાં ખાધેલી ચૉકલેટો યાદ આવી ગઈ. સ્વીટુ એનો ભાગ સાચવીને રાખતી અને બેઉ શેરી પાછળની નવેડીમાં કળશિયે જવા નીકળતાં ત્યારે કોઈને ખબર ન પડે એટલી સાવચેતી સાથે એ ફરાકના ગજવામાંથી કાઢીને એના કમનસીબ બાળગોઠિયાને મૂઠી ભરીને ચૉકલેટો આપી દેતી. પછી એની નાનકડી તર્જની હોઠ પર રાખી 'કોઈને કહેવાનું નહીં' એવું અક્ષરે બોલ્યા વગર કહી દેતી.

સ્વીટુની એ ઋજુ લાગણીનો પડઘો પાડવા એ જ્યારે જ્યારે ઇન્ડિયા આવતી ત્યારે જેસંગ એને ચૂપચાપ ચૉકલેટનો એક ડબ્બો ગિફ્ટ તરીકે આપતો. જોકે સામે સ્વીટુ તો કેટલો બધો સૂકો મેવો અને ભાતભાતની મોંઘામૂલી ચૉકલેટો એના માટે તૈયાર રાખેલી કિટમાં ગોઠવી રાખતી. ટીશર્ટ, જરસીઓ, મ્યુઝિક... અને બાળવયે નહીં રમાઈ શકેલી પઝલ્સની રમતો! પ્રકૃતિ માટે કોરોના દિવ્ય વરદાન બની રહ્યું છે. વૃક્ષો, નદીઓ, પર્વતો, પ્રાણીઓ, પક્ષીઓ બધાં અલૌકિક આહ્લાદ માણી રહ્યાં છે. માનવીના સકંજામાંથી કોરોનાએ વખતપૂરતાં એ બધાંને છોડાવી દીધાં છે. એમના માટે આ દિવસો અનોખું સ્વાતંયપર્વ બની રહ્યા છે. જેસંગને ધાબા ઉપરથી જોયેલું આકાશ એની ભીતર ઝળહળતું વરતાઈ રહ્યું. કેવું ચોખ્ખું ચણાક! તારા કેવા સ્ફટિકની જેમ ચમકી રહ્યા હતા! એની સ્વીટુ સાથેની ગુફ્તેગૂ એ પણ કાન માંડીને સાંભળી ના રહ્યા હોય જાણે!

અને પેલું સ્પેસ સ્ટેશન! અંતરિક્ષમાં કાળા માથાના માનવીએ રોપેલો હરતોફરતો માણેકથંભ!

એ બધું જોવાની ત્યારે ફુરસદ જ ક્યાં હતી? સ્વીટુ પોતે વિડિયો કૉલ પર લાઈવ હોય ત્યારે બાકીનું વિશ્વ બલકે બ્રહ્માંડ ગૌણ બની જાય.

જેસંગ પાસાં મરડતો રહ્યો પણ ઊંઘ ન આવી તે ન જ આવી. દીવાલ ઘડિયાળ સવારના ચાર વગાડી રહી હતી.

એ ઊઠ્યો. ઉતાવળે ગરમ પાણીમાં હળદર નાખી ગટગટાવી ગયો. ઇમ્યુનિટી વધારવા માટેના ઉપાયો વિશે અઢળક માહિતી મોબાઈલ પર રેલાતી રહેતી હતી.

એને થયું : હવે જ્યારે નજરકેદ જ રહેવાનું છે તો પછી ટૉપ પ્રાયોરિટી તો ફિટનેસ જ હોવી જોઈએ.

એણે કાગળ અને પેન લઈ ઇમ્યુનિટી બૂસ્ટ-અપ કરનારાં દ્રવ્યોની નોંધ ટપકાવી. એકવીસના શૉપિંગમાં જઇને એ લઈ આવવાં, એવું પણ લખ્યું. ઉંમર સાથે વિસ્મૃતિદોષ શરૂ

થઈ ગયો હતો, એટલે વારંવાર યાદ કર્યા કરવું એ કરતાં ભીંત પર જ યાદી ચીપકાવી દેવી સારી. એણે બરાબર નજર સામે રહે એમ એ બધા પદાર્થોની નામાવલી દીવાલ પર ચીપકાવી દીધી.

મધ, સૂંઠનો પાવડર, કાળાં મરી, લશવગ, તજ, ગ્રીન ટી, અશ્વગંધા, ચ્યવનપ્રાશ, આદુ, લસણ.... યાદી ઊડઝૂડ હતી, એ ઓછો સ્ત્રીનો અવતાર હતો કે એને રસોડાની ચીજવસ્તુઓ જીભની ટોચે હોય!

જીભની ટોચે રહેનારાં કંઈ કેટલાં નામ કાળના પ્રવાહમાં ભૂંસાઈ ગયાં છે. શાળામાં છપ્પન વિદ્યાર્થીઓનો વર્ગ હતો. આજે એને કસી કસીને યાદ કરે તોય માંડ દસ-બાર સહાધ્યાયીઓનાં નામ યાદ આવે, બલકે તે પણ આવે તો આવે! સવારની શીતળ પવન લહરી ખુલ્લી બારીમાંથી આવી. જેસંગને ખેતર યાદ આવી ગયું. આ રાજધાનીનાં ઝાડ તો ખેડૂતો પાસેથી બળજબરીપૂર્વક પડાવી લીધેલાં ખેતરોમાં પેલા જંગલખાતાવાળા કર્મચારીઓએ ઉગાડેલાં છે.

જોકે ઝાડ એટલે ઝાડ એટલે ઝાડ. ઝાડ રાજાના બગીચાનું હોય કે વગડાનું – એ એનો પરોપકારી સ્વભાવ ક્યારેય છોડતું નથી. વગડામાં ગાતી કોયલ અને રાજધાનીના રાજમાર્ગો કે બાગબગીચામાં ટહુકતી કોયલના ટહુકામાં ફરક તો હોવો જોઈએ. પરંતુ આપણા જેવા સામાન્ય માણસને એના લયમાં પડતા ફરકનો અંદાજ ન જ આવે.

એણે ચા બનાવી. સાંજે વાપરેલાં વાસણો મોટા પ્લાસ્ટિકના તગારામાં નાખી નળ ચાલુ કરી દીધો. કામ નથી કરેલું એટલે એ ન જ આવડે એવું થોડું હોય! બૈરા જેવું ના આવડે, સ્વાભાવિક છે. એ કામ એના જિન્સમાં વણાયેલું છે. પણ જેમ પુરુષ માટેનાં અનામત લેખાયેલાં ક્ષેત્રોમાં સ્ત્રીઓ ધમાકેદાર એન્ટ્રી મારી રહી છે અને ક્યાંક ક્યાંક તો પુરુષ કરતાં ચડિયાતી પણ સાબિત થતી રહી છે એમ પુરુષ પણ ધારે તો સ્ત્રીનાં અનામત ક્ષેત્રોમાં ફાયાં પાડી શકે. અજ્ઞાતવાસ દરમિયાન ભીમે રસોઇયાનો રોલ ભજવ્યો હતો અને અર્જુને તો રીતસર નિષ્ણાત નૃત્યાંગના જેવો નૃત્યગુરુનો પાઠ ભજવ્યો હતો. એક વરસ માટે એ થર્ડ જેન્ડરમાં સરી ગયો હતો. બૃહન્નલા!

જેસંગને આ કોરોનાવાળું તોસ્તાન પૂરું સમજાતું નહોતું. એકાએક આખી દુનિયા પર છવાઈ જાય અને બુદ્ધિશાળી ગણાતી માનવજાત એના આતંકથી ડઘાઈ જઈ હાંફળીફાંફળી બની જાય, રોજેરોજ સિકંદરની જેમ કોરોના નવાનવા પ્રદેશો સર કરતું જાય, તૈમૂર કે ચંગીઝખાનની જેમ જ્યાં પગ મૂકે ત્યાં ખોપરીઓના ઢગ ખડકાતા જાય – આ તે કોઈ અભિશાપ છે કે પછી માનવસર્જિત જીન? એનાં વિકરાળ જડબાં દેખાતાં નથી, પરંતુ સવાર પડે કે એનો શિકાર બનેલાંની સંખ્યા ટીવી સ્ક્રીન પર અને ઈ-પેપરની હેડલાઈનોમાં ચમકતી રહે છે. મોટી ડંફાસો હાંકનારા ચક્રવર્તી સમ્રાટોની એણે બોલતી બંધ કરી દીધી છે.

ફાઈવ ટ્રિલિયન ઇકોનોમીનું સપનું સાતમા પાતાળે ધરબાઈ ગયું છે. હવે કોઈ જીડીપી કે સેન્સેક્સની વાત નથી કરતું. કરે છે તો કેવળ છીનવાઈ ગયેલી રોજીની. મુંબઈનાં રેલવે સ્ટેશનો પર લાખો મજૂરો ઊમટ્યાં છે. એમને દિલ્હીથી થયેલા પ્રેરક આદેશની ખબર નથી શું? સોશિયલ ડિસ્ટંસિંગ, મોઢે માસ્ક, ઘરમાં પુરાઈ રહેવાથી સલામતી – એ બધી વાતો એમને પોકળ લાગી હશે ત્યારે જ ને! એમને સરકારી આશ્વાસનોમાં વિશ્વાસ નથી રહ્યો. વડાપ્રધાનના કહેવાથી કારખાનાના માલિકો કામ કર્યા વગર પગાર આપશે, એવી મજાક જીરવવાની એમનામાં શક્તિ નથી રહી. એટલે એ બધા કાયદાકાનૂન, કરફ્યૂ અને કલમ 144ની ઐસીતૈસી કરી બહાર નીકળી પડ્યા છે. હવે તો આ પાર કે પેલે પાર. મુંબઈ આવ્યા ત્યારે બે પાંદડે થવાના લીલાછમ સપનાનું પગેરું સૂંઘતા સૂંઘતા આવેલા. હવે એ મુંબઈ એમના માટે ભૂખનગર

બની ગયું છે. કોઈ પણ રીતે એ વતનની ભોમકામાં પહોંચવા માગે છે. ટ્રેનો બંધ છે. ટૅન્કરોમાં ઘૂસીને જઈ શકાય કે કેમ? એમના પૈકીના થોડા વધારે ચતુર સુજાણ આગળ પડતા લોકો એની તપાસમાં નીકળ્યા છે. ટોળાં જોઈ કોરોના ડ્યૂટી બજાવતી ખાખી ઍક્શનમાં આવી જાય છે. બે ચાર દંડા લાગલગાટ ઝડપથી મારી દીધા છતાં એ લોકો પારોઠનાં પગલાં ભરવા તૈયાર નથી. એક આગેવાન સ્ત્રીમજૂર છાતી ખુલ્લી કરીને ઊભી રહે છે : દંડા મારી લીધા? હવે ગોળીઓ મારવી હોય તોય મારી લો. ભૂખે મરવું એ કરતાં સરકારની ગોળીઓ ખાઈને મરવાનું વધારે સારું રહેશે. છાપામાં નામ તો આવશે! ગામડે રહેલાં અમારાં ભાઈભાંડુનેય સમજાશે કે પેટ ખાતર વતન છોડવા જેવું કોઈ પાપ નથી. એ પાપનું ફળ મળ્યું મોટા ઉપાડે મુંબઈ મહાલવા જનારાંને!

હજી લાઠીચાર્જ જ થયો છે. કાલે ગોળીબાર પણ થઈ શકે. અત્યારે ફક્ત પોલીસને મેદાનમાં ઉતારાઈ છે; કાલે પૅરામિલિટરી ફોર્સ પણ બોલાવવાં પડે. લોકશાહીમાં જીવવાનો મૂળભૂત અધિકાર તો બંધારણનાં બંધ પૂંઠાં વચ્ચે દબાયેલો રહેતો હોય છે. સત્તાધીશો એમને ઠીક લાગે ત્યાં સુધી મીઠી ભાષામાં વાત કરશે. જ્યારે એમનાં હિતો પર અમંગળનો ઓછાયો પડશે ત્યારે એ ઘાંઘા થઈને ‘દેખો ત્યાં ઠાર’નો હુકમ છોડતાં વાર નહીં લગાડે.

જેસંગ એના જિલ્લાના કોઈ પણ ધારાસભ્ય કરતાં વધારે દેખાવડો હતો. એ લોકો કરતાં એનું વાચન પણ વધારે હતું. કયા હિંદુ ધારાસભ્યે કુરાન અને બાઇબલ વાંચ્યાં હશે?

જેસંગને થયું : આ બધા ઠીંગુજીઓ વચ્ચે પોતે છ ફૂટ ત્રણ ઇંચ ઊંચો, હરિયાણાના જાટ જેવો હું... કિસ્મત કાણું નીકળ્યું નહીંતર દેવાનંદ અને શમ્મીકપૂરને ભારે પડ્યો હોત! કાશ્મીરથી કન્યાકુમારી સુધીની વણખીલી કળીઓ એના દીદાર કરવા પડાપડી કરતી હોત. રેશનાલિસ્ટો ભલેને નકારતા ફરે, ધૅર ઇઝ સમથિંગ લાઇક ‘ફેટ’.... ડેસ્ટિની... નિયતિ!

એકાએક નવમા ધોરણની સંસ્કૃતની ટેક્સ્ટમાં વાંચેલો શ્લોક યાદ આવી ગયો. ‘હંસ મધ્યે બકો યથા!’ – બગલો ઘૂસી ગયો છે હંસોના ટોળામાં? કે પછી બગલાઓની પંગતમાં હંસ આવી ચડ્યો હતો?

હંસ વિશે કેવીકેવી દંતકથાઓ સાંભળી હતી એણે! એ તો મોતીનો જ ચારો ચરે. બગલાની જેમ માછલી પર નજર ન બગાડે. અને દૂધપાણી ભેગાં કરીને ધર્યાં હોય તો દૂધદૂધ પી જાય, પાણી પડ્યું રહેવા દે.

બધી કવિકલ્પનાઓ. વાસ્તવમાં આમાંનું કંઈ જ ન મળે. હા, ‘દો હંસો કા જોડા’વાળું ગાયન કદાચ....

ના, ના. એ પણ શક્ય નથી. પ્રકૃતિને એવી એકલતા મંજૂર જ નથી. જોડું વિખૂટું પડે તો બેઉ નવું સાથી-સંગી શોધી જ લે. એ જ સાચું છે. આ સ્વીટુએ અમેરિકા જઈને એનો રાજહંસ નહોતો શોધી લીધો? અને પાછું એનાથી વિખૂટા પડવાનું આવ્યું ત્યારેય એ કોરીકટ રહી હશે, એ વાતમાં પણ માલ નથી. બધી વાતો કંઈ બાળગોઠિયાને થોડી કહી દેવાની હોય! અત્યારે પણ કોઈક તો હશે એને વીક ઍન્ડમાં લૉન્ગ ડ્રાઇવ પર લઈ જનારું. અને શું કામ ન હોય? એના જેવી સોનપરી પાછળ તો અમેરિકાનો રાષ્ટ્રપ્રમુખ પણ લબડતો ના હોય તો જ નવાઈ.

ભલે હજારો સાથે હરતીફરતી હોય, સૂતી-જાગતી હોય-પણ એને એનો મુફલિસ જિતુ ભુલાયો નથી, એ જ મોટી વાત. અત્યારે એને પ્રેસિડેન્ટનો કૉલ આવે અને બીજી તરફ મારી સાથે વાત ચાલતી હોય તો શું એ મારો કૉલ કાપી નાખે? હરગિજ નહીં. એને મન એનો બાળગોઠિયો દુનિયાના સૌથી શક્તિશાળી માનવી કરતાં વધારે મહત્ત્વનો છે. એટલેસ્તો એ એની સારવાર કરતી ટીમને પટાવી ફોસલાવી મારી સાથે વાત કરી લે છે. આખી રાત એકલી એકલી એ મારા જ વિચારો કરતી હશે. એને કૅરિયર બનાવવી હતી. બનાવી દીધી. મોટી

સેલિબ્રિટી બની ગઈ. પણ ખરી જિંદગી તો જીવવાની બાકી જ રહી ગઈ. પોતે જ કબૂલે છે ને! જિતુ, હવે મારે થોડું મારા પોતા માટે જીવી લેવું છે. તારી સાથે રહેવું છે. બે મહિનાનો સમય કાઢીને આવું છું – પછીની વાત પછી. મારે તને વર્લ્ડ ટૂર કરાવવી છે. તને દુનિયાની અજાયબીઓ બતાવવી છે. અલ્યા અડબંગ, ઇન્ડિયામાં રહીને જિંદગી પૂરી થવા આવી ત્યાં લગી હજી તાજમહેલ નથી જોયો? ચાલ, આપણે આંટો દઈ આવીશું. તને તો ફોટાનો શોખ નથી, પણ મને એનો ગાંડો શોખ છે, હોંકે!

– જેસંગને એના શબ્દો ચૉકલેટ કરતાંય વધુ ગળચટા લાગતા. આ વુહાનવાળું વાઇરસ ઓચિંતું ન ત્રાટક્યું હોત તો અત્યાર લગી તો... બ્રહ્મચારી જેસંગને ઉપસ્થમાં સળવળાટ થયો. થોડી શરમ પણ આવી. આવું તો અગાઉ ક્યારેય નહીં વિચારેલું. બુદ્ધિ બગડી ગઈ કે શું?

એણે મનના તરંગોને શમાવવા મોબાઈલમાં ફીડ કરેલી ન્યૂઝ ચેનલ ચાલુ કરી. ટ્રમ્પ બરાબરનો બગડ્યો છે. ઘાંઘો થઈ ગયો છે વાલીડો. નવેમ્બરમાં ચૂંટણી આવે છે ત્યારે લાગ જોઈને અપશુકનિયાળ બિલાડીની જેમ કોરોના આડું ઊતર્યું છે. ટપોટપ માણસો મરતાં જ જાય છે! ઇટાલી, સ્પેન, ઈરાન એ બધાને વળોટી અમેરિકાનો મૃત્યુઆંક ક્યાંય આગળ નીકળી ગયો છે. મૂંઝાઈ ગયેલા પ્રમુખને સમજાતું નથી કે આ અદીઠ જીવડાને મારવા કયું મિસાઈલ છોડવું! એ કંઈ ભારતની પ્રજા થોડી હતી કે રાતોરાત એક હુકમ પર ‘લૉકડાઉન’ કે ‘નોકડાઉન’ થઈ જાય. સંપૂર્ણ લોકશાહીમાં સત્તાધીશ પણ લાચાર બની જાય છે. ન્યૂયૉર્ક અને ન્યૂજર્સીમાં લાશોના ખડકલા ખડકાઈ રહ્યા છે. દુનિયા આખીને આંખો બતાવનારા અમેરિકાને એક વારઇસે ઊંધે માથે પછાડી દીધું છે. ચીનના વુહાન શહેરના વેટ માર્કેટમાંથી ફેલાયેલા વાઇરસે નજીકનાં બીજિંગ અને શાંઘાઈને કોરાંકટ રહેવા દીધાં અને યુરોપના રસ્તે અમેરિકાની બોચી પકડી લીધી! ચોર કોટવાળને દંડે એમ ચીની શાહુકારે તો ઠાવકા થઈને કહી પણ દીધું : મૂળે તો આ વાઇરસ અમેરિકાના સૈનિકના પોસ્ટમોર્ટમમાં દેખાયેલો! અમેરિકાએ ચીનને બદનામ કરવાનું કાવતરું કર્યું હોય એમ લાગે છે!

જેસંગને હસવું આવી ગયું. ટ્રમ્પે ગુપ્તચર એજન્સીઓનો રિપોર્ટ સમય આવ્યે જાહેર કરવાની ચીમકી આપી છે. વાઇરસ કોઈ વેટ માર્કેટથી નથી જન્મ્યું. એ તો ચીનની લેબોરેટરીમાં આયોજનપૂર્વક જન્માવાયું છે. બાયોલૉજિકલ વેપન તરીકે એને રમતું મૂકી દઈ ચીને એક કાંકરે અનેક પંખી પાડ્યાં છે. યુરોપ-અમેરિકાની ઇકોનોમી ખલાસ કરી દઈ ચીને ધીમે રહીને વુહાનને કોરોનામુક્ત જાહેર કરી દીધું છે. વુહાન ફરી પાછું ધમધમતું થઈ ગયું છે.

જેસંગના મનમાં વિચિત્ર તરંગ ઊઠ્યો : સાલો બદમાશ ડ્રેગન! એણે લાગ જોઈને ફર્સ્ટ લેડીની ખાસમખાસ ગાયનેક પર જ નિશાન તાક્યું! એને ગામઠી કહેવત યાદ આવી ગઈ : પાડા પાડા લડે એમાં બિચારાં ઝાડવાંની ખો નીકળી જાય...

જુઓને, આ ઇન્ટરનેશનલ પોલિટિક્સ છેક મારા બેડરૂમને દઝાડી રહ્યું છે. જાયેં તો જાયેં કહાં?

* * *

15

‘હવેથી હું ફોન નહીં કરું.’ ત્રણેક દિવસ પછી સ્વીટુનો મૅસેજ બોલતો હતો : આ નાના કર્મચારીઓ મને વિશેષ સુવિધાઓ આપી રહ્યા છે એવી કોઈએ ચુગલી કરી છે. ફરી એક વાર મારો ફોન આઇસોલેશન વૉર્ડના રજિસ્ટ્રારના સ્કૅનરમાં આવી ગયો છે. મને એમણે વિવેકપૂર્વક ઠપકો પણ આપ્યો. ‘મૅડમ, આટલાં હાઈલી ક્વૉલિફાઈડ હોવા છતાં તમે અહીંની ડિસિપ્લીન કેમ નથી પાળતાં? તમારું અમે વિશેષ ધ્યાન રાખીએ છીએ. વેન્ટિલેટર તમારા બેડ પાસે જ રાખી મૂક્યું છે, જેથી ઈમરજંસી ઊભી થાય તો પળનાય વિલંબ વગર તમને સાચવી શકાય. ખુદ કેંદ્ર સરકાર તમારી પરિસ્થિતિ વિશે પૃચ્છા કરતી રહે છે. આખરે તમે મહાસત્તાના પરિવારનાં છો, ભલે અહીં જન્મ્યાં હો, અભ્યાસ કર્યો હોય – પણ વ્હાઈટ હાઉસ તમારા ખબરઅંતર પૂછતું રહે છે. તમને અમારે જણસની જેમ સાચવીને હેમખેમ પરત પહોંચાડવાનાં છે. એટલે મહેરબાની કરીને ફોન પર વાતચીત કરવાનો શ્રમ ના ઉઠાવો. આપના કોઈ પણ સંબંધીને આપના સમાચાર પહોંચાડવા હોય તો અમને આદેશ કરો. અમે તે જ સમયે, આપની હાજરીમાં જ – આપ જે મૅસેજ પહોંચાડવા માગતાં હશો તે સામેની પાર્ટીને કૉમ્યુનિકેટ કરી દઈશું.’

– તારી વાત સમજી શકું છું સ્વીટુ.

– થૅન્ક યુ ડિયર. તું નહીં સમજે તો બીજું કોણ સમજશે? અત્યારે હું એક વીઆઈપી કેદી જેવી છું. તારી સાથે મુખોમુખ વાત કરવાની મજા જ કંઈ ઑર હોય. પણ હવે આ લોકો જ્યારે વિવેકપૂર્વક રિસ્ટ્રીક્શન્સ મૂકી રહ્યા છે ત્યારે મારે એમની વાત માનવી પડે.

– તું મને ત્યાં બોલાવી લે ને? ભલે મને વૉર્ડમાં એન્ટ્રી ના આપે. હું તારા રૂમની બારી બહાર ઊભોઊભો તારા દીદાર કરતો રહીશ!

– કાશ, એવું થઈ શકતું હોત!

સ્વીટુએ મૅસેજ નહીં, નિસાસો પોસ્ટ કર્યો હોય એવું લાગી રહ્યું હતું. જરા અટકીને એણે બીજો મૅસેજ કર્યો : અલ્યા ગાંડિયા, તને તો ચા મૂકતાં પણ ન’તી આવડતી. ટિફિન મંગાવે છે?

– ખાનારપીનારને ખુદા દેનાર સ્વીટુ, ટિફિન મંગાવતો હતો એ તો બંધ થઈ ગયું. એમએલએ કૅન્ટીન અને સરકિટ હાઉસનાં કિચન પણ બંધ છે. પણ કુદરત તારા જિતુડા પર બહુ જ દયાળુ રહી છે. આખી જિંદગી ઘરવાળી વગર રહ્યો, છતાં જો, કેવો લીલોછમ્મ છું!

– મારે તારી ડંફાસ નથી સાંભળવી. જમવાનું બરાબર ગોઠવાયું છે કે કેમ એ કહે. આ કોરોના સામે ઝીંક ઝીલવા માટે પૌષ્ટિક આહાર લેવો જરૂરી છે.

– ભલે મારી માવડી. પૌષ્ટિક આહાર જ આવે છે દરરોજ. ઍપાર્ટમેન્ટવાળાઓએ વગર માગ્યે વ્યવસ્થા ગોઠવી દીધી છે. તું સાજી થઈને આવે એટલી વાર. એ લોકો તારું ફુલેકું કાઢશે! એમને એટલી તો ખબર પડી જ ગઈ છે કે ચૌધરીકાકાએ કોઈ ફોરેનર લેડીને તેડાવી છે. છેલ્લા દોઢ મહિનાથી ફ્લૅટનું રંગરોગાન, ઇન્ટીરિયર-બેઉ બેડરૂમમાં દોઢ-દોઢ ટનનાં એસી... તું શું માને છે તારા બાળ ગોઠિયાને? તું બે મહિના એની સાથે રહેવા આવતી હોય ત્યારે એ રૂપિયાને બચીઓ થોડી કરશે? પૂરા પિસ્તાળીસ હજાર પેન્શન આવે છે. બૅન્કમાં ઑફડી પડેલી છે એ તો જુદી. ધારું તો તને મારા ખર્ચે વર્લ્ડટુર કરાવી શકું, બોલ!

– હા ભઈ હા. તું થોડો હાલીમુવાલી છે? ચૌધરીનું બ્લડ છે.

જેસંગે જોયું : મોબાઈલમાં પાંચ વાગી ચૂક્યા હતા. એકવીસની મસ્જિદમાં અજાન ચાલુ થઈ ગઈ હતી. તબલીગી જમાત પર માછલાં ધોવામાં અખબારો અને ટીવી ચૅનલો વચ્ચે હોડ જામી હતી.

મલયેશિયાથી દિલ્હીની નિઝામુદ્દીન મરકઝમાં આવેલા કેટલાક નાસતા ફરતા જમાતીઓ ઍરપોર્ટ પર ઝડપાઈ ગયા હતા. હિંદુસ્તાન હવે મુસલમાનો માટે અઘરો મુલક બની રહ્યો હોય એવો માહોલ સરજાયો હતો. કેન્દ્ર સરકારના એક માત્ર મુસ્લિમ મંત્રીએ તબલીગીઓના મેળાવડાને આતંકવાદી કૃત્ય ગણાવી એની સામે કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ એવો અભિપ્રાય આપ્યો હતો. તબલીગીઓ પર એવી જોરદાર તવાઈ ચાલી કે કોઈએ પોસ્ટ મૂકી : 'કોરોના ઇન્ડિયામેં પહુંચા તો મુસલમાન બન ગયા!'

જેસંગ ઘણા દિવસથી ઘરબહાર નહોતો નીકળ્યો. ઘરમાં ને ઘરમાં ગોંધાઈ રહેવાથી એનાં હાડકાં દુખવા લાગ્યાં હતાં. રાત્રે સરખી ઊંઘ નહોતી આવતી. આવતી ત્યારે પણ એ સુખદ, શાંત નિદ્રા ન રહેતી. અનેક પ્રકારની જંજાળમાં અટવાઈને એ વળી પાછો વૉશરૂમ લાગતાં ઊઠતો ત્યારે આખું શરીર જકડાઈ ગયું હોય એમ લાગતું.

આદેશ તો ઘરમાં ને ઘરમાં જ પુરાઈ રહેવાનો હતો, પણ હવે એ કંટાળી ગયો હતો. ડ્રૉન વૉક લેવા નીકળેલાઓના ફોટા પાડે છે એવી અફવા ફૂંકાઈ હતી. છતાં પગ છૂટો કરવા નીકળવું જ પડે એમ હતું. પડશે એવા દેવાશે-બહુ બહુ તો પોલીસ એની કક્ષા મુજબની ગાળ આપશે, દંડો ઉગામશે. અને ડ્રૉનમાં ફોટો પડી જશે તો પોલીસથાણે બોલાવી દંડ વસૂલ કરશે. લોકશાહીમાં લોકને ખબર તો પડવી જોઈએ ને કે તંત્ર તો એ જ જૂના બ્રિટિશ રાજ પાસેથી અકબંધ વારસામાં મળેલું છે! સરકાર પાસે અધિકાર છે, લોકશાહી શાસન પદ્ધતિમાં એ અધિકારો પણ લોકોએ જ એમને મળેલા મતાધિકારના માધ્યમથી આપેલા છે. આપણે જ ચૂંટેલી સરકાર આપણા ભલા માટે કોઈ નિયંત્રણો લાદતી હોય અને આપણે એ મુજબ ન વર્તીએ તો દંડા ખાવાની અને દંડ ભરવાની બલકે જેલમાં જવાની પણ તૈયારી રાખવી જોઈએ. જેલમાં જવાનો અધિકાર પણ આપણને આપણું બંધારણ જ આપે છે. એની પૂર્વશરત એ કે એ માટેનો જરૂરી ગુનો કરવો પડશે.

એવો ગુનો સિત્તેર વર્ષની ઉંમર સુધી તો ન કર્યો. એટલે સાત્ત્વિક ગુનેગાર મહાત્મા ગાંધીથી લઈ હમણાં લૉકડાઉનના થોડાક જ દિવસ અગાઉ દિલ્હીની છોકરી પર સામૂહિક બળાત્કાર કરનારાઓને એમના તામસિક ગુના પછી છેક સાત વર્ષે ફાંસી અપાઈ – એવા પ્રખ્યાત ગુનેગારોની યાદીમાં જે. આર. ચૌધરીનું નામ ઉમેરાયું નથી! એ નીકળતાં અગાઉ સેનિટાઇઝર લગાડવાનું ભૂલી ગયો હતો એટલે પૂરાં બાવન પગથિયાં ચડીને પાછો આવ્યો. એને ઓચિંતા ગાંધીજી યાદ આવી ગયા : એમના જમાનામાં કોરોના-કાણ્ડ સરજાયો હોત તો શું એમણે પણ મદ્યયુક્ત સેનિટાઈઝર વસાવ્યું હોત? દારૂની સુગંધવાળા હાથ લઈ એ ફરી પાછો પગથિયાં ઊતરવા લાગ્યો. એનો પગરવ પારખી ગયાં હોય એમ નીચેના ફ્લૅટવાળાં જશોદાબહેને ધીમે રહીને એમના ફ્લૅટનો દરવાજો ખોલ્યો.

'ચૌધરીસાહેબ!' – એમણે દબાયેલા અવાજે એને પૅસેજમાં જ રોક્યો. 'કહું છું –' એમને જે કંઈ કહેવું હતું એ માટે સરખા શબ્દો ગોઠવવામાં મુશ્કેલી પડી રહી હતી. એમણે ત્વરિત નિર્ણય લીધો. 'ચાલો, થોડી વાત કરવી છે, પણ અહીં નહીં. નીચે પાર્કિંગમાં ઊભા રહો, હું આવું છું.'

જેસંગને પણ કુતૂહલ થયું. એ નીચે પાર્કિંગ લૉટમાં જઈ ઍપાર્ટમેન્ટની અનક્રાઉન્ડ ક્વીન જેવી, એના પ્રત્યે સાચા અર્થમાં સદ્ભાવ ધરાવતી મહિલાની રાહ જોવા લાગ્યો.

પગે સંધિવા હોવાથી એમને ઊતરતાં થોડી વાર લાગી. હજી અંધારું હતું અને ઍપાર્ટમેન્ટવાસીઓ આમેય સાત વાગ્યા પહેલાં ઊઠવા ટેવાયેલા નહોતા એની બેઉને બરાબર ખાતરી હતી.

'કેમ, કંઈ ખાસ વાત હતી?' જેસંગે પોતાને વૉકિંગ માટે નીકળવાની ઉતાવળ હતી એવું

વગર કહ્યે સૂચવી દીધું.

'તમે આખા એપાર્ટમેન્ટના સૌથી વડીલ રહેવાસી છો. બળ્યું, કહેતાંય શરમ આવે છે. મને જરા ચિંતા થાય કે જોઉં, સૂતા છે કે જાગે છે.... પણ જ્યારે જ્યારે વેન્ટિલેટરમાંથી ડોકિયું કરું કે દર વખત તમે તો...'

જેસંગ એ ભદ્ર મહિલાના ચહેરા ઉપર ફરી વળેલી શરમની રતાશ જોઈ આખી વાત સમજી ગયો.

'મને તો સપનેય વિચાર ના આવે કે કોઈ વેન્ટિલેટરમાં ડોકિયું કરી મારી ચોકી કરતું હશે!' એણે મર્માળુ હસીને પૂછ્યું : 'સાચું કહેજો હોં જશોદાબહેન, તમને મારું એ સ્વરૂપ કેવું લાગ્યું?'

'સાવ નાગા છો તમે તો! આ ઉંમરેય સુધર્યા નહીં હજી! લાજો જરા.' એ હસી પડ્યાં. વાત વાળી લઈ બોલ્યાં : 'જૈનોના મુનિમહારાજ જેવા લાગો છો, હાચ્ચે!'

'તો પછી વાંધો શાનો છે? દર્શન કરી ધન્યતા અનુભવો!' જેસંગે કટાક્ષ કર્યો પછી ધીમે રહીને પગ ઉપાડતાં પૂછી બેઠો : 'એમ કહોને કે પછી રાત આખી ઊંઘ નથી આવતી!' જેસંગે જરા વિનમ્ર સ્વરે ઉમેર્યું, 'જરા પગ છૂટો કરવા નીકળ્યો છું. બંધિયાર કોટડીમાં ગૂંગળાઈ મરું છું. દિવસે તો ખાખી નીકળવા ન દે. અત્યારે ડ્યૂટી હોય તોય ક્યાંક રાવટીમાં પુરાઈને વહેલી સવારની મીઠી નીંદર માણતા હોય!'

'ધ્યાન રાખજો. ટીવીમાં સમાચાર હતા કે સાબરમતીનાં કોતરોમાં દીપડો ફરે છે.' જશોદા મીઠું મલકાઈને પાછી વળી : 'બળ્યું, તમને શું કહું? – બહુ જ ચિંતા થાય છે તમને એકલા એકલા કચરાપોતાં કરતા જોઉં છું ત્યારે! ઘરમાં છોકરો ને છોકરાની ફેમિલી હોય એટલે માઝામાં રહેવું પડે. એકલી રહેતી હોત તો શું એમ માનો છો કે તમને કચરાપોતાં ને વાસણ કરવા દેત?'

એના અવાજમાં દંભ નહોતો એટલું તો સાત દાયકાની સફર પાર પાડી ચૂકેલા ચૌધરીને સમજાતું હતું. એણે મગજમાંથી એવા વિચારો ખંખેરી નાખી સરકિટ હાઉસ સર્કલ તરફ ઝડપથી ચાલવા માંડ્યું. ચૈત્રની અંધારી રાત ઊલવાની તૈયારીમાં પડી હતી. રસ્તા સૂમસામ હતા. સામાન્ય સંજોગોમાં છેક સાડાત્રણ-ચારના સુમારે શરૂ થઈ જતી વાહનોની અવરજવરના વિકલ્પે થોડાં કૂતરાં આમથી તેમ હડિયાપાટી કરી રહ્યાં હતાં. મૉર્નિંગ વૉકર્સને પણ કોરોનાની ધાક પેસી ગઈ હોઈ ઘરમાં જ આઘાપાછા થઈને કે રામદેવવાળાં યોગાસનો અને પ્રાણાયામ કરી લઈ સંતોષ માની લેતા હશે.

જેસંગને વહેલી સવારની મીઠી વાયુલહેરીએ ક્ષણ પૂરતો તરબતર કરી દીધો. એસીની કૃત્રિમ શીતળતા ક્યાં અને ક્યાં આ 'ઓઝોન' યુક્ત કુદરતી 'ઓરિજિનલ' ઠંડક!

એ સરકિટ હાઉસ સર્કલ વળોટી 'જ' માર્ગ પર વળ્યો ત્યાં એને જશોદાએ આપેલી ચેતવણી યાદ આવી.

દીપડો ફરતો ફરતો સામો મળી જાય તો પોતે શું કરે? પાંચ હાથનો પહોળો પહોંચતો શિકાર જોઈને દીપડો તો રાજીનો રેડ થઈ જાય. આસપાસ કોઈ છે પણ નહીં કે જેસંગલાલની રાડ સાંભળીને વહાર કરવા દોડી આવે. જોકે દીપડો તો કોતરોમાં ફરતી નીલગાય કે ઊછળતાં કૂદતાં સસલાં જ શોધતો હોય. માણસથી તો જંગલી જનાવરો પણ સોશિયલ ડિસ્ટંસિંગ જાળવીને રહેવામાં સલામતી સમજે છે.

પુનિતવનના વળાંક પર મોઢે માસ્ક બાંધી ચાલી આવતો ઓળો દેખાયો. સચિવાલય અને પુનિતવન વચ્ચેના સલામત રસ્તા પર વહેલી સવારે સ્ત્રીઓ વૉકિંગ માટે નીકળતી, પણ અત્યારે? લૉકડાઉનનું તાળું ખોલીને સામેની ફૂટપાથ પર કસરત કરતી કરતી ચાલી આવતી

જોગણી કોણ હશે?

– એ જે હોય તે. કોઈ આઈએએસ ઑફિસર પણ હોઈ શકે : કાયદો પળાવવાનું કામ અમારું – પાળવાનું નહીં! નજીક પહોંચ્યો ત્યારે આડું તાકીને આગળ વધવા જતો હતો ત્યાં પરિચિત અવાજ સંભળાયો : અરે ચૌધરીસાહેબ, ગુડ મૉર્નિંગ... આમ ટાળો દઈને ચાલ્યા જાવ છો ભલામાણસ!

– ઓહ, તમે છો?

જેસંગને વર્ષો સુધી પાસેના ટેબલ પર આસિસ્ટંટ તરીકે સેવાઓ આપતી સુનીતા વ્યાસ આ રીતે વહેલી સવારે કસરત કરતી કરતી, હાથ, પગ અને ખભા ઉલાળતી સામી મળશે એવી તો કલ્પના જ ક્યાંથી હોય!

– કેમ, ઘરમાં ગોંધાઈ રહીને વહેલા મરવું છે? સરકાર તો મન ફાવે એવા હુકમ કર્યા કરે, પ્રધાનો એમના બંગલાઓમાં થોડા ઘલાઈ રહેતા હશે? બબ્બે વીઘા જેવડા બગીચા બનાવ્યા છે બંગલા બહાર. નિરાંતે ટહેલતા હશે, કોયલના ટહુકાર સાંભળતા સાંભળતા.

– સાચી વાત છે. કાયદા તો બધા પ્રજાએ પાળવાના હોય છે. જેસંગે છાતી ઉછાળી વ્યાયામના દાવ કરી રહેલી સુનીતા વ્યાસને ચેતવી : ‘જરા સાચવજો. રિટાયર થયાં છો પણ જુવાની ગઈ નથી. કાલે ટીવી પર સમાચાર હતા કે સાબરમતીનાં કોતરોમાં દીપડો ફરે છે. તમને દાવ કરતાં જોઈને પૂંઠ પર હુમલો ન કરી બેસે!’

શરમથી વધુ જુવાન થઈ ગયેલી જૂની આસિસ્ટંટ ઘડીક તો હેબતાઈ જ ગઈ. ચૌધરીસાહેબ વળી આવું બોલતાં ક્યાંથી શીખ્યા? એણે એની હાજરજવાબી સ્ટાઇલનો પરચો બતાવતાં સામી સિક્સર ફટકારી : ‘આખી જિંદગી જોડાજોડ બેઠેલા દીપડાએ તો હુમલો ના કર્યો! બિચારું જાનવર થોડું ઓળખે છે કે એવું જોખમ ખેડશે?’

જેસંગ કશુંય બોલ્યા વગર આગળ વધી ગયો. સુનીતા ફાંગી નજરે એને જતો જોતી રહી. એકાએક કશુંક યાદ આવી ગયું હોય એમ ઉતાવળે એની પાછળ હાંફળીફાંફળી દોડીને પૂછવા લાગી : ‘કહું છું, જમવાનું શું કરો છો? રાંધવાવાળી બાઈ આવે છે?’

‘બધું ગોઠવાઈ ગયું છે. ખાનાર-પીનારને ખુદા દેનાર! ફ્લૅટવાળા જ ટિફિન આપી જાય છે.’

‘તો તો વાંધો નહીં. નહીંતર ઉર્વીશ આવતાંજતાં આપી જાય. શરમમાં ના રહેતા પાછા.’

‘ચૌધરીથી બ્રાહ્મણના ઘરનું મફતમાં ના ખવાય.’

‘તે કોણ કહે છે કે મફતનું ખાઓ! ફી ચૂકવી દેજો....’ એટલું કહી એ એવું મર્માળુ હસી કે જેસંગ પાણીપાણી થઈ ગયો.

‘ઉર્વીશના પપ્પાની તબિયત કેમ રહે છે?’ એણે વિષયાંતર કરવા કોશિશ કરી.

‘ડાયાબિટીસ વધી જાય છે ત્યારે હમણાં જ જતા રહેશે એવું લાગે. મૂઆ જીભના ચટૂકડા છે. બાકી તો સાવ મડદું!’

જેસંગને વાત લંબાવવામાં સાર ના લાગ્યો. એ ચાલવા જ કરતો હતો ત્યાં ઝાડીમાં એક ભુરાયો થયેલો રોઝ નીલગાય પાછળ પવન વેગે દોડતો દેખાયો.

‘જોયું કાંઈ?’ સુનીતા વ્યાસે ટકોર કરી : ‘કુદરતે જીવમાત્રમાં માયા મૂકેલી છે. સમજો તો સારું છે.’ એ લોલુપ નજરે તાકી રહી.

જેસંગ મલકાતો મલકાતો કશુંય બોલ્યા વગર ઝડપથી ચાલી નીકળ્યો.

– 19-4-’20

* * *

16

ઘરે પહોંચ્યો એ પહેલાં સુનીતા વ્યાસનો મૅસેજ આવી ગયો હતો.

આ કોરોનાએ તો નરી જેલની સજા કરી છે. દીકરો-વહુ નોકરીએ જતાં ત્યારે નિરાંત રહેતી. અત્યારે તો આખો દિવસ એમના બેડરૂમમાં પુરાયેલાં રહે છે. હું મારા મુડદાલ ડોસા સામે લાચાર નજરે જોતી રહું છું. 'જુવાનિયાં છે, લહેર કરે છે એમાં તને શાનું પેટમાં બળે છે?' એવી ટકોર કરીને પડખું ફેરવી તોપ જેવો અવાજ કરે છે. બેઠકરૂમ ગંધાઈ ઊઠે છે. ક્યારેક તો ચૂપચાપ પહેર્યાં લૂગડે નાસી જવાનું મન થાય છે. ભગવાને એમને મંદવાડ આપ્યો તો મને શું કામ નરવી રાખી? શરીર સાચવું છું એ પણ એમને કે દીકરા-વહુને ગમતું નથી. બોલો, આ પીડા કોને કહેવી?

જેસંગ પાસે એનો કોઈ જવાબ ન હતો. રંગ અવધૂત મહારાજની છબી આગળ હાથ જોડીને પ્રાર્થના કરી : ગુરુદેવ, આ બલા ઘરમાં ન ઘૂસી આવે તો સારું. નાહક ફજેતી કરશે.

વળતી જ ક્ષણે સ્વીટુ યાદ આવી. એ પૂરા બે મહિનાનો ટાઇમ કાઢીને રહેવા આવી છે, એનું શું? સુનીતા વ્યાસ બહુ બહુ તો કલાક-બે કલાક રોકાઇને ચાલી જવાની. આ તો પૂરા બે મહિના....

આ નીચેના ફ્લૅટવાળી જશોદા પેટ કૂટશે. ચૌધરીકાકો તો બાપ, બહાર છે એથી ડબલ ભોંયમાં છે. આટલાં વર્ષોથી આપણે તો એને બાળબ્રહ્મચારી ગણતાં રહ્યાં. નીકળ્યો જાદુગર! ધાપ મારી તોય છેક વ્હાઈટહાઉસમાં.

'તો ભલેને કૂટતી પેટ. એનેય ખબર તો પડે કે ચૌધરી એના જેવી રાંડીરાંડ સામી તો નજર પણ ના કરે.' મનોમન બબડવા કરતો હતો ત્યાં યાદ આવી ગયું કે સ્વીટુ પણ છે તો જૉનસન નામના ધોળિયાની વિધવા જ ને! પણ સ્વીટુને એવો કોઈ દોષ ના અડે. એ તો પતિતપાવની ગંગા છે. એના પર હજાર પુરુષોના પડછાયા પડ્યા હોય તોય એ અવ્વલ કુંવારકા જ ગણાય. અને અહીં મારી સાથે રહેવા આવે છે એટલે શારીરિક વાસનામોક્ષ ખાતર જ આવે છે એવું કેમ માની લેવાય? પ્રેમ તો સાતમા આસમાનની જણસ છે. એ પ્રેમની પિયાસી બનીને આવી છે. કામથી પ્રેરાઈને આટલી ખેપ કરવાની જરૂર જ ક્યાં હતી? એક કહેતાં એકાવન લાઇન લગાવી દેત એની આંગળીના ઇશારે. હજી આ ઉંમરે પણ ગલોલા જેવી તો છે. ક્યાંય કરચલી નથી પડી કાયા પર. એનો રુઆબ રાણી એલિઝાબેથને ઝાંખી પાડે એવો છે અને સ્માઇલ....

જેસંગને એણે મોનાલીસાનું ઐતિહાસિક ચિત્ર ભેટ ધરેલું એ યાદ આવી ગયું. તે વખતે જેસંગે ભેટ તો સ્વીકારી લીધેલી પણ પછી ધીમે રહીને કહેલું : સામે જીવતી જાગતી મોનાલીસા તો ઊભી છે! આ ચિત્ર થોડું બોલવાનું છે? એ કંઈ મને 'જિતુડા' કહીને ટહુકો કરશે કદીયે? – એના પ્રતિસાદથી સ્વીટુના ગાલ ગુલાબ થઈ ગયા હતા. છેલ્લા બે મહિનાથી સતત ઝીણવટપૂર્વક એ ચિત્ર નિહાળતો રહેતો. જ્યારે એની આપનારી આ ગરીબખાનામાં બે માસ જેટલો સમય પસાર કરવાની હોય તો એને સૂતી અને જાગતી વખતે મોનાલીસાનું મોહક સ્મિત જોઈ હરખ ચડે, એવી અપેક્ષા સાથે અત્યાર લગી ભંડકિયામાં ધૂળ ખાતું પડી રહેલું એ ચિત્ર જેસંગે સાફ કરીને બેડરૂમમાં ટીંગાડ્યું હતું.

સીડીઓ ચડતો હતો ત્યાં સામેના નાનકડા શૉપિંગમાં અંબિકા કિરાણાની દુકાનનું શટર ખૂલતું સંભળાયું. એ પાછો વળ્યો. તાજા દૂધની ત્રણ થેલીઓ, છાશની ચાર, ખજૂર, સીંગ ભુજિયા અને હૅર ઑઈલની બાટલી : એને એટલું જ યાદ આવ્યું. દુકાનવાળાએ એ તમામ વસ્તુઓ પ્લાસ્ટિકની બૅગમાં ભરી આપી.

એણે બિલ ચૂકવતાં ટકોર કરી લીધી : 'કેમ, તમને દુકાનદારોને કોરોના તરફથી ખાસ છૂટછાટ મળી છે?' દુકાનદાર સમજ્યો નહીં એટલે નીકળતાં નીકળતાં એણે કહી જ દીધું : સૅનિટાઇઝર રાખો, માસ્ક પહેરો, કોરોના કોઈનો સગો નથી થતો. તમને વળગશે તો આખું સેક્ટર ચોંટ્યું રહેશે. મોદીસાહેબ ગાંડા નથી થયા કે પૂરા એકવીસ દિવસ સુધી આખા દેશને તાળાં મારી દે. બહુ સિરિયસ બીમારી છે. ખતરનાક. નજરે તો સાત ભવે પણ દેખાવાનો નથી, પણ જેને ચોંટ્યો એનો તો મર્યે પાર. તમને ખબર છે? આવા દરદીનું મડદું પણ એના સંબંધીઓને નથી સોંપાતું.

'હા સર. ટીવીમાં આવે છે ને! મરનારને ઘરનો ચોકો પણ નથી પામવા દેતો આ ચીનનો બહારવટિયો.'

જેસંગને દુકાનદારના મોઢે 'બહારવટિયો' શબ્દ સાંભળી નવાઈ લાગી. 'વાહ, તમે તો યાર કવિ જેવી ભાષા વાપરી! ખરેખર આ ચીની બહારવટિયો દુનિયાને ખેદાનમેદાન કરીને જંપશે.'

'સર, બહારવટે ચડેલો ખાનદાન કુળનો નબીરો કદી નિર્દોષ જીવોને હેરાન ના કરે. પણ આ તો છે જ બૂચિયો, ચીબા નાકવાળો ડાકુ. એની પાસે દયામાયાની આશા રાખવી જ નકામી.' ધીમે રહીને દુકાનદારે ઉમેર્યું : 'બાકી બહારવટાં તો અમારા વડવાઓએ પણ ખેડ્યાં'તાં....

'દરબાર છો?' અત્યાર લગી ક્યારેય કોઈની નાતજાતની પડપૂછમાં નહીં પડેલા જેસંગથી અનાયાસ પુછાઈ ગયું.

'જી સર. અસલ બિહોલા રાજપૂત.'

એ અત્યારે ભલે કરિયાણું વેચી ગુજરાન ચલાવતો સામાન્ય વેપારી બની રહ્યો હોય, પરંતુ એને એના કુળમાં થયેલ બહારવટિયા પૂર્વજો પર ગર્વ છે. જેસંગ મનોમન એની માનસિકતા પર હસતો રહ્યો. માણસને કોણ જાણે કંઈક વધુ ઊંચા કુળનું આકર્ષણ એકવીસમી સદીમાં પણ કેમ છૂટતું નહીં હોય! આ માનસિકતાના મૂળમાં પડેલી છે વીરપૂજાની ભાવના. પોતે કોઈ હાલીમુવાલીની ઓલાદ નથી એવું ઠસાવવા છેક છેવાડાનો અકિંચન, ચીંથરેલહાલ માનવી પણ તનતોડ દલીલો કરતો હોય છે. જૂના જમાનામાં વંશાવળીના ચોપડા રાખનારા બારોટો અનુકૂળતા મુજબ કોઈને ઊંચા અને કોઈને ઊતરતા કુળના ચીતરી પાડતા. વળી પાછા એ જ બારોટોના વંશજો બે પાંદડે થયેલા અને સંતોષકારક દક્ષિણા આપનારા એ જ અગાઉના ઊતરતા જજમાનોને આસમાને ચડાવી દેતા. એમને તો ફક્ત રમણીય કલ્પનાઓનો જ ખડકલો ખડકી દેવાનો રહેતો! આ માનસિકતા કાળક્રમે જિન્સમાં ઊતરે છે. બધા પોતાને અત્યારે લાગે છે એના કરતાં વધુ ઊંચા કુળના વારસદાર સાબિત કરવા મથતા રહે છે. લગ્નપ્રસંગે ક્ષત્રિયોની જેમ સાફા બાંધવા, ભડાકા કરવા, મૂછો રાખવી એ બધાના મૂળમાં આ જ માનસિકતા પડેલી છે.

જેસંગ સીડી ચડી રહ્યો હતો ત્યાં અધવચ્ચે જશોદાબહેન એની રાહ જ જોતાં હોય એમ દરવાજો અધખૂલો રાખીને ઊભાં હતાં. જેવો જેસંગ એમના પૅસેજ પર પહોંચ્યો કે તરત દરવાજો પૂરો ખૂલી ગયો.

'આવો, આજે તો ચા પિવડાવીને જ જવા દઈશ!' એમણે મીઠું મલકીને ઉમેર્યું : 'રોજ રાહ જોતી કે ક્યારેક તો નીકળશે – પણ ચૌધરીબંકાએ સામા માણસની લાગણીનો તો પ્રતિસાદ જ ના આપ્યો. આમ તે ઘરમાં ને ઘરમાં પુરાઈ રહેવાય? એકલો એકલો માણસ ગાંડો ના થઈ જાય?'

'તો શું તમે મને ડાહ્યો સમજો છો? ડાહ્યો હોત તો બધાની જેમ ઘરસંસાર ના વસાવ્યો

હોત?'

જેસંગ પાડોશણના આગ્રહને ટાળી ન શક્યો.

'ચા બનાવું તમારા માટે.' કહી જશોદાબહેન કિચનમાં ગયાં. બેઠકમાં જેસંગ દીવાલ પર ટીંગાયેલ ઘરમાલિક નટવરલાલ શાહની છબી સામે અને આસપાસ ગોઠવાયેલી શ્રીનાથજીની છબી સામે વારાફરતી નજર ફેરવતો રહ્યો. મોબાઈલ ઝબૂકતાં જ પુનિતવન પાસે મળેલી સુનીતા વ્યાસની માદક તસવીર પ્રગટ થઈ.

'થોડી વાર પછી વાત કરું?' કહી સામેથી સંમતિ મળે એ પહેલાં જ એણે વિડિયોકૉલ કાપી નાખ્યો.

'વાત કરવી હતી ને! બહુ ખાનગી હશે, કેમ?' ચાની ટ્રે લઈ સોફામાં અડોઅડ બેસવાનો પ્રયાસ કરતી પાડોશણના ઇરાદાને ઓળખી ગયેલા જેસંગે ખસીને પાસેની ખુરશીમાં સ્થાન લીધું.

'અભડાઈ નહીં જાવ!' જરા દબાયેલા સ્વરે જશોદાબહેને દાંત વચ્ચે હોઠ દબાવી કહ્યું : 'સાંભળ્યું? પેલી ઉર્વશી ગઈ સાંજની ગઈ છે તે ગઈ છે. પાછી આવી જ નથી!'

'ગઈ હશે એની ફ્રેન્ડને મળવા. રોકાઈ ગઈ હશે.' જેસંગે આખી વાત હળવાશથી લેતાં કહ્યું : 'એ કંઈ નાની કીકલી થોડી છે? અને આ લૉકડાઉન પિરિયડમાં જઈજઈને બિચારી જવાની પણ ક્યાં? સિટીનાં બધાં જ નાકાં પોલીસે બંધ કરેલાં છે.'

'એ તો મારી વા'લી ઉંદેડી જેવી છે. છટકીને પહોંચી હશે અમદાવાદ એના લવર પાસે! રોજ કલાકો લગી એની હારે વાતો ન'તી કરતી ધાબે ચડીને?' જશોદાબહેને વાતમાં મોણ નાખ્યા વગર કહી દીધું : 'ફટવી મારી'તી એની માએ... મારી ઉર્વી તો બહુ જ હુશિયાર. નાટકમાં ભાગ લે. ડાન્સમાં નંબર લાવે. મૂઈ લૂગડાંય કેવાં પે'રતી, નથી જાણતા? અડધી છતી બહાર ધસી આવે એવા ડ્રેસ... ને મૂઈએ જે ગદર ઘાલ્યું'તું એ જોઈને તો ભલભલા જોગીના જોગ છૂટી જાય.'

ચા પીને જેસંગ ઊભો થવા જતો હતો ત્યાં જશોદાબહેને ઉતાવળે રસોડામાં દોડી જઈ એક ડબરો એના હાથમાં મૂકી દીધો. 'સૂંઠની લાડુડીઓ છે. સવારસાંજ એકએક-બબ્બે ખાજો. કોરોના સામે આ આપણું ડોશીમાનું વૈદું. છોકરાં માટે બનાવેલી, પણ એમને તે કંઈ આપણી પેઢીનાં વસાણાં ભાવે? પિઝા-બર્ગર અને કેવું કેવું બળ્યું – ચાઈનીઝ ફાઈનીઝ બનાવ્યે રાખે છે વહુ. રાતના બે વાગ્યે મસ્તીથી ટીવી જોતાંજોતાં ખાતાં હોય, પેપ્સી પીધે રાખતાં હોય – આપણાથી થોડું કશું કહેવાય? સાડા નવ વાગ્યે ઊઠે તો વહેલાં ઊઠ્યાં કહેવાય! મને તો, સાચ્ચું કહું?'

– એમની આંખો ઊભરાઈ ગઈ : 'શાહના ગયા પછી આ ઘર ખાવા ધાય છે. ટકી રહી હોઉં તો શ્રીનાથજીના સહારે. તમને જોઉં છું કે તરત અંદરથી સધિયારાનો સણકો બોલે છે : કાંઈ નહીં, ચૌધરીકાકા તો છે ને! પડતી બૂમે અડધી ઊંઘમાંથી ઊભા થઈને દોડ્યા આવશે – જશોદાના કાનુડાની જેમ!'

જેસંગે એમને આશ્વાસન આપ્યું : ખોટો વલોપાત કર્યા વગર શ્રીનાથજીની માળા કરો. કામકાજ હોય તો બેઠો છું.

એ ડબરો લઈને સીડી ચડતો હતો ત્યારે છેક એના ચોથા માળના ફ્લૅટનું તાળું ખોલી અંદર પ્રવેશ્યો ત્યાં લગી જશોદા એનું પગેરું લેતી રહી. એકાએક એની નજર સોફા પર પડેલી પ્લાસ્ટિકની બૅગ પર પડી. 'અરે ચૌધરીકાકા!' એણે બૂમ પાડી : 'આ થેલી તો ભૂલી ગયા!' કહેતી એ થેલી લઈને પગથિયાં ચડવા લાગી.

'તમારી વાતોમાં થેલી લેવાની તો રહી જ ગઈ!'

'ઘડપણમાં ઘણુંબધું ભુલાઈ જતું હોય છે.' એણે જેસંગને એની ઉંમરની યાદ અપાવી.

'સારું છે કે તમને ફ્લૅટ નંબર યાદ રહે છે!' એણે થેલી પકડાવતાં બીજી સિક્સર ફટકારી.

'તમે છોને, ફ્લૅટનંબર ભૂલી જઈશ તો બીજા કોઈના ઘરમાં નહીં પેસી જાઉં.... હા, જશોદાબહેનના ફ્લૅટમાં મને પારકુંના લાગે!' જેસંગે એને સારું લગાડવા પ્રયાસ કર્યો.

'મનેય તમે ભેગા રહેતા હો તો ગમે, હોં કે!' – છેક હોઠ લગી આવી ગયેલાં વેણ ગળી જઈને એ પાછાં વળી ગયાં.

'તમને વચન આપું છું. ખરા ટાંકણે હું જ તમારી સેવા કરીશ, ભલેને વહુ-છોકરો વંકાય. ફ્લૅટ એમના બાપની કમાણીનો છે અને એ માણસે બહુ સમજીવિચારીને મારા નામે લીધેલો છે!'

'જશોદાબહેન, ભગવાન એવી લાચારીમાં મારા-તમારા જેવાં સીધાં લોકોને ના મૂકે એવી પ્રાર્થના કરો.' એણે ડૂસકે ચડેલી વિધવા પાડોશણને હાથ જોડી ધીમે રહી દરવાજો બંધ કરી દીધો. ભાંગેલા પગે જશોદા સીડી ઊતરવા લાગી.

જેસંગને એકીસાથે સ્ત્રીનાં ત્રણ સ્વરૂપોનો પરચો મળ્યો હતો. જશોદાને ઘર હતું, પણ વર નહોતો. સુનીતાને વર પણ હતો, પરંતુ એને ફક્ત નભાવવાનો હતો. પેલી કાચીકુંવારી ઉર્વશીને હજી સંસારના રંગે રંગાવાના અભરખા જ જાગ્યા હતા, જે એટલા તીવ્ર હતા કે લૉકડાઉનના પ્રતિબંધને તોડીને એ એના ફિયાન્સને મળવા નાઠી હતી. એનાં માબાપ માટે એ સમસ્યા બની ગઈ હતી.

ને એમ તો પેલી આઇસોલેશન વૉર્ડમાં હવા ખાતી સ્વીટુ પણ જેસંગ માટે ક્યાં સમસ્યા નહોતી બની રહી?

સવજીએ સ્વામિનારાયણ સંપ્રદાયના સંતના પ્રભાવશાળી પ્રવચનનો વિડિયો મોકલ્યો હતો. જેસંગે એના તરફ ધ્યાન પરોવ્યું.

* * *

17

જેણે ફોરવર્ડ કરેલું એણે 'મસ્ટ વૉચ – પૂરેપૂરું સાંભળો અને મિત્રો-સગાંસંબંધીઓને ફોરવર્ડ કરો' એવો આગ્રહ રાખ્યો હતો. સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભણેલા સાધુઓ હોય છે. ભણેલા માણસે ભગવાં શું કામ ધારણ કરવાં જોઈએ? એક એન્જિનિયર, વૈજ્ઞાનિક, ડૉક્ટર કે ઉત્તમ શિક્ષક બની શકે એવા યુવાનને સંપ્રદાયના ચોકઠામાં પૂરી દેવો એ તો માનવદ્રોહ ગણાવો જોઈએ. છતાં વિડિયો શાળાકાળના સહાધ્યાયીએ મોકલ્યા છે અને કોરોનાએ નવરાધૂપ કરી મૂકેલ હોઈ હવે તો સમય જ ગુજારવાનો છે તો ચાલો, થોડા એ વિદ્વાન વક્તા તરીકે પંકાયેલા સ્વામીને પણ સાંભળી લઈએ. ધર્મ પણ આખરે તો માનવના ફળદ્રુપ ભેજામાં નીપજેલી જણસ છે. એને સંસ્કૃતિના વિકાસ સાથે સાંકળી સમજવાની જરૂર છે. દુનિયા આખી કોઈ ને કોઈ તારણહારની તલાશમાં રહેતી આવી છે. ભારતને એવા મેધાવી તારણહારો સૌથી વહેલા મળ્યા. એટલે ધર્મને સનાતન જેવું વિશેષણ સાંપડ્યું. સૌથી જૂના ધર્મમાં જ સૌથી વધારે વાડા પણ સરજાયા. આજે શુદ્ધ શાકાહારી ગોકુળિયા વૈષ્ણવોથી લઈ દેવીને ભોગ ચડાવી એના લોહીનો ચાંદલો કરનારા શક્તિપૂજકો – દેવીપૂજકો સુધીના બધા જ સનાતન હિંદુ ધર્મના અનુયાયી ગણાય છે.

સ્વામીની બૉડી લૅન્ગ્વેજ વધુ પડતા આત્મવિશ્વાસથી છલોછલ હતી. જેસંગને આવા લોકો જોતાંવેંત અળખામણા લાગતા રહ્યા છે. વાક્છટાથી સામેના સમુદાય પર છવાઈ જવાની વૃત્તિ અને હું જ સર્વજ્ઞ છું, હું ઈશ્વરના અસ્તિત્વને અહીં અને અત્યારે જ પુરવાર કરી શકું છું એવો અહંકાર જોઈ એણે વિડિયો બંધ કરી દીધો. ઈશ્વરને વળી તમારા જેવો વકીલ રોકવાની ક્યાં જરૂર છે? એ તો ઘટઘટમાં વ્યાપેલો છે. મારે માટે સ્વીટુ ઈશ્વર છે, જશોદા પણ ઈશ્વર છે, બલકે વહેલી પરોઢવેળાએ પેલી સુનીતા વ્યાસ પણ ઈશ્વરનો જ એક પર્યાય બનીને મને મળી'તી ને!

જેસંગ કિચનમાં ભેગાં થયેલાં ચાનાં વાસણ સાફ કરવા લાગ્યો. એને અગાઉ આવો અનુભવ નહીં થયેલો હોઈ એ સાચવી સાચવીને આગળ વધતો હતો. એરિયલ પાવડર અને ફિનાઈલની બૉટલ પાસે પાસે હોઈ ખાસ ધ્યાન રાખવું પડતું હતું. ઉતાવળમાં પાવડરને બદલે ફિનાઈલથી વાસણ સાફ કરવા લાગે તો લેવાના દેવા જ પડી જાય. પોતા માટેના ટુકડા અને વાસણ સાફ કરવાના, લૂછવાના ટુકડા પણ જોડાજોડ પડી રહેતા. ક્યારેક અજાણતાં જ ભૂલ કરી બેસે તો ઝેરનાં પારખાં જ થઈ જાય કે બીજું કંઈ?

હજી તપેલીમાં દૂધ રેડતો હતો ત્યાં કૉલબેલ રણક્યો. 'પ્લીઝ વેઇટ.' એણે ભીના ફરસ પર સાચવી સાચવીને પગ ટેકવતાં ટેકવતાં દરવાજો ખોલ્યો.

'ઓહો, આવો આવો.' સામે બીજા માળે રહેતા સુધીરભાઈ અને એમનાં પત્ની વનિતા ઊભાં હતાં.

'કાકા, ફસાઈ ગયાં છીએ!' ઘરમાં પગ મૂકતાં જ સુધીરભાઈએ નિસાસો મૂક્યો. 'ઉર્વશી ગઈ સાંજે વૉક લેવા જઉં છું એમ કહીને નીકળી તે પછી પાછી નથી ફરી.'

'મને જશોદાબહેને વાત કરી, હમણાં અડધા કલાક પહેલાં જ.' જેસંગે પૂછ્યું : 'તમને શું લાગે છે? રિલેટિવ્ઝને ફોન કર્યા?'

'ક્યાંય પત્તો નથી.' વનિતાએ ફોડ પાડતાં ચોખ્ખી વાત કરી : 'એના બૉયફ્રેન્ડ સાથે ભાગી ગઈ છે, લ્યો પેટછૂટી વાત કરવામાં શેની શરમ? છેલ્લા છ મહિનાથી એવી હેવાઈ થઈ ગઈ હતી કે વૉકિંગ કરવા જઉં છું કહીને મોડી રાતે પાછી ફરતી. પૂછીએ તો કહેતી : બહેનપણી ભેગી થઈ ગઈ. એના પૈસે પિક્ચર જોવા લઈ ગયેલી....'

જેસંગને ધાબા પર ખૂણામાં ઊભીઊભી વાતો કરતી એ ચુલબુલી છોકરીનું દૃશ્ય યાદ આવી ગયું.

'ફોન-બોન આવ્યો ખરો?'

'ના, ફોન તો એ શાની કરે? ને એનો મોબાઈલ તો મેં પડાવી લીધેલો છે.' સુધીરભાઈએ કહ્યું : લૉકડાઉનમાં બે છોકરાંને એકલાં રખડતાં જોઈ કંઈ ના બનવાનું ના બને, એની ચિંતા કોરી ખાય છે. કોઈ ફોસલાવી પટાવીને લિફ્ટ આપી દે અને પછી પેલી દિલ્હીવાળી છોકરી જેવું થાય તો! કાકા, ગઈ કાલનું એનું સ્વરૂપ જ એવું હતું કે એને ભૂત તો નથી વળગ્યું એવું લાગે! આગલી આખી રાત ઉધામા કરતી રહી. એના બૉયફ્રેન્ડને મોટેથી બોલાવતી રહી. આપણી હાજરીની પણ પરવા કર્યા વગર પાગલની જેમ છાતી ખુલ્લી કરીને પેલા છોકરાની સામે ગંદા ઇશારા કરતી રહી. છોકરો તો ઓગણત્રીસ સેક્ટરમાં રહે છે. એ થોડો એને જવાબ આપવાનો હતો?'

'કેમ, ફોન પર તો એ એને રીઝવતો જ હશે ને!'

'એ ગંદા ચાળા કરવા લાગેલી એટલે ફોન તો મેં પડાવી લીધો હતો.'

'ઓ.કે., ટૂંકમાં ફોન તમારા કબજામાં છે.'

'છે, પણ ખૂલતો નથી. એણે લૉક કરી દઈને છુટ્ટો ઘા કરેલો. જુઓ આ ઢીમણું.' સુધીરભાઈએ લમણા પર ઊપસી આવેલું ઢીમણું બતાવ્યું.

'તમે ફોન લઈ લીધો એ સારું ન કર્યું. ફોન એની પાસે હોત તો પગેરું મેળવવામાં હેલ્પફુલ થાત.' જેસંગે વાત ટૂંકાવી : 'ટૂંકમાં હવે પોલીસને જાણ કર્યા સિવાય કોઈ રસ્તો બચતો નથી. પોલીસ સ્ટેશને ફોન કરોને!'

'કરી જોયો. અત્યારે બધો સ્ટાફ બંદોબસ્તમાં છે. ખુદ સીએમ સેલ્ફ આઇસોલેશનમાં ચાલ્યા ગયા છે, સાંભળ્યું નહીં? પોલીસ વીઆઈપીઓનું ધ્યાન રાખે કે આપણા જેવા સામાન્ય લોકોનું?' એમની વાતનો તંતુ પકડી લઇ વનિતા બોલ્યાં : 'જશોદાબહેનને વાત કરી તો કહે, ચૌધરીકાકાને સાથે લઈને એકવીસના પોલીસસ્ટેશનમાં રૂબરૂ ફરિયાદ લખાવી આવો!'

જેસંગની છાપ ભાંગ્યાના ભેરુની. હૉસ્પિટલે જવું છે? ચૌધરીકાકાને આગળ કરો. એમને બધા ઓળખે. મામલતદાર કચેરીનું કામ છે? જન્મમરણનો દાખલો જોઈએ છે? ચૌધરીકાકો સાથે હોય એટલે કામ ચપટી વગાડતાંમાં પતી જાય. આખા ઍપોર્ટમેન્ટનાં આધારકાર્ડ જેસંગે જ કઢાવી આપેલાં. ઇનકમટેક્સ રિટર્ન ભરવાની તસદી જાતે શું કામ લેવી? ચૌધરી સાહેબ એક્સપર્ટ છે!

'ભલે. નવેક વાગ્યે નીકળીએ. માસ્ક પહેરેલો રાખજો.'

વનિતા રડી પડ્યાં : 'તમે જ અમને ઉગારી શકશો કાકા. તમારા વગર અમારું તે ગજું છે કે પોલીસસ્ટેશનનું પગથિયું ચડી શકીએ? અને કૂલે દાઝ્યાં કહીએ તોય શું કહીએ? ગમે તેમ કરો કાકા. અમારી એકની એક લાડકી ઉર્વીને બચાવી લો.' એ પગે પડવા નીચે નમ્યાં ત્યાં જેસંગ બે ડગલાં પાછો હટી ગયો.

'ઇમોશનલ થયે નહીં ચાલે વનિતાબહેન. આપણે બહુ જ કુનેહથી કામ લેવું પડશે. ચાલો, જઈને તૈયાર થાવ. હું આવું છું.' જેસંગ તો ભાંગ્યાનો ભેરુ ગણાતો. આવા પ્રસંગે કબૂતરની જેમ ફફડી રહેલ વણિક દંપતી એના શરણે આવ્યું હોય અને પોતે પારોઠનાં પગલાં ભરે તો એનો મનખાવતાર લાજે.

એ તૈયાર થઈને નીચે પહોંચ્યો ત્યારે બેઉ પતિપત્નીને તો હાજરાહજૂર દ્વારિકાધીશ વહારે ચડ્યા હોય એવો જ સધિયારો લાગી રહ્યો. પાર્કિંગ લૉટમાંથી સુધીરભાઈ એમની લાડલીના નામે ખરીદેલી કાર બહાર લઈ આવ્યા.

'એના માટે એના પપ્પાએ શું નથી કર્યું! નવું નક્કોર બાઇક હતું, પાંચ વરસ વપરાયેલી કાર પણ હતી; પણ એણે હઠ પકડી કે ના, નવીનક્કોર સ્વિફ્ટ ડિઝાયર જોઈએ, લાલભડક રંગની. માંડ ચાર મહિના થયા હશે. આ કારમાં અમે લોકો સ્ટેચ્યૂ ઑફ યુનિટી જોવા ગયાં એ માફ. બાકી તો એણે એના ફ્રેન્ડ સાથે ફરવામાં જે વાપરી હોય તે. એના પપ્પા તો સિટીમાં ફરવા બાઇક જ પસંદ કરે છે.' દીકરી બાઇક લઈને ભાગી ગઈ છે – એવી ફરિયાદ લખાવવા જવાના દિવસો આવ્યા, એવો અફસોસ વ્યક્ત કરતાં વનિતાએ પાછળની સીટ પર બેઠક લીધી.

ઓગણીસના માઉન્ટ કાર્મેલ સર્કલે જ પોલીસે સીટી વગાડી ગાડી થોભાવી. કરડાકીપૂર્વક પૂછ્યું : કહાં જાના હૈ?

એના ખભા પર ત્રણ સ્ટાર જોઈ ઘડીક તો જેસંગ પણ હેબતાઈ ગયો.

'સર, એકવીસના પોલીસ સ્ટેશને ફરિયાદ લખાવવા જઈએ છીએ.'

'કૉન્સટેબલ, ગાડી કી ચાબી લે લો. સાલે, બહાના બતાતા હૈ?' કહી પોલીસ અધિકારીએ આગળની સીટ પર બેઠેલા જેસંગનો કૉલર પકડ્યો. જેસંગની વધેલી દાઢી જોઈ એને શંકા ગઈ. 'સહી બતા દે, તબલીગી વાલા હૈ ક્યા? તેરે બાપ કા નહીં હૈ ઇન્ડિયા, સમઝા? માર માર કે ચમડી ઉતાર દૂંગા!'

જેસંગ માટે આવી અપમાનજનક પરિસ્થિતિમાં મૂંગા રહેવું સહેલું નહોતું. હાથ ઉપાડવા જતો હતો ત્યાં એક જબરદસ્ત તમાચો એના ચહેરા પર ઝીંકાયો.

'તુમેં મુઝે મારનેકા રાઇટ કિસને દિયા?' જેસંગે ગાડીમાંથી કૂદકો મારી પોલીસ ઇન્સ્પેક્ટરનો કાંઠલો પકડી લીધો. 'જાનતા હૈ તૂ કિસકે સાથ ભીડ ગયા હૈ?' જેસંગે બમણી તાકાત સાથે તમાચો ઠોકી દીધો. ઝપાઝપી થતી જોઈ સર્કલ પર પસાર થઈ રહેલી પોલીસવાન થોભી. નજીક આવતાંવેંત જેસંગને ઓળખી ગયેલ ડીવાયએસપી ચૌધરી બોલી ઊઠ્યા : 'જેસંગકાકા, શાનો ઝઘડો છે?'

'ભઈલા, તમે ખાખી વરદી પહેરી એટલે મારા જેવા સિનિયર સિટીઝનને લાફા મારવાનો હક મળી જતો હશે ખરું? આ સાહેબે મને સીધો ગાડીમાંથી ખેંચીને લમણાની ઝીંકી દીધી. એને ખબર નથી કે સામો માણસ બિહારયુપીનો મુફલિસ નથી, મહેસાણા જિલ્લાનો ચૌધરી છે!'

ડીવાયએસપીને જેસંગ સાથે સહાનુભૂતિપૂર્વક વાત કરતા જોઈ ઇન્સ્પેક્ટર ઠંડોગાર થઈ ગયો.

'ક્યૂં ભઈ, વરદીકી ચરબી ચઢી હૈ ક્યા? રિપોર્ટ કર દૂં ડીજી કો?' જેસંગને લાગ્યું કે વાત વણસી જશે. એણે હાથ જોડીને કહ્યું : 'આપણે વાતનું વતેસર નથી કરવું રામસિંહભાઈ. એને એટલું સમજાવો કે ગાડી રોકવાનો આ સંજોગોમાં એને અધિકાર હોય તોપણ વિવેકપૂર્વક એ અધિકારનો ઉપયોગ કરવો જોઈએ. સીધો જ હાથ ઉપાડે એ તો આપણી પ્રજા સહન નહીં કરી લે.'

'શા કામે નીકળેલા છો? લૉકડાઉન છે એની ખબર નથી?' ડીવાયએસપી ચૌધરીએ જેસંગને પણ હળવો ઠપકો તો આપી જ દીધો. 'સરકાર ગાંડી છે કે આખા દેશને ઘરમાં પૂરી દીધો છે? જોતા નથી, કેટલી લાશો પડવા માંડી છે એ?'

જેસંગે એને સુધીરભાઈ અને વનિતાની ઓળખાણ કરાવતાં કહ્યું : 'ભઈલા, જેસંગકાકાને કાંઈ શોખ નહોતો થયો આ શેઠિયા લોકોની કારમાં આંટો મારવાનો. આમની એકની એક દીકરી ગઈ સાંજની નીકળી ગઈ છે તે હજી લગી પાછી નથી ફરી. મારાં પાડોશી છે. આવી મુસીબત વખતે સાથે આવવાની ના પાડું તો મારું દૂધ ના લાજે? અહીં એકવીસના

પોલીસ સ્ટેશને ફરિયાદ લખાવવા જતાં'તાં, ત્યાં આ સાહેબને એમ લાગ્યું કે કોઈ તબલીગી પેસી ગયો છે પાટનગરમાં!'

ડીવાયએસપીથી હસવું ના રોકી શકાયું. 'દાઢું વધાર્યું છે એટલે બાપડાને વહેમ પડ્યા વગર રહે ખરો?' એણે વાન તરફ આગળ વધતાં કહ્યું : 'ચાલો, હું તમારી સાથે આવું છું. આવા સમયે વળી છોકરીને પણ ખરો તાયફો સૂઝો છે!'

– એની કૉમેન્ટથી સુધીરભાઈનું મોઢું પડી ગયું. પાછલી સીટ પર બેઠેલી છોકરીની માને તો ધરતી મારગ આપે તો સમાઈ જવાનું મન થઈ ગયું. 'વાનની પાછળ પાછળ આવો.' ડીવાયઍસપીએ મોટા અવાજે ઉમેર્યું : 'નહીંતર ગેટ આગળ જ ગાડી મુકાવી દેશે ડ્યૂટી પરનો કૉન્સ્ટેબલ.'

પોલીસસ્ટેશનમાં પ્રવેશતાં જ સુધીરભાઈના પગ ધ્રૂજવા લાગ્યા. 'વધારે પડતાં લાડ કરો હજી!' દબાયેલા અવાજે વનિતાએ કહ્યું : 'સોનાની કટારી હોય તો ભેટમાં ખોસાય, પેટમાં નહીં. બહુ ચગાવી હતી – ભોગવો હવે!'

'તું હવે મહેરબાની કરીશ? તું તે મા છે કે ડાકણ?'

ડીવાયએસપી જાતે જ ફરિયાદીઓને લઈને આવ્યા હતા એથી ફરજ પરના પીઆઇને નવાઈ લાગી રહી હતી. એણે ઊભા થઈ સિનિયર અધિકારીને સલામ કરી અને પોતાની ખુરશી પર બેસવા આગ્રહ કર્યો. 'મને ટાઇમ નથી. સિટી રાઉન્ડમાં નીકળ્યો હતો ત્યાં આ મુરબ્બીને જોઈ ગયો. અમારા સમાજના બહુ આદરણીય વડીલ છે. રિટાયર્ડ ગવર્નમેન્ટ સર્વન્ટ છે. જરા એમની વાત ધ્યાનથી સાંભળી તાબડતોબ તપાસ કરાવો. યુવાન વયની છોકરી ગુમ થઈ છે.' એ તાબડતોબ એટલું કહી નીકળી ગયો. જેસંગે 'થૅંક્યુ ચૌધરીસાહેબ' કહી એના ગયા પછી સાથે આવેલ પ્રૌઢ વણિક દંપતીની પીઆઇ જાડેજાને ઓળખ કરાવી અને પૂછપરછ આગળ વધી.

'દીકરી તમારી છે કે આ કપલની?' પીઆઇએ જેસંગને પોલીસબ્રાન્ડ રૂક્ષ ભાષામાં જ સવાલ કર્યો. 'આમ તો એમની દીકરી છે પણ ઍપાર્ટમેન્ટમાં વર્ષો જૂના પાડોશી છે એટલે મારે આવવું પડ્યું.'

જેસંગની રજૂઆતને નજરઅંદાજ કરી પીઆઇ જાડેજાએ સીધો જ સવાલ વનિતાને કર્યો : 'મા તરીકે ખબર તો હોય જ ને કે દીકરી કોની સાથે હરેફરે છે? તમે છાપાં વાંચો છો કે નહીં? દરરોજ કોઈ ને કોઈ લવજેહાદના સમાચાર હોય છે. દરરોજ રેપની ઘટનાઓ બને છે.'

વનિતાએ બોલવા કોશિશ કરી પણ આટલું માંડ બોલી શકી : 'સાહેબ, એકની એક છે એટલે વધારે પડતી છૂટછાટ આપી. એનું આ પરિણામ.'

'મતલબ કે તમને એટલી તો ખાતરી છે કે એ બીજે ક્યાંય નહીં ગઈ હોય. એ એના બૉયફ્રેન્ડ જોડે જ મજા કરતી હશે.'

'એની મજા આ લોકો માટે તો સજા બની ગઈને, સાહેબ!' ચૌધરી જેસંગથી વચ્ચે મમરો મૂક્યા વિના ન રહેવાયું.

'હિંદુ જ છેને છોકરો તો? કે પછી ફસાવી છે જેહાદવાળાઓએ?' સુધીરભાઈને દીકરી વિશે પીઆઈ આગળ કશું બોલે એ પહેલાં ચોખવટ કરી દેવાનું મન થયું : 'ફસાવી તો નથી, પણ નાત જુદી છે. અમારી કાસ્ટનો નથી. ઠાકોર છે.'

પીઆઈ જાડેજાએ ખુરશીમાંથી ઊભા થઈ જતાં કહ્યું : 'છોકરીએ જાતે પસંદ કર્યો છે. ફક્ત નાતજાતનો પ્રશ્ન છે. છોકરી સગીર નથી, વળી સામું પાત્ર પણ એને છેતરીને નથી લઈ ગયું. લૉકડાઉન પૂરું થશે એટલે એ બંને રજિસ્ટર્ડ મેરેજ કરી દેશે. તમારે ખોટા લોહીઉકાળા કરવાની જરૂર નથી. એ એના પ્રેમી જોડે જ ગઈ છે, કોઈ દુશ્મન જોડે નહીં. તમારી સાથે ઘરમાં

ગોંધાઈ રહેવાનું ના ગમ્યું એટલે લવરને ફોન કરીને નીકળી ગઈ. એમાં શાની ફરિયાદ કરવાની?'

'પણ સાહેબ, અમારે તો ઝેર ખાવું પડે! સમાજમાં મોઢું શી રીતે બતાવીએ?'

– પીઆઈને એમની વાતમાં દમ ન લાગ્યો. 'ભલે, બધી વિગત લખાવતા જાવ. ગાંધીનગરમાં ચારે તરફ નાકાબંધી છે એટલે બે પ્રેમી પંખીડાં ક્યાંક સાબરમતીનાં કોતરોમાં ઍન્જોય કરતાં હશે. બંનેને ચોવીસ કલાકમાં ઝડપી લઈશું અને કોર્ટ મેરેજ કરાવી દઈશું. ઓ.કે.?'

વાઢ્યાં હોય તો લોહી ના આવે એમ ત્રણે એકમેકના મોઢા સામું જોઈ રહ્યાં. રાઈટર પીઆઈની સૂચના મુજબ ફરિયાદ નોંધવા લાગ્યો.

– 23-4-'20

* * *

18

જિતુ, જરા ગંભીરતાપૂર્વક આ લખાણ વાંચી જા.

– વૉટ્સઍપ પર જ સ્વીટુએ એનું વિલ મોકલી આપ્યું હતું. 'આ મારું લાસ્ટ ઍન્ડ ફાઇનલ વિલ છે. હું જેવી આવડે એવી મારી માતૃભાષામાં એ રજૂ કરી રહી છું.'

એક વાત નક્કી છે કે જન્મ્યું તે જવાનું છે. આજે નહીં તો કાલે. થોડાં વર્ષો પછી. કોઈ અમરપાટો લઈને નથી આવ્યું એ જગતસત્ય જીવસૃષ્ટિનું સૌથી વિકસિત પ્રાણી અર્થાત્ મનુષ્ય તો આદિકાળથી જાણે છે.

મેં મારાં માતાપિતાને મરતાં જોયાં નથી, પરંતુ એ મરી ગયાં છે એ કઠોર વાસ્તવ તો સ્વીકારું જ છું. મારાં ભાઈ-ભોજાઈને મારી મિલકતમાં રસ પડવા લાગ્યો છે એટલે તેઓ અવારનવાર સામેથી ફોન કરે છે. વિડિયોકૉલિંગ કરી એમનાં બાળકો અને બાળકોનાં બાળકોને મારી ઓળખાણ આપે છે : આ આપણાં ફોઈબા છે. બહુ મોટાં માણસ છે. એમને નમસ્તે કરો, એમના આશીર્વાદ લો. ક્યારેક તમને પણ એ અમેરિકા બતાવશે!

હું મારી સાથે લોહીની સગાઈથી સંકળાયેલાં સ્વજનોને શબ્દના વ્યંગ્યાર્થમાં પૂરેપૂરી ઓળખી ગઈ છું. એમની પાસેથી ક્યારેય મેં પાઈપૈસો લીધો નથી કે નથી એમને મારા ભણતર કે જણતર પાછળ નવા પૈસાનો ખર્ચ કરાવ્યો. માતાપિતાના લાડની કિંમત તો ક્યારેય ન ચૂકવી શકાય છતાં મને જેવી સમજણ પડી એવી રીતે મેં અવારનવાર એમની સ્મૃતિમાં લાખો ડૉલરનાં દાન આપી ગામની શાળા, લાઇબ્રેરી અને હૉસ્પિટલમાં એમના નામની તકતીઓ લગાવડાવી છે. તું મને વારંવાર ચેતવતો હતો કે તારા પૈસા તો ગામની ચંડાળ ચોકડી વહેંચી ખાય છે, છતાં હું તારી સલાહને ઇગ્નોર કરતી અને જેટલા વખત ગામમાં પગ મૂક્યો એટલા વખત હું જેટલી મિનિટ રોકાઈ હોઈશ એનાથી સો ગણું ડોનેશન ડૉલરમાં ચૂકવીને નીકળી છું. દાખલા તરીકે મારા જાહેર સમ્માન વખતે હું પાંચ કલાક એટલે 300 મિનિટ રોકાયેલી. મેં તે જ મંચ પરથી 30,000 ડૉલરનો ચેક સરપંચ ભીખાજી રામાજી ઠાકોરના હાથમાં પકડાવી દીધેલો એ તેં નજરે જોયું હતું.

હવે પછી હું આવા ઇમોશનલ બ્લેકમેલિંગનો ભોગ બની મારી મહેનતની કમાણી વેડફવા નથી માગતી.

મારી પાસે ચલ-અચલ જે કંઈ સંપત્તિ અમેરિકાની વિવિધ બૅન્કોમાં કે સાઇટ્સ પર છે એની રોકડ કિંમતનું ગણિત માંડી હું મારા શાંત મગજને બિનજરૂરી સ્ટ્રેસ આપવા નથી માગતી. કરોડો ડૉલરની આ સંપત્તિ મારી હયાતી બાદ મારો નાલાયક પુત્ર ભોગવે એવું પણ હું નથી ઇચ્છતી. એની વહુએ મને બહુ જ અપમાનિત કરી છે અને એનાં બાળકોને રમાડવાની મારી સહજ વાત્સલ્ય ભાવનાને પણ એણે ક્રૂરતાપૂર્વક ઠુકરાવી છે. એટલે જેના ખાતર મેં મારી લીલી નાઘેર જુવાનીને પલીતો ચાંપી દઈ વિધવા તરીકે જીવવાનો ભારતીય વિકલ્પ સ્વીકાર્યો હતો તે મારા પુત્ર શિશુનો પણ મારી સંપત્તિ પર કોઈ જ હક રહેતો નથી. અલબત્ત, ડૉલરઘેલી વહુના આગ્રહથી એ મારી મિલકતનો સીધી લીટીનો વારસ હોવાનો દાવો જરૂર કરશે, પરંતુ આ વિલ મારા એડવોકેટ કૉર્ટમાં રજૂ કરશે ત્યારે એના બધા દાવા પોકળ સાબિત થશે. મારી મિલકતમાંથી એક નવો પૈસો પણ મારા પુત્ર, પુત્રવધૂ કે એમનાં સંતાનોને ન મળે, એવી વ્યવસ્થા આ વિલ મારફત કરતાં હું પરમ સંતોષ અનુભવું છું. મને તો મારા પુત્ર પાસેથી એક ભારતીય માતાને હોય એવી અપેક્ષા હતી. એ મારું ઘડપણ પાળશે, મારી ઇચ્છા મુજબ મને આપણા મહાન દેશનાં પવિત્ર સ્થાનોની યાત્રા કરાવશે, ટૂંકમાં મારી ટેકણ લાકડી બની મારા અંતિમ શ્વાસ સુધી મને સાચવશે એવી તદ્દન વાહિયાત કલ્પનાઓમાં મેં મારું તરબતર યૌવન

બરબાદ થવા દીધું એનો મને ભારોભાર અફસોસ છે.

મને સાચવી હોય તો મારી મેડિકલ ફ્રેટરનિટીએ. બધા ડૉક્ટરો કાંઈ હિપોક્રેટસના આદર્શોને ન જ અનુસરતા હોય. પરંતુ હજી પણ, આ કાળઝાળ કળિયુગમાં પણ ડૉક્ટરોમાં પોતાના જીવના જોખમે દરદીને બચાવી લેવાની એક છૂપી ઝંખના જીવતી રહી છે – એનો પ્રત્યક્ષ અનુભવ મને અહીં ઇન્ડિયામાં પગ મૂકતાંવેંત આ કોરોના પ્રલય દરમિયાન થયો છે. એટલે મારી અડધોઅડધ સંપત્તિ હું ઇન્ડિયન મેડિકલ ઍસોસિએશનને બહુ જ વિનમ્ર ભાવે સમર્પિત કરું છું. મારી અપેક્ષા એટલી જ રહેશે કે સંસ્થા એનો વિવેકપૂર્વક વિનિયોગ કરશે. સવિશેષ જરૂરિયાતવાળા મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફના કોરોનાનો કોળિયો બનેલા શહીદોના રઝળી પડેલા પરિવારોને ફૂલ નહીં તો ફૂલની પાંખડી પણ પહોંચાડી મને ધન્યતાનો અનુભવ કરાવશે. બાકીની અડધી મિલકતનો શો ઉપયોગ કરવો એની જવાબદારી મારા પ્રિય મિત્ર જેસંગભાઈ રણછોડભાઈ ચૌધરી ઉર્ફે જિતુભાઈ, તમારી રહેશે. તમે મારા કરતાં વધુ પીડા વેઠી છે. એકલતાનું દુ:ખ પણ જોયું છે અને એકાંતનું સુખ પણ માણ્યું છે. આપણે પાછલી જિંદગી સાથે ગુજારીએ એવી મારી અદમ્ય ઇચ્છા હતી. એનું રિહર્સલ કરવા જ હું આ વખતે વન પૉઇન્ટ પ્રોગ્રામ બનાવીને ઇન્ડિયા આવી હતી. મારી દત્તક દીકરીને મેં પહેલાંથી જ આપવાજોગ ઘણુંબધું આપી દીધું છે. છતાં તમને યોગ્ય લગે તો તમારા હવાલે કરાયેલી મારી અડધોઅડધ સંપત્તિમાંથી એને પણ પ્રસાદી વહેંચી શકો. તમને કદાચ આટલી મોટી સંપત્તિનો વહીવટ કરતાં ન ફાવે તો રિયા એમાં મદદરૂપ પણ થઈ શકશે. મારી તમામ મિલકતના કુલમુખત્યાર તરીકે તમે રહેશો અને રિયા તમારી સહાયક તરીકે રહેશે જેને તમે તમારા સ્વવિવેકથી એની સેવાઓ બદલ એક સુનિશ્ચિત માનદવેતન બાંધી આપી શકશો. તમને થશે કે મારા સ્વર્ગસ્થ પતિના ડિપાર્ટમેન્ટલ સ્ટોરની મોટી મિલકતનો હવાલો કોને આપવાનો છે? તો એ અંગે પણ સ્પષ્ટતા કરી લઉં : એ તમામ સંપત્તિ એમના સુપુત્રના નામે એ જ સમયે કરી દીધેલ છે. એનો ભોગવટો પણ શિશુ જ કરી રહેલ છે. શિશુની પાસે એના જન્મપૂર્વે જ પૈતૃક સંપત્તિનો હવાલો આવી ગયો હતો. એની પૈતૃક સંપત્તિ રફેદફે કરી રહ્યો હોવાના સમાચાર મળતા રહ્યા છે. એના પર મારો કોઈ કાબૂ નથી એટલે એનું મને દુઃખ પણ નથી. એટલે એ અંગે તમારે કે રિયાએ કોઈ ટૅન્શન લેવાનું નથી.

આખું વિલ મૅસેજરૂપે ઊતરતું ગયું. વિલના એક-એક શબ્દ સાથે એક મહેનતકશ મહિલાના હૈયાનો ગોરંભો ઓગળી રહ્યો હતો. જેસંગની આંખ ભીની થઈ. લૉકડાઉન વધુ ત્રણ અઠવાડિયાં માટે લંબાવાયું હતું એટલે એને મળી શકવાની સંભાવના તો રહી જ ન હતી. એનો રિપોર્ટ સળંગ બે વાર નેગેટિવ આવ્યા છતાં એને આઇસોલેશનની જેલમાંથી તો છૂટવા મળે ત્યારે મળ્યું સમજવું. દુબઈથી ચેપ લઈને આવેલો ગાંધીનગરનો યુવાન પૂરા એક મહિના પછી સાજો થઈને ઘરે આવી રહ્યો હોવાના સમાચાર હતા. સ્વીટુને પણ એક મહિનો તો આઇસોલેશનમાં રાખશે જ. એ પછી પણ અમદાવાદની સરહદ ઓળંગવાનું કામ તો કપરું જ. જોકે જેસંગ એટલું તો સમજતો હતો કે પોતાના કરતાં એ વધારે કાર્યદક્ષ હતી. એ અમેરિકન નાગરિક છે અને પાછી વ્હાઈટ હાઉસ સાથે સંકળાયેલી છે એટલે એને કદાચ વિશેષ સુવિધા પૂરી પાડીને એને જ્યાં જવું હોય ત્યાં મોકલવાની વ્યવસ્થા પણ થઈ શકે. આખરે અમેરિકા આગળ તો આપણે મુજરા જ ભરવાના છે! ભલે ટ્રમ્પ મન ફાવે એવી ધમકીની ભાષા વાપરતા ફરે. હમણાં કહ્યું જ ને, હાઈડ્રોક્સીક્લોરોક્વીન નહીં મોકલે તો અમે ભારત પર વળતાં પગલાં જરૂર ભરીશું! દાદાગીરી જ કે બીજું કંઈ?

જેસંગની નજર સામે રાત આખી મોબાઈલમાં જોયેલા સમાચારોની હારમાળા ચાલતી રહી. પેલો નાનકડો છોકરો સેંકડો માઈલની ખેપ કરીને ઘેર પહોંચે એ પહેલાં ભૂખ, તરસ અને

તાવથી એના ગામ તરફ જતા હાઈવે પર ઢગલો થઈ ગયો. એના નસીબમાં પણ બહાદુરશાહ ઝફરની જેમ વતનની બે ગજ જમીન નહીં લખાયેલી હોય ત્યારે જ ને! એવો જ બીજો કિસ્સો પેલી છોકરીનો... મજૂરી કરવા વતનથી હજારો કિલોમીટર દૂર જઈને રહેનારી છોકરી પણ તેલંગાણાથી વતનના ગામે આવવા નીકળી હતી. ચાલતી જ રહી, ચાલતી જ રહી, ચાલતી જ રહી – એ આવ્યું મારું ગામ! બહુ જ નજીક છે હવે તો. એમ વિચારી ભૂખી, તરસી પગમાં જોર નહોતું બચ્યું છતાં અડબડિયાં ખાતીખાતી ગામ ભણી લાંબી ડંગાલો ભરતી રહી. અચાનક આંખે અંધારાં આવવા લાગ્યાં. પૃથ્વી એની ચારેકોર ફેરફુદરડી ફરવા લાગી. એને લાલપીળાં ચકરડાં ઘેરી વળ્યાં. એકાએક એ સમાધિમાં સરી પડી. બસ, ત્યાં જ.... વતન સે એકદમ નજદીક... ફક્ત આઠેક કિલોમીટર દૂર! આખરે એને સરકારી ઍમ્બ્યુલન્સે એના ઘરે પહોંચાડી જ્યાંથી એ માતાપિતાની રજા લઈને ચિતાએ ચડી ગઈ.

એવી જ બીજી એક ખલેલ પહોંચાડનારી ઘટના પેલી સૈફઇની સરકારી હૉસ્પિટલના બંધ દરવાજા આગળ 69 કોવિડ-19 દરદીઓ ફૂટપાથ પર કલાક કરતાં વધારે સમય માટે ટહેલતા રહ્યા, તે. આગ્રાથી બસમાં આવેલા આ દરદીઓને આવતાંવેંત હોસ્પિટલમાં ઍડમિટ કરવા જોઈતા હતા. પરંતુ આપણે ઇન્ડિયનો તો બાપ, સાવ લાસરિયા. કલાક સુધી હૉસ્પિટલના દરવાજા બહાર આરામથી આઘાપાછા થતા રહ્યા – કરોડો કોરોના વાઇરસ એ વિસ્તારના વાતાવરણમાં ઝીંક્યા પછી એમનું ઠેકાણું પડ્યું. ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી મુલાયમસિંહ યાદવનું આ નગર. એના નગરજનો માટે હૉસ્પિટલના દરવાજા સામેનો એ વિસ્તાર ઘણા સમય માટે જોખમી બની રહેશે. તકલીફ છે તો સરખા કૉમ્યુનિકેશનની, કદાચ શુદ્ધ દાનતની. આપણી નેતાગીરી અને બ્યુરોક્રસીને કોઈ ના પહોંચે! એ દુનિયાની સૌથી ભ્રષ્ટ અમલદારશાહી છે પણ દેખાવ શ્રેષ્ઠ લોકશાહી હોવાનો કરે છે.

ને તમારી તે શ્રેષ્ઠ લોકશાહી! – તે દિવસે એ સ્વીટુ સાથે જીભાજોડી પર ઊતરી ગયેલો. અમેરિકા તો રેડ ઇન્ડિયનોના લોહી પર તરતો ટાપુ છે, સ્વીટુ તું ભલેને એનાં વખાણ કરતી ફરે. હશે, લોકશાહીના પ્રખર પુરસ્કર્તાઓ ત્યાં પાક્યા એ કબૂલ. પણ આ અત્યારના પ્રેસિડેન્ટને જોકર કહીએ તો બિચારા જોકરને માઠું લાગે. કહે છે : આપણે આ ડેટોલ જેવી દવાઓ, ઇન્સેક્ટિસાઇડ્સનાં ઇન્જેક્શન બનાવીએ તો કોરોના ખતમ ના થઈ જાય! હવે જેને મેડિકલ સાયંસ સાથે સ્નાનસૂતકનો સંબંધ નથી એવો એક માણસ છડેચોક પત્રકારો સમક્ષ એના સડેલા ભેજાના ફટાકડા ફોડતો ફરે છે. અને કમનસીબે એ વ્હાઈટ હાઉસનો રહેવાસી છે એટલે એનો બકવાસ આખી દુનિયાએ સાંભળવો પડે છે. એક ધનકુબેર ડૉલર વેરીને હિલેરી જેવી પ્રગલ્ભ વિચારશીલ સન્નારી સામે ચૂંટણી જીતી ગયો, એટલે શું એ અમેરિકન વોટર્સની બુદ્ધિનું દેવાળું ફૂંકવાનું માધ્યમ બની જાય?

અમેરિકામાં કાળાગોરાનો ભેદ ફરી ઊભો કરનાર આજે એનો શહેનશાહ થઈને બેઠો છે.

સ્વીટુએ જેસંગનો આક્રોશ સાંભળી લીધા પછી આટલી જ હળવી ટકોર કરી હતી : છતાં ઈંડિયાને એના માટે લાલ જાજમ પાથરીને નમસ્તે ટ્રમ્પ જેવી મેગા ઇવન્ટ કરવી પડે છે ને! અમેરિકા આખરે અમેરિકા છે અને ઇન્ડિયા એ ઇન્ડિયા. ઇન્ડિયા અમેરિકાના નખ બરાબર પણ નથી. જોયું નહીં? ટ્રમ્પે જેવી આંખ લાલ કરી કે તાબડતોબ દવાનો જથ્થો ચુપચાપ રવાના કરવો પડ્યો એ! દેશ બહાર નહીં મોકલવાની દવા રાતોરાત અગાઉના પ્રતિબંધ રદ કરીને અમેરિકાને આપવી પડી કે નહીં?

જેસંગને ખબર હતી : અમેરિકાનું લૂણ ખાધું હોય એને ઓડકાર પણ અમેરિકન જ આવે. એણે એ ચર્ચા પર પૂર્ણવિરામ મૂકતાં પૂછ્યું હતું : સાચું કહેજે હોં, તને આપણા દેશના ડૉક્ટરોએ સાજી કરી કે નહીં?

'ચોક્કસ કરી. એમણે મને કટોકટી જેવી પરિસ્થિતિમાં વેન્ટિલેટર પર ના મૂકી હોત તો કદાચ...' એના ગળામાં ખરખરી બાઝી ગઈ. 'તો તને તારી સ્વીટુ આ ભવમાં ક્યારેય ન મળી શકી હોત!'

જેસંગે એને હિંમત આપી. 'એમ થોડી જવા દેત તને? સાચ્ચું કહું સ્વીટુ? તને કંઇ થઈ ગયું હોત તો હું ગાંડો થઈ ગયો હોત. ખુદ મારા કંટ્રોલમાં ન રહેત. તારા આઇસોલેશન વૉર્ડનો દરવાજો રોકીને ઊભો થઈ જાત. ક્યાં લઈ જાવ છો મારી સ્વીટુને? સોંપી દો મને. એને હું સંભાળી લઈશે. તમે તમારું કામ કરો –

'એ લોકો પૂછત કે તમે આ પેશન્ટના શું સગા થાવ છો, તો શું કહેત તું?' સ્વીટુને પણ જબરી ચાનક ચડી હતી.

'કહી દેત કે એનો–' ઘરવાળો શબ્દ છેક હોઠ પર આવીને ઠરી ગયો.

જેસંગને એ મધરાત પછીની ગોષ્ઠિ ફરી ફરી વાગોળવાનું મન થયા કરતું હતું.

'જિતુ, તને ખબર છે – આ વેન્ટિલેટર ખસેડી લેવું એ કેવું કપરું કામ છે એની? એક જીવવા ઝઝૂમતા માનવીને તમે મૃત્યુદંડ આપતા હો, એને ફાંસીનો ફંદો પહેરાવી પગ નીચેનું સ્ટૂલ ખસેડી દેતા હો એવું... ઈશ્વર કરે, આપણા હાથે કોઈનું વેન્ટિલેટર ન ખસેડવું પડે....' સ્વીટુએ એની સાથે જ આઈસીયુમાં છેલ્લા શ્વાસ લેતી પ્રૌઢ મહિલાનું વેન્ટિલેટર ખસેડાતું નજરે જોયું હતું. એની સારવાર કરતી નર્સને ઈન્ચાર્જ ડૉક્ટર છેલ્લા બે કલાકથી એ પેશન્ટનું વેન્ટિલેટર ખેંચી લેવાનો આગ્રહ કરી રહ્યા હતા. એ કહેતા હતા : હવે તું જાણે તો છે કે શમશાદબાનુ જીવી શકે એવા કોઈ ચાન્સ નથી. એમનાં ફેફસાં ફેઈલ થઈ ગયાં છે. વેન્ટિલેટરના આધારે છાતીની ધમણ ઊંચીનીચી કર્યા કરવી એ તો કુદરત સામે મેડિકલ પાવરનું નિરર્થક પ્રદર્શન જ લેખાશે. સિટીમાં કેસનો રાફડો ફાટ્યો છે. આપણાં બધાં વેન્ટિલેટર ઍન્ગેજ્ડ હોય ને કોઈ એમએલએ કે કોર્પોરેટર જ કોરોના ઇન્ફેક્શન લઈને આવી જશે ત્યારે શું એકબીજાનાં મોઢાં જોયા કરશું? જેના જીવવાની શક્યતા જ નથી બચી એને થોડું વહેલું મોત આપી દેવામાં કયું પાપ થઈ જવાનું છે?

આખરે નાછૂટકે એ નર્સ શમશાદબાનુના બેડ પાસે ગઈ. ત્યાં ઊભાંઊભાં એણે દરદીના દીકરાને ફોન જોડ્યો : સાંભળો ઈલિયાસભાઈ, માજી હવે થોડી મિનિટોમાં ખુદાતાલાની રહેમતમાં તશરીફ લઈ જશે. અમે લોકોએ એ દાખલ થયાં ત્યારથી ખૂબ ચીવટપૂર્વક છેલ્લામાં છેલ્લી જે કંઈ ટ્રીટમેન્ટ કરી શકાય તે કરી. પરંતુ જિંદગીની દોરી કોઈ અજાણ્યા હાથોમાં હોય છે. મને બહુ જ દુઃખ થાય છે પણ નાછૂટકે એમનું વેન્ટિલેટર હટાવી રહી છું. વિડિયોકૉલ પર શમશાદબાનુનો લાડકો ઈલિયાસ અમ્મીજાનના ચહેરા પરથી ખસેડાઈ રહેલી નળીઓ જોઈ ધ્રુસકે ચડી ગયો. કોરોનાના દરદી પાસે અંતિમ સમયે પીપીઈ કીટ પહેરીને ઊભા રહેવા માગતા સ્વજનોને અગાઉથી સૂચના અપાઈ ચૂકી હતી : 'આપણી પાસે એવી વધારાની પીપીઈ કીટ્સ નથી. ખુદ મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફને અને સફાઈ કર્મચારીઓને પૂરતી કીટ્સ ન આપી શકતા હોઈને ત્યાં પેશન્ટનાં સગાંસંબંધીઓને ક્યાંથી આપી શકવાનાં?' જેસંગને એ નહીં જોયેલું દૃશ્ય નજર સામે તરવરી રહ્યું, જિંદગીને ટકાવવા મથતી માનવજાત જરૂર પડ્યે જિંદગી ટૂંપાવતાં પણ નથી અચકાતી. એને ખબર પડી જાય કે હવે આ ઉછીના શ્વાસ પર પેશન્ટ નાહક હૉસ્પિટલની બેડ બગાડી રહ્યું છે ત્યારે એ જરા પણ ઇમોશનલ થયા વગર એના નાક પરથી વેન્ટિલેટરનો મુખવટો હટાવી દે છે.

એને ક્રૂરતા કહીશું કે વહેવારુ સમજણ?

જેસંગના મોબાઈલમાં કૂકડો બોલ્યો. એ ઝબકીને પથારીમાં એક ઝાટકા સાથે બેઠો થઈ ગયો. ઓહોહોહો, સવાર પડી ગયું ને! કરતોક એ સીધો દરવાજો ખોલીને પગથિયાં ઊતરવા

લાગ્યો. ઍપાર્ટમેન્ટમાં છાપાં નાખતો ફેરિયો બીજા માળના પૅસેજમાં ઉતાવળે છાપું નાખી ઉપર ચડવા જતો હતો ત્યાં એની રાડ ફાટી ગઈ : ‘ઓ બાપ રે!’ એ ધડામ દેતોક સીડી પર જ ફસડાઈ પડ્યો.

‘શું થયું? શું થયું?’ કરતાંક વહેલાં ઊઠવા ટેવાયેલાં જશોદાબહેન માળા ફેરવતાં ફેરવતાં બહાર આવ્યાં.’

‘અરે, કાકા....!’ એમનાથી આગળ કશું ન બોલાયું.

જેસંગ હેબતાઈ ગયો હતો. જશોદાબહેને એમને દબાયેલા અવાજે કહ્યું : શું સાવ ગાંડાં કાઢવા લાગ્યા છો? જાવ, તમારા ઘરમાં જતા રહો!

– જેસંગે ઊંઘરેટી આંખે જોયું : પોતે રાત્રે નાહ્યા પછી સાવ જ નવસ્ત્રો સૂઈ ગયો હતો એવો ને એવો – બહુ શરમજનક!

એ હડી કાઢીને વાંદરાની જેમ બબ્બે પગથિયાં ઠેકતો એના ફ્લૅટમાં ઘૂસી ગયો.

ત્યારે જશોદાબહેન ‘શ્રીકૃષ્ણઃ શરણં મમ’ના જાપ કરતાં કરતાં છાપાના ફેરિયાના ચહેરા પર લોટીમાંથી જળ છાંટી રહ્યાં હતાં.

* * *

19

ઘર બંધ કરીને જેસંગ સીધો જ અત્યાર લગી એક પણ દિવસ નહીં વાપરેલ અને ખાસ સ્વીટુ માટે સજાવી રાખેલ બેડરૂમમાં ઘૂસી ગયો. ઊંધા માથે ડબલ બેડ પર પથરાઈ જઈ એ ડૂસકાં ભરવા લાગ્યો. આ શું થઈ ગયું મારાથી? સિત્તેર વર્ષની આબરૂના એક ક્ષણમાં સગા હાથે – અજાણતાં જ લીરા ઉડાડી દીધા. જાતે જ જાંઘ ઉઘાડી કરી દીધી કે જુઓ, તમે લોકો છેલ્લાં ચાળીસ વરસથી ઓળખો છો એ જે. આર. ચૌધરીનું અસલી સ્વરૂપ તો આ છે! એને ઇજ્જતઆબરૂની પડી જ નથી. એ સાવ નાગોપૂગો એના એકદંડિયા મહેલમાં રઝળે છે અને દુનિયાદારીની ડાહી ડાહી વાતો કરતો ફરે છે! અરે, કોઈ માંદું થાય તો એકસો આઠ બોલાવવાનું એને સૂઝે છે. પેલા સુધીરભાઈની છોકરી રાત માથે ઓઢીને નાઠી તો હિંમત કરીને લૉકડાઉનના કપરા ટાઇમમાં પોલીસસ્ટેશને પહોંચે છે. એનાં માબાપની તાકાત નહોતી કે એ એકલાં સેક્ટરની બહાર પગ મૂકી શકે. પોલીસનું નામ પડે ને લૂગડાં બગાડે એવી શાહુકાર કોમ અત્યાર લગી કાકા-કાકા કરી ખભે ઊંચકીને ફરતી હતી. આ એક જ ઘટના પછી એ બધાં મોં ફેરવી લેવાનાં. બધાં એમ જ માનશે કે કાકાનું ફરી ગયું છે. વહેલી સવારે માના પેટમાંથી નીકળ્યા હોય એવા ને એવા...

એને માથું પછાડી નાખવાનું મન થયું. સ્વીટુને આવા સંજોગોમાં અહીં લવાય ખરી? જે જશોદાએ મને અગાઉ પણ ટપાર્યો હતો અને આજે નજરોનજર જોઈ ધમકાવીને મારા ઘર તરફ પાછો ધકેલ્યો એ ડોસોલી સ્વીટુને કાનભંભેરણી નહીં જ કરે એની ખાતરી છે? હજી તો સૂર્યોદય પણ નથી થયો અને ફ્લૅટોના મોટા ભાગના દરવાજા બંધ છે – પરંતુ બપોર સુધીમાં સવારની ઘટનાના સમાચાર જંગલની આગની માફક ફેલાઈ જશે. એમાં મીનમેખ નહીં. લોકોને તો આવા મસાલેદાર સમાચારોને વધુ ચટપટા બનાવી મફતમાં પીરસવાનો શોખ હોય છે. પેલો છાપાવાળો ફેરિયો તો મને ભૂત જ માની બેઠો હતો. ભલો હશે તો કાલથી ઍપાર્ટમેન્ટમાં પેપર નાખવાનું જ બંધ કરી દેશે. સામેના શૉપિંગમાં આ બ્રેકિંગ ન્યૂઝ પહોંચ્યા નથી કે આખું ગાંધીનગર જાણતું થઈ જવાનું. ચંદુ નાયી સેક્ટરનો સ્વનામધન્ય પ્રવક્તા છે.

જેસંગને જે નહોતું થયું એ બધું થઈ રહ્યું હોય એવાં એંધાણ વરતાવા લાગ્યાં. એને કોઈ જ રસ્તો સૂઝતો ન હતો. સ્વીટુને અહીં તો લવાય જ નહીં. નાહક બિચારી ભલી સ્ત્રીના જીવમાત્ર સાથે સદ્ભાવપૂર્ણ વ્યવહાર કરવા ટેવાયેલા કરુણાર્દ્ર દિમાગમાં આ લોકો કંઈકનું કંઈ ભૂત ભરાવી દે તો આખી જિંદગીના સંબંધ પર પાણી ફરી જાય. પછી તો જીવવું જ કોના સહારે? માણસ કોઈ ને કોઈ ટેકાનું અવલંબન લઈને જીવતું હોય છે. એ કદાચ કોઈ કાલ્પનિક અમૂર્ત ચીજ પણ હોઈ શકે. સુરદાસ આંધળા હતા પણ કૃષ્ણ સાથે મુખોમુખ વાતો કરતા રહ્યા. જોધાબાઈને આવા પરમ કૃષ્ણભક્તને મળવાનું મન થયું ત્યારે શહેનશાહ અકબરે સુરદાસને સીકરી બોલાવવા પાલખી મોકલી. સુરદાસને તો કૃષ્ણથી મતલબ. ધરાર કહી દીધું : સંતન કો કહા સીકરીસોં કામ?

ન જ ગયા. એમને રાજદરબારનાં માનપાન ચળાવી ન શક્યાં. તંબૂરો લઈને કૃષ્ણભક્તિનાં નિત્યનવલાં પદો ગાતા ગયા – આખો સાગર છલકાઈ જાય એટલાં પદ ભેગાં થઈ ગયાં. અષ્ટછાપના એ પ્રમુખ કવિનાં પદોનો સંચય થયો 'સુરસાગર' નામે.

જેસંગને હિંદીની પરીક્ષાઓ આપવી પડી હતી. સરકારે રાજભાષા તરીકે માન્ય કરેલ હોઈ છૂટકો નહોતો. પણ જેવી સુરદાસની પદાવલી પર નજર ઠરી કે એનું અંતર છલકાઈ ઊઠ્યું. એણે એક વાર સ્વીટુને લખેલું પણ ખરું : તમે આખી જિંદગી ડૉલર રળવા પાછળ વેડફી દેશો. હું આખેઆખો સુરસાગર ઉલેચી રહ્યો છું.

'સુરસાગર?' સ્વીટુ માટે તો એ ફક્ત વડોદરા શહેરની વચ્ચે મહારાજાએ બંધાવેલું સરોવર હતું. એમ.ડી.માં ગોલ્ડમેડલ લાવી ત્યારે એના દીક્ષાંત સમારોહ વખતે એણે વતનમાંથી એક માત્ર જેસંગને તેડાવ્યો હતો. પોતાની સિદ્ધિનો પુરસ્કાર એ બાળમિત્રની ઉપસ્થિતિમાં સ્વીકારવા માગતી હતી. તે સાંજે બેઉએ ફરતાં ફરતાં સુરસાગરની પાળ પર બેસી હૅવમોર આઇક્રીમ આરોગ્યો હતો.

ત્યારે જેસંગને સ્વર્ગ સુરસાગરમાં ડૂબકી દેતું વરતાયું હતું. સ્વીટુ અમેરિકા જતી રહેશે તો પોતે નિરાધાર બની જશે એવી દહેશત સાથે એણે દબાયેલા સ્વરે કહ્યું હતું : સાંભળ, માણસ પોતાના માટે જીવે એ તો કોઈ જીવન છે? ગીતાજીમાં ભગવાન કહે છે : જે પોતાના માટે જ રાંધે છે એ તો પાપનું જ ભક્ષણ કરે છે. તને નથી લાગતું કે એક ગ્રામીણ વિસ્તારમાંથી ઊગીને તું આથમવા માટે આથમણા મલકના મોહમાં પડી છે? સ્વીટુ, તારી ખરી જરૂર તો આપણા ગરીબડાં ગામડાંને છે. સ્વીટુ ઘડીક તો ખમચાઈ હતી. પણ એક વાર કરિયર બનાવવાની ધૂન ઊપડી હતી એને દબાવવા કે શમાવવાની હવે એનામાં તાકાત જ નહોતી રહી. એ પોતામાંથી જ બહાર નીકળી ગઈ હતી. 'ના જિતુ, એવો દુરાગ્રહ ના કર. મને લૅન્ડ ઑફ ઑપર્ચ્યુનિટીમાં સામેથી તક મળતી હોય તો એ મારે ઝડપી જ લેવી જોઈએ. બની શકે કે પાંચદસ વર્ષ ત્યાં રહી પૈસેટકે માતબર બનીને પાછી આવું. પણ કદાચ પાછી નહીં આવું તોય તને તો નહીં જ ભૂલું, એટલો ભરોસો રાખજે. બેઉની તાકાત કસોટીની સરાણે ચડશે. તારું જોર વધારે હશે તો તું મને ઇન્ડિયા પાછી ખેંચી લાવીશ. મારું ચાલશે ત્યાં લગી હું તને અમેરિકા લઈ જવા પ્રયત્નશીલ રહીશ. બને કે મારા કે તારા પૈકી એકેનું ના ચાલે. એવું થશે તોપણ આપણે જુદાં પડી ગયાં – એવો અફસોસ નહીં કરવાનો. કેટલીક બાબતો નિયતિ પર છોડી દેવામાં જ શ્રેય છે, જિતુ!'

– આ એ જ સ્વીટુ, જિંદગીનાં સોનેરી વર્ષો અમેરિકામાં ગાળીને હવે પાછલી જિંદગી પોતાના માટે જીવવા માગે છે. ફક્ત પોતાના માટે જ? જેસંગે માથું ધુણાવ્યું : ના, એ થોડુંક એના જિતુ માટે જીવવા માગે છે. એટલેસ્તો એનાં તમામ આવરણ હટાવી, વીઆઈપીપણાને તિલાંજલી આપી એ એક્સ્ક્લુઝિવ ટાઇમ ગાળવાના સંકલ્પ સાથે નીકળી હતી. બીજે ક્યાંય જ નહીં, જેવો હશે તેવો તારો ફ્લૅટ જ મારું નવું ઘર બની રહેશે. હું મારા મરી ગયેલા અને મરી રહેલા મુગ્ધતાથી તરબતર કોશ પુનર્જીવિત કરવા માગું છું. હું એ જ પેલી આપણા સ્કૂલગાળાની તારી સ્વીટુડી બની જવા માગું છું....

પણ શું એને આ ઍપાર્ટમેન્ટમાં લાવી શકીશ હું? ક્યે મોઢે આ સીડીનાં પગથિયાં ઊતરી શકીશ? જેમણે વહેલી સવારના નંગધડંગ જે. આર. ચૌધરીને જોયો છે, કદાચ જોયો નથી પણ સાંભળ્યો હશે – એવા આ ઍપાર્ટમેન્ટવાસીઓ કપડાં પહેરીને નીકળેલા ચૌધરીકાકાને જોઈને કેવું વિચારશે? ગાંડો થઈ ગયો છે કાકો. એનું કંઈ જ ઠેકાણું નહીં. મગજ ફરેલા માણસનો શો ભરોસો? ગમે ત્યારે ગમે તેને વળગી પડે. તાકાત તો એનામાં હરક્યુલિસ જેટલી છે. કોઈ બાઈ માણસને બાથમાં લઈ લે તો એને તો જીવવું દોહ્યલું જ બની જાય ને! કાકાને તો શું? અહીં મફતનું ટિફિન ચગદે છે, પોલીસ પકડી જાય તો ત્યાં પણ ખાવાનું તો મળી જ રહેશે....

જેસંગના મગજમાં વિચારોનું ઘમસાણ ચાલતું રહ્યું. હવે આ ઍપાર્ટમેન્ટમાં રહેવું એ તો જનમટીપની સજા. સ્વીટુને ફોન કરીને કહી દઉં કે આખા ઍપાર્ટમેન્ટને માઇક્રો કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરી દેવાયું છે. બિચારી મનોમન પીડા તો અનુભવશે, પણ એને અહીં લઈ આવવી એ તો તદ્દન જ વાહિયાત બાબત બની રહે. ભલે કોઈ રિસોર્ટમાં જઈને રહીએ અલબત્ત, હમણાં તો સરકારે તમામ પર તાળાબંધી લગાવી દીધી છે. એ મૂંઝાયો. તો પછી... તો પછી... તો પછી...

અમદાવાદ કોરોનાથી ભડકે બળી રહ્યું હતું. મોબાઈલ પર એક જ દિવસમાં પૉઝિટિવ થયેલા કેસ અને મરણનો આંકડો જોઈ એનું હૈયું એક થડકારો ચૂકી ગયું. બદરૂદ્દીન શેખ જેવો લોકનેતા એનો ભોગ બની ગયો હતો. કોરોના બિનસાંપ્રદાયિક વિચારસરણીને વરેલો વાઇરસ છે. એ દેશપરદેશના સીમાડાને પણ માન્ય નથી કરતો. પંખીઓની જેમ એને એક દેશમાંથી બીજા દેશમાં પ્રવેશતાં ઇમિગ્રેશન નથી કરાવવું પડતું. એના માટે આખું વિશ્વ એનું કુટુંબ છે, જેને એ મન ફાવે એમ લાડ લડાવી શકે છે!

લાડ! – હાસ્તો. આ સ્વીટુને એણે લાડ જ લડાવ્યાં છે ને! તું જબરી છે ને? તો ચાલ, તનેય તારી હેસિયતની ખબર પાડી દઉં. એણે ધરાર એના આખા શિડ્યૂલને રફેદફે કરી દીધું. ડૉક્ટરોનેય ક્યાં છોડ્યા છે? બંગાળથી લઈ ગુજરાત સુધી એણે આ શ્વેત વસ્ત્રધારી ફિરસ્તાઓને સકંજામાં લીધા છે....

છેલ્લા ત્રણચાર દિવસથી સ્વીટુનો ફોન નહોતો.

શું એને સુવિધા આપનારી ટીમની ટ્રાન્સફર થઈ ગઈ હશે? ફરી પાછા કોઈ કરડાકીવાળા મેડિકલ ઑફિસરને એના આઇસોલેશન વૉર્ડનો ચાર્જ સોંપાયો હશે.

અચાનક એનાથી બૂમ પડાઈ ગઈ : સ્વીટુઉઉઉઉઉ.... ક્યાં છે તું? જીવે છે કે મરી ગઈ? ફોન કેમ નથી કરતી? તને આ દુનિયા નહીં જીવવા દે બકા. તારો ને મારો – બેઉનો સમય પૂરો થઈ ગયો છે. પ્રલય આવ્યો છે પ્રલય. એમાં આપણે હોમાઈ જવાનં છે.... પણ એ પહેલાં એકમેકના મોઢાનો મેળો થઈ ગયો હોત તો કેવું સારું....

એ પ્રલાપ કરતો બેડરૂમની ઇમ્પોર્ટેડ ચાદર પર નખોરિયાં ભરતો રહ્યો : જેસંગને આવા શોખ થોડા જાગ્યા હોત? એ તો સીધોસાદો ખેતરશેઢે ફાળિયાનું ઓશીકું કરી ઊંઘી જનાર ખેડુબાળ. આવી મોંઘી ચાદર ઓસિયા મૉલમાં જઈને તારા માટે ખરીદી લાવેલો. પણ હવે તું થોડી અહીં આવી શકવાની? હું જ ના કહું છું ને! તારે અહીં નથી આવવાનું. તને હું શંકુ'ઝ વૉટરપાર્કની કુટિરમાં લઈ જઈશ, તું ભલેને ગમે તેટલી આનાકાની કરતી રહે. અહીં તો તને–

એણે ફરી રાડ નાખી : સ્વીટુ, દુનિયા બહુ દોરંગી છે! આ લાકો માદરબખત મારો ને તારો લાભ જ લેવાનું શીખ્યા છે... આડા દિવસે આવી હોત તો તને ઘેર ઘેર સ્વામિનારાયણના સંતની જેમ પધરામણી કરાવત. એમને તો તારા પગરવમાં સીધું વ્હાઇટહાઉસ રણકતું વરતાત. અત્યારે તું પેશન્ટ છે, ભલેને અમેરિકાની ફર્સ્ટ લેડીની સુવાવડ કરાવી ચૂકી હો.

કૉલબેલ વાગ્યો. જેસંગે હતું એટલું જોર કાઢીને ગંદી ગાળ કાઢી : કોણ છે સા....

'કાકા, ટિફિન આપવા આવી છું.'

જશોદાનો અવાજ હતો. જેસંગ એકાએક ઊકળી ઊઠ્યો : તારું ટિફિન ઘાલ તારી ..... માં! ખબરદાર, મારું નામ લીધું છે તો. મારે તારી સાથે શી લેવાદેવા? તું મારી કઈ સગલી થાય છે? હું કોઈનું ઓશિયાળું અન્ન નથી ખાવા માગતો. ઊતરી જા મારા ફ્લૅટનાં પગથિયાં.

'કાકા, શું તમેય આમ...' જશોદાએ દબાયેલા અવાજે કહ્યું : 'લોકો સાંભળે છે, જરા તો શરમાવ. તમને થઈ શું ગયું છે? સવારે વહેલા સાવ નવસ્રા થઈને નીકળેલા...'

'અત્યારે નવસ્રો જ છું.... ખોલું દરવાજો? હવે હું કદીય લૂગડું નથી પહેરવાનો. જાવ, તમારાથી થાય તે કરી લો. જઈને ફરિયાદ કરો પોલીસથાણે કે જે.આર. ચૌધરી નાગોપૂગો રખડે છે આખા સેક્ટરમાં.'

જશોદાએ ફરી એક વાર વિનંતી કરી : કાકા, પ્લીઝ!

'જાય છે કે દરવાજો ખોલું? સવારે હતો એવો ને એવો છું. મેં લૂગડાં નહીં પહેરવાની પ્રતિજ્ઞા કરી છે. સવારે તો પાછો વળી ગયો હતો, અત્યારે જો બહાર નીકળીશ તો ટોકરો ખખડાવતો આખા સેક્ટરનું રાઉન્ડ લઈશ. જેનાથી જે થાય તે કરી લે. ચૌધરીને ગંડવા

ઊપડ્યો છે.'

જશોદાને વધુ દલીલ કરવી ઠીક ન લાગી. એણે ધીમે રહીને જેસંગના ફ્લૅટનો દરવાજો બહારથી બંધ કરી દીધો અને સીડી ઊતરી ગઈ. ઝડપથી પાછી ફરી એના દરવાજાનું તાળું જેસંગના ફ્લૅટના દરવાજે લગાવી દીધું. આ બધાય તાલ જોઈ રહેલી એના પાડોશીની પુત્રી તરલાએ તાબડતોબ પોલીસને ફોન જોડી દીધો. એના ઘર આગળ આસપાસના રહેવાસીઓનું ટોળું થઈ ગયું હતું. ચંપકલાલે પૂછ્યું : 'આજે કેમ ચૌધરીકાકો ગાળા-ગાળી કરે છે? એને કંઈ સેન્સ છે ખરી? આજુબાજુ વહુદીકરીઓ રહે છે. આવા માણસને તો રહેવા જ ના દેવાય અહીં.'

શારદાબહેને ટાપશી પૂરી. 'આપણે છીએ તે એમની દયા ખાઈને ટિફિન પહોંચાડીએ છીએ અને એ છે તે નાગાઈ કરે છે.'

'મને લાગે છે, ડોસાનું ફરી ગયું છે. આગળપાછળ કોઈ છે નહીં. વાતો તો વાઘના કૂલા વેતરવાની કરે છે. અમેરિકાથી ગેસ્ટ આવવાનાં છે એવાં બણગાં ફૂંકતા ફરે છે. સવારે જોયું નહીં, કેવો રાવણ કાઢ્યો હતો?' મધુબહેને કહ્યું : 'કોઈ સારા માણસને શોભે આવાં અટકચાળાં! હું તો પેલો ફેરિયો 'ઓ બાપ રે!' કરતોક ભોંય પટકાયો એટલે જાગી ગઈ અને બારીમાંથી જોઉં છું તો ઘરડોઠચ્ચર કાકો સાવ...

– જશોદાએ જેસંગનો પક્ષ લેવા પ્રયાસ કર્યો : કાકા બિચારા લૉકડાઉનની એકલતા જીરવી નથી શક્યા, એવું લાગે છે. આડા દિવસે ક્યાં આવું તોફાન કરતા હતા? મહિનાથી ઘરમાં ને ઘરમાં પુરાઈ રહ્યા એટલે....

'તમે જ એમને ફટવી માર્યા છે.' ચંપકલાલે કહ્યું : 'તે દિવસે બધાનાં નામ દઈ દઈને ગાળાગાળી કરી હતી છતાં કોઈ કશું બોલ્યું નહીં એટલે એમને ફાવતું જડી ગયું. હવે આ માણસ બેફામ બની ગયો. એને શું? નથી કોઈ વાલીવારસ કે નથી કોઈ ધંધો. બસ, જીવશે ત્યાં સુધી માતેલ સાંઢની જેમ ચરબી કાઢતો ફરશે.'

– કાન માંડીને નીચેના માળે ભેગા થયેલા રહેવાસીઓ વચ્ચે થઈ રહેલી વાતચીત સાંભળી જેસંગ ઉશ્કેરાયો. બૂમાબૂમ કરી દરવાજો ઠોકવા લાગ્યો. 'કોણે બંધ કર્યો મારા ફ્લૅટનો દરવાજો? પોલીસને ફોન કરું છું! તમારા બાપની મિલકત છે આ? તમારા દયાદાન પર જીવું છું? સા..લી કમજાત. દરવાજો બંધ કરીને ભાગી ગઈ. તમારી દયા પર જીવવા કરતાં જે. આર. ચૌધરી વંદા મારવાની દવા પીને મરી જવાનું પસંદ કરશે! નથી કોઈ હાલીમુવાલી. ચૌધરીનું લોહી છે.' એની બૂમાબૂમ સાંભળી નીચેના માળે ભેગા થયેલા રહેવાસીઓ ડઘાઈ ગયા.

'તમે દરવાજો બંધ કર્યો'તો?' મધુબહેને જશોદાબહેનને પૂછ્યું. 'બંધ ના કરું તો બીજું શું કરું? સવારની જેમ રાવણ કાઢે તો!'

ચંપકલાલે સીધો જ 108 પર ફોન લગાવ્યો : ઇમરજન્સી છે સાહેબ. તાત્કાલિક પહોંચો. અમારા ઍપાર્ટમેન્ટના સિનિયર સિટીઝન જે.આર. ચૌધરી રાઉડી બની ગયા છે. કપડાં કાઢીને ભાગંભાગ કરી રહ્યા છે. આપઘાત કરવાની ધમકી આપે છે.

'આ ડોસાને તો પોલીસને જ સોંપી દેવો જોઈએ.' કહેતી કૉલેજિયન યુવતી તરલા એના ફ્લૅટનો દરવાજો બંધ કરી ટીવી સિરિયલ જોવા લાગી.

* * *

20

એકીસાથે બે વાહનો ઍપાર્ટમેન્ટ સામે આવીને ઊભાં થઈ ગયાં. એકસો આઠમાંથી ઊતરીને ગળે સ્ટેથોસ્કોપ લટકાવેલ યુવાન મેડિકલ ઑફિસર અને કમ્પાઉન્ડર ઉપરાંત એમની સાથે સ્ટ્રેચર લઈને ચાલતો ચોથા વર્ગનો કર્મચારી ઍપાર્ટમેન્ટની સીડી ચડવા લાગ્યા. પાછળ ને પાછળ સાયરન વગાડતી અને રેડ-બ્લૂ લાઈટના ઝબકારા કરતી પોલીસ જીપમાંથી ઊતરેલ પોલીસ અધિકારી અને બે કૉન્સ્ટેબલ પગથિયાં ચડવા લાગ્યા. નીચેના માળે ભેગા થયેલા લોકો પોલીસને જોઈ શિવાંવિયાં થઈ ગયા. આ વળી કેમ આવી ચડ્યા? અહીં કયા ગુનેગારની ધરપકડ કરવાની છે?

રુઆબભેર પોલીસ સબઇન્સ્પેક્ટરે દંડો હાથમાં રમાડતાં ભેગા થયેલા ટોળાને ઉદ્દેશીને પૂછ્યું : તરલાબહેન ક્યાં છે? એમણે કોઈ જે. આર. ચૌધરી નામના ઈસમ વિરુદ્ધ જાહેરમાં બીભત્સ વર્તન કરવાનો આક્ષેપ મૂકી તાત્કાલિક મદદ માગી છે. બધાની નજર ચુપચાપ ખૂણામાં ઊભીઊભી મોબઈલ મચેડતી કૉલેજિયન યુવતી પર જઈ અટકી.

‘હું છું તરલા મોદી. આઈઆઈટીના છેલ્લા સેમેસ્ટરની સ્ટુડન્ટ છું. શાંત વિસ્તાર સમજીને આ સેક્ટરમાં ઊંચું ભાડું ભરીને રહું છું. ધિસ ઈઝ ટુ મચ! સર, ઉપરના માળે રહેતા સિનિયર સિટીઝન નિર્વસ્ત્ર થઈને ચડઊતર કરે છે – તદ્દન નિર્વસ્ત્ર. વહેલી સવારે એમને જશોદામાસીએ સમજાવી પટાવી પાછા ધકેલ્યા હતા પણ વળી પાછા નાગી, કાનમાંથી કીડા ખરી પડે એવી ગામઠી ગાળોનો વરસાદ વરસાવી રહ્યા છે.’

પોલીસ સબઇન્સ્પેક્ટરે કૉન્સ્ટેબલોને ઉપરના માળેથી ચૌધરીને હાથકડી પહેરાવી ઢસડી લાવવા હુકમ કર્યો. ઉત્સાહમાં ને ઉત્સાહમાં કૉન્સ્ટેબલો બબ્બે પગથિયાં એકસાથે કુદાવતા જેસંગના ફ્લૅટના દરવાજે પહોંચ્યા ત્યારે પૅસેજમાં સ્ટ્રેચર લઈને પેશન્ટની રાહ જોતી મેડિકલ ટીમ જોઈ ઘડીક ખમચાયા.

‘બહાર લૉક કોણે લગાવ્યું છે?’ કૉન્સ્ટેબલ હરપાલસિંહે ત્રાડ નાખી. ખમચાતાં પગલે જશોદાબહેન સીડી ચડવા લાગ્યાં. ‘શું કરીએ સાહેબ! બેફામ ગાળાગાળી કરતા હતા અને નવસ્ત્રા થઈ રોડ ઉપર આવવાની વાત કરતા હતા. વહેલી સવારે તો મેં ધાકલીને પાછા ધકેલ્યા હતા. પણ પછી ટિફિન આલવા ગઈ ત્યારે તો સાવ જ નાગી ગાળો બોલવા લાગ્યા. મેં જ બધાને કહ્યું કે કાકાને ગંડવા ઊપડ્યો છે. દવાખાને ભેગા કરો.’

જશોદાએ તાળું ખોલ્યું, પણ જેસંગે અંદરથી દરવાજો બંધ કર્યો હતો. કૉન્સ્ટેબલોએ જોરજોરથી કૉલબેલ માર્યા, છતાં દરવાજો ન ખૂલ્યો એટલે થાકીને છેવટે એમના મજબૂત પાદપ્રહારથી દરવાજો તોડી નાખ્યો.

જેસંગ બેહોશ થઈને ચત્તોપાટ પડેલો હતો. મોઢામાંથી ફીણ નીકળી રહ્યાં હતાં. રહી રહીને આંચકી આવી રહી હતી. સાવ નિર્વસ્ત્ર વૃદ્ધ પર એના જ ઘરમાંથી ચાદર શોધી લાવી કૉન્સ્ટેબલોએ ઓષઢાડી દીધી અને તાબડતોબ પોતાનો કેસ સમજી મેડિકલ ટીમ એને સ્ટ્રેચરમાં નાખી સીડી ઊતરવા લાગી. એને સ્ટ્રેચરમાં લાવી રહેલા પેરામેડિકલ સ્ટાફને પોલીસ કૉન્સ્ટેબલો મદદ કરી રહ્યા હતા. જેસંગના મોઢામાંથી ફીણ નીકળી રહ્યું હતું. કપાળમાં લોહી જામી ગયું હતું. શું એને કોઈએ પતાવી દીધા પછી પોલીસ અને મેડિકલ સ્ટાફને જાણ કરી હશે? ટોળામાં ભયનું લખલખું પ્રસરી ગયું. જશોદા તો જેસંગની આવી દુર્દશા જોઈને ધ્રુસકે જ ચડી ગઈ. ‘સાહેબ, એ બહુ ભલા માણસ હતા. નવસ્ત્રા થઈને બહાર ધસી ના આવે એટલા સારુ મેં તાળું મારી દીધું – કાનની બૂટ પકડીને કબૂલ કરું છું.... પણ હજી એમની છાતીમાં હાહ ચાલે છે. એમને જલદી....’ એનાથી વાક્ય પૂરું ન થયું.

'પેશન્ટ શૉકને કારણે બેભાન થયેલ છે. એકાદ કલાકમાં જ ભાનમાં આવી જશે. માથાં પછાડીને જાતે જ લોહી કાઢ્યું છે – કોઈએ ગભરાવાની જરૂર નથી.' ડૉક્ટરે તજજ્ઞ અભિપ્રાય આપ્યો એટલે જશોદાનો જીવ હેઠો બેઠો.

'લૉકડાઉનની આવી નેગેટિવ અસર પણ થઈ શકે. કાકા એકલા રહેતા હતા?' સબઇન્સ્પેક્ટરે મૂંગામંતર થઈને દૂર ઊભેલા સુધીરભાઈ તરફ નજર નોંધી : 'અરે, આ તો એ જ કાકા છે ને – તમારી સાથે પોલીસસ્ટેશને આવેલા તે?'

'હાજી સાહેબ. બહુ પરગજુ માણસ હતા બિચારા.' સબઇન્સ્પેક્ટરને મજાક સૂઝી : 'હજી જીવે છે. ભૂતકાળ ના વાપરો! તમારા ખાતર તો એમણે પોલીસ સાથેય ઝપાઝપી કરી હતી!' એમની સાથે એકાદ-બે જણ હૉસ્પિટલે જાઓ.' સબઇન્સ્પેક્ટરનું સૂચન સાંભળી બધા એકબીજાના મોઢા સામે જોવા લાગ્યા.

'કોણ આવે છે? જલદી નિર્ણય કરો.' ડૉક્ટરે ટોળાના પુરુષ સમુદાય સામે નજર નોંધી.

'હું આવું છું સર.' તરલાએ મોબાઈલ પર્સમાં મૂકતાં ઉમેર્યું : કાકા તો પરદુઃખ ભંજન વીર વિક્રમ જેવા હતા.

સબઇન્સ્પેક્ટરને ફરી ટીખળ સૂઝ્યું : હતા ન કહો. કાકા હમણાં કલાકમાં બોલતા થઈ જશે તો કોઈની ખેર નહીં રહે!

તરલાએ જ પોલીસસ્ટેશને જાણ કરેલી એટલે એ થોડી ક્ષોભ અનુભવી રહી હોય એમ ચૂપ થઈ ગઈ. પુરુષોમાંથી કોઈ ઍમ્બ્યુલન્સમાં બેસવા તૈયાર નથી એવું લાગતાં જશોદબહેને જ ઉતાવળ કરી. 'ચાલ તરલા, હુંયે આવું છું તારી સાથે. કાકાને કોઈ અંગત સગું હોત તો આવી ઓશિયાળ રહેત ખરી?'

'પણ તમે તો –' કોઈએ પૂછવા ધારેલો સવાલ અધ્યાહાર રાખી દીધો.

'હા, મેં જ 108 બોલાવી હતી. પછી મારે જ સાથે જવું પડે ને! કાકા બિચારા એકલા માણસ. એમ તો એમને છેક અમેરિકા સુધી મોટી ઓળખાણો છે. પણ ખરા ટાંકણે તો પાડોશી જ કામ લાગે ને! એ દરેકના સારાખોટા પ્રસંગે વીર વેતાળની જેમ હાજર થઈ જતા. આપણે એમની મુસીબત વેળાએ–'

પોલીસ સબઇન્સ્પેક્ટરે વધુ એક ગતકડું રોડવ્યું : 'માસી, બધા બહુ ડાહ્યાડમરા લોકો છે તમારા ઍપાર્ટમેન્ટવાળા. સોશિયલ ડિસ્ટંસ જાળવે છે. ઇન્ફેક્શન ના લાગી જાયને, એની કાળજી રાખે છે!' અચાનક સબઇન્સ્પેક્ટરને શંકા પડી અને એ ઍમ્બ્યુલન્સમાં ગોઠવાયેલા જેસંગનું મોં સૂંઘવા લાગ્યા. એમની શંકા વારંવાર મોઢે વળતાં ફીણ જોઈ પાકી થઈ ગઈ. 'જલદી કરો ડૉક્ટર. તમે તે ડૉક્ટર છો કે કોણ છો? પોઇઝનિંગનો કેસ છે અને કલાકમાં ભાનમાં આવી જશે એમ કહો છો?'

ડૉક્ટર ખસિયાણો પડી ગયો.

'સર, હું આયુર્વેદિક ગ્રેજ્યુએટ છું.'

'કૉન્સ્ટેબલ, આપણે પાછળ ને પાછળ સિવિલ જવું પડશે. મેડિકોલીગલ કેસ છે. તમે લોકોએ એનો મોબાઈલ કબજે લીધો? એ જ્યાં બેહોશ થઈને પડ્યા હતા ત્યાં આસપાસ કોઈ દવાની શીશી કે એવું કંઈ હતું? જાઓ, જઈને બધું ચૅક કરો.'

– ઍમ્બ્યુલન્સ ઊપડી. ઍપાર્ટમેન્ટવાસી ડઘાઈ ગયા. બધાના મોં પર હવાઈઓ ઊડી રહી હતી. અજાણતાં જ પોતે ગુનામાં આવી ગયા હોવાની દહેશતથી બધા મનોમન ફફડી રહ્યા હતા.

સબઇન્સ્પેક્ટરે આખા ફ્લૅટનો ખૂણેખૂણો નજર હેઠળ કાઢ્યો. મોબાઈલ સદ્ભાગ્યે લૉક કરેલો નહોતો એટલે સીધી જ કૉલહિસ્ટ્રી અને વૉટ્સઍપ પર નજર ફેરવી લીધી.

'સ્વીટુ!' સબઇન્સ્પેક્ટરને જાણે આખા એપિસોડનો ક્લુ એ નામમાં જ મળી ગયો.

'ડિયર જિતુ –' આ જિતુ કોણ?

સબઇન્સ્પેક્ટરે ઝડપથી વૉટ્સઍપ મૅસેજ વાંચી લીધો.

'તને જરૂર દુઃખ થશે, આઘાત પણ લાગશે. પણ નિયતિ આગળ માણસ પાંગળો છે. હું તો તારી સાથે પૂરા બે મહિનાનો સમય કાઢી રહેવા આવી હતી. આવતાંવેંત કોરોનાએ ઝડપી લીધી. ઍરપૉર્ટ પરથી બારોબાર હૉસ્પિટલે લઈ જવાઈ. તારું મોં પણ ના જોવા પામી. અત્યારે આ મૅસેજ એ જ સરદાર વલ્લભભાઈ પટેલ ઇન્ટરનેશનલ ઍરપૉર્ટ પરથી પાઠવી રહી છું. અસહ્ય વેદના અનુભવી રહી છું. કોરોના મને તો અડકીને દૂર સરકી ગયું. હવે જરા પથ્થરની છાતી કરીને આ સૅડ ન્યૂઝ વાંચી લે :

મોમ, વૅરી વૅરી વૅરી – ઍક્સ્ટ્રીમલી સૅડ ન્યૂઝ. શિશુ ઇઝ નો મોર. એને કોરોના ગળી ગયું. કોઈ તક જ ન આપી એની સાથે એકાદ કલાક ગાળવાની પણ. વી આર વેઇટિંગ ફૉર યૉર અરાઈવલ. એનું બૉડી કોલ્ડરૂમમાં મુકાવ્યું છે. વ્હાઈટહાઉસ તરફથી તમને અહીં પહોંચાડવા ઇન્ડિયન ગવર્નમેન્ટ સાથે નિગોશિયેટ કરી ચાર્ટર્ડ પ્લેનની વ્યવસ્થા કરાવી છે. પ્લી…ઝ, ભાંગી ના પડતી. જેવો હતો એવો એ તારો સન હતો ને મારો બ્રધર. એને અંતિમ વિદાય આપતી વેળાએ આપણે એની પાસે હોઈએ તે જરૂરી છે. હોપ, યુ અંડરસ્ટૅન્ડ મી.

રિયાના આ મૅસેજ સાથે જ વ્હાઇટહાઉસનો કોન્ડોલન્સ મૅસેજ હતો.

સબઇન્સ્પેક્ટરને સમજાતું નહોતું કે એવી મોટી હસ્તી સાથે આ મુફલિસ વૃદ્ધને આટલી હદે ઇન્ટિમસી કેવી રીતે હોઈ શકે!

એણે મૅસેજનો ઉત્તરાર્ધ વાંચી લીધો :

એટલે હવે હું સીધી મારા દીકરા પાસે જઈ રહી છું. તું મને ખૂબ વહાલો છે, હતો અને રહીશ. પણ એક માતા માટે તો એનો વંઠેલો દીકરો જ ટૉપ પ્રાયોરિટી હોઈ શકે. મેં શિશુ પાછળ આખી જિંદગી ખુવાર કરી દીધી – તું જાણે જ છે. પણ એ લાડમાં બગડી ગયેલું સ્પોઇલ્ડ ચાઇલ્ડ હતો. એણે મારી કોઈ પણ સલાહ ક્યારેય ન માની. એની પસંદગીના મૅરેજમાં મને કશો વાંધો ન હતો. પણ એની વાઈફ માટે હું અનવૉન્ટેડ મધર-ઇન-લૉ હતી. એણે એના પિતાની મિલકત વેચી નાખીને મારાથી સાત કલાકના ફ્લાઇંગ ડિસ્ટંસ પર બિઝનેસ શરૂ કર્યો. વાઈનશૉપ તો એના પિતા પણ ચલાવતા હતા પણ એ ડ્રંકાર્ડ નહોતા. શિશુ આલ્કોહોલિક બની ગયો. ડ્રગ્સની હેરાફેરીમાં પડી ગયો. છેલ્લે એને સીરોસીસ ઑફ લિવરની સારવાર માટે ઍડમિટ કરાયાના સમાચાર મળેલા. એમાંથી સાજો થયાના સમાચાર પણ રિયાએ જ આપેલા. હું રિયાના માધ્યમથી એના લાઈવટચમાં રહ્યા કરતી. એ ક્યારેય મારી સાથે સીધી વાત કરવા તૈયાર જ ન થયો એનો મને છેલ્લા શ્વાસ સુધી અફસોસ રહેશે.

કોરોનાએ માતાનો ભોગ લેવાની જરૂર હતી. એને બદલે એણે પુત્રનો કોળિયો કરી લીધો. આનું જ નામ નિયતિ! ડેસ્ટિની!

હું તો બાળપણથી જ કુદરતી શૉક સહન કરવા ટેવાયેલી છું. સીરોસીસ થયો છે એવું જાણ્યું ત્યારે જ મને શિશુનું મોત બહુ નજીક છે એવું ફીલ થયેલું. દરેક જીવ એનું પોતાનું ભાગ્ય લઈને આવે છે. એમાં વૈજ્ઞાનિક દૃષ્ટિએ માતાપિતા અને પૂર્વજોનું જિનેટિક્સ હોય છે ખરું, પરંતુ એથી કંઈ જૉનસન સાથે બની એવી દુર્ઘટના કે સામે ચાલીને મોત વહોરી લેવાના ઉધામા કરતા રહેતા શિશુ જેવા વ્યસનીઓ સાથેનો જિંદગીનો વ્યવહાર – એ તો એમની નિયતિ પર જ આધારિત હોય.

એટલે હું બહુ અસ્વસ્થ નથી. પરંતુ એક મા તરીકે હું મારા પુત્રના મૃત્યુ સાથે જરૂર મરી ચૂકી છું. રિયા ગમે તેટલી ઉદાર, પ્રેમાળ અને લાગણીશીલ હોય તોપણ એ મારી પેટની જણી

દીકરી નથી. શિશુને તો મેં જૉનસનની નિશાની તરીકે પેટમાં ઉછેર્યો, નહીંતર મારા તમામ શુભેચ્છકો – જૉનસનની ઓળખાણ કરાવનારા ગોરા કલીગ સુધ્ધાં મને ઍબોર્શન કરાવી નાખી બીજા કોઈ લાયક પાત્ર સાથે ગોઠવાઈ જવાની સલાહ આપતા રહ્યા, ત્યારે તો મને માંડ બે મહિનાનો ગર્ભ હતો. પણ મારામાં જીવતી ઇન્ડિયન મધરને એ મંજૂર નહોતું. એવું નથી કે મારે કમ્પેનિયનની જરૂર નહોતી – જરૂર તો ત્યારે પણ હતી અને આજે પણ છે. પરંતુ એ કમ્પેનિયન મને મારા ક્લીગ્સમાંથી જ મળતા રહ્યા, જે મહિનેદહાડે મને એમની સાથે લૉન્ગ ડ્રાઇવ પર લઈ જતા. હવે આ ઉંમરે મારે ફરી એક વાર મારું બાળપણ જીવી લેવું હતું એટલે મેં તને આગ્રહ કરેલો કે પૂરા બે મહિના તારા ફ્લૅટમાં જ રહીશ.

ઈશ્વરને કદાચ એ મંજૂર નહોતું. પરંતુ મારું સંકલ્પબળ મજબૂત છે. હું ફરી ટ્રાય કરીશ!

હિંમત રાખજે. તબિયત સાચવજે. કોરોનાથી ચેતતો રહેજે.

બસ તારી જ હવે તો,

સ્વીટુ.

સબઇન્સ્પેક્ટરે આત્મહત્યાના પ્રયાસનો ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી. હૉસ્પિટલમાં પહોંચ્યો ત્યારે જેસંગની નસોમાં ડ્રીપ ચડાવેલી હતી. પાસે ઑક્સિજનનો સિલિન્ડર હતો. ‘કેમ લાગે છે ડૉક્ટરસાહેબ!’ સબઇન્સ્પેક્ટરે ઇનચાર્જ ડૉક્ટરને પૂછ્યું : ‘પેશન્ટ બચે એવી શક્યતા ખરી?’ ડૉ. અમીને હસીને કહ્યું : ‘હંડ્રેડ ઍન્ડ વન પરસેન્ટ બચી જશે. પલ્સ, કાર્ડિયોગ્રામ, બીજાં તમામ પૅરામીટર્સ નૉર્મલ છે. પૉઇઝનિંગની અસર શમતાં વખત તો લાગશે પણ વી વિલ બી એબલ ટુ સેવ ધ ઓલ્ડ મૅન.’

‘ભલે, પણ જેવા ભાનમાં આવે કે તાબડતોબ ડાઇંગ ડિક્લેરેશન નોંધી લેવું પડશે. અમે અત્યારે તો એમનો સ્યુસાઇડલ ઍટેમ્પનો ગુનો નોંધી દીધો છે. ધારો કે એ ડાઇંગ ડિક્લેરેશનમાં આવા કૃત્ય પાછળ ઍપાર્ટમેન્ટના અન્ય લોકોની ઉશ્કેરણી હતી એવું લખાવે તો એમની સામે પણ પગલાં લેવાં પડશે.’ ડૉક્ટરે દરદીની સાથે આવેલી બેઉ મહિલાઓ તરફ દૃષ્ટિ કરી. બંનેના ચહેરા ફિક્કા પડી ગયા હતા.

‘સાહેબજી’ જશોદાએ હાથ જોડીને કહ્યું : ‘કાકા તો અમારે માટે હાજરાહજૂર દેવદૂત જેવા હતા.’

સબઈન્સ્પેક્ટરે એને ટોકી : ‘હજી ગુજરી નથી ગયા. વર્તમાનકાળ વાપરો.’

‘અમે તો એમને પિતાતુલ્ય ગણીને ચાલ્યાં છીએ.’ જશોદાથી રડી પડાયું. ‘મારા હસબન્ડને ઍટેક આવ્યો ત્યારે ભાંગ્યાના ભેરુ બનીને એ જ વહારે ધાયા હતા... હૉસ્પિટલમાં પણ સાથે ને સાથે. છેક ત્રીસના સ્મશાન સુધી આ એક જ પાડોશીએ ખડે પગે હાજરી આપી હતી, સાહેબ.’

તરલા ચૂપ ઊભી હતી. સબઇન્સ્પેક્ટરે એની તરફ ફરીને કહ્યું : ‘ફરિયાદી તરીકે તમારું નામ ચોપડે ચડી ગયું છે. એટલે જવાબ તો લેવો જ પડશે તમારો. બેઉના જવાબમાં ફેર ન પડે એમ વિચારીને લખાવજો. જશોદાબહેને કાકાના ઘરને તાળું મારી દીધું અને તમે પોલીસસ્ટેશને ફરિયાદ કરી. બેઉએ એમને આપઘાત કરવાની દુષ્પ્રેરણા આપી કહેવાય. સારું છે કે કાકાની બચી જવાની શક્યતા છે, નહીંતર બેઉ સલવાઈ જાત.’

અત્યાર લગી મૂંગી રહેલી તરલાનો ડૂમો છૂટી ગયો : ‘પણ સર, એ કેવી નાગી ગાળો બોલતા હતા! સાવ નિર્વસ્ત્ર થઈને સીડી પર દોડાદોડ કરતા હતા. અમારી પાસે ફરિયાદ કરવા સિવાય વિકલ્પ જ કયો બચ્યો હતો?’

ડૉ. અમીને વચ્ચે હસ્તક્ષેપ કર્યો : ‘કાકા એકલા પડી ગયેલા છે ને? કાકી ગુજરી ગયાં છે?’

'અરે, બિચારા કાકા કાકી લાવ્યા જ નહીં. ચૌધરી ખરા ને! માબાપ વહેલાં ગુજરી ગયાં અને સાટામાં આપવા બહેન તો હતી નહીં. કાકાને કોણ પરણાવે!' જશોદાએ જેસંગની કહાની ટૂંકમાં જ કહી દીધી. થોડું ઉમેરવાનું બાકી રહી ગયું એમ વિચારી એ બોલી : 'બાકી કાકાના તાર છેક અમેરિકા સુધી અડે હોંકે! હમણાં એમનાં એક ઓળખીતાં મેડમ અમેરિકાથી આવવાનાં હતાં, પણ એવી બહારની વ્યક્તિને ના લાવો તો સારું – એવી અમે બધાએ વિનંતી કરી હતી...'

સબઇન્સ્પેક્ટર એની મજાકિયા વૃત્તિ અનુસાર કંઈ કૉમેન્ટ કરવા જતો હતો ત્યાં ઓચિંતી જેસંગે આંખ ખોલી.

'વાહ, કાકા તો ભાનમાં આવી ગયા!' ડ્રીપ પાસે ઊભેલી નર્સે વધામણી ખાધી.

'કાકા, કેમ છે તમને?' જશોદાએ નજીક દોડી જઈએ જરા મોટા અવાજે પૂછ્યું.

જેસંગે એ સાંભળ્યું જ ના હોય એમ સીધો બબડાટ કર્યો : 'સ્વીટુ, પ્લેન ઊપડ્યું તારું?'

– 30-4-'20

* * *

21

જેસંગે તરત આંખો મીંચી દીધી.

નસમાં ડ્રીપ ચડતી રહી. જશોદાએ ફરીવાર પૂછ્યું : ચૌધરીકાકા, મને ઓળખો છો?

પરાણે આંખોનાં પોપચાં ઊંચકી જેસંગે થોથવાતી જીભે કહ્યું : સ્વીટુ પ્લેનમાં બેઠી છે.

એણે ફરી પોપચાં બીડી દીધાં. જશોદાને ફરજ પરની સિસ્ટરે ટોકી : પેશન્ટને ડિસ્ટર્બ ના કરો માસી. પૉઇઝનનો કેસ છે.

માથા પર ડ્રેસિંગ કરતી વખતે ફરી એક વાર જેસંગે હોઠ ફફડાવ્યા : શિશુડો બદમાશ હતો.

કોઈ કશું સમજ્યું નહીં. પણ જેસંગના અંતરમનમાં તો ઘટનાચક્ર ચાલતું જ રહ્યું.

– અલ્યા એ નપાવટ, શાનો ફાટી ગયો છે? સાલા હરામખોર, તારી માએ તને આટલા સારુ પેટમાં સંઘરી રાખ્યો'તો? માંડ બે મહિનાનો પિંડ હતો તું. પોતે ગાયનેક ડૉક્ટર હતી. પાંચ મિનિટ પણ ના લાગત તારો નિકાલ કરતાં.... પણ એણે એવો વિચાર સુધ્ધાં ના કર્યો. લગન કરવું હોત તો એક કહેતાં એકાવન મુરતિયા લાઇન લગાવીને ઊભા હતા! ને તારો આ ઇન્ડિયન અંકલ પણ રાહ જોઈને જ બેઠો હતો – ક્યારે તારી મા ફક્ત ઇશારો કરે... આબરૂફાબરૂ કી ઐસીતૈસી. મનુષ્યદેહ વારંવાર થોડો મળવાનો હતો? નાનાં હતાં ત્યારે લાડા-લાડીની રમત રમતાં. બેઉ એકબીજા માટે મરી મટતાં. ફટ ભૂંડા, તારી માને જાકારો આપતાં શરમ ના આવી તને? બૈરીના મૂતરના રેલામાં તણાઈ ગયો?

ગૂંચવાડાભર્યાં દૃશ્યો બંધ પાંપણો પાછળ રચાતાં ગયાં અને વીલાતાં ગયાં. શિશુને એણે ક્યારેય જોયો ન હતો, પણ સ્વીટુએ એના બાળપણની તસવીરો મોકલી હતી એટલે એનો ગોરો ગોરો કુમાશભર્યો ચહેરો જેસંગના અચેતન માનસમાં બરાબર ફીટ થઈ ગયો હતો.

– આખરે જાત ઉપર જ ગયો ને!

એની જંજાળ ચાલુ રહી : સાલા ડફોળ, માને તરછોડી, વહુની સોડમાં ઘૂસી ગયો ત્યાં લગી તો ઠીક. પણ ડ્રગ્સના રવાડે ચડી ગયો! દારૂનો બંધાણી બની ગયો! હાથે કરીને તારા લિવરની મા પરણી નાખી ને!

એને અર્ધબેહોશીની સ્થિતિમાં પણ રહી રહીને સ્વીટુના છેલ્લા શબ્દો યાદ આવતા હતા. હા, એ હવે આ દુનિયામાં નથી જિતુ. એને કોરોના ભરખી ગયો છે. હી ઈઝ નો મોર. મને એના ડેડ બૉડીનો ફોટો રિયાએ મોકલ્યો છે જે હું તને ફોરવર્ડ કરી રહી છું. જો, આનું નામ જ ડેસ્ટિની. મારા ઉદરમાં મહેમાન તરીકે પૂરા બસો તોત્તેર દિવસ રોકાયો. એ પછી મેં એના માટે શું નથી કર્યું! મારી આખી લાઈફ એને જોઈ જોઈને જીવવાની આશામાં ખુવાર કરી દીધી. એને તો પાંખો ફૂટી કે ફરુરુરુ ફટ કરતોક ઊડીને ભરાઈ બેઠો એની ફિયાન્સીના પડખામાં. મેં તો મારો બધો અસબાબ છોડી એમની સાથે રહેવાની તૈયારી દર્શાવી હતી. પણ વહુને સાસુનો પડછાયો સુધ્ધાં નહોતો ખપતો. શિશુએ ફક્ત મોમના જન્મદિવસે ફોન પર વિશ કરી લેવા પૂરતો સંબંધ જાળવ્યો. વચ્ચે કોઈની ચડવણીમાં આવી મારી મિલકત અને બૅન્ક ડિપોઝિટ્સના નૉમિની તરીકે પોતાનું નામ દાખલ કરાવવા મારી સામે કેસ કરેલો. મારે નાછૂટકે મારા વકીલ મારફત એની વિરુદ્ધ મને માનસિક રીતે પજવતો હોવાની ફરિયાદ દાખલ કરવી પડી હતી. મેં એને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું હતું કે મારી પાસે જે કંઈ ચલ-અચલ સંપત્તિ છે તે મારી અંગત કમાણી છે. એમાં એના સ્વર્ગસ્થ પિતાનો કોઈ ભાગ નથી. આ ઝઘડા પછી એણે મારી સાથેના તમામ સંબંધો પર પૂર્ણવિરામ મૂકી દીધું હતું પણ મા તરીકે હું મારી ફરજ નહોતી ચૂકી. રિયા માફરત હું એના હાલહવાલ પૂછતી રહેતી. છેલ્લે સીરોસીસ ઑફ લિવર સાથે

હૉસ્પિટલાઇઝ થયો ત્યારે મેં મારી તમામ ગુડવિલ વાપરી એને બેસ્ટ ઑફ ધિ બેસ્ટ ટ્રીટમેન્ટ મળી રહે એવી વ્યવસ્થા કરાવી હતી.

તું મૂરખ છે, તને જીવતાં જ ના આવડ્યું. ગાંડી, નાનો હતો ત્યાં લગી એની લાલપાલ કરતી રહી એ બરાબર, પણ પછી તને રઝળતી કરીને એની બૈરીની આંખે જોતો થઈ ગયો એના માટે આટલો જીવ બાળવાની જરૂર ખરી?

જેસંગ આગળ કંઈ બોલે એ પહેલાં લમણામાં લપડાક પડી : ‘તું સ્ત્રી હોય તો ખબર પડે કે મા શી ચીજ હોય છે. ગાંડુ, હું બીજું કંઈ પણ હોઉં એ પહેલાં એક મા છું. જા, નહીં બોલું તારી સાથે. મારા શિશુથી મને વિખૂટી પાડવા માગે છે? અરે, જા જા. એ મારું પેટ હતો. એ મને છોડી ગયો છે, ને હું મૂરખી તારી હેવાઈ થઈને ઇન્ડિયામાં રખડું છું.... લ્યાનત છે મને. મારે વહેલી તકે એના ડેડબૉડી પાસે પહોંચી જવું જોઈએ. આ ડિગ્રી, ધનદોલત, માનમરતબા, દોસ્તી-ફોસ્તી બધું જ નિરર્થક છે. હું લૂંટાઈ ગઈ છું. મારું લોહી....’ ને ડૂસકાં જ ડૂસકાં.

જંજાળ રાતીબંબોળ બની ગઈ. જેસંગ લોહીના ખાબોચિયામાં ડબાકડોડિયાં કરી રહ્યો. એને સૂઝતું નહોતું કે એ ક્યાં આવી ચડ્યો છે. શું આ કતલખાનું છે? આટલું બધું લોહી કોણે વહેવડાવી દીધું સ્વીટુ?

‘– ખબરદાર મારું નામ લીધું છે તો. આઈ હેટ યુ બ્લડી.’ જેસંગના માથામાં કોઈએ હથોડો ફટકાર્યો હોય એવો સણકો ઊપડ્યો. બસ, આટલી જ વાર કે! બાળપણના સંબંધોની દુહાઈ દઈ દઈને તો આ સાત દાયકાની સફર પૂરી કરી. તેં પણ અને મેં પણ. મારે તો કોઈ છોકરું-બોકરું છે નહીં, તારે હતું એ પરભવનું વેર વાળીને ગયું. પણ એના વિશે બે ઘસાતા શબ્દો સાંભળવાની તારી તૈયારી નથી... ભલે બાપ, પહોંચી ગઈ એની પાસે? છેલ્લે છાતીમાં ઢબૂરી લે એટલે વહાલ નહીં કર્યાનો વસવસો ન રહી જાય.

જેસંગને ઓચિંતું જ કશુંક અંદર ને અંદર કણસવા લાગ્યું. ‘ઓ બાપ રે!’ એનાથી બોલાઈ ગયું. જશોદા સિસ્ટરને બોલાવી લાવી. તરલાને લાગ્યું કે કાકાને ઝેર બરાબર ચડ્યું છે. ‘કાકા, કેમ બૂમો પાડો છો?’ ફરજ પરની સિસ્ટરે ઘાંટો પાડ્યો. ‘એમને સિડેટિવની અસર શમી ગઈ લાગે છે.’ રાઉન્ડમાં નીકળેલા ડૉક્ટરે કહ્યું : ‘કોરોના આવી સાઇકોસોમેટિક ડિસ્ટર્બન્સ પણ કરી શકે. કાકાનું ટેસ્ટિંગ કરાવવું પડશે.’

ફટાફટ તૈયારીઓ શરૂ થઈ ગઈ.

‘કાકા, જરા તમારા નાક અને ગળાનું સ્વૉબ લેવાનું છે.’ જુનિયર ડૉક્ટર પૂરી સજ્જતા સાથે જોડે ઊભી રહેલી નર્સની ટ્રેમાંથી જરૂરી ઇન્સ્ટ્રુમેન્ટ લઈ જેસંગ તરફ ઝૂક્યો.

‘મને શું કામ હેરાન કરો છો?’ એકાએક સભાન થઈ ગયેલા જેસંગે રાડ નાખી : ‘મારાં લૂગડાં ક્યાં?’ પાસે ઊભેલી જશોદાને ઠપકો આપતાં બરાડ્યો : ‘તમે બધાં છેવટે જાત ઉપર જ ગયાં ને!’

‘કાકા, થોડું ખમો. પછી તમને નિરાંતે નીંદર આવે એવું ઇન્જેક્શન આપી દઉં છું.’ સિસ્ટરે ચહેરા પર મલકાટ સાથે કહ્યું :

‘મોઢું ખોલો તો! આ આ આ... બોલો!’

જેસંગને નવાઈ લાગી રહી હતી. પોતે એકાએક હૉસ્પિટલમાં શી રીતે પહોંચી ગયો! કમાલ છે, પેલી ઓખાહરણની વાર્તામાં આવે છે એવું તો નહીં થયું હોય! કૃષ્ણના પૌત્રની જેમ પોતાને પણ....

વળતી જ પળે એને વિશફુલ થિંકિંગ પર હસવું આવી ગયું. મને પરણવા વળી કઈ સુંદરી રાહ જોઈને બેઠી છે કે આમ સાવ નાગો ને નાગો ઉપાડી લાવે! આ તો જશોદાએ જ વેર વાળ્યાં....

એને બધું ધીરેધીરે યાદ આવવા લાગ્યું. કોરોનાએ ધીરેધીરે આખી દુનિયાનો ભરડો લઈ લીધો છે.

'ગાંધીનગર રેડઝોનમાં આવી ગયું? હેં? હવે કોઈને સિટીમાં એન્ટ્રી જ નહીં મળે?' એનો પ્રશ્ન સાંભળી ડૉક્ટર અને સિસ્ટર બેઉને હસવું આવી ગયું. જશોદા કંઈ બોલે એ પહેલાં તરલા બોલી ઊઠી : 'આખું ઇન્ડિયા રેડઝોનમાં આવી જશે એક દિવસ જોજો ને! પાપનો ઘડો ક્યારેક તો ફૂટે કે નહીં, કાકા?' સિસ્ટરે એનું સ્વૉબ લઈ ઉમેર્યું : 'આપણે આપણી ચિંતા કરવી. પેલી કહેવત નથી?' –

સિસ્ટરે ડૉક્ટર સામે જોયું અને ઉમેર્યું : 'કાકા એ કહેવતના પેલા મિયાંની માફક સારે શહેર કી ફિકરમાં દૂબળા થઈ ગયા લાગે છે!'

ડૉક્ટર હસ્યો. આજુબાજુના બેડ પર સૂતેલા દરદીઓ પણ હસવું ન રોકી શક્યા. ઓશિયાળી આંખે જશોદા અને તરલા એકમેકની સામે જોઈ રહ્યાં. કાકાને કેવો આઘાત લાગ્યો હશે ત્યારે દરવાજા સામે માથાં પછાડ્યાં હશે અને મનોવેદના નહીં ખમાઈ હોય ત્યારે ઝેર ઘોળ્યું હશે... સિસ્ટરે ધીમે રહીને જેસંગને સિડેટિવનું ઇન્જેક્શન આપી દીધું. જેસંગની આંખ ઘેરાવા લાગી. એને ફરી પાછાં દૃશ્યો દેખાવા લાગ્યાં.

– અરે, આ ધસમસતી ગૂડ્ઝ આવી રહી છે, સિસોટીઓ પર સિસોટીઓ વગાડે છે પણ પાટા ઉપર નિરાંતે ઘોરતા મજૂરોનું તો રૂંવાડુંય ફરકતું નથી!

એને બૂમ પાડવાનું મન થયું. પણ ઘેનમાં હતો એટલે અવાજ ગળામાં જ ઓગળી ગયો. થોડી જ વારમાં ધમધમાટ કરતી ગૂડ્ઝ ટ્રેન એમને કચડતી-છૂંદતી આગળ વધી ગઈ. હવે રેલવેના પાટા પર માંસના લોચા સૂતા હતા. લોહીના ફુવારા છૂટતા હતા. કપાયેલાં અંગઉપાંગ વેરણછેરણ કોઈ ગરીબ માનવીની ફાટી ગયેલી જીર્ણ પોટલીમાંથી ઊડીને વેરાયેલા અનાજના દાણાની જેમ એકાદ કિલોમીટર સુધી પથરાઈ ગયાં હતાં.

જેસંગથી એ દૃશ્ય જોયું ન ગયું. એણે ઊંઘમાં ને ઊંઘમાં કપાળ કૂટી નાખ્યું. ફટ ભૂંડા! તને ખબર હતી કે મનેખાદેહ પાટા પર થાકીને લોથ થઈ ઊંઘી ગયેલા છે. બ્રેક મારી હોત તો? બહુ બહુ તો તારી ટ્રેનના થોડા ડબ્બા ખડી પડત. માલ ઢોળાઈ જાત. તારા માલ કરતાં આ જીવતા મજૂરોનો જીવ તને સસ્તો લાગ્યો? તું પણ નેતાઓ જેવો નઠોર બન્યો!

એણે અજંપામાં ને અજંપામાં પાસું મરડ્યું. તરત જ એને અમેરિકાની એ અજાણ્યા પ્રદેશની હૉસ્પિટલના કોલ્ડરૂમમાં ગંભીર વદને પ્રવેશી રહેલી મહિલા દૃષ્ટિગોચર થઈ.

'પહોંચી ગઈ?' એ અર્ધચેતન અવસ્થામાં બબડ્યો. હોઠ ફફડ્યા.

'કાકા, કાંઈકનું કાંઈક બક્યા કરે છે.' સિસ્ટરે હજી આગળ કંઈ વધારે સ્પષ્ટ ઉચ્ચારણ કરશે એવી અપેક્ષા સાથે કાન સરવા કર્યા.

'કાકા, શાંતિથી સૂઈ જાવ!' એણે જેસંગને માથાઢંક ચાદર ઓઢાડી. પ્રતિક્ષિપ્ત ક્રિયાની અસર તાબડતોબ દેખાઈ. જેસંગે મોઢા પરથી ચાદર એક ઝાપટ સાથે દૂર ખસેડી દીધી. એમ કરવા જતાં કપાળમાં વાગેલું ત્યાં લગાડેલી પટ્ટી ઊખડી ગઈ. માખી બણબણતી એ રૂઝાઈ રહેલા ઘા પર વળેલા લોહીના પોપડા પર જઈને બેઠી. ઉતાવળે તરલાએ હાથરૂમાલથી એને ઉડાડી મૂકી.

'બહુ અવળચંડા છે' નર્સને જરા ગુસ્સો આવ્યો. 'વૃદ્ધ માણસો મોટા ભાગે એવા જ હોય.'

ડૉક્ટરે કહ્યું : 'એમાંય આ તો અવ્વલકુંવારા વૃદ્ધ છે.' ધીમે રહીને એણે ઉમેર્યું : 'આવા વડીલો ઉપર ઉપરથી ભલા લાગે પણ અંદરથી બહુ જોખમી હોઈ શકે. હમણાં પેલી ત્રણ વરસની અબુધ છોકરી સાથે ચેડાં કરનારા ડોસાના ન્યૂઝ આવેલા, ખબર છે?'

તરલાને બીકનું લખલખું આવી ગયું. કાકાએ ક્યારેય અડપલું નહોતું કર્યું એ સાચું, પણ ભવિષ્યમાં નહીં કરે એની શી ખાતરી? પોતે એકલી રહેતી હતી. આવો પડછંદ પુરુષ વેળાકવેળાએ અધખૂલો દરવાજો જોઈ બેટા, બેટા, કરતો અંદર .....

જેસંગનું અચેતન મન તો અમેરિકામાં રઝળતું હતું. ‘કરી લે વ્હાલ તારા પેટના જણ્યાને. છોરું કછોરું થાય, માવતર થોડું....’ એ બબડ્યો. આ વખતે એના બોલ વધારે સ્પષ્ટ સંભળાયા.

‘કાકા!’ ડૉક્ટરે એમને ઢંઢોળ્યા.

‘કહું છું, એ તો મરી ગયો. તું શું કામ એની પૂંઠળ–’

‘કોની સાથે વાત કરો છો, કાકા?’ નર્સે મોટા અવાજે પૂછ્યું.

એકાએક જેસંગની આંખ ખૂલી. એને ફરી એક વાર ભાન થયું કે એ સાવ નિર્વસ્ત્ર હતો.

‘મારાં લૂગડાં લાવો.’ એણે અધડૂકો બેઠો થવા પ્રયાસ કર્યો. ‘તમને શરમ જેવું છે કાંઈ? સિત્તેર વરસના સિનિયર સિટીઝન સાથે આવી મજાક શોભે છે તમને?’ એણે જશોદા સામે કરડી નજરે જોયું. ‘આખરે કાકાની આબરૂ લીધી ત્યારે જંપી!’

એકાએક જેસંગના મોબાઈલમાં ઝબકારા થવા લાગ્યા. એણે ઉતાવળે મૅસેજ વાંચવા માંડ્યા : જિતુ, મારા હૃદય, આજે ‘મધર્સ ડે’ છે. એક મા, જગતની સૌથી બદનસીબ મા – એના દીકરાના ડેડ બૉડી પાસે ઊભી છે. કેવી કમનસીબી કે એને એ હાથ સુધ્ધાં લગાવી શકતી નથી, એનું મોં પ્લાસ્ટિકના પારદર્શક કવર હેઠળ જોઈને એને સંતોષ માનવો પડે છે. આ કોરોના બહુ ખતરનાક બીમારી છે દોસ્ત. તું સાચવજે. હું તો એની સામે ઝીંક ઝીલી શકી, પણ મારા લોહીને તો એ લેતી જ પડી. જેવો હતો એવો – શિશુ મારા લોહીમાંસથી રચાયેલો પિંડ હતો, એના સજ્જન પિતાની નિશાની હતો. હવે એ હંમેશને માટે ભૂતકાળ બની ગયો છે. જિતુ, ભલે એની વાઈફ મને સ્વીકારવા તૈયાર ન હોય, પણ હું મારા શિશુની એના ઉદરમાં પાંગરતી નિશાની બચાવી લેવા આકાશપાતાળ એક કરીશ. જોનસનનો આત્મા પણ રાજી થશે કે આખરે એણે કોઈ યોગ્ય સ્ત્રીને જીવનસાથી તરીકે અપનાવી હતી...

જેસંગ એકાએક બબડ્યો : તું તો એના વંશવેલા માટે ફના થઈ જઈશ પણ પેલી માનશે ખરી?

‘કાકા ફરી પાછા બકવા લાગ્યા છે.’ સિસ્ટરે તાબડતોબ ટ્રાન્ક્વિલાઇઝરનું ઇંજેક્શન ડ્રિપમાં ઉતારી દીધું.

‘લૉકડાઉનની કેવી વિચિત્ર અસર!’ ફરજ પરના ડૉક્ટરે કૉમેન્ટ કરી. જશોદા અને તરલા એકમેકના ચહેરા સામે તાકી રહ્યાં. જેસંગનાં નસકોરાં બોલવા લાગ્યાં.

ડૉક્ટર એમના મોબાઈલમાં ફ્લૅશ થઈ રહેલી એક વિશિષ્ટ ન્યૂઝ આઇટમ જોવામાં લીન થઈ ગયા. પગપાળા વતન જઈ રહેલી એક સગર્ભાએ અડધે રસ્તે બાળકીને જન્મ આપ્યો હતો.

‘આનું શું નામ રાખશું?’ પ્રસૂતિમાં મદદ કરી રહેલી પ્રૌઢ મજૂરણે નવજાત શિશુના પિતાને પૂછ્યું.

‘કોરોના રાખો.’ એણે હળવાશથી જવાબ આપ્યો.

– 10-5-’21

* * *